# શ્રી મહાવીર દર્શન

શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન
શ્રી મહાવીર દર્શન

# શ્રી મહાવીર દર્શન

સંકલન

રમણિક સાવલા

ફક્ત અંગત સ્વાધ્યાય માટે

(FOR PRIVATE CIRCULATION ONLY)

## ભગવાન મહાવીરના ૨૬૦૦ મા જન્મ-કલ્યાણક મહોત્સવના મંગલમય પ્રસંગપર હાર્દિક અભિનંદન, અભિવંદન...

''વીર જયન્તીદે રહી શુભ સંદેશ મહાન;
પ્રાણીમાત્ર મેં પ્રેમકર કરો આત્મકલ્યાણ.''

સોનાને કાદવ સમાન, રાજપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્યુ સમાન, પ્રસંશાને ગાળ સમાન, યોગની ક્રિયાઓને ઝેર સમાન, મંત્રાદિ યુક્તિઓને દુઃખ સમાન, લૌકિક ઉન્નતિને અનર્થ સમાન, શરીરની કાંતિને રાખ સમાન, સંસારની માયાને જંજાળ સમાન, ઘરના નિવાસને બાણની અણી સમાન, કુટુંબના કામને કાળ સમાન, લોક લાજને લાળ સમાન, સુયશને નાકના મેલ સમાન, ભાગ્યોદયને વિષ્ટા સમાન,

એમ જે જાણે છે એવા ઉત્તમ પુરૂષને
વારંવાર નમસ્કાર.... વારંવાર નમસ્કાર....!

# ણમોકાર મહામંત્ર

पामो अरिहंताणं

णमो सिध्धाणं

णमो आइरियाणं

णमो उवज्झयाणं

णमो लोए सव्वसाहूणं

❖❖❖

# ચત્તારિ મંગલં (ચાર મંગળ)

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં,

સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,

કેવલિ પણ્ણતો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા,

સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,

કેવલિ પણ્ણતો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ,

સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ,

કેવલિ પણ્ણતો ધમ્મં શરણં પવ્વજ્જામિ.

❖❖❖

# મહાવીરનું સર્વોદય તીર્થ

જેના વિમલ ઉપદેશમાં,
બધાના ઉદયની વાત છે;
સામ્યભાવ, સમતાભાવ જેમનો,
જગતમાં પ્રખ્યાત છે;
જેણે બતાવ્યું જગતને,
પ્રત્યેક કણ સ્વાધીન છે;
કર્તા-ધર્તા કોઈ જ નથી,
અણુ અણુ સ્વયંમાં લીન છે.
આત્મા બને પરમાત્મા,
સારા વિશ્વમાં શાંતિ બની રહે;
આ દેશના સર્વોદયી છે,
મહાવીરના સંદેશમાં.

## ભાવ નમસ્કાર

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી;
મંગલં કુન્દકુન્દાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં. ॥

## મંગલાચરણ

સંતપ્ત માનસ શાંત થાય, જેના ગુણોના જ્ઞાનમાં;
એ વર્ધમાન મહાન જિન, વિચરે અમારા ધ્યાનમાં.

જેમનો પરમ પવિત્ર ચારિત્ર; જલનિધિ જેવો અપાર છે;
જેના ગુણોના કથનમાં, ગણધર પાર પામી શકે નહિ;
બસ વિતરાગ વિજ્ઞાન જ, જેના કથનનો સાર છે;
એ સર્વદર્શી સન્મતીને, વંદન સો સો વાર છે.

❖❖❖

# જિનવાણી - સ્તુતિ

મિથ્યાતમ નાશવે કો, જ્ઞાન કે પ્રકાશ-વે કો,
આપા પર ભાસવે કો, ભાનુસી બખાની હૈ;
છહોં દ્રવ્યો જાનવે કો, બન્ધ વિધિ ભાનવે કો,
સ્વ-પર પિછાનવે કો, પરમ પ્રમાની હૈ;
અનુભવ બતાયવે કો, જીવકે જતાયવે કો,
કાહૂ ન સતાયવે કો, ભવ્ય ઉર આની હૈ;
જહાં તહાં તારવે કો, પાર કે ઉતારવે કો;
સુખ વિસ્તારવે કો, યે હી જિનવાણી હૈ.

**ભાવાર્થ:**

હે જિનવાણી રૂપી સરસ્વતી ! તું મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરવા માટે અને જ્ઞાનનો પ્રકાશ કરવા માટે અને આત્મા તથા પર પદાર્થોનું સાચું જ્ઞાન કરાવવા માટે સૂર્ય સમાન છો.

છયે દ્રવ્યોનું સ્વરૂપ જાણવામાં, કર્મોની બંધ-પદ્ધતિનું જ્ઞાન કરાવવામાં , સ્વ-પરની સાચી ઓળખાણ કરાવવામાં તારી પ્રમાણિકતા સંદેહ વિનાની છે.

આત્માનો અનુભવ કરાવવાનો, આત્માની પ્રતીતિ કરાવવાનો અને કોઈને દુઃખ ન થાય એવો માર્ગ બતાવવામાં હે જિનવાણી ! તું સમર્થ છો તેથી ભવ્ય જીવોએ તને પોતાના હૃદયમાં ધારણ કરેલ છે.

એકમાત્ર જિનવાણી જ જીવને સંસારથી પાર ઉતારવામાં સમર્થ છે અને સાચા સુખની પ્રાપ્તિનો રસ્તો બતાવનાર છે અને બધી બાજુથી તારવાનો જ ઉપદેશ છે.

જે વીતરાગવાણીનું જ્ઞાન થતાં આખી દુનિયાનું સાચું જ્ઞાન થઈ જાય છે તે વાણીને હું મસ્તક નમાવીને સદા નમસ્કાર કરૂં છું.

**પ્રસ્તાવના:**

## (૧) ભલી ભલામણ

મુમુક્ષુઓએ તત્ત્વોનો સૂક્ષ્મદષ્ટિથી અને મધ્યસ્થપણે અભ્યાસ કરવો. સત્યશાસ્ત્રનો ધર્મબુધ્ધિ વડે અભ્યાસ કરવો તે સમ્યગ્દર્શનનું કારણ છે. શાસ્ત્ર અભ્યાસમાં લક્ષમાં રાખવા જેવી આ બાબતો છે.

(૧) ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. આત્મજ્ઞાન વગર સુખની શરૂઆત જીવને ન થાય.

(૨) સમ્યગ્દર્શન પ્રગટ કર્યા સિવાય કોઈપણ જીવને સાચા વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે ક્રિયાઓ હોય નહિ, કેમ કે તે ક્રિયાઓ પ્રથમ પાંચમાં ગુણસ્થાને શુભ ભાવરૂપે હોય છે.

(૩) શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની બંનેને થાય છે, પણ અજ્ઞાની જીવ એમ માને છે કે તેનાથી ધર્મ થશે પણ જ્ઞાનીઓને તે હેય બુધ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે એમ તેઓ કદી માનતા નથી.

(૪) આ ઉપરથી શુભભાવ કરવાની ના પાડવામાં આવે છે એમ સમજવું નહિ; પણ તે શુભભાવને ધર્મ માનવો નહિ. તેમજ તેનાથી ક્રમે ક્રમે ધર્મ થશે એમ માનવું નહિ, કેમ કે તે વિકાર હોવાથી અનંત વીતરાગ દેવોએ તેને બંધનું કારણ કહ્યું છે. ભાવો તો ભૂમિકા અનુસાર દરેક જીવને આવે છે. આત્મધર્મ તો ફક્ત શુધ્ધ ભાવથી જ થાય છે. ત્રણ કાળમાં મોક્ષમાર્ગ એક જ છે, તેની પરૂપણા બે રીતે નિશ્ચય અને વ્યવહારથી હોય છે.

(૫) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય, હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે, માટે યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થવું.

(૬) પહેલા ગુણસ્થાને જીવોને જ્ઞાની પુરૂષના ધર્મોપદેશનું શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, સત્શાસ્ત્રોનો અભ્યાસ, વાંચન-મનન, દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન વગેરે શુભભાવો હોય છે પરંતુ પહેલા ગુણસ્થાને સાચા વ્રત, તપ વગેરે હોતા નથી. આત્મજ્ઞાન વગર મુનિ દીક્ષા પણ સંભવીત નથી.

(૭) હવે વસ્તુની સ્વતંત્રતાનો સિધ્ધાંત આ પ્રમાણે છે. દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે, એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર-મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ-નુકસાન કરી શકે નહિ, મારી-જીવાડી શકે નહિ, સુખ-દુઃખ આપી શકે નહિ, એવી દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

વધારામાં બધી પર્યાયો ક્રમ નિયમિત છે.

તે પર્યાયો ઉપાદાનની યોગ્યતા પ્રમાણે ગોઠવાયેલી છે અને તે વખતે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

આ વસ્તુ વ્યવસ્થા અને સુનિયત વ્યવસ્થિત વિશ્વ વ્યવસ્થાના સિધ્ધાંતો છે.

## (૨) મિથ્યાત્વને પાપનો બાપ કેમ કહે છે ?

(૧) 'હું પર દ્રવ્યનું કાંઈ કરી શકું' એટલે જગતમાં અનંત પરદ્રવ્ય છે તે સર્વેને પરાધીન માન્યાં અને 'પર મારૂં કાંઈ કરી શકે' એટલે પોતાના સ્વભાવને પરાધીન માન્યો-આ માન્યતામાં જગતના અનંત પદાર્થો અને પોતાના અનંત સામર્થ્યવાન સ્વભાવની સ્વાધીનતાનું ખૂન કર્યું, તેથી તેમાં અનંતી હિંસાનું મહાન પાપ આવ્યું.

(૨) જગતના બધા પદાર્થો સ્વાધીન છે તેને બદલે પરાધીન-વિપરીત સ્વરૂપે માન્યા તથા જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું સ્વરૂપ માન્યું-એ માન્યતામાં અનંત અસત્ સેવનનું મહાપાપ આવ્યું. સત્‌ને અસત્ અને અસત્‌ને સત્ માન્યું એ વિપરીતતા છે.

(૩) પુણ્યનો એક વિકલ્પ કે કોઈપણ પર વસ્તુને જેણે પોતાની માની તેણે ત્રણ કાળની પર વસ્તુને અને વિકારી ભાવોને પોતાનું સ્વરૂપ માનીને અનંતી ચોરીનું મહાન પાપ કર્યું છે.

(૪) એક દ્રવ્ય બીજાનું કાંઈપણ કરી શકે એમ માનનારે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભિન્ન ન રાખતા તે બે વચ્ચે વ્યભિચાર કરી બેમાં એકપણું માન્યું, અને એવા અનંત પરદ્રવ્યો સાથે એકતારૂપ વ્યભિચાર કર્યો તે જ અનંત મૈથૂન સેવનનું મહા પાપ છે.

(૫) એક રજકણ પણ પોતાનું નથી છતાં હું તેનું કરી શકું એમ જે માને છે તે પોતાનું માને છે. ત્રણે જગતના જે પણ પદાર્થો છે તે સર્વેને પોતાના માને છે એટલે આ માન્યતામાં અનંત પરિગ્રહનું મહાપાપ આવ્યું.

આ રીતે જગતના સર્વે મહાપાપો એક મિથ્યાત્વમાં જ સમાઈ જાય છે. તેથી જગતનું સૌથી મહાન પાપ મિથ્યાત્વ જ છે અને સમ્યગ્દર્શન થતાં ઉપરના સર્વે મહાપાપોનો અભાવ જ હોય છે. તેથી જગતનો સૌથી પ્રથમ ધર્મ સમ્યક્ત્વ જ છે.

માટે હે જગતના જીવો ! જો તમે મહાપાપથી બચવા માગતા હો તો મિથ્યાત્વ છોડો, સમ્યક્ત્વ પ્રગટ કરો... તેથી તમારા આત્માનું મહાન કલ્યાણ થશે અને અપૂર્વ એવા સુખની પ્રાપ્તિ થશે.

## (૩) ક્રોધાદિ કષાયની નિશ્ચય વ્યાખ્યા

(૧) ક્રોધઃ આત્મા શુદ્ધ ચિદાનંદમય અખંડ એકરૂપ વસ્તુ છે. તેનો જેને પ્રેમ નથી, રૂચિ નથી તેને પોતાના આત્મા પ્રત્યે ક્રોધ છે.

પુણ્ય-પાપના ભાવો અને દેવ-ગુરૂ-શાસ્ત્ર ઈત્યાદિ પર પદાર્થોની રૂચિ અને સ્વ-સ્વરૂપની અરૂચિ તે આત્મા પ્રત્યેનો દ્વેષ છે. તે અનંતાનુ બંધી ક્રોધ છે

(૨) **માનઃ** પુણ્ય-પાપ આદિ પર પદાર્થોમાં અહંબુધ્ધિ થવી તેના સ્વામી થવું એ અનંતાનુબંધી માન છે.

(૩) **માયાઃ** પુણ્ય-પાપ આદિ પદાર્થોના પ્રેમની આડમાં ચૈતન્ય સ્વભાવમય નિજ આત્માનો અનાદાર ઈન્કાર કરવો તે અનંતાનુબંધી માયા છે.

(૪) **લોભઃ** આવા શુધ્ધ ચિદાનંદ સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ આદિ પરપદાર્થોની અભિલાષા-વાંછા-ઈચ્છા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

હવેઃ (૧) આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય ઈત્યાદિ પરપદાર્થોની અવસ્થા તે મારા કાર્ય નથી.

(૨) મારી પર્યાયમાં જે પુણ્ય-પાપના શુભાશુભ ભાવ (વિકારી ભાવ) થાય છે તે પણ મારું કાર્ય-કર્તવ્ય નથી.

(૩) એમ સર્વ પરભાવોથી ભિન્ન પડી જ્યાં નિર્દોષ, પવિત્ર ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં કર્તા-કર્મની પ્રવૃત્તિને મટાડતી જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. સ્વભાવની દૃષ્ટિમાં સર્વ શુભાશુભ વિકલ્પોનું સ્વામીત્વ સહજ છૂટી જાય છે.

પરની દયા પાળવાનો રાગ ઉઠે તે હિંસા છે અને તેને પોતાનો માનવો તે મહાહિંસા (મિથ્યાત્વ) છે.

રાગથી ભિન્ન પડી જ્ઞાયકના આશ્રયે વીતરાગી અવસ્થા થાય તે અહિંસા છે. તેથી આત્મા જણાય છે, અનુભવમાં આવે છે. આનું નામ ધર્મ છે.

## (૪) પંચ મહારત્નો

(૧) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. આ દ્રવ્યની સ્વતંત્રતાનો સિધ્ધાંત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકતું નથી.

(૨) જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે ક્ષેત્રે, જે વિધિથી, જેવી થવાની, તે જ પર્યાય તે જ સમયે, તે જ ક્ષેત્રે, તે જ વિધિથી, તેવી જ થાય છે. તેમાં ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરફાર કરી શકવાને સમર્થ નથી. આને ક્રમબધ્ધ પર્યાયનો સિધ્ધાંત કહેવાય છે.

(૩) ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેય સ્વતંત્ર છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે.

(૪) દરેક સમયની પર્યાય તેની તે સમયની ઉપાદાનની યોગ્યતાથી જ થાય છે. ત્યારે નિમિત્તની હાજરી હોય છે, પણ નિમિત્ત કાંઈ પણ કરી શકતું નથી. આ ઉપાદાન નિમિત્તનો સિધ્ધાંત છે.

(૫) આમાં ધર્મ ક્યાં આવ્યો ?

જે પરિણામ સ્વતંત્રપણે પર તરફ ઝુકે છે, તે પરિણામ જો સ્વતંત્રપણે સ્વ તરફ ઝુકે તો ધર્મની દશા પ્રગટ થાય. સુખની પ્રાપ્તિ થાય.

કોઈપણ કાર્ય વખતે પાંચ સમવાય સાથે જ હોય છે.

(૧) સ્વભાવ, (૨) નિયતિ, (૩) કાળલબ્ધિ, (૪) નિમિત્ત, (૫) પુરૂષાર્થ.

સર્વજ્ઞ ભગવાનના સર્વ સિધ્ધાંતોનો સાર આ પાંચ બોલમાં આવી જાય છે. આનો આગમના અભ્યાસથી વિસ્તારપૂર્વક વિચારતા બધો જ સંશય દૂર થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## (૫) ત્રણ પ્રકારની ક્રિયા

૧. શરીર, મન, વાણી, ધનાદિ જે જડ પર દ્રવ્ય છે તેની ક્રિયા તે જડની ક્રિયા.

૨. પર દ્રવ્યના લક્ષે ઉત્પન્ન વિકારી ભાવોની ક્રિયા તે વિભાવરૂપ ક્રિયા.

૩. સ્વરૂપના લક્ષે ઉત્પન્ન જ્ઞાનની ક્રિયા તે સ્વભાવરૂપ ક્રિયા.

૧. જડની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરતો નથી, કરી શકતો નથી.

૨. આત્માની પર્યાયમાં જે વિકારી ભાવો થાય છે તે (ક્રોધ, માન, માયા, લોભ-(રાગ, દ્વેષ)-મોહ) પર દ્રવ્યના લક્ષે થાય છે. માટે પુદ્‌ગલના છે.

૩. જ્ઞાન તે આત્મા-એમ સ્વભાવ સન્મુખ થઈ સ્વાનુભવ કરતા તે જ્ઞાનક્રિયા કરે છે. જ્ઞાન-જ્ઞાનમાં-ત્રિકાળી આત્મામાં એકાગ્ર થયું તે જ્ઞાનની ક્રિયા છે. પર્યાય સ્વદ્રવ્ય તરફ ઢળતા જે જ્ઞાનની ક્રિયા થઈ તે ધર્મ-ક્રિયા છે.

આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સિધ્ધ થાય છે. આ જાણવું-જાણવું એવો જેનો સ્વભાવ છે તે દ્રવ્ય આત્મા, જાણવું જે સ્વભાવ છે તે ગુણ.

ગુણ અને ગુણી બે એક અભિન્ન છે-એમ જે સ્વલક્ષે પણિમન થયું તે જ્ઞાનક્રિયા-પર્યાય-આ જ્ઞાનક્રિયા તે ધર્મ છે, મોક્ષમાર્ગ છે. જ્ઞાન તે આત્મા-એમ સ્વ તરફ ઢળતા જે સ્વાત્મપ્રતીતિ થઈ તે શ્રધ્ધાન, આત્મજ્ઞાન થયું તે જ્ઞાન અને આત્મસ્થિરતા થઈ તે ચારિત્ર.

આ શ્રધ્ધાન-જ્ઞાન-ચારિત્રની એકરૂપ પરિણતિ તે મોક્ષમાર્ગ છે.

## (૬) ત્રણ પ્રકારના સંબંધ

૧. શરીર, મન, વાણી, દ્રવ્યકર્મ ને આત્માનો પરસ્પર સંબંધ તે અવગાહ સિધ્ધ સંબંધ છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. પરસ્પર એક ક્ષેત્રમાં વ્યાપીને સંનિકટ રહે એવા સંબંધરૂપ બંધ છે.

કર્તા-કર્મ સંબંધ નથી. કેમકે પરદ્રવ્ય ભિન્ન સ્વતંત્ર વસ્તુ છે.

૨. રાગ અને આત્માનો સંયોગ સિધ્ધ સંબંધ છે. પર્યાયમાં એવા વિકારી ભાવો થવાની યોગ્યતા હોય ત્યારે થાય છે અને એ સંયોગનો વિયોગ થઈ જાય છે. એક સમયનો સંબંધ છે.

૩. જ્ઞાન અને આત્માનો તાદાત્મ્ય સિધ્ધ સંબંધ. વસ્તુનો સ્વભાવ જ્ઞાન અને વસ્તુ ધ્રુવ આત્મા. એ બેનો તાદાત્મ્યસિધ્ધ સંબંધ છે અને તેમાં અભેદભાવે પરિણમવું તે ધર્મ છે. અનાદિ અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. કર્તા કર્મની પ્રવૃત્તિથી બંધ થાય છે. તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે.

આત્મા વસ્તુ જ્ઞાન સ્વભાવી ત્રિકાળ ધ્રુવ સહજ શુધ્ધ દ્રવ્ય છે. એમાં રાગ નથી, પુણ્ય નથી, પાપ નથી, વિકાર નથી કે અલ્પજ્ઞતા નથી. એ તો અનંત શક્તિઓનો પિંડ પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન છે. એમાં જ્યાં દૃષ્ટિ એકાગ્ર થઈ ત્યાં પરિણમન નિર્મળ થયું. એ નિર્મળ પરિણમન આત્માની સ્વભાવભૂત ધાર્મિક ક્રિયા છે. તે જ મોક્ષમાર્ગ છે.

વસ્તુ તે સ્વભાવ માત્ર જ છે. 'સ્વ' નું ભવન તે સ્વભાવ છે. પોતાનું જે થવું- પરિણમવું તે સ્વભાવ છે. નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે.

## (૭) દ્રવ્ય-ગુણ-પર્યાય

આ લોકમાં છ દ્રવ્ય છે. (૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) ધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાય, (૫) આકાશ અને (૬) કાળ.

બધા જ દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યાત્મક છે. દ્રવ્ય-ગુણ-પર્યાયત્મક છે.

**દ્રવ્ય:** ગુણોના સમુહને દ્રવ્ય કહે છે.

**ગુણ:** દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં (અવસ્થામાં) હોય તેને ગુણ કહે છે.

**પર્યાય:** ગુણોની બદલાતી અવસ્થાને પર્યાય કહે છે.

ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે. ગુણના કેટલા ભેદ છે ? ગુણના બે ભેદ છે. (૧) સામાન્ય, (૨) વિશેષ

**સામાન્ય ગુણ:** જે સર્વ દ્રવ્યોમાં વ્યાપે તેને સામાન્ય ગુણ કહે છે. સામાન્ય ગુણ અનેક છે પણ તેમાં છ ગુણ મુખ્ય છે.

(૧) અસ્તિત્ત્વ, (૨) વસ્તુત્ત્વ, (૩) દ્રવ્યત્ત્વ, (૪) પ્રમેયત્ત્વ, (૫) અગુરૂલઘુત્ત્વ અને (૬) પ્રદેશત્ત્વ.

(૧) **અસ્તિત્ત્વ ગુણ:** જે શક્તિના કારણે દ્રવ્યનો કદી નાશ ન થાય, તેને અસ્તિત્ત્વ ગુણ કહે છે.

(૨) **વસ્તુત્ત્વ ગુણ:** જે શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા હોય તેને વસ્તુત્ત્વ ગુણ કહે છે. જેમકે ઘડાની અર્થક્રિયા જલધારણ છે.

(૩) **દ્રવ્યત્ત્વ ગુણ:** જે શક્તિના કારણથી દ્રવ્ય સદા એક સરખા ન રહે અને જેની પર્યાયો (હાલતો) હંમેશાં બદલતી રહે.

(૪) **પ્રમેયત્ત્વ ગુણ:** જે શક્તિના કારણથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્ત્વ ગુણ કહે છે.

(૫) **અગુરૂલઘુત્ત્વ ગુણ:** જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રબ્યતા કાયમ રહે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે ન પરિણમે અથવા એક ગુણ બીજા ગુણરૂપે ન પરિણમે તથા એક દ્રવ્યના અનેક અથવા અનંતગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય તેને અગુરૂલઘુત્ત્વ ગુણ કહે છે.

(૬) **પ્રદેશત્ત્વ ગુણ** : જે શક્તિના કારણથી દ્રવ્યનો કોઈપણ આકાર અવશ્ય હોય.

**વિશેષ ગુણ** : જે સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે તે વિશેષ ગુણ કહે છે.

જીવ દ્રવ્યમાં : ચેતના, સમ્યકત્ત્વ, ચારિત્ર, ક્રિયાવર્તી શક્તિ.

પુદ્‌ગલ દ્રવ્યમાં : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવર્તી શક્તિ ઈત્યાદિ

ધર્મ દ્રવ્યમાં : ગતિ હેતુત્ત્વ વગેરે...

અધર્મ દ્રવ્યમાં : સ્થિતિ હેતુત્ત્વ વગેરે...

આકાશ દ્રવ્યમાં : અવગાહન હેતુત્ત્વ વગેરે...

કાળ દ્રવ્યમાં : પરિણમન હેતુત્ત્વ વગેરે...

**ચાર અભાવ**

હવે અભાવનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવાપણું તેને અભાવ કહે છે.

અભાવના ચાર ભેદ છેઃ (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસભાવ, (૩) અન્યોન્યાભાવ અને (૪) અત્યન્તાભાવ.

(૧) **પ્રાગભાવઃ** વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં જે અભાવ તેને પ્રાગભાવ કહે છે.

(૨) **પ્રધ્વંસભાવઃ** આગામી પર્યાયમાં વર્તમાન પર્યાયના અભાવને પ્રધ્વંસભાવ કહે છે.

(૩) **અન્યોન્યાભાવઃ** પુદ્‌ગલ દ્રવ્યના એક વર્તમાન પર્યાયમાં બીજા પુદ્‌ગલના વર્તમાન પર્યાયના અભાવને અન્યોન્યાભાવ કહે છે.

(૪) **અત્યન્તાભાવઃ** એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અત્યન્તાભાવ કહે છે.

**વિશેષઃ** જીવ અને પુદ્‌ગલમાં, પોતે પોતાની, ક્રિયાવતી નામની ખાસ એક શક્તિ છે કે જેના કારણે તે પોત પોતાની લાયકાત અનુસાર ગમન કરે છે અને સ્થિર થાય છે. કોઈ દ્રવ્ય (જીવ કે પુદ્‌ગલ) એક બીજાને ગમન કે સ્થિર કરાવતું નથી. તે બંને દ્રવ્યો પોતાની ક્રિયાવતી શક્તિથી તે સમયની પર્યાયની લાયકાત અનુસાર ગમન કરે છે અને સ્થિર થાય છે.

## (૮) યથાર્થ સમજણ

'ઠીક શું અને અઠીક શું ?' તેના ચાર ભંગ છે.

(૧) પર વસ્તુને ઠીક કે અઠીક માને તે અજ્ઞાની-મિથ્યા દષ્ટિ છે, કેમ કે કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ છે જ નહીં. જે પરમાં ઠીક માને તેને ગ્રહણ કરવા માંગે અને પરને અઠીક માને તેને ત્યાગવા માંડે, પણ પર પદાર્થની ક્રિયા તો સ્વતંત્ર છે, તેનો આત્મા ગ્રહણ કે ત્યાગ કરી શકતો જ નથી. જે પદાર્થની ક્રિયા પોતાને (આત્માને) આધીન નથી તેમાં ઠીક-અઠીકપણું માનવું અને તેના ગ્રહણ કે ત્યાગની ઈચ્છા કરવી તે મિથ્યાદષ્ટિપણું છે. કોઈપણ પરપદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી.

(૨) 'હું આત્મા ઠીક અને પરપદાર્થ અઠીક' એમ માનવું તે પણ અજ્ઞાન છે, કેમ કે એમ માનનાર જીવ પરને અઠીક માનતો હોવાથી તે પરને છોડવા માંગે છે, પરંતુ પરનું ગ્રહણ કે ત્યાગ આત્મા કરી જ શકતો નથી. ગ્રહણ કે ત્યાગ પોતાના ભાવમાં થઈ શકે છે. જે પરને અઠીક માને છે, અને 'હું પરને છોડી શકું કે ગ્રહી શકું' એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

(૩) 'મારો પૂર્ણાનંદ સ્વભાવ ઠીક અને આ વિકારી ભાવ અઠીક' એમ માને છે, ત્યાં દષ્ટિ તો સાચી છે. પરંતુ ચારિત્રની અસ્થિરતા છે. વિકારી ભાવને અઠીક માને છે ત્યાં વિકારીભાવ છોડી શકે છે અને શુધ્ધતા-પૂર્ણાનંદ પ્રગટાવી શકે છે, તેથી તેની દષ્ટિ સાચી છે. જેને ઠીક-અઠીક માને છે. તેમાં ઠીકનું ગ્રહણ અને અઠીકનો ત્યાગ કરી શકે છે તેની દષ્ટિ સાચી છે, છતાં ત્યાંપણ ઠીકનું ગ્રહણ કરવાનો અને અઠીકનું ત્યાગ કરવાનો વિકલ્પ વર્તે છે. તેથી ત્યાં રાગ-દ્વેષનો અંશ છે, માટે ત્યાં ચારિત્રની અસ્થિરતા છે. છતાંપણ ત્યાં માન્યતાનો દોષ નથી. દષ્ટી સમ્યગ છે.

(૪) 'મારો સ્વભાવ ઠીક અને વિકારી અવસ્થા અઠીક' એવા વિકલ્પ પણ છૂટીને જ્ઞાયક સ્વભાવમાં સ્થિર થઈ જાય. પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ જાય. ત્યાં દષ્ટિ અને ચારિત્ર બંને પૂર્ણ છે. ગ્રહણ-ત્યાગનો વિકલ્પ જ છુટી જતાં પૂર્ણાનંદ સ્વભાવ પ્રગટી ગયો તે જ ઉત્તમ છે.

**સારભૂતઃ**

(૧) પરદ્રવ્યમાં તો ઠીક-અઠીકપણું છે જ નહીં અને સ્વદ્રવ્યમાં પણ ઠીક-અઠીકપણાની અપેક્ષા નથી. દ્રવ્ય ઠીક-અઠીકપણાની અપેક્ષાઓથી અતિક્રાંત છે. ઠીક-અઠીકના વિકલ્પ દ્વારા દ્રવ્ય લક્ષમાં આવી શકતું નથી.

(૨) 'પરવસ્તુ જીવને ઈષ્ટ કે અનિષ્ટ છે' એમ માનવું તે મિથ્યાભાવ છે, મહા ભૂલ છે, મહાપાપ છે.

(૩) 'જીવ પોતે ઈષ્ટ અને પરવસ્તુ અનિષ્ટ' એમ માનવું તે મિથ્યાભાવ, મહાભૂલ, મહાપાપ છે.

(૪) 'પોતાનો શુધ્ધ સ્વભાવ ઈષ્ટ અને વિકારી અવસ્થા અનિષ્ટ' એમ માનવું-જાણવું તે સાધક દશા છે.

'પોતામાં થતાં વિકારી ભાવો અનિષ્ટ અને ત્રિકાળ શુધ્ધ ચૈતન્ય સ્વભાવ તથા તેમાં આશ્રયે પ્રગટતી શુધ્ધ દશા તે ઈષ્ટ છે' એમ જાણવું-માનવું તે યથાર્થ છે. જીવ પોતાનું સ્વરૂપ યથાર્થ જાણે અને પોતે ગ્રહણ-ત્યાગ કોનું કરી શકે છે એ જાણે તો જ દોષ ટાળી શકે છે, માટે આ તે સાચી માન્યતા છે પણ તેમાં ગ્રહણ ત્યાગનો વિકલ્પ હોવાથી તે રાગ છે, અસ્થિરતા છે.

(૫) 'પોતાનો શુધ્ધ સ્વભાવ ઈષ્ટ અને વિકારી અવસ્થા અનિષ્ટ' એવા વિકલ્પ ટાળી સ્વરૂપમાં સ્થિર થવું તે વીતરાગી ભાવ છે.
(સાધક અવસ્થા યોગ્ય) સાચી માન્યતા કર્યા પછી, વિકલ્પ ટાળી સ્વરૂપમાં સ્થિર થવું તે વીતરાગ દશા છે તે ઉત્તમ છે.

## (૯) જ્ઞાન લક્ષણથી આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવ ગોચર થાય છે

પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગ રૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમન સ્વરૂપ મોક્ષ માર્ગમાં પોતે પરણમાવીને, સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પામ્યું છે, અને જેમાં કોઈ ગ્રહણ-ત્યાગ નથી, એવા સાક્ષાત્ સમયસાર સ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચલ રહેલા, શુધ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણે પ્રકારે સમજવું.

(૧) શુધ્ધ નયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રધ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. અશ્રધ્ધાનનો દોષ દૂર થાય છે.

(૨) જ્ઞાન-ગ્રહણ થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુધ્ધનયથી પોતાના સ્વરૂપને સિધ્ધ સમાન જાણ્યું-શ્રધ્ધાયું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઉપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ દેખવાનો બીજો પ્રકાર છે. અહીં સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુધ્ધ નયના આશ્રયે પરોક્ષ દેખવું છે. અંશે સ્થિરતા થાય છે.

(૩) કેવળજ્ઞાન ઉપજે ત્યારે સાક્ષાત દેખવું થાય છે. આ ત્રીજા પ્રકારનું દેખવું છે. તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે. પૂર્ણ સ્થિરતા થાય છે.

## (૧૦) પરથી ભિન્ન શુધ્ધ જ્ઞાનના અનુભવનું કાવ્ય

શ્લોક :

અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતામાં જ નિયત, પૃથક વસ્તુપણાને ધારતું (વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્ય વિશેષપણાને ધારણ કરતું), ગ્રહણ ત્યાગ રહિત, આ અમલ (રાગાદિક મળથી રહિત) જ્ઞાન એ પોતે અવસ્થિત (નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે આદિ-મધ્ય-અંત-રૂપ વિભાગોથી રહિત એવી સહજ

ફેલાયેલી સ્વભાવ વડે દેદીપ્યમાન એવો એનો શુધ્ધધાન ધનરૂપ મહિમા નિત્ય ઉદિત રહે (શુધ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

**ભાવાર્થ:** જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે. તેથી તેના મહિમાને કોઈ બગાડી શકતું નથી, સદા ઉદયમાન રહે છે.

**કૃતકૃત્યતા**

પૂર્ણ જ્ઞાન સ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ ત્યાગવા યોગ્ય જે કાંઈ હતું તે બધું ય ત્યાગ્યું અને ગ્રહણ કરવા યોગ્ય જે કાંઈ હતું તે બધું ય ગ્રહણ કર્યું, એ જ કૃતકૃત્યપણું છે.

બીજી રીતે,

જેણે સર્વ શક્તિઓ સમેટી છે (પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવા યોગ્ય બધું છોડયું અને ગ્રહવા યોગ્ય બધું ગ્રહ્યું.

## (૧૧) સ્વાનુભૂતિ

(૧) સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો જ શુધ્ધ થાય, એક જાતના થઈને બંને તદ્રુપ થાય-તો જ સ્વાનુભૂતિ થઈ શકે.

શુધ્ધાત્માની વીતરાગી અનુભૂતિ રાગભાવ વડે થઈ શકે નહિ. શુધ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ રાગરૂપ ન હોય. શુધ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ શુધ્ધાત્માની જાતનો વીતરાગી જ હોય. રાગભાવમાં વીતરાગભાવની અનુભૂતિ ન હોય.

(૨) શુધ્ધ વસ્તુ સ્વરૂપને અનુભવનારો ભાવ તે વસ્તુમાં લીન થયેલો છે; વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી. શુધ્ધ વસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે, વિકલ્પ એનાથી બહાર છે.

(૩) સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે.

(૪) નિરાવરણ જ્ઞાનદર્શન લક્ષણથી લક્ષિત પોતે નિરાવરણ પોતે ત્રિકાળ છે, એથી એના સ્વભાવમાં નિરાવરણપણું જે લક્ષણ જે પર્યાયમાં છે એનાથી તે લક્ષિત થઈ શકે છે. એનામાં જે 'ભાવ' છે એના લક્ષણથી તે લક્ષ્ય થઈ શકે છે. એની જાતની, જે પર્યાય નિર્મળ-એના સ્વભાવની જાતની પર્યાય, એથી તે લક્ષિત છે. જ્ઞાયક દેવ, ચેતન ભગવાન આત્મા ત્રિકાળ નિરૂપાધિક સ્વરૂપ છે. એ નિરૂપાધિક લક્ષણથી જણાય એવો છે.

(૫) સ્વ-પરનું યથાર્થ ભેદજ્ઞાન કરો, વિપરીત અભિનિવેશ રહિત તત્ત્વાર્થ શ્રધ્ધાન કરો, ભૂતાર્થનો આશ્રય કહો, શુધ્ધનય કરો, શુધ્ધોપયોગ કહો કે શુધ્ધાત્મશ્રધ્ધાન કહો તે નિશ્ચય સમ્યકત્ત્વ છે. સ્વ-પરના યથાર્થ ભેદજ્ઞાનપૂર્વક તત્ત્વાર્થ શ્રધ્ધાન કરીને સ્વાનુભવસહિત શુધ્ધાત્મ શ્રધ્ધાન કરવું, તે જ નિશ્ચય સમ્યકત્ત્વ છે, તે જ મોક્ષમાર્ગનું પહેલું રત્ન છે, ને તે જ પહેલો ધર્મ છે. સ્વાનુભવ તે મૂળ વસ્તુ છે.

## (૧૨) સુખ પ્રાપ્ત કરવાનો ક્રમ

(૧) **પાત્રતા :**
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ
ભવે દેખ, પ્રાણી દયા...
વિશાળ બુધ્ધિ, સરળતા, મધ્યસ્થતા
જિતેન્દ્રિયપણું
ખરી પાત્રતા તો સ્વભાવની રૂચિ... જિજ્ઞાસા

(૨) **અભ્યાસ :**
સત્સંગ અને સ્વાધ્યાય
જિન આગમનો સમ્યક પ્રકારે અધ્યયન

(૩) **પદાર્થનો યથાર્થ નિર્ણય:**
હું જ્ઞાનઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું
(સ્વરૂપના અસ્તિત્ત્વનો સ્વીકાર)

(૪) **સ્વ-પરનું ભેદ વિજ્ઞાન**
**(સર્વથા સર્વથી ભિન્ન છું)**

(૫) **સ્વાનુભૂતિ-આત્માનુભૂતિ**
**નિશ્ચય સમ્યકદર્શન-સમ્યગ્જ્ઞાન**

**સુખના અનુભવનો પ્રથમ કણકો**

**લબ્ધિ**

(૧) **ક્ષયોપશમ લબ્ધિ**
અને
(૨) **વિશુધ્ધિ લબ્ધિ**

(૩) **દેશના લબ્ધિ**
જ્ઞાની ગુરૂનો ઉપદેશ
અગાઢ આગમના
પદોનો મર્મ ગુરૂગમથી
જ સમજાય...

**પુરૂષાર્થની ભૂમિકા**

(૪) **પ્રાયોગ્ય લબ્ધિ**
પ્રયોગાત્મક ભૂમિકામાં પ્રત્યેક ઉદયનો જ્ઞાનથી નિરાકરણ કરવું (સ્વભાવના સંસ્કાર બનાવવા)
**બે ઘડીનો ખેલ છે**

(૫) **કરણ લબ્ધિ**
(૧) અધ:કરણ
(૨) અપૂર્વકરણ
(૩) અનિવૃતિકરણ
**સ્વભાવની પ્રાપ્તિ**

❖ ❖ ❖

**છ દ્રવ્ય સ્વરૂપ લોકઃ (૧) જીવ,**

**વસ્તુ સ્વરૂપ (દ્રવ્ય સ્વરૂપ)**

**દ્રવ્ય-ગુણ-પર્યાય**
**ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યાત્મક**

---

**આત્મા (જીવ) ચૈતન્ય લક્ષણ સ્વરૂપ**

**વિશેષ મુખ્ય ગુણઃ** અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતવીર્ય, અનંત સુખ

**દ્રવ્ય સ્વભાવ (ત્રિકાળ)**

પરમ પારિણામિક ભાવ
જ્ઞાયક ભાવ
વીતરાગ સ્વરૂપ
જ્ઞાન-દર્શન લક્ષણ યુક્ત
એકરૂપ ભાવ-અખંડ
ધ્રુવ (અચળ)
ત્રિકાળ નિરાવરણ સ્વભાવ
નિરાવલંબ-સહજ
અનંત શક્તિનો પિંડ
ચૈતન્ય ધન પિંડ
આશ્રય કરવાયુક્ત ભાવ
નિર્વિકાર સ્વરૂપ
પૂર્ણ સુખસ્વરૂપ
સર્વજ્ઞ સ્વભાવ
શુધ્ધ-ત્રિકાળ શુધ્ધ...
કારણ પરમાત્મા
આનંદ કંદ (સચ્ચિદાનંદ)
પરમભાવ સ્વરૂપ નિર્વિકલ્પ ભાવ
અતીન્દ્રિય સ્વભાવવાળો

(૧) (**હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું**)

(૨) **સર્વથા**
**સર્વથી**
**ભિન્ન છું**

**પર્યાય સ્વભાવ (એક સમય માત્ર)**

સ્વભાવરૂપ
પરિણમન
(રત્નત્રય)
૧ સમ્યકદર્શન
૨ સમ્યગ્જ્ઞાન
૩ સમ્યક્ચારિત્ર
**સુખરૂપ પરિણમન**
શુધ્ધ ભાવરૂપ
પરિણમન
શુધ્ધોપયોગ
**(નિર્મળ પર્યાય)**

વિભાવ રૂપ
પરિણમન
૧ મિથ્યાત્વ
(મોહ)
૨ અજ્ઞાન
૩ અસંયમ
કષાયભાવ
ક્રોધમાન
માયા, લોભ
(રાગ-દ્વેષ)
**દુઃખરૂપ**
**પરિણમન**
**(ભાવકર્મ)**
**(શુભાશુભ ભાવ)**

**સાધન**
**વર્તમાન જ્ઞાન પર્યાય**

**લક્ષ**

**(સ્વ)** ← → **(પર)**

(ધર્મ રૂપ પરિણમન
સ્વભાવરૂપ પરિણમન
સુખરૂપ પરિણમન)

અધર્મરૂપ પરિણમન
વિભાવરૂપ પરિણમન
અનંત દુઃખરૂપ પરિણમન

ાળ

(૨) પુદ્ગલ, (૩) ધર્મદ્રવ્ય, (૪) અધર્મદ્રવ્ય, (૫) આકાશ, (૬) કાળ...

**સામાન્ય ગુણ :**

(૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ, (૩) દ્રવ્યત્વ (૪) પ્રમેયત્વ, (૫) અગુરૂલઘુ, (૬) પ્રદેશત્વ

---

## પુદ્ગલ (અજીવ) - જડ લક્ષણ સ્વરૂપ

(વિશેષ મુખ્ય ગુણઃ રસ, રંગ, ગંધ અને સ્પર્શ)

### કર્મ

(અનંત)

૧ જ્ઞાનાવરણીય
૨ દર્શનાવરણીય
૩ મોહનીય
૪ અંતરાય
૫ નામ
૬ ગૌત્ર
૭ આયુષ્ય
૮ વેદનીય
(મુખ્ય)

(દ્રવ્ય કર્મ)

### શરીર

તેજસ — ઔદારીક, વૈક્રિય, આહરક

યોગ → મન, વચન, ઈન્દ્રિયો (કાય)

ચાર ગતિ
૧ મનુષ્ય
૨ દેવ
૩ નારકી
૪ તિર્યંચ
(સંસાર પરિભ્રમણ)

( નો કર્મ)

### પ્રાપ્ત સંયોગ

સંબંધે જોડાયલ વ્યક્તિઓ (ચેતન દ્રવ્યો)

પ્રાપ્ત થયેલ સામગ્રી → (રોટી) (કપડા) (મકાન) વિસ્તાર

### નિમિત્ત

(વીતરાગ સ્વરૂપ)

૧ દેવ
૨ ગુરૂ
૩ શાસ્ત્ર
(બોધ)
(જિનવાણી)

---

**સાત તત્ત્વનું સ્વરૂપ**

(૧) જીવ (૨) અજીવ (૩) આસ્રવ
(૪) બંધ (૫) સંવર (૬) નિર્જરા (૭) મોક્ષ

**વસ્તુ સ્વરૂપના મહાન સિધ્ધાંત**

(૧) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે
(૨) દરેક દ્રવ્યનું ક્રમબધ્ધ પરિણમન છે
(૩) પરિણમન ઉપાદાનની યોગ્યતા પ્રમાણે હોય છે. નિમિત્તની હાજરી હોય છે. પણ નિમિત્ત કાંઈ કરતું નથી

**પાંચ સમવાયઃ** (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) નિમિત્ત, (૪) કાળલબ્ધિ (૫) પુરૂષાર્થ

# સુખી થવાનો સરળ ઉપાય

| પાંચ બોલ | નવ પદાર્થ (સાત તત્ત્વ) | ચાર કાળ | પાંચ ભાવ | સુખ દુઃખ દાયક | હેય, જ્ઞેય ઉપા દેય |
|---|---|---|---|---|---|
| ૧ સંયોગ | અજીવ | અનાદિ અનંત | કોઈ ભાવ નથી (જડ સ્વભાવ) | સુખકારક નથી દુઃખકારક નથી | જ્ઞેય |
| ૨ સંયોગી ભાવ | આસ્રવ બંધ પુણ્ય-પાપ | અનાદિ-સાંત | ઔદયિક ભાવ | દુઃખકારક | હેય |
| ૩ સ્વભાવ ત્રિકાળી | જીવ | અનાદિ અનંત | પારિણામિક ભાવ | પરમ સુખદાયક | પરમ ઉપાદેય |
| ૪ સાધન વર્તમાન જ્ઞાન પર્યાય | સંવર નિર્જરા | સાદિ-સાંત | ઔપશમિક ક્ષાયોપશમિક ક્ષાયિક ભાવ | એક દેશ સુખદાયક | એક દેશ ઉપાદેય |
| ૫ સિધ્ધત્ત્વ | મોક્ષ | સાદિ અનંત | પૂર્ણ ક્ષાયિક ભાવ | પૂર્ણ દેશ સુખદાયક | પૂર્ણ દેશ ઉપાદેય |

## સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો સરળ ઉપાય

| સંયોગ, વિભાવ અને સ્વભાવ સંબંધી વિચારણા | | |
|---|---|---|
| સંયોગોની<br>પૃથકતા | સંયોગોની<br>ક્ષણભંગુરતા | અનિત્ય-અશરણાદિ<br>ભાવના |
| વિભાવની<br>વિપરીતતા | પરના લક્ષે થતું<br>વિભાવ રૂપ પરિણમન<br>પહેલું ગુણ સ્થાન | દુ:ખના કારણ<br>(૧) મિથ્યાત્વ - મોહ<br>(૨) અજ્ઞાન અને<br>(૩) અસંયમ રાગ દ્વેષ |
| પરમ સ્વભાવનું<br>સામર્થ્ય<br>(શક્તિ રૂપ)<br>ત્રિકાળ નિરાવરણ | (ધ્યેય)<br>બધી રીતે અનંત<br>શક્તિશાળી પૂર્ણ<br>સ્વભાવ આદરણીય છે<br>(શુધ્ધ સ્વભાવની સ્થાપના) | પૂર્ણતાના લક્ષે<br>શરૂઆત<br>સ્વભાવનો<br>આશ્રય |
| એક દેશ<br>સ્વભાવનું સ્વભાવના<br>સામર્થ્ય<br>મિશ્ર દશા | સ્વભાવના લક્ષે થતું<br>ચોથાથી બારમાં<br>ગુણસ્થાન સુધીની સ્થિતિ<br>સાધક દશા | સ્વભાવરૂપ પરિણમન<br>અવિરતિ<br>સમ્યગ્દષ્ટિ શ્રાવક<br>મુનિ ધર્મ |
| પૂર્ણ દેશ સ્વભાવ<br>પ્રગટ થતાંનું<br>સામર્થ્ય<br>(વ્યક્ત) | પૂર્ણ પ્રગટ<br>વીતરાગ દશા<br>સર્વજ્ઞતા તેરમું<br>ચૌદમું ગુણસ્થાન | અરિહંત<br>સિધ્ધ<br>દશા<br>(સાધ્ય) |

# શ્રી મહાવીર દર્શન

## અનુક્રમણિકા


| | | નંબર |
|---|---|---|
| ૧. | તીર્થંકર ભગવાન મહાવીર | ૧ થી ૧૫ |
| ૨. | ધર્મનું સ્વરૂપ | ૧૬ થી ૨૫ |
| ૩. | ધર્મનો ઉપદેશ | ૨૬ થી ૨૮ |
| ૪. | વસ્તુ સ્વરૂપના મહાન સિધ્ધાંત | ૨૯ થી ૩૭ |
| ૫. | આત્મદર્શનની સંપૂર્ણ વિધિ | ૩૮ થી ૪૧ |
| ૬. | પ્રયોજનની સિધ્ધિ | ૪૨ થી ૪૬ |
| ૭. | જૈન શાસન શું છે ? | ૪૭ થી ૫૦ |
| ૮. | જૈન દર્શનનો સાર 'વીતરાગતા' | ૫૧ થી ૫૫ |
| ૯. | સમભાવ - સામ્યભાવ | ૫૬ થી ૬૪ |
| ૧૦. | સમજણની મહિમા | ૬૫ થી ૬૯ |
| ૧૧. | સર્વજ્ઞતાનો મહિમા | ૭૦ થી ૭૫ |
| ૧૨. | સમ્યગ્દર્શન | ૭૬ થી ૮૫ |
| ૧૩. | પરમાર્થ મોક્ષકારણ શું છે ? | ૮૬ થી ૯૨ |
| ૧૪. | જ્ઞાન-સ્વભાવ | ૯૩ થી ૧૧૧ |
| ૧૫. | સ્વ-પર પ્રકાશક શક્તિ | ૧૧૨ થી ૧૨૬ |
| ૧૬. | એક માત્ર ઉપાય | ૧૨૭ થી ૧૩૦ |
| ૧૭. | પુરૂષાર્થ-યોગ્યતા-સહજતા-વીતરાગતા સુખની પ્રાપ્તિ | ૧૩૧ થી ૧૪૪ |
| ૧૮. | દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ | ૧૪૫ થી ૧૫૧ |
| ૧૯. | આગમ-અધ્યાત્મનું સ્વરૂપ | ૧૫૨ થી ૧૬૪ |
| ૨૦. | નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ | ૧૬૫ થી ૧૭૯ |

# ૧ તીર્થંકર ભગવાન મહાવીર

ભગવાન મહાવીર આ ભરતક્ષેત્રના આ યુગના ચોવીસમાં તીર્થંકર હતા. તેમના પહેલા ચોથા કાળમાં ભગવાન ઋષભ દેવથી શરૂઆત કરીને ભગવાન પાર્શ્વનાથ સુધી ત્રેવીસ તીર્થંકર થઇ ગયા.

જેના વડે સંસારરૂપી સાગર તરી શકાય તેને તીર્થ કહેવામાં આવે છે. બીજી રીતે 'જે તારે તે તીર્થ' અને જે આવા તીર્થની સ્થાપના કરે અર્થાત મોક્ષમાર્ગ બતાવે તેને તીર્થંકર કહેવામાં આવે છે.

જૈનદર્શન એ કોઇ મત, સંપ્રદાય કે વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે, એક તથ્ય છે અને પરમ સત્ય છે. આ પરમ સત્યને પામીને નરમાંથી નારાયણ બની શકાય છે. ભગવાન બની શકાય છે.

જૈન માન્યતા પ્રમાણે ભગવાન જન્મતા નથી, બને છે. જન્મથી કોઇ આત્મા, પરમાત્મા હોતો નથી. પોતાના અંતરમાં રહેલી અથવા નવી જન્મેલી મોહ-રાગ-દ્વેષની વૃત્તિઓને જીતી- એટલે અંતર્મુખી વૃત્તિ દ્વારા મોહ-રાગ-દ્વેષનો અભાવ કરી જ્ઞાનનો પૂર્ણ વિકાસ કરવો એ જ સાધનાનું લક્ષ્ય હોય છે અને એ સાધના વડે સિધ્ધ પદ પ્રાપ્ત કરવાનું સાધ્ય સિદ્ધ થાય છે અને પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞ દશા પ્રગટ થાય છે અને પૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે.

મોહ-રાગ-દ્વેષને જીતવા એ જ પોતાને જીતવા બરાબર છે. પોતાની જાતને જેણે જીતી લીધી છે તેણે આખું જગત જીતી લીધું છે. જેણે પોતાના સ્વરૂપને ઓળખી લીધો તેણે જગતના પૂર્ણ સ્વરૂપને પણ ઓળખી લીધું છે - જાણી લીધું છે. જે આત્મજ્ઞ તે સર્વજ્ઞ.

ભગવાન મહાવીર પણ જન્મથી ભગવાન ન હતા પણ ભગવાન બનવાની યોગ્યતા સાથે જન્મયા હતા અને પછી તેમની પૂર્ણ સાધના કરી ભગવાન થયા. વીતરાગ થયા- સર્વજ્ઞ થયા- તીર્થંકર થયા.

ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત સિધ્ધાંતો જેટલા ગૂઢ, ગંભીર અને ગ્રાહ્ય છે, તેટલું જ તેમનું જીવન સાદું, સરળ અને સમતળ છે. તેમાં વૈવિધ્યને કોઈ સ્થાન નથી. તેમનું જીવન અહિંસાના આધારે થયેલ માનવ-જીવનના શ્રેષ્ઠ વિકાસની કહાણી છે. તેમના જીવનને સમજવા ચાર વિભાગમાં વિશેષ રૂપથી સમજાય એમ છે.

(૧) તેમના આ ભવ પહેલાના પૂર્વ બત્રીસ મુખ્ય ભવ.
(૨) શરૂઆતના ૩૦ વર્ષ-વૈભવ વિલાસ વચ્ચે પણ નિર્લેપ દશા.
(૩) વચ્ચેના ૧૨ વર્ષ-સાધનાના વર્ષ-સાધક દશા.
(૪) અંતિમ ૩૦ વર્ષ-સર્વોદય તીર્થના પ્રવર્તન, પ્રચાર અને પ્રસાર.

## (૧) મહાવીર ભગવાનના પૂર્વ બત્રીસ ભવ

**પૂર્વના મુખ્ય ભવ આ પ્રમાણે વિચારવા જેવા છે.** બહિર આત્માથી અંતરાત્મા અને તેમાંથી પરમાત્મા બનવાની પ્રક્રિયા અનેક ભવોમાં સંપન્ન થાય છે, એક ભવમાં નહી. આ દષ્ટિકોણ લક્ષમાં લેતા એ ભવોથી સંપૂર્ણ સમ્યક પ્રક્રિયા સમજવામાં આવી જાય છે. આ ભવો આ પ્રમાણે છે.

(૧) પ્રથમ જંબુદ્વિપના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં પુરૂરવા નામનો ભીલનો ભવ. તેમાં નગ્ન-દિગમ્બર મુનિરાજની હત્યાના મહાદોષથી બચી અને મુનિનું ધર્મશ્રવણ કરી મદિરા-માંસાદિનો ત્યાગ કરી જીવનપર્યંત આદરસહિત વ્રતો પાળી જીવન પસાર કર્યું.

(૨) ત્યાંથી સૌધર્મ નામના પ્રથમ સ્વર્ગમાં દેવનો ભવ પસાર કર્યો.

(૩) ત્યાંથી આવીને પ્રથમ તીર્થંકર ઋષભદેવના મોટા પુત્ર ભરત ચક્રવર્તીના મારીચિ નામના પુત્ર તરીકે જન્મયા. ત્યાં ઋષભદેવની સાથે બીજા રાજાઓની સાથે મુનિદીક્ષા ગ્રહણ કરી પરંતુ મુનિમાર્ગથી અપરિચિત હોવાથી એ જીવન ભ્રષ્ટ થઈ ગયું. આત્મજ્ઞાન વગરની મુનિદશાનું આ પરિણામ! મિથ્યાત્ત્વ નામના મહા પાપનું સેવન, પ્રચાર અને પ્રસાર કરી પોતાનું ભવભ્રમણ વધાર્યું. શુભભાવપૂર્વક જીવન પૂર્ણ થયું.

(૪) તે પછી બ્રહ્મ નામના પાંચમાં સ્વર્ગમાં દેવ થયા.

(૫) ત્યાંથી આવીને સાકેત નગરમાં કપિલ નામના બ્રાહ્મણને ત્યાં પ્રિય મિત્ર નામે પુત્ર તરીકે જન્મયા સંસ્કારવશ પારિવ્રાજક સાધુ થાય. પણ ભવભ્રમણ ચાલુ રહ્યું.

(૬) ત્યાંથી પાછા પ્રથમ સ્વર્ગમાં દેવ થયા.

(૭) ત્યાંથી આવીને ભારદ્વાજ બ્રાહ્મણને ત્યાં પુષ્પમિત્ર નામના પુત્ર તરીકે જન્મ પામ્યા ત્યાં પણ મિથ્યાત્ત્વની સ્થિતિ ચાલુ રહી.

(૮) ત્યાંથી પાછા પ્રથમ સ્વર્ગમાં દેવ થયા.

(૯) ત્યારબાદ અગ્નિસર બ્રાહ્મણ તરીકે મનુષ્યભવ પસાર કર્યો.

(૧૦) વળી પાછા સનતકુમાર નામના ત્રીજા સ્વર્ગના દેવ થયા.

(૧૧) ત્યાર બાદ અગ્નિ મિત્ર નામના બ્રાહ્મણ થયા.

(૧૨) વળી પાછા મહેન્દ્ર નામના ચોથા સ્વર્ગના દેવ થયા.

(૧૩) હજી એક ભવ ભાર દ્વાજ નામના બ્રાહ્મણ તરીકે પસાર કર્યો.

(૧૪) વળી પાછા મહેન્દ્ર નામના ચોથા સ્વર્ગના દેવ થયા.

આવી રીતે આ બધા ભવોમાં મિથ્યાત્ત્વ સેવનની સાથે મોટા ભાગે શુભભાવોમાં જ રહ્યાં અને સ્વર્ગાદિની અનુકૂળતાઓ પ્રાપ્ત કરી અને પછી મિથ્યાત્ત્વના મહાપાપને લીધે અનંત વર્ષો સુધી ત્રસ-સ્થાવરની નીચી યોનિઓમાં અનંત દુઃખમાં અસંખ્ય ભવ પૂર્ણ કર્યા.

(૧૫) ત્રસ સ્થાવરની એક નીચ યોની

(૧૬) બ્રાહ્મણ પુત્ર સ્થવિર

(૧૭) ચોથા સ્વર્ગનો દેવ

(૧૮) ત્યાંથી આવીને રાજગૃહી નગરીમાં વિશ્વભૂતિ નામના રાજાના ઘરે વિશ્વનંદી નામનો રાજકુમાર થયા. ત્યાં રાજકીય છલ-કપટથી કંટાળીને દિગંબર સાધુ થયા અને સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા.

(૧૯) ત્યાંથી પાછા મહાશુક્ર નામના દશમા સ્વર્ગના દેવ થયા.

(૨૦) પછી જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં ત્રિપુષ્ઠ પ્રથમ નારાયણ થયા ત્યારે અહીં અગીયારમાં તીર્થંકર ભગવાન શ્રેયાંસનાથનો સમય હતો.

(૨૧) ત્યાંથી મરીને સાતમી નરકનો નારકી થયો. ભોગમય જીવનનું આ પરિણામ.

(૨૨) ત્યાંથી નીકળીને ફરીથી હિમવન પર્વતમાં સિંહ તરીકે જન્મયા.

આ ભવથી એમનો સુધાર શરૂ થયો. એક વખત તે હરણને મારી ખાતો હતો ત્યારે ચારણ ઋદ્ધિધારી મુનિઓ આકાશ માર્ગે ત્યાં આવી સિંહને ધર્મનો ઉપદેશ આપ્યો અને પૂર્વ ભવોનો ચિત્તાર આપ્યો. એ ઉપદેશ સાંભળી સિંહ શાંત થયો અને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેનો તેણે ખૂબ પશ્ચાતાપ કર્યો. મુનિરાજોએ કરૂણાથી તેને આત્મસ્વરૂપનો સુંદર બોધ આપ્યો અને જણાવ્યું કે તું હવે પછીના દશમાભવે આ ભરતક્ષેત્રનો અંતિમ તીર્થંકર મહાવીર થશે. સ્વભાવ સામર્થ્યના જોરથી સિંહે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેણે પ્રથમ વખત સમ્યગ્દર્શન પામી સુખનો અનુભવ કર્યો. અંતમાં સમાધિપૂર્વક મૃત્યુ પ્રાપ્ત થઈ, જીવન પૂર્ણ કર્યું. અહિંથી જીવનની દિશા બદલાઈ ગઈ. ખરેખર આ જ અગત્યનો ભવ હતો. આ જ બતાવે છે કે કોઈપણ સંજ્ઞી પંચેન્દ્રિયજીવ-શુદ્ધાત્માનું અવલંબન લઈ તેમાં એકાગ્ર થઈ આત્માનો અનુભવ કરી શકે છે. તે સમયની પર્યાયની યોગ્યતા-કાળલબ્ધિ-અનુકૂળ નિમિત્ત અને ભવ્ય પુરૂષાર્થ -પાંચેય સમવાય પૂર્ણ થયા.

આ ભવમાંથી એ ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે કે આત્માર્થીને નિમિતોની શોધમાં વ્યગ્ર નહીં થવું જોઈએ. નિમિત્તથી કાર્ય થતું નથી, નિમિતથી કાર્ય અટકતું પણ નથી. પરંતુ સ્થિતિ એ છે કે જ્યારે કાર્ય થાય છે ત્યારે એ નિમિત્તના સહજપણામાં જ થાય છે. વસ્તુતઃ નિમિત્તોને અનુસાર કાર્ય નથી થતું-કાર્યને અનુસાર નિમિત્ત કહેવાય છે. આનાથી ઉપાદાનગત - પર્યાયની યોગ્યતાની

પાસે નિમિત્તની ગૌણતા સિદ્ધ થાય છે. પર્યાયની યોગ્યતા અને અપૂર્વ પુરૂષાર્થ એ બંને મોક્ષમાર્ગમાં મુખ્ય છે. જે બોધથી આત્માનુભૂતિ થઈ તેનો સાર આ પ્રમાણે છે:

દેહમાં બિરાજમાન, દેહથી, કર્મોથી, પર પદાર્થોથી ભિન્ન એક ચેતન તત્ત્વ છે. જો કે પ્રત્યેક સમયે આ ચેતન તત્ત્વમાં મોહ-રાગ-દ્વેષની વિકારી પર્યાયો પ્રતિક્ષણ થયા જ કરે છે છતાંપણ આ જ્ઞાન આનંદ સ્વભાવી ધ્રુવતત્વ એ બધાથી ભિન્ન પરમ પદાર્થ છે. જેના આશ્રયથી ધર્મ પ્રગટ થાય છે. એ પ્રગટ થયેલા ધર્મને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. આ રત્નત્રય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા અંતરમાં પ્રગટ થાય તેના માટે પરમ પદાર્થ જ્ઞાનાનંદ સ્વભાવી ધ્રુવતત્ત્વની અનુભૂતિ અત્યંત આવશ્યક છે. આ અનુભૂતિને આત્માનુભૂતિ-સ્વાનુભૂતિ કહે છે. આ આત્માનુભૂતિ જેને પ્રગટ થઈ ગઈ 'પર' થી ભિન્ન ચૈતન્ય ભગવાન આત્માનો જ્ઞાન જેને થઈ ગયો, એ જીવ શીઘ્ર ભવ-ભ્રમણથી મુક્ત થઈ જાય છે. 'પર' થી ભિન્ન ચૈતન્ય આત્માનું જ્ઞાન જ ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન અને આત્માનુભૂતિ કોઈપણ જીવ કરી શકે એમ છે.

એના માટે વર્તમાન પર્યાયની પામરતાનો વિચાર છોડી દેવાનો છે અને સ્વભાવના સામર્થ્યનો મહિમા આવવો અત્યંત જરૂરી છે. પર સંયોગોની તો વાત જ નથી એ તો ક્ષણભંગુર જ છે તેમાં ક્યાંય સુખ નથી. આ દ્રવ્ય સામાન્ય સ્વભાવ સિદ્ધની જેવો જ અનંતજ્ઞાનાદિ - અનંતસુખનો એવા અનંતગુણ-પર્યાયોનો પિંડ છે. આવા ધ્રુવ સ્વભાવના અવલંબનથી જ એ સ્વભાવ સામર્થ્ય પર્યાયમાં પ્રગટ થાય છે અને અત્યારે વર્તમાન જ્ઞાનની પર્યાયની એટલી તો યોગ્યતા છે જ જેનાથી તું પરથી ભિન્ન ચૈતન્ય તત્ત્વનો અનુભવ કરી શકે. અંતરમુખ અવલોકન-અંતરમુખ વળેલી નિર્મળ જ્ઞાનની પર્યાય આત્માનો અનુભવ અપૂર્વ પુરૂષાર્થ કરીને કરી શકે એમ છે. એક વખત બે ઘડી બધાનો પડોશી થઈ - રંગ, રાગ અને ભેદથી ભિન્ન શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન આત્માના અનુભવનો જ ઉપદેશ પુરૂષાર્થપૂર્વક કરવામાં આવ્યો છે અને એ જો એક સમય માટે પણ એકાગ્રતા થઈ જાય તો અપૂર્વઆનંદ રસ સાથે આત્માનો અનુભવ થાય છે અને જીવને પ્રથમ ક્ષણ સુખની પ્રાપ્તિ થાય છે. આવી અપૂર્વ શાંતિ જીવે ક્યારેય ભૂતકાળમાં અનુભવી નથી.

સિંહની પર્યાયમાં એવી પર્યાયગત યોગ્યતા પ્રમાણે આ મહાવીર આત્માને આત્માનો અનુભવ કરી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને એના જીવનમાં ધર્મની શરૂઆત આ ભવથી શરૂ થઈ. હવે પછીના ભવ એ જ મહાવીરનો સાચો ઈતિહાસ છે. ભવના અંત આવવા માટેનો આ ભવ આ રીતે પૂર્ણ થયો.

(૨૩) આ પછી ફરી સૌધર્મ નામના પ્રથમ સ્વર્ગમાં સિંહકેતુ નામે દેવ થયા.

હવે પછી એક દેવનો એક મનુષ્યનો એમ ક્રમથી ભવ થાય છે. આ જીવની હવે દુર્ગતિ થાય એમ નથી. સમ્યગ્દર્શન પછી બધા ઉત્તમ ભવ જ અને ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે.

(૨૪) ત્યાર બાદ કનકોધ્વજ રાજા તરીકે મનુષ્ય ભવ પસાર થયો.

(૨૫) વળી ત્યાંથી લાન્તવ નામના આઠમા સ્વર્ગનો દેવ દેવાનંદ

(૨૬) ત્યાર બાદ હરિષેણ નામના રાજા તરીકે મનુષ્ય ભવ પસાર થયો.

(૨૭) વળી ત્યાંથી દસમા સ્વર્ગના દેવ થયા. (પ્રતિવર્ધન વિમાનના દેવ)

(૨૮) ત્યાંથી આવીને એક અગત્યનો ભવ થયો. ધાતકીખંડમાં પૂર્વ વિદેહ ક્ષેત્રમાં પુંડરિકિ નગરીમાં મહાપ્રતાપી પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થયો. ત્યાં છ ખંડ જીતીને ચક્રવર્તી પદ પ્રાપ્ત કર્યું. નવનિધિ અને ચૌદ રત્ન પ્રાપ્ત જ હોય છે. અતુલ ભોગ સંપદા વચ્ચે પણ એ સમ્યગ્દષ્ટિ બધાથી ભિન્ન જ રહેતા હતા. ત્યાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની એકતા એ મુક્તિનો માર્ગ છે એવો ફરીથી બોધ પ્રાપ્ત થતાં અને મોહ-રાગ-દ્વેષ એ દુઃખના કારણ છે એ જાણીને વૈરાગ્ય ઉત્પન્ન થયું. બધું જ ત્યાગીને મુનિ-દિક્ષા લીધી અને નગ્ન દિગંબર મુનિ તરીકે જીવન પસાર કર્યું. સમાધિપૂર્વક દેહ છોડયો.

(૨૯) ત્યાંથી સહસ્ત્રાર નામના બારમા સ્વર્ગમાં સૂર્યપ્રભ નામનો ઋદ્ધિધારી દેવ થયો.

(૩૦) હજી એક મનુષ્યભવમાં જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં છત્રપુર નગરમાં રાજા નંદિવર્ધનને ત્યાં નંદ નામનો પુત્ર થયો અને ત્યાં પણ સંસારમાં લેપાયા વિના ફરી પાછો વૈરાગ્ય પામીને મુનિદિક્ષા ધારણ કરી. ત્યાં નિરંતર આત્મધ્યાન અને તત્વ અભ્યાસમાં જ મગ્ન રહી મુનિરાજ નંદ અગીયાર અંગનો પારગામી વિદ્વાન થયો. જગતના ઉદ્ધારક કરવામાં સર્વોત્કૃષ્ઠ નિમિત્તભૂત તીર્થંકર પ્રકૃતિ નામના મહાપુષ્પનો બંધ આ ભવમાં થયો. અંતમાં સમાધિદશામાં મરણ પામીને આ દેહ છોડયો.

(૩૧) ત્યાંથી આવીને સોળમા સ્વર્ગમાં દેવ તરીકે જન્મયા.

આ પ્રમાણે ભગવાન મહાવીરના આત્માએ પૂર્વભવોમાં કંઈક ઉતાર ચડાવ જોયા અને છેવટે હવે એમનો છેલ્લો ભવના અંતનો ભવ આવી પહોંચ્યો.

આજથી લગભગ ૨૬૦૦ વર્ષ પૂર્વે એમના છેલ્લા ૩૨માં ભવની શરૂઆત થઈ એ જીવનગાથા હવે જોઈશું.

(૩૨) મહાવીરનો ભવ

**(૨) વર્તમાન છેલ્લો ભવઃ** મહાવીરનો આત્મા સોળમા સ્વર્ગથી આવીને આષાઢ સુદ છઠના દિવસે લગભગ ૨૬૦૦ વર્ષ પૂર્વે ત્રિશલા માતાના ગર્ભમાં આવ્યો, ત્યારે તેમની માતાએ ૧૬ સ્વપ્ન જોયા અને એના પરથી એ જાણવામાં આવ્યું કે ધર્મતીર્થના પ્રવર્તક ભાવી તીર્થંકરનો આત્મા રાણીના ગર્ભમાં આવ્યો છે અને નવ મહિનાની પ્રતિક્ષા બાદ મહાવીરનો જન્મ વૈશાલી ગણતંત્રના પ્રસિધ્ધ રાજા સિધ્ધાર્થની રાણી ત્રિશલાની કૂંખે કૂંડ ગ્રામમાં ચૈત્ર સુદ તેરસના થયો હતો અને આ

બાળકનું નામ 'વર્ધમાન' પાડવામાં આવ્યું હતું. તેમનો જન્મોત્સવ ખૂબ ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો અને ઈન્દ્રો અને દેવો પણ એ જન્મઅભિષેક વિધિપૂર્વક કરે છે. બાળક વર્ધમાન જન્મથી જ સ્વસ્થ, સુંદર અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમની કંચનવર્ણી કાયાને લીધે તેમના રૂપ-સૌન્દર્યનું પાન કરવા ઈન્દ્રે હજાર નેત્રો ધારણ કર્યા હતા. તેઓ જન્મથી જ આત્મજ્ઞાની, વિચારશીલ વિવેકી અને નીડર બાળક હતા. વધુમાં તીર્થંકર જન્મથી જ ત્રણ જ્ઞાનના ધણી હોય છે મતિ, શ્રુત અને અવધિજ્ઞાન. જન્મથી જ સાહસીક હોવાથી તે વીર, અતિવીર, મહાવીર તરીકે પ્રખ્યાત છે, તેમજ સન્મતિ અને વર્ધમાન નામથી પણ ઓળખાય છે. તેમના બાળ જીવન દરમ્યાન તેમની વીરતાના વર્ણન કરતાં ઘણાં પ્રસંગો પુરાણમાં છે. તેઓ ખૂબ જ પ્રતિભાશાળી રાજકુમાર હતા. તેઓ શાંત પ્રકૃતિના તો હતા જ, યુવાઅવસ્થામાં પ્રવેશતાં જ તેમની ગંભીરતા વિશેષ વધી ગઈ. તેઓ અત્યંત એકાંતપ્રિય હતા અને હંમેશાં ચિંતનમાં મશગૂલ રહેતા, ગંભીર તત્વોની ચર્ચાઓ કરતા, અટપટી અને ગૂઢ શંકાઓનું તત્કાળ સમાધાન કરી દેતા. તેઓ પોતે જ સમાધાનરૂપ હતા. તેઓ ખૂબ ધીર, વીર ક્ષત્રિય યુવક હતા અને બહુ જ પ્રખર રાજા બની શક્યા હોત, પરંતુ એ બધું તેમને ગમતું ન હતું. તેઓ તો શાશ્વત અતીન્દ્રિય સુખની શોધમાં હતા અને એ સુખ અંતરમાંથી જ પ્રાપ્ત થાય એ બાબત નિઃશંક હોવાથી તેમની વૃતિઓ અંતરોન્મુખી બની ગઈ.

પોતાના જ્ઞાનનો પૂર્ણ વિકાસ સાધવા માંગતા હોવાથી પોતાના અંતરમાં રહેલી રાગ-દ્વેષરૂપી ભાવહિંસાનો પૂર્ણપણે નાશ કરવા ઈચ્છતા હોવાથી સંસારના કોઈપણ જાતના પ્રલોભનમાં તેઓ આવ્યા નહીં. સંસારના સર્વ બંધનોથી મુક્ત થવાનો નિર્ણય જે કરી ચૂક્યા હતા એટલે કોઈ મોહમાં તેઓ બંધાયા નહીં. તેઓ બાળબ્રહ્મચારી જ રહ્યા અને આ રીતે જન્મના પ્રથમ ત્રીસ વર્ષ એમ જ પસાર થઈ ગયા.

### (૩) હવે એમના જીવનનો સાધનાનો ત્રીજો તબક્કોઃ

જ્યારે મહાવીરને જાતિસ્મરણ જ્ઞાન થયું-ત્યારે એ સંસારથી પૂર્ણ વિરક્ત થઈ ગયા અને આ ઘરસંસાર છોડી મુનિ થઈ આત્મ આરાધનાનો દૃઢ નિશ્ચય કરી લીધો. જ્યારે લોકાન્તિક દેવોને આ નિર્ણયની ખબર પડી ત્યારે અહીં આવી એમણે આ કાર્યની પ્રશંસા કરી, એમની વંદના અને ભક્તિ કરી અને એમને દીક્ષા (તપ) કલ્યાણકની મહાન ઉત્સવની વ્યવસ્થા ઈન્દ્રે જ કરી. એ દિવસ માગસર વદ દશમ નક્કી થયો. પ્રભુની પાલખી કોણ ઉપાડે એ બાબત દેવો અને માનવો વચ્ચે મતભેદ થયો. આમાં માનવોનો વિજય થયો. પ્રથમ તેમની પાલખી માનવોએ ઉપાડી, પછી દેવોએ. આ રીતે ત્રીસ વર્ષની ભર યુવાનીમાં નગ્ન દિગમ્બર મુનિદિક્ષા સ્વયં ગ્રહણ કરી. દિગમ્બર કોઈ વેશ નથી, સંપ્રદાય નથી એ તો વસ્તુસ્વરૂપ છે અને મહાવીર મુનીરાજ વર્ધમાન નગર છોડી વન તરફ પ્રયાણ કરી ગયા. મુનિના જે ૨૮ મૂળગુણ એ પ્રથમ ગ્રહણ કર્યા. આ આ પ્રમાણે હોય છે.

(૧) **પાંચ મહાવ્રતઃ-** અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ - કષાયોના અભાવપૂર્વક મન-વચન કાયાથી હિંસાદી પાંચે પાપોનો ત્યાગ પંચમહાવ્રત છે.

(૨) **પાંચ સમિતિઃ-** ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન-નિક્ષેપણ સમિતિ અને પ્રતિષ્ઠાપના સમિતિ - આ પાંચ સમિતિ મુખ્યતઃ અહિંસા અને સત્ય મહાવ્રતની સાધનભૂત જ છે.

(૩) **પાંચ ઈન્દ્રિય નિરોધઃ-** સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણેન્દ્રિયના વિષયોમાં અનુરાગ ન કરવો, ખુશી ન થવું અને અસંતોષ પણ પ્રગટ ન કરવો એ ઈન્દ્રિય વિષયો સંબંધિત સમતાભાવને પંચેન્દ્રિય મૂળગુણ કહેવામાં આવે છે.

(૪) **છ આવશ્યકઃ-** વીતરાગી મુનિરાજ સદા ત્રિકાળ સામાયિક, સ્તુતિ, વંદના, સ્વાધ્યાય, પ્રતિક્રમણ અને કાર્યોત્સર્ગ કરે છે.

(૫) બાકીના સાત મૂળગુણ આ પ્રમાણે છે. (૧) સ્નાનનો ત્યાગ, (૨) દાંત સાફ કરવાનો ત્યાગ, (૩) જમીન્ ઉપર એક પાસાથી રાત્રિના છેલ્લા પહોરમાં અલ્પ નિદ્રા લેવી, (૪) વસ્ત્રનો સર્વથા ત્યાગ, (૫) કેશલોચ, (૬) એક જ વાર આહાર લેવો, (૭) ઊભા ઊભા હાથને જ પાત્ર બનાવી અર્થાત્ હાથના ખોબામાં જ અલ્પ આહાર લેવો.

આ પ્રકારે ૨૮ મૂળગુણના પાલક મુનિરાજ દ્વારા તેનું સહેજે નિરાતિચાર પાલન થાય છે. બાકી તો શુધ્ધોપયોગ જ મુનિ દશા છે. સૌથી પ્રથમ તેમણે સર્વથા મૌન ધારણ કરી લીધું એમને બોલવાનો ભાવ જ ન રહ્યો અને નિરંતર આત્મ ચિંતવનમાં રહેવાના નિર્ણયથી એમને વાણીની આવશ્યકતા જ ન રહી અને સૌથી પ્રથમ તીર્થંકર દીક્ષા વ્રત અંગીકાર કરી બાર ભાવનાઓનું ચિંતવન કરે છે એ બાર ભાવનાઓ આ પ્રમાણે છે. (૧) અનિત્યભાવના, (૨) અશરણ ભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્ત્વ ભાવના, (૫) અન્યત્વ ભાવના, (૬) અશુચિ ભાવના, (૭) આસ્રવ ભાવના, (૮) સંવર ભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) લોક ભાવના, (૧૧) બોધિ દુર્લભ ભાવના, (૧૨) ધર્મ ભાવના.

આ બાર ભાવનાઓનું મહત્ત્વ એટલા માટે છે કે હવે તેમને જે રહ્યો સહ્યો રાગ હતો તેને પણ તોડવાનું જ કામ બાકી હતું અને તે વારંવાર એ ભાવનાઓ ભાવતા હતા.

આ સાધક દશામાં એમને કોઈ પ્રત્યે મિત્ર કે શત્રુનો ભાવ ન રહ્યો હતો. પ્રકૃતિની પ્રતિકૂળતા અને અનુકૂળતા પ્રતિ પણ એમના અંતરમાં કોઈ ઉત્સાહ કે નિરાશા રહી ગઈ ન હતી. કોઈપણ ઋતુમાં એ જરાપણ વિચલીત ન થાય. પ્રકૃતિની સ્વાભાવિક સુંદરતા કે ભયંકરતા પણ તેમને વિચલીત થવા દે તેમ ન હતી કારણ કે તે સંપૂર્ણ નિર્ભય થઈ ગયા હતા.

જ્યાં એ સ્થિર થતા ત્યાં વાતાવરણ સહજ શાંત થઈ જતું હતું. ક્યારેક ક્યારેક જ્યારે પોતાની ધ્યાનની એકાગ્રતા છૂટી જતી તો તેમને ભોજનનો વિકલ્પ ઉઠતો હતો અને તે પણ સહજ રીતે મુનિને યોગ્ય જો ભોજન મળી રહે તો લેતા અને જો એવી કોઈ વ્યવસ્થા ન થાય તો તેનો સહજ સ્વીકાર કરી પોતાની સાધનામાં મગ્ન થઈ જતા.

અને એ વીતરાગતાની સાધનામાં - સ્વરૂપ લીનતામાં - સહજ ધર્મના દશ લક્ષણ પ્રગટ થઈ ગયા તે દશ લક્ષણ આત્માના સહજ ગુણ આ પ્રમાણે છે.
(૧) ઉત્તમ ક્ષમા, (૨) ઉત્તમ માર્દવ, (૩) ઉત્તમ આર્જવ, (૪) ઉત્તમ શૌચ, (૫) ઉત્તમ સત્ય, (૬) ઉત્તમ સંયમ, (૭) ઉત્તમ તપ, (૮) ઉત્તમ ત્યાગ, (૯) ઉત્તમ અકિંચન્ય, (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય.

આત્મસ્વરૂપની પ્રતીતિપૂર્વક ચારિત્ર (ધર્મ) ની દશ પ્રકારે આરાધના કરવી એ જ દશ લક્ષણ ધર્મ છે. અશાંતી અને દુઃખ દૂર કરવાનો એકમાત્ર ઉપાય આત્મ આરાધના છે. આત્મ-સ્વભાવને ઓળખી, તેની જ શ્રધ્ધા કરી એમાં જ જામી જવાથી એમાં જ સમાઈ જવાથી અનીન્દ્રિય આનંદ અને સાચી શાંતીની પ્રાપ્તિ થાય છે અને આ રીતે એમની સાધનાનો ક્રમ આગળ વધતો ગયો.

આમાં બે મુખ્ય ઘટનાઓ પ્રત્યે બધા આકર્ષિત થાય એમ છે મુનિરાજ વર્ધમાન વત્સ દેશની કૌશમ્બી નગરીની બહાર આહાર માટે પધારેલ જ્યાં ચંદના બંધનમાં હતી. સતી ચંદના રાજા ચેટકની નાની પુત્રી હતી. કોઈ અનિવાર્ય સંયોગોમાં એ સુભદ્રા શેઠાણીને ત્યાં કામવાળી તરીકે આવી ગઈ હતી અને તે સમયે બેડીના બંધનમાં હતી અને કેદી જેવી સ્થિતી હતી. નગ્ન દિગમ્બર મુનિરાજને જોઈને એના હર્ષનો પાર ન રહ્યો અને તેમની વંદના માટે એ દોડી ગઈ અને આશ્ચર્યની સાથે એની બેડીઓ તૂટી ગઈ - માથામાં વાળ આવી ગયા અને મુનિરાજને યોગ્ય આહારની વ્યવસ્થા પણ થઈ ગઈ, એ બધું કેવી રીતે થયું એ લોકાના આશ્ચર્યની જ વાત રહી. ચંદનાની વંદના સફળ થઈ ગઈ. સ્વતંત્રતાની પ્રબલતમ અનુભૂતિ બંધનના કાળમાં જ સંભવ છે, કારણ કે અંતરમાં સ્વતંત્રતત્ત્વ વિદ્યમાન છે અને પર્યાયમાં બંધન કાપવા માટે આ જ સમર્થકારણ છે. આ પ્રસંગનો આ બોધ છે.

હવે જયારે જયારે આવા પરિષહ કે ઉપસર્ગ આવતા ત્યારે મુનિરાજ પાસે એક જ ઉપાય હોય છે. અંતરલીનતા કાર્યોત્સર્ગ. વિહાર કરતા કરતા એક વખતે એ ઉજ્જૈની પહોંચી ગયા. ત્યાં સ્મશાનમાં એ ધ્યાનસ્થ મુદ્રામાં સ્વરૂપની લીનતામાં મગ્ન હતા ત્યારે પાપ-કળામાં અત્યંત પ્રવીણ સ્થાણુરૂદ્રે એમના પર ઘોર ઉપસર્ગ કર્યા. એમના ઉપસર્ગની મહાવીરની સાધના પર કોઈ પ્રભાવ ન પડ્યો. આત્મ-સાધનારત વીતરાગી સંતોના જ્ઞાનમાં અંતરોન્મુખી વૃત્તિને કારણે બાહ્ય અનુકૂળ-

પ્રતિકૂળ સંયોગ હોતા જ નથી. એ માત્ર જ્ઞાનના જ્ઞેય જ હોય છે. કારણ કે તેઓ તો પોતાની તેમજ પરની પરિણતિને જાણતા- દેખતા જ હોય છે. આવી નિર્વિકારી સૌમ્યપ્રકૃતિ જોઈ એ સ્થાણુરૂદ્ર પણ શાંત થઈ ગયો અને હારીને મુનિને વંદન કરી ચાલ્યો ગયો.

પ્રત્યેક દ્રવ્યની પૂર્ણ સ્વતંત્ર સત્તા છે, એના સારા-નરસા પરિણામ પોતાને આધીન છે, એમાં પરનો કોઈ હસ્તક્ષેપ નથી હોતો. જેવી રીતે આત્મા પોતાનો સ્વભાવનો કર્તા-ભોકતા સ્વતંત્રરૂપથી છે એ પ્રકારે પ્રત્યેક આત્મા પોતાના વિકારનો પણ કર્તા-ભોકતા સ્વયં પોતે જ છે. આ રહસ્યને ઊંડાણથી જાણવાવાળા મહાવીર આવા બધા જ પરિષહ અને ઉપસર્ગના સમયે સર્વથા બધાથી દૂર જ થયા રહ્યા. એમની તો એક જ સાધના હતી. સ્વરૂપની એકાગ્રતા, એકાગ્રતાનો પ્રચંડ પુરૂષાર્થ અને પ્રચુર સુખનો શાંતીનો અનુભવ આવી રીતે એ જબ્બર સાધના બાર વર્ષ સુધી નિરંતર ચાલુ જ રહી અને હવે એની પૂર્ણતાનો સમય પાકી ગયો હતો. એ હવે વિચારીએ. આમ અંતર અને બાહ્ય ઘોર તપશ્ચરણ કરતાં તેમને બાર વર્ષ પૂરા થયા, બેંતાલીશ વર્ષની ઉમરે આત્મલીનતાની સ્થિતિમાં અંતરમાં રહેલી સૂક્ષ્મ રાગવૃત્તિનો પણ અભાવ કરી, પોતાની જ્ઞાન પર્યાયને સ્વભાવમાં પ્રચંડ પુરૂષાર્થ વડે બે ઘડી એકાગ્ર કરી, શુકલ ધ્યાનમાં પૂર્ણ વીતરાગતા દશા પ્રાપ્ત કરી લીધી. કેવળજ્ઞાન પ્રગટ કર્યું. પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થતાં જ તેમને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ. મોહ-રાગ-દ્વેષ-રૂપી શત્રુઓને સંપૂર્ણપણે જીતી લેવાથી તેઓ સાચા અર્થમાં મહાવીર બન્યા. એ સમય આવી પહોચ્યો. જૃંભિકા ગામની નજીક ઋજુવાલિકા નદિના કિનારે મનોહર નામના વનમાં શાલવૃક્ષ નીચે પૂર્ણ શુકલધ્યાનની અવસ્થામાં ઉપયોગની એકાગ્રતા પોતાના જ શુધ્ધ આત્માનો આશ્રય કરી પરિણામોની અત્યંત શુદ્ધ દશા પ્રગટ થઈ. આ એક અત્યંત ઉગ્ર પુરૂષાર્થની વાત છે. અખંડ ધારાવારી જ્ઞાનથી અંતરમાં વિદ્યમાન સુક્ષ્મ રાગનો અભાવ કરી પૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત થઈ અને સાથે-સાથે પૂર્ણજ્ઞાન કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થયું. પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ થવાને લીધે તેઓ ભગવાન તરીકે પ્રતિષ્ઠા પામ્યા. તે જ સમયે 'તીર્થંકર' નામના મહાપુણ્યનો ઉદય થવાથી તેમને તીર્થંકર પદવી પ્રાપ્ત થઈ અને તેઓ 'તીર્થંકર ભગવાન મહાવીર' નામે સંસારમાં ખ્યાતી પામ્યા.

સૌધર્મ ઈન્દ્રને તત્કાળ વિશેષ ચિન્હોથી સમજ પડી કે તીર્થંકર મહાવીરને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઈ છે અને તુરત જ અહીંયા આવીને પૂર્ણ ઉત્સાહની સાથે કેવળજ્ઞાન-કલ્યાણકનો મહોત્સવ કર્યો અને કુબેરે શીઘ્ર સમવશરણની રચના કરી નાખી. તીર્થંકર ભગવાનની ધર્મસભાને સમવશરણ કહેવામાં આવે છે. એક સુંદર ગોળાકાર સભામંડપની રચના થઈ ગઈ જેના મધ્યમાં ભગવાનને વીસ હજાર ફૂટ ઊંચે બેસવાની વ્યવસ્થા હોય છે અને ચારે બાજુ બાર વિભાગોમાં રચિત શ્રોતાઓને બેસવાની વ્યવસ્થા હોય છે. તેમાં દરેક પ્રાણીને પ્રવેશ કરવાનો અધિકાર હોય છે. નાના-મોટાનો કોઈ ભેદ હોતો નથી. આજુબાજુ બધા જ દેશોમાં દુન્દુભિની ઘોષણા કરવામાં

આવે છે અને શ્રોતાઓનો વિશાળ સમુદાય એ દિવ્ય ધ્વનિ સાંભળવા ઊમટી પડે છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે જેવો સમભાવ મહાવીરની ધર્મસભામાં દેખાતો હતો તેવો સમભાવ બીજે દુર્લભ જ જોવા મળે છે. તેમના દ્વારા સ્થાપિત ચતુંર્વિધ સંઘમાં મુનિસંઘ અને શ્રાવકસંઘની સાથે જ આર્યિકા સંઘ અને શ્રાવિકા સંઘનો પણ સમાવેશ થતો હતો.

કેવળી ભગવંતને નિર્દોષ કહેવામાં આવે છે. તેમને નીચે પ્રમાણે અઢાર પ્રકારના દોષ હોતા નથી. (૧) ક્ષુધા, (૨) તૃષા, (૩) રોગ, (૪) ઘડપણ, (૫) જન્મ, (૬) મરણ, (૭) નિદ્રા, (૮) સ્વેદ (પરસેવો), (૯) ભય, (૧૦) ચિંતા, (૧૧) ખેદ, (૧૨) શોક, (૧૩) ગર્વ, (૧૪) આશ્ચર્ય, (૧૫)અરતિ, (૧૬) મોહ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ.

તે ઉપરાંત અરહંત પરમેષ્ઠી ચાર ધાતી કર્મો નષ્ટ કર્યા છે. જે અનંત જ્ઞાન અનંત દર્શન-અનંત વીર્ય અને અનંત સુખમય છે અને તે ઉપરાંત અરહંત પરમેષ્ઠિને આઠ પ્રાતિહાર્ય હોય છે. (૧) અશોક વૃક્ષ, (૨) રત્નજડિત સિંહાસન, (૩) મસ્તક પર ત્રણ છત્ર, (૪) પાછળ ભામંડળ, (૫) દિવ્ય ધ્વનિ, (૬) દેવો દ્વાર પુષ્ટ વૃષ્ટિ, (૭) ચોસઠ ચામર, (૮) દુન્દુભિ વાર્જિત્રોનું વાગવું-ભગવાનનો જય જયકાર બોલાવાય તે ઉપરાંત અરિહંત પરમેષ્ઠિના ૩૪ અતિશય પણ જાણવા જરૂરી છે. (૧) ૧૦ જન્મના અતિશય, (૨) ૧૦ કેવલજ્ઞાનના અતિશય, (૩) ૧૪ દેવકૃત.

**(૧) જન્મના ૧૦ અતિશયઃ-** (૧) અત્યંત સુંદર શરીર, (૨) અતિ સુંગધમય શરીર, (૩) પરસેવા રહિત, (૪) મળમૂત્ર રહિત શરીર, (૫) હિત-મિત પ્રિય વાણી, (૬) અતુલ્ય બલ, (૭) દૂધ જેવું સફેદ લોહી, (૮)શરીરમાં એક હજાર આઠ લક્ષણ, (૯) સમચતુષ્ઠ સંસ્થાન, (૧૦) વજ્રવૃષભ નારાચસહનન.

**(૨) કેવલજ્ઞાનના ૧૦ અતિશયઃ-** (૧) એકસો યોજનમાં સુભિક્ષતા, (૨) આકાશ ગમન, (૩) ચારે દિશામાં મુખ દેખાવું, (૪) અદયાનો અભાવ, (૫) ઉપસર્ગનું ન થવું, (૬) કવલ આહાર ન હોવો, (૭) સમસ્ત વિદ્યાઓનું સ્વામીત્વ, (૮) નખ-વાળનું ન વધવું, (૯) આંખની પલક ન ઝપડવી, (૧૦) શરીરનો પડછાડો ન પડવો.

**(૩) દેવકૃત ૧૪ અતિશયઃ-** (૧) ભગવાનની અર્ધમાગથી ભાષા, (૨) સમસ્ત જીવોમાં પરસ્પર મિત્રતા, (૩) દિશાઓનું નિર્મળ હોવું, (૪) આકાશનું નિર્મળ હોવું, (૫) બધી ઋતુનાં ફળ-ફૂલોનું એક સમયમાં ફળવું, (૬)એક યોજન સુધીની પૃથ્વી દર્પણની જેમ સ્વચ્છ હોવી, (૭) ચાલતા સમયે ભગવાનના ચરણ-કમળના તળિયે સ્વર્ણ કમળો હોવા, (૮) આકાશમાં જય જય ધ્વનિ હોવી, (૯) મંદ સુગંધિત પવનનું ચાલવું, (૧૦) સુગંધમય પાણીની વર્ષા થવી, (૧૧) જમીન કાંટાથી રહિત હોવી, (૧૨) સમસ્ત જીવ આનંદમય હોવા, (૧૩) ભગવાન આગળ ધર્મચક્રનું ચાલવું , (૧૪) છત્ર-ચંમર, ધ્વજ-ઘટાંદિ આઠ મંગળ દ્રવ્યોનું સાથે હોવું.

જ્યારે સાધક જીવ આવા અનંત અતુષ્ટયરૂપી અરહંત પરમેષ્ઠિના આલંબનથી પોતાના શુદ્ધાત્માની સાધના-આરાધના કરે છે ત્યારે તેને ટૂંક સમયમાં આત્મોપલબ્ધિ થઈને સ્વાનુભૂતિ પ્રગટ થઈ જાય છે. સાચા દેવ જેઓ વીતરાગી, સર્વજ્ઞ તેમજ હિતોપદેશી હોય તેને આપ્ત કહેવામાં આવે છે. આ ત્રણ ગુણો વગર કોઈને પણ આપ્તપણું સંભવતું નથી.

(૧) **વીતરાગ:** એટલે રાગ-દ્વેષ-મોહ તેમજ અઢાર દોષોથી રહિત તેને વીતરાગ કહેવામાં આવે છે.

(૨) **સર્વજ્ઞ:** અલોકાકાશ સહિત ત્રણ લોક અને ત્રણ કાળના સમસ્ત પદાર્થોને એના ગુણ-પર્યાય સાથે એક જ સમયમાં પૂર્ણ રૂપે જે જાણે છે તેને સર્વજ્ઞ કહે છે.

(૩) **હિતોપદેશી:** આત્માનું હિત સાચા સુખની પ્રાપ્તિમાં જ છે અને સાચું સુખ નિરાકુળતામાં જ હોય છે. આકુળતા મુક્તિમાં નથી, એટલે મુક્તિમાર્ગમાં લાગવું એજ પ્રત્યેક સુખાભિલાષીનું કર્તવ્ય છે. ભગવાનની દિવ્ય વાણીમાં મુક્તિના માર્ગનો ઉપદેશ આવે છે એટલે જ તેઓ સર્વ જીવોના હિતોપદેશી છે.

હવે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું, સર્વજ્ઞતા પ્રગટી દેવોએ સમવશરણની રચના કરી તે છતાં ૬૫ દિવસ સુધી તેમની દિવ્ય ધ્વનિ ન ખરી. જ્યાં સુધી મુખ્ય ગણધર બનવાની જેની વિશેષ પાત્રતા ન હોય તો ક્યાંથી દિવ્ય ધ્વનિ ખરે! છેવટે ઈન્દ્રભૂમિ ગૌતમ-પાંચસો શિષ્ય સાથે સમવશરણમાં આવ્યો-ભગવાનની મુદ્રા જોઈ પ્રભાવિત થઈ તેમનો શિષ્ય બની ગયો અને મુખ્ય ગણધર તરીકે બીરાજમાન થયો અને ભગવાનની દિવ્ય ધ્વનિ ખરવા લાગી.

આ છે ભગવાનની જીવન યાત્રાનો નવો તબ્બકો: બાકીના ત્રીસ વર્ષ સુધી નિરંતર સવાર-બપોર સાંજ-છ છ ઘડી દિવ્ય ધ્વનિ ચાલુ રહે છે. તેમાં અરિહંત ભગવાન વસ્તુના સ્વરૂપનું વર્ણન કરે છે. વસ્તુ સ્વભાવ વિશ્વ વ્યવસ્થા-સંપૂર્ણ મોક્ષમાર્ગ વગેરે બધું જ વર્ણન આ દિવ્ય ધ્વનિમાં આવી જાય છે.

ભગવાનની આ દિવ્ય ધ્વનિ ગણધરો સાંભળે છે ઈન્દ્રભૂતિ-ગૌતમ સિવાય બીજા દશ ગણધરોના નામ આ પ્રમાણે છે:
(૧) અગ્નિભૂતિ, (૨) વાયુભૂતિ, (૩) શુચિદત્ત, (૪) સુધર્મ, (૫) માંડવ્ય, (૬) મોર્યપુત્ર, (૭) અકંપન, (૮) અચળ, (૯) મેદાર્ય, (૧૦) પ્રભાસ

ભગવાનની દિવ્ય ધ્વનિનો મુખ્ય સાર આ પ્રમાણેના વિષયોમાં છે:
(૧) છ દ્રવ્યોનું સ્વરૂપ, (૨) કર્મનો સિધ્ધાંત, (૩) સાત તત્ત્વોનું સ્વરૂપ, (૪) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ, (૫) સાચા દેવ-ગુરૂ શાસ્ત્રનું સ્વરૂપ, (૬) ભેદ વિજ્ઞાન, (૭) આત્માનુ-ભૂતિ, (૮) સમ્યગજ્ઞાન, (૯) અનેકાન્ત અને સ્થાદ્વાદ શૈલી, (૧૦) નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ, (૧૧) પ્રમાણ અને નય, (૧૨) અહિંસા પરમો ધર્મ.

# મહાવીર-વાણી

(૧) દરેક આત્મા સ્વતંત્ર છે. કોઈ કોઈને આધીન નથી.

(૨) બધા આત્માઓ સમાન છે, પણ એક નથી. કોઈ નાનો મોટો નથી. પોતાના સમાન બીજા આત્માને જાણો.

(૩) દરેક આત્મા અનંતગુણોથી જેવા કે અનંતજ્ઞાન, અનંત દર્શનપ, અનંતવીર્ય; અનંતસુખથી ભરેલો છે. સુખ ક્યાંય બહારના કોઈ પદાર્થમાંથી આવતું નથી.

(૪)આત્મા જ નહીં, પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે, સ્વયં પરિણમનશીલ છે, એના પરિણમનમાં પર પદાર્થનો કોઈ હસ્તક્ષેપ છે નહિ.

(૫) દરેક દ્રવ્ય પોતાની સત્તાને ટકાવીને ક્રમબદ્ધ પરિણમી રહ્યો છે.

(૬) દરેક જીવ પોતાની ભૂલથી પોતે દુઃખી થાય છે પણ તે ભૂલ એક સમયની જ છે, ક્ષણિક છે, માટે પોતે જ ભૂલ સુધારીને સુખી પણ થઈ શકે છે. એ ભૂલમાં કર્મ નિમિત છે.

(૭) પોતાને નહી ઓળખવો એ જ જીવની સૌથી મોટી ભૂલ છે તથા પોતાનું સાચું (યથાર્થ) સ્વરૂપ સમજવું એ જ પોતાની ભૂલ સુધારવી છે. એ ભૂલ સુધારવામાં સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર નિમિત છે. એ બધા પૂર્ણ વીતરાગી હોવા જોઈએ.

(૮) જો સાચી દિશામાં પુરૂષાર્થ કરવામાં આવે તો દરેક જીવ પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરી પૂર્ણ સુખી થઈ શકે છે એટલે ભગવાન બની શકે છે.

(૯) આત્માનો અનુભવ એ જ જૈનધર્મની મૂળ ચીજ છે. સમ્યગ્દર્શન-આત્મઅનુભવથી ધર્મની શરૂઆત થાય છે અને ક્રમે ક્રમે રાગ-દ્વેષ ટળી પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે.

(૧૦) ભગવાન જગતના કર્તા-હર્તા નથી. એ તો સમગ્ર જગતના જ્ઞાતા-દૃષ્ટા છે. માત્ર જાણનાર જ છે. કેવળજ્ઞાન સ્વરૂપ જ છે.

(૧૧) જે સમસ્ત જગતને જાણીને એનાથી પૂર્ણ અલિપ્ત વીતરાગ રહી શકે અથવા પૂર્ણરૂપથી અપ્રભાવિત રહીને (જગતને) જાણી શકે તે જ ભગવાન છે. વીતરાગી દેવ છે. નિર્ગ્રંથ મુનિ સાચા ગુરૂ છે.

(૧૨) પોતાને જાણો, પોતાને ઓળખો અને પોતાનો અનુભવ કરી પોતામાં સમાઈ જાઓ તો તમે પણ ભગવાન બની જશો.

આ જ મહાવીરનો સંદેશ છે !

## મહાવીરનો સંદેશ

(૧) વસ્તુના સ્વભાવને વસ્તુનો ધર્મ કહેવામાં આવે છે. જૈન દર્શન વસ્તુ સ્વરૂપનું દર્શન છે. આ કોઈ પંથ નથી.

(૨) સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રની એકતાથી જ પૂર્ણ નિરાકૂળ સુખ-મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૩) ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન, બ્રહ્મચર્ય આ ધર્મના દશ અંગ છે અને તેના પાલનથી નિરાકૂળ સુખની પ્રાપ્તિ થાય છે.

(૪) અહિંસા પરમો ધર્મ એ મહાવીરનો મંત્ર છે.

(૫) ધર્મ આત્માની નિર્વિકાર પવિત્ર દશા છે અને તે ધર્મ ચૈતન્યમૂર્તિ-અનંત આનંદનો કંદ-પૂર્ણ સુખરૂપ ભગવાન આત્માના આશ્રયથી પ્રાપ્ત થાય છે. કોઈપણ બહારની ક્રિયાકાંડ એ આત્માનો ધર્મ નથી.

(૬) જે પોતાના આત્માના શુધ્ધ સ્વભાવનું ધ્યાન કરે છે તે જ યોગી છે અને તે જન્મ-મરણના ચક્રથી છૂટી જાય છે.

(૭) દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો પ્રત્યેક આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી મુક્ત જ છે, વિકાર માત્ર પર્યાયમાં છે.

(૮)દ્રવ્યદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ છે, પર્યાયદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે.

(૯) પોતાના ભગવાન આત્માનું ધ્યાન જ મુક્તિ પ્રદાન શ્રેષ્ઠ ધ્યાન છે. નિજ આત્માનો અનુભવ એ જ મોક્ષમાર્ગ છે.

(૧૦) જીવનું ત્રિકાળી લક્ષણ ઉપયોગ છે. એકમાત્ર જીવનો સ્વભાવ જ ત્રિકાળી ધ્રુવ છે-એના આશ્રયથી ધર્મ થાય છે. બાકી જેટલા વિકલ્પ છે તે પાપ-પુણ્યના ભાવ છે. જીવનું સ્વરૂપતો નિવિર્કલ્પ જ છે.

(૧૧) આત્મા એક છે, અજર, અમર, અવિનાશી છે. અરૂપી છે. શુધ્ધ દર્શન-જ્ઞાનમય છે અને પરનું પરમાણું માત્ર એમાં નથી.

(૧૨) ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે-ચારિત્ર ખરેખર ધર્મ છે. ધર્મ સામ્યભાવ-સમભાવ-સમતાભાવ-વીતરાગભાવ છે અને આ સામ્યભાવ મોહ-ક્ષોભથી રહિત જીવનું શુધ્ધ પરિણામ છે અને અતીન્દ્રિય આનંદ એ જ સાચું સુખ છે.

આજ મહાવીરના જૈન દર્શનના અમૂલ્ય સિધ્ધાંતોનું પ્રતિપાદન છે.

**જૈન દર્શનના અમૂલ્ય સિધ્ધાંતો**

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે અને તેની દરેક પર્યાય ક્રમબધ્ધ થાય છે.

૨. ઉત્પાદ ઉત્પાદથી છે. વ્યય કે ધ્રુવથી નથી અને તે પોતાના ષટકારકના પરિણામથી થાય છે.

૩. પર્યાય અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે. પર્યાય ભાવશક્તિના કારણે હોય જ છે કરવી પડતી નથી.

૪. સમ્યગ્દર્શન ભૂતાર્થના આશ્રયે જ થાય છે.

૫. ધ્રુવનું આલંબન પણ વેદન નથી અને પર્યાયનું વેદન પણ આલંબન નથી.

૬. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે. ચારે અનુયોગનું તાત્પર્ય એક વીતરાગતા જ છે.

૭. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એમ દરેકના સ્વ અને પર બે ભેદ છે.

સ્વદ્રવ્યઃ નિર્વિકલ્પ વસ્તુ

પરદ્રવ્યઃ સવિકલ્પ કલ્પના

સ્વક્ષેત્રઃ આધારમાત્ર વસ્તુનો પ્રદેશ

પરક્ષેત્રઃ પ્રદેશ ભેદ પાડવો તે

સ્વકાળઃ વસ્તુની મૂળ અવસ્થા

પરકાળઃ એક સમયની પર્યાય

સ્વભાવઃ વસ્તુની મૂળ સહજ શક્તિ

પરભાવઃ ગુણમાં ભેદ પાડવો તે

૮. અનેકાન્તઃ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે.

૯. જીવાદિ સાત તત્ત્વોના સમૂહ પણ પરદ્રવ્ય હોવાથી ઉપાદેય નથી.

૧૦. જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે અને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૧૧. નિજ સ્વરૂપ જાણ્યું નથી તેથી અનંત ભવ કરવા પડ્યા છે. તારામાં જે છે તેનો જ અનુભવ કર.

૧૨. હું તો નિર્વિકલ્પ, ઉદાસીન, નિજ નિરંજન શુદ્ધ આત્મા છું. મારું ધ્યેય, જ્ઞેય, લક્ષ્ય, આરાધ્ય કરવા યોગ્ય, રમણતા કરવા યોગ્ય, એકાગ્રતા કરવા યોગ્ય, રુચિ, પ્રેમ, ચિંતન, મનન અનુભવ, સ્વાધ્યાય ધ્યાન કરવા યોગ્ય એવો હું છું.

**વિશેષ સંદેશઃ**

ભગવાન મહાવીરે વ્યક્તિ સ્વાતંત્ર્ય અને વિચારોની સ્વતંત્રતા પર સર્વત્ર ભાર મૂક્યો છે. તેઓએ વિચારકોને ચિંતનની એક નવી જ દિશા ચીંધી છે

તેઓએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છેઃ

''હું જે કંઈ કહું છું તેને તર્કની કસોટીએ ચકાસીને અને અનુભવથી હૃદયમાં ઉતારીને જ સ્વીકાર કરો, જો એમ નહિ કરો તો તે સત્ય પોતીકું થઈ શકશે નહી. આગમ પ્રમાણના ચાબખા વડે, તર્કમાં સબળ પ્રહારથી અને મારા અદ્‌ભૂત વ્યક્તિત્વના પ્રભાવથી જે કંઈ મેં રજૂ કર્યું છે તેને જો ઉપર છલ્લું જ સ્વીકારવામાં આવશે તો તેનાથી કોઈ લાભ થશે નહિ. તે અંધ વિશ્વાસને જન્મ આપશે.

સ્વતંત્રતાની જોડે જોડે સમાનતાના સિધ્ધાંતનું પણ તેઓએ પ્રતિપાદન કર્યું. એકતાનો આધાર સમાનતા જ હોઈ શકે. તેઓએ 'આપણે એક છીએ' ના સૂત્રને બદલે 'આપણે બધાં એક સરખા છીએ' નું સૂત્ર આપ્યું. 'આપણે બધા એક છીએ' માં વ્યક્તિ સ્વતંત્રતાનો અભાવ થઈ જાય છે, જ્યારે 'આપણે બધા એક સરખા છીએ' માં વ્યક્તિ સ્વાતંત્ર્યની સાથે સમાનતાના આધારે એકતા પણ સ્થાપિત થાય છે અને આ વાત વસ્તુસ્વભાવ તેમજ માનસ-મનોવિજ્ઞાનની ખૂબ જ નિકટ છે. આ રીતે તેમનો ઉપદેશ સાર્વદેશિક અને વિશ્વશાંતિ તરફ લઈ જનારો છે.

અંતે ૭૨ વર્ષની ઉંમરે દીપાવલીના દિવસે આ યુગના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરે પાવાપુરીમાં ભૌતિક દેહનો ત્યાગ કરીને નિવાર્ણની પ્રાપ્તિ કરી.

તે જ દિવસે તેમના પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

આ બહુ જ સંક્ષિપ્તમાં મહાવીરના જીવનનું વાર્ણન છે.

આ રીતે ભગવાન મહાવીરનું જીવન નરમાંથી નારાયણ થવાની અને આત્માના ક્રમિક પૂર્ણ વિકાસની એક સુંદર ગાથા છે. આ ઘટના ૨૬૦૦ વર્ષ પહેલાંની છે.

સર્વ હિતકારી એમનો હિતોપદેશ એક તીર્થ બની ગયો. એ પોતે તો તરી ગયા, એમના પાવન ઉપદેશથી લાખો બીજા પણ ભવસાગર પાર ઉતરી ગયા, ઉતરવાનો માર્ગ મેળવી લીધો.

જય જય શ્રી મહાવીર પ્રભુ-તમને કોટી કોટી વંદન. હવે જૈન દર્શનના ગૂઢ રહસ્યો બતાડતા વિશેષ વિષયોની ચર્ચા કરીએ.

# ૨ ધર્મનું સ્વરૂપ

'दंसण मूलो घम्मो' ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. પ્રથમ ધર્મ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન જ આત્માના જ્ઞાન-ચારિત્ર વગેરે બધા ધર્મોનું મૂળ છે. સમ્યગ્દર્શન વગર ભગવાને ધર્મ કહ્યો નથી. સમ્યગ્દર્શન આ જગતમાં સર્વ શ્રેષ્ઠ કલ્યાણકારી ચીજ છે. સમ્યગ્દર્શનનો અપૂર્વ મહિમા છે.

હે ભવ્ય ! અનંતકાળે આત્મસ્વરૂપ સમજવાનાં ટાણાં આવ્યા અને જો સમ્યગ્દર્શન વડે સાચું નહિ સમજ તો તને કોઈ શરણભૂત નથી. પુણ્ય-પાપ રહિત ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ વગરનો તારો ત્યાગ વગેરે બધું મફતનું છે, તેનાથી સંસાર દુઃખનો અંત નહિ આવે.

જેવો આત્મસ્વભાવ છે, તેવી જ તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શન જ અહિંસા,સત્ય વગેરે બધા ધર્મોનું મૂળ છે. વસ્તુસ્વભાવના ભાન દ્વારા સમ્યગ્દર્શન પ્રગટ કર્યા વગર કોઈ પણ જીવને કદાપિ અહિંસા કે સત્ય વગેરે ધર્મ હોઈ શકે જ નહિ. પરંતુ અજ્ઞાનપણે મિથ્યાત્વરૂપ મહાહિંસા અને અસત્યનું જ નિરંતર સેવન હોય. આત્માની સમજણ વગરનું લૌકિક સત્ય તે પણ પરમાર્થે હિંસા જ છે. પર જીવોનું હું કાંઈ કરી શકું એમ માનવું તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ તે સર્વ પાપનું મૂળ છે. જે જીવને સમ્યગ્દર્શન હોતું નથી તે જીવને બીજો કોઈપણ ધર્મ હોતો નથી.

સર્વજ્ઞદેવે ઉપદેશેલા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞદેવની પરંપરાથી જે જિનમત પ્રવર્તે છે. તેમાં ધર્મના સ્વરૂપનું યથાર્થ નિરૂપણ છે. તેમાં નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારનું ધર્મનું કથન કર્યું છે. ધર્મની પ્રરૂપણા ચાર પ્રકારે છે-(૧) વસ્તુસ્વભાવરૂપ ધર્મ, (૨) ઉત્તમક્ષમાદિક દશ પ્રકારે ધર્મ, (૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ અને (૪) જીવ- રક્ષારૂપ ધર્મ. ત્યાં જો નિશ્ચયથી વિચારીએ તો આ ચારેય પ્રકારમાં શુધ્ધ ચેતનારૂપ ધર્મ એક જ પ્રકારનો છે, તે સમજાવવામાં આવે છે.

**૧. વસ્તુ સ્વભાવ તે ધર્મ:** દર્શન-જ્ઞાન પરિણામમયી ચેતના તે જીવ વસ્તુનો પરમાર્થ સ્વભાવ છે,જ્યારે તે ચેતનાના પરિણામ સર્વ વિકાર રહિત શુધ્ધ ચેતનારૂપ પરિણમે ત્યારે તે ધર્મ છે. આ રીતે વસ્તુનો સ્વભાવ તે ધર્મ એમ કહેતાં શુધ્ધ ચેતનારૂપ ધર્મ સિધ્ધ થાય છે.

અહીં શુધ્ધ ચેતન પરિણામને જ ધર્મ કહ્યો છે, જેટલી પરજીવની દયા, દાન, પૂજા, વ્રત, ભકિત વગેરેની શુભ કે હિંસાદિની અશુભ લાગણી ઉઠે તે બધો અધર્મભાવ છે, દેહાદિની ક્રિયા તો આત્મા ત્રણે કાળ કરી જ શકતો નથી, પરંતુ શુભ પરિણામ કરે તે પણ ધર્મ નથી. ધર્મ તો શુધ્ધ

ચેતનામય છે એટલે પુણ્ય-પાપના ભાવ થયા તે મારું કર્તવ્ય નથી, પરંતુ તે વિકાર ભાવોનો પણ હું જ્ઞાતા જ છું. જ્ઞાતા-દ્દષ્ટાપણું એ જ મારું સ્વરૂપ છે, આવા ભાનપૂર્વક જ્ઞાન-દર્શનમય ચેતનાની જે શુધ્ધ પર્યાય છે તે જ ધર્મ છે. 'ધર્મ' તે દ્રવ્ય કે ગુણ નથી પરંતુ શુધ્ધ પર્યાય છે. ધર્મના ચાર પ્રકારે કથનમાં શુધ્ધ પર્યાયનો ખરેખર એક જ પ્રકાર છે. જેટલે અંશે ચેતના નિર્વિકારપણે પરિણમે તેટલે અંશે ધર્મ છે અને જેટલા અંશે પુણ્ય-પાપના વિકાર પણે પરિણમે તેટલો અધર્મ છે. શરીરની ક્રિયામાં ધર્મ માને તે તો તદ્દન બહિરદ્દષ્ટિ-મિથ્યાદ્દષ્ટિ છે. અહીં તો પૂણ્યમાં ધર્મ માને તો પણ તે મિથ્યાદ્દષ્ટિ છે. પુણ્ય અને દેહની ક્રિયા તો મારું સ્વરૂપ નથી, જ્ઞાતા-દ્દષ્ટાપણું એ જ મારું ખરું સ્વરૂપ છે. એમ જાણનાર જ્ઞાનીને પણ નીચલી દશામાં પુણ્ય-પાપના પરિણામ થાય ખરા, પરંતુ તેઓ એમ સમજે છે કે પુણ્ય-પાપના વિકાર રહિત શુધ્ધ ચેતના પરિણતિમાં જેટલી સ્થિરતા કરું તેટલો ધર્મ છે અને ચેતનાનું જેટલું બહિર્મુખ વલણ જાય તે બધોય અધર્મભાવ છે. નિર્મળ પર્યાય પ્રગટી તે જ ધર્મ છે, ધર્મ ખરેખર તો પર્યાય છે, પરંતુ શુધ્ધ પર્યાય તે દ્રવ્ય સાથે અભેદપણું ધરાવતી હોવાથી અભેદપણે વસ્તુના સ્વભાવને જ ધર્મ કહ્યો છે. પ્રથમ પુણ્ય-પાપ રહિત સ્વભાવની પ્રતીત થતાં સમ્યગ્દર્શન ધર્મ પ્રગટે છે ત્યારે ચેતનના પરિણામ અંશે શુધ્ધ અને અંશે અશુધ્ધ હોય છે. જ્ઞાની શુધ્ધ પરિણામમાં જ ધર્મ સમજે છે, તેથી તેઓ અશુધ્ધ પરિણામને સ્વભાવમાં સ્વીકારતા નથી. એટલે પુણ્ય-પાપ રહિત સ્વભાવની સ્થિરતા વડે ક્રમે ક્રમે ચારિત્રની પૂર્ણતા કરે છે, જ્યારે પૂર્ણ શુધ્ધ ચેતના પરિણામ પ્રગટે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટે છે અને પુણ્ય-પાપનો અભાવ થાય છે.

'શુધ્ધ ચેતનારૂપ ધર્મ' કહેતાં એમ સિધ્ધ થયું કે જ્ઞાન-દર્શન સિવાય આત્મા બીજું કાંઈ કરી જ શકતો નથી. જ્ઞાન-દર્શન સિવાય આત્મા બીજું જે કાંઈ કર્તૃત્ત્વ માને તે અધર્મભાવ છે.

એકલા જ્ઞાન-દર્શનમય સ્વભાવને માન્યો તેમાં પરનું કરવાની વાત જ ક્યાં આવી? અરે ! જ્ઞાનમાં શુભ વિકલ્પ પણ ક્યાં આવ્યો? ચેતનાનો સ્વભાવ જ વિકલ્પ રહિત જાણવા-દેખાવાનો જ છે અને તે વિકાર રહિત શુધ્ધ ચેતના એ જ ધર્મ છે.

અંતરમાં વિદ્યમાન જ્ઞાનાનંદસ્વભાવી ત્રિકાળિક ધ્રુવ આત્મતત્ત્વ જ પરમ સત્ય છે. તેના આશ્રયે ઉત્પન્ન થયેલું જ્ઞાન, શ્રધ્ધાને અને વીતરાગ પરિણતિ જ ઉત્તમ સત્યધર્મ છે. વસ્તુસ્વરૂપની સાચી સમજણનું નામ ધર્મ છે.

**૨. ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકાર ધર્મ:** આત્મા ક્રોધાદિ કષાયરૂપે ન પરિણમે અને પોતાના સ્વભાવમાં સ્થિર રહે તે જ ઉત્તમ ક્ષમાદિરૂપ ધર્મ છે, આ રીતે ઉત્તમ ક્ષમાદિ ધર્મ કહેતાં પણ શુધ્ધ ચેતનાના પરિણામરૂપ ધર્મ જ સિધ્ધ થાય છે. કેમકે તેમાં ચેતનાનાં પરિણામને પુણ્ય-પાપથી

છોડાવીને જ્ઞાનસ્વભાવમાં જ સ્થિર કરવાનું આવ્યું. 'હું જ્ઞાનસ્વરૂપ જાણનાર છું, મારા જ્ઞાનમાં કોઈ પરદ્રવ્ય ઈષ્ટ-અનિષ્ટ નથી, મારા જ્ઞાનને માટે કોઈ શત્રુ કે મિત્ર નથી, દુર્જન સજ્જન નથી'. આવા ભાનપૂર્વક સ્વરૂપની સ્થિરતા હોય ત્યાં જ ઉત્તમ ક્ષમા હોઈ શકે. 'આપણે સહન કરતાં શીખવું જોઈએ' એમ પર-દ્રવ્યોને સહન કરવાનું માને અને સ્વભાવના ભાન વગર ક્ષમા રાખે તે ઉત્તમ ક્ષમા નથી. મારો સ્વભાવ જાણવાનો છે, મારું જ્ઞાન સર્વ પદાર્થોને સમભાવે જાણનાર છે. જાણવામાં 'આ સારું અને આ ખરાબ' એવી વૃત્તિ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા ભાનપૂર્વક માન, અપમાનની વૃત્તિ તોડીને સ્વરૂપમાં સ્થિર થવું તે જ શુધ્ધ ચેતનારૂપ ધર્મ છે. અહીં મુખ્યપણે મુનિના લક્ષે વાત કરી છે. છતાં સમ્યગ્દષ્ટિને પણ અંશે શુધ્ધ ચેતના હોય છે, પ્રતીતપણે તેને સર્વ દ્રવ્યો પ્રત્યે ક્ષમા વર્તે છે. પરલક્ષે ક્રોધ કે ક્ષમાની અલ્પ લાગણી થઈ જાય તેને જ્ઞાની પોતાના સ્વભાવમાં સ્વીકારતા નથી તેથી તેમને નિરંતર અંશે ઉત્તમ ક્ષમારૂપ ધર્મ વર્તે છે. આત્મસ્વભાવના ભાન વગર દ્રવ્યલિંગી જૈન નિર્ગ્રંથ મુનિ થાય અને તેના શરીરને ક્ષાર છાંટીને જીવતો બાળી મૂકે તો પણ ક્રોધની લાગણી ન કરે છતાં તેને ઉત્તમ ક્ષમા નથી, કેમ કે ક્ષમાની શુભવૃત્તિને પોતાનું સ્વરૂપ માનેછે. પરંતુ શુધ્ધ ચેતના પરિણામની તેને ખબર નથી. શુધ્ધ પરિણામથી પણ શુધ્ધ ચેતના જુદી છે એવા ભાન વગર ધર્મ હોઈ શકે નહિ. જ્ઞાનસ્વરૂપમાં કોઈપણ રાગનો અંશ નથી. અશુભ કે શુભ બંને પ્રકારના રાગરહિત શુધ્ધ ચેતના તે જ ધર્મ છે, શુભ ભાવ તે વિકાર છે, તેને જે ધર્મમાં મદદગાર માને તેને મિથ્યાત્વનું મહાપાપ છે. પુણ્યભાવમાં પણ લોભકષાયની મુખ્યતા છે, તે પુણ્યભાવ અશુધ્ધ ચેતના છે. શુધ્ધ ચેતનારૂપ ધર્મ તો એક જ પ્રકારનો છે, તેમાં શુભ-અશુભ વિકલ્પને સ્થાન નથી.

### ૩. દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મઃ

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણેમાં એક શુધ્ધ જ્ઞાન-ચેતનાના જ પરિણામ છે. તેથી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ શુધ્ધ ચેતનારૂપ ધર્મ જ સાબિત થાય છે. શુધ્ધ જ્ઞાન ચેતનામાં પુણ્ય-પાપ નથી, શરીર વિગેરેની ક્રિયા નથી. એકલો શુધ્ધ સ્વભાવ ભાવ જ છે, તે જ ધર્મ છે.

સમ્યક્શ્રધ્ધાપૂર્વક વીતરાગભાવરૂપ ઉત્તમ સત્યધર્મમાં બીજા ધર્મો આવી જાય છે.

દરેક વસ્તુ સ્વતંત્ર સત્ છે એમ સમજી ને વસ્તુસ્વભાવની સમ્યક્શ્રધ્ધા અને જ્ઞાન પ્રગટ કરવા જોઈએ અને એ સમ્યક્શ્રધ્ધા-જ્ઞાનપૂર્વક ઉત્તમ ક્ષમાદીરૂપ વીતરાગ ધર્મનું આરાધન કરવું જોઈએ.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહ્યો છે. શરીર અને પુણ્ય-પાપના ભાવો તે બધાને અશુચિરૂપ જાણીને તેનાથી રહિત પરમ પવિત્ર ચૈતન્યસ્વભાવની શ્રધ્ધા-જ્ઞાન-રમણતા

વડે પવિત્રભાવ પ્રગટ કરવો તે જ ઉત્તમ ધર્મ છે. નિશ્ચય મોક્ષમાર્ગ ત્રણ કાળ, ત્રણ લોકમાં એક જ છે.

આત્માના શુધ્ધ સ્વભાવની પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે.

સાધ્ય આત્માની સિધ્ધિ તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ ત્રણ ભાવોથી જ છે, બીજી રીતે નથી, એ નિયમ છે.

દર્શન અર્થાત્ શુધ્ધ સ્વભાવનું અવલોકન, જ્ઞાન અર્થાત્ શુધ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું અને ચારિત્ર અર્થાત્ શુધ્ધ સ્વભાવમાં સ્થિરતા-તેમનાથી જ સાધ્યની સિધ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે. તે સિવાય બીજો કોઈ મોક્ષ માર્ગ નથી.

આત્મા ચૈતન્યઘનપિંડ છે. એની નિર્વિકલ્પ શ્રધ્ધા, સ્વસંવેદન જ્ઞાન અને એમાં સ્થિરતારૂપ વીતરાગી ચારિત્ર એ સાધકભાવે આત્મા પોતે સ્વયં પરિણમે છે અને એ ત્રણેની પૂર્ણતારૂપ જે સાધ્યભાવ તે રૂપે પણ પોતે જ પરિણમે છે.

આ રીતે સાધ્ય-સાધક ભાવના ભેદથી બે પ્રકારે એક જ આત્મા નિત્ય સેવવા યોગ્ય છે.

જ્ઞાયકભાવના બે ભેદજ્ઞાનની પૂર્ણતાનો ભાવ એ સાધ્ય અને અપૂર્ણ સમ્યગ્જ્ઞાનરૂપ પરિણતિ એ સાધક આ રીતે સાધ્ય સાધક ભાવના ભેદથી બે પ્રકારે એક જ આત્મા નિત્ય સેવવા યોગ્ય છે. પ્રકાશનો પુંજ સાધક સ્વરૂપ ભગવાન આત્મા પોતે જ સાધક ભાવરૂપ થઈને પોતે જ સાધ્ય થાય છે. વચમાં કોઈ રાગાદિની વ્યવહાર રત્નત્રયના પરિણામની એને મદદ નથી.

**૪. અહિંસા પરમો ધર્મ (જીવદયારૂપ ધર્મ):**

'જીવદયા'ના નામે લોકો શુભ રાગમાં ધર્મ માની રહ્યા છે, પરંતુ જીવદયાનું યથાર્થ સ્વરૂપ સમજતા નથી.

ક્રોધાદિ કષાય વશથી પોતાની તેમજ પરજીવની હિંસાનો ભાવ ન કરવો તે જીવદયા છે, સૌથી મોટો ક્રોધ તે મિથ્યાત્ત્વ છે અને તે જ ખરી જીવહિંસા છે. મિથ્યાત્ત્વ છોડયા વીના કદી પણ જીવહિંસા અટકી શકે નહિ. સ્વજીવની હિંસા ન કરવી તે જ મુખ્ય જીવદયા છે.

જ્યારે પોતે ક્રોધાદિ વડે સ્વજીવની હિંસા ન કરી ત્યારે ક્રોધના અભાવને લીધે પરજીવને મારવાનો ભાવ પણ ન આવ્યો, તેથી પરજીવની દયા પણ આવી ગઈ. પરંતુ સ્વજીવની દયા ક્યારે થઈ શકે? જે જીવ પુણ્યથી ધર્મ માને તે જીવ વિકાર ભાવ વડે સ્વભાવની હિંસા કરે છે, પુણ્ય-પાપ રહિત મારું શુધ્ધ સ્વરૂપ છે એવી ઓળખાણ કર્યા પછી દયાની શુભ લાગણી પણ છોડીને

સ્વરૂપમાં સ્થિર રહી ગયો અને શુધ્ધ જ્ઞાનચેતનાના અનુભવમાં લીન થયો તે જ જીવદયા ધર્મ છે. એટલે આમાં પણ ચેતનાના શુધ્ધ પરિણામ તે જ ધર્મ આવ્યો. પરજીવને તો ખરેખર પોતે મારી કે જીવાડી શકતો જ નથી, માત્ર ભાવ કરે છે. કાસોઈ જીવને દુઃખ ન દેવું તેમાં પોતે પણ ભેગો જ આવ્યો હવે પોતાને પણ દુઃખી ન કરવો તે ખરી દયા છે. અશુભ પરિણામ વખતે તો પોતે તીવ્ર દુઃખી થાય છે અને દયા વગેરેના શુભ પરિણામ વખતે પણ જીવને આકુળતાનું જ વદેન હોવાથી તે દુઃખી છે, તેથી અશુભ અને શુભ બંને ભાવોથી જીવને બચાવવો અર્થાત શુભાંશુભ રહિત એકલી જ્ઞાન સ્વભાવ રૂપ દશા કરવી તેટલી જ જીવદયા છે.

જે જીવ શુધ્ધ જ્ઞાન ચેતના વડે સ્વરૂપમાં એકાગ્ર થયો તે જીવને અશુભભાવ હોય જ નહિ એટલે પરજીવની દયા ત્યાં સ્વયં જ પળાય છે.

જો પર જીવની દયા પાળવાના શુભ રાગમાં ધર્મ હોય તો સિધ્ધ દશામાં પણ પર જીવની દયાનો રાગ હોવો જોઈએ. પરંતુ શુભ રાગ તે ધર્મ નથી, પણ અધર્મ છે, હિંસા છે.

પ્રથમ સમ્યગ્દર્શન વડે સ્વભાવને ઓળખતાં શ્રધ્ધા અપેક્ષાએ અહિંસકપણું પ્રગટે છે, કેમકે સમ્યગ્દષ્ટી જ જીવ પુણ્ય-પાપના ભાવ થાય તેને પોતાના સ્વભાવના માનતો નથી, એ રીતે માન્યતામાં પુણ્ય-પાપથી પોતાના સ્વભાવને બચાવી રાખે છે, તેથી તેને સાચી જીવદયા છે. અજ્ઞાની જીવ ક્ષણિક પુણ્ય-પાપ જેટલો જ પોતાને માનીને ત્રિકાળં વિકારહિત સ્વભાવનો નાશ કરે છે, તે જ હિંસા છે.

વળી 'જીવદયા' એમ કહેવામાં આવે છે, કાંઈ 'શરીર દયા' કહેવામાં આવતી નથી, કેમ કે શરીર તે જીવ નથી. લોકો શરીરની ક્રિયા ઉપરથી માપ કરે છે તે ખોટું છે. શરીરથી ભિન્ન સદા ચેતન સ્વરૂપ જીવ છે. તેને શ્રધ્ધા-જ્ઞાન-સ્થિરતામાં ટકાવી રાખવો અને વિકારમાં જવા ન દેવો તે જ જીવરક્ષા છે.

'પર જીવની રક્ષા કરું' એવી દયાની લાગણી તે પણ પરમાર્થે જીવ હિંસા જ છે એમ પ્રથમ શ્રધ્ધામાં માનવું જોઈએ અને તેવી માન્યતા થયા પછી અસ્થિરતાના કારણે શુભ વિકલ્પ ઊઠે, પરંતુ તે ધર્મ નથી.

મિથ્યાદષ્ટિ જીવ જીવરક્ષાના શુભભાવ કરતો હોય ત્યારે પરજીવને હું બચાવી શકું તથા મને આ શુભ ભાવથી ધર્મ થશે એમ માને છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા જીવ લડાઈ લડતો હોય અને તેને અશુભ પરિણામ હોય પણ અંતરમાં ભાન હોય કે આ લડાઈની-દેહની ક્રિયા મારી નથી, અશુભ ભાવ મારા પુરુષાર્થના દોષથી થાય છે તેટલી હિંસા છે પણ તે ખરેખર મારું સાચું સ્વરૂપ નથી. તો તે વખતે આ બે જીવોમાંથી મિથ્યાદષ્ટિ જીવને અનંતી હિંસાવર્તી રહી છે અને સમ્યગ્દષ્ટિ જીવને

અલ્પ હિંસા છે. અરે ! શ્રધ્ધા અપેક્ષા એ લડાઈ વખતે પણ અહિંસક છે. કેમ કે તેને અંશે શુધ્ધ ચેતના પરિણામ વર્તે છે, જેટલે અંશે શુધ્ધ ચેતના પરિણામ વર્તતા હોય તેટલે અંશે લડાઈ વખતે પણ જીવદયા વર્તી રહી છે, અને મિથ્યાદષ્ટિ જીવને જરાપણ શુધ્ધ ચેતના પરિણમી નથી તેથી તેને જીવરક્ષાના ભાવ વખતે પણ જીવહિંસા જ છે. આ તો અંતરંગ શુધ્ધ ચેતના પરિણામ ઉપરથી માપ છે, શરીરની ક્રિયા તો દૂર થઈ પરંતુ પુણ્ય-પાપના ભાવ ઉપરથી પણ જીવદયારૂપી ધર્મનું ખરું માપ નથી.

**સાર રૂપઃ** (૧) પરમાર્થ ધર્મ એટલે કે નિશ્ચય ધર્મ-સાચો ધર્મ તો એક જ પ્રકારનો છે, પછી જીવદયા કરો કે વસ્તુ સ્વભાવ કરો. તેમાં એક શુધ્ધ ચેતના પરિણામ તે જ ધર્મ છે. 'શુધ્ધ ચેતનાને ધર્મ કહેવાય અને કોઈવાર શુભને પણ ધર્મ કહેવાય' એવું નિશ્ચય ધર્મનું સ્વરૂપ નથી. નિશ્ચયધર્મ તો એક જ પ્રકારે છે.

(૨)'હું આત્મા કોણ છું' તેના ભાન વગર શુધ્ધ ચેતના ક્યાંથી લાવશે? બહારમાં જીવો મરે કે જીવે તેમની સંખ્યા ઉપરથી હિંસા કે દયાનું ખરું માપ નથી. સમ્યગ્દર્શન થતાં અહિંસાની શરૂઆત થાય છે. છતાં સમ્યગ્દષ્ટિને પણ અસ્થિરતાના કારણે જેટલી વૃત્તિ ઊઠે તેટલી ચારિત્રની હિંસા છે.પરંતુ જે આત્મજ્ઞાન વર્તે છે તેટલી જીવદયા છે.

(૩) આ રીતે સાધકને અંશે અહિંસા અને અંશે હિંસા બંને સાથે હોય છે. અજ્ઞાનીને એકાંત જીવહિંસા જ છે; વીતરાગી જ્ઞાનીને સંપૂર્ણ અહિંસા છે. વસ્તુસ્વભાવરૂપ જૈન શાસનમાં ત્રણે કાળ ધર્મનું સ્વરૂપ આવું જ છે.

(૪) પોતાના ભાવમાં અનંત પર દ્રવ્યોનું સ્વામિત્ત્વ અભિમાન ન થવા દેવું અને પોતાના જ્ઞાનમાત્ર સ્વરૂપને પૂણ્ય-પાપથી પણ ભિન્નપણે શ્રધ્ધામાં ટકાવી રાખવું એવી ખરી જીવદયા છે. તેનું જગતને માહાત્મ્ય નથી અને શુભનું માહત્મ્ય આવે છે. જેણે પુણ્યના વિકલ્પથી પોતાને લાભ માન્યો તેણે પુણ્યનું પોતાનું સ્વરૂપ જ માન્યું, કેમકે જેને પોતાનું સ્વરૂપ માને તેનાથી જ પોતાને લાભ માને અને જે જીવે પુણ્યને પોતાનું સ્વરૂપ માન્યું તે જીવે જગતના બધા આત્માઓને પણ પુણ્યસ્વરૂપ માન્યા, એ રીતે જીવે જગતના સર્વે આત્માના સ્વભાવને વિકારી માન્યો, તેથી તેણે પોતાની માન્યતામાં વિશ્વના સર્વ જીવોની હિંસા કરી, આ મહા જીવ હિંસાનું પાપ જગતને જાણાતું નથી.

(૫) અશુભભાવમાં તો તીવ્ર આકુળતા છે પણ શુભભાવ થાય તેમાં ય આકુળતા જ છે. તે બંને આકુળતામાં હિંસા છે, તેનાથી રહિત નિરાકુળતા જ જ્ઞાનચેતનાનો જેટલો અનુભવ તેટલી જીવરક્ષા છે. પોતાના શુધ્ધ જીવ પરિણામની રક્ષા કરવી, જીવ પરિણામને હણવા ન દેવા તે જ

શુધ્ધ ચેતના પરિણામરૂપ ધર્મ છે. શુધ્ધ ચેતના પરિણામ વગર દયા કે દર્શન-જ્ઞાન-ચારિત્ર કે ઉત્તમ ક્ષમાદિ વગેરે કોઈ ધર્મ સાચો હોતો નથી. જેટલો હું મારા જ્ઞાતાસ્વભાવપણે ટકી રહું તેટલો ધર્મ છે. આ રીતે જ્ઞાની જીવ જ્ઞાતાદષ્ટાપણે પોતાના ચેતના પરિણામને ટકાવી રાખે છે તે જ ધર્મ છે.

## દશ લક્ષણરૂપ ધર્મ (વિશેષ)

પ્રત્યેક ધાર્મિક પર્વનું પ્રયોજન આત્મામાં (પોતામાં) વીતરાગી ભાવની વૃદ્ધિ કરવાનુ જ હોય છે, પરંતુ દશ લક્ષણ મહા પર્વ વિશેષપણે આત્મ-ગુણોની આરાધના સાથે સંબંધ રાખે છે, તેથી આ વીતરાગી પર્વ સંયમ અને સાધનાનું પર્વ છે.

આત્મસ્વરૂપની પ્રતીતિપૂર્વક ચારિત્ર ધર્મની દશ પ્રકારે આરાધના કરવી એ જ દશ લક્ષણ ધર્મ છે.

આત્મામાં દશ પ્રકારના સદ્‌ભાવો (ગુણોના) વિકાસથી સંબંધિત હોવાથી જ એને દશ લક્ષણ મહાપર્વ કહેવામાં આવે છે.

અનાદિકાળથી જ પ્રત્યેક આત્મા, આત્મામાં જ ઉત્પન્ન, આત્માના જ વિકારો-ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય, અસંયમ ઈત્યાદિને કારણે જ દુઃખી અને અશાંત થઈ રહ્યો છે.

અશાંતિ અને દુઃખ દૂર કરવાનો એકમાત્ર ઉપાય આત્મ-આરાધના છે.

આત્મસ્વભાવને-જેવો છે તેવો-ઓળખી, તેની જ શ્રધ્ધા કરવી એમાં જ જામી જવાથી, એમાં જ સમાઈ જવાથી અતીન્દ્રિય આનંદ અને સાચી શાંતિની પ્રાપ્તિ થાય છે.

આવા જ આત્મ-આરાધક પુરુષના હૃદયમાં ઉત્તમ ક્ષમાદિ ગુણોનો સહજ વિકાસ થાય છે. તેથી એ સ્પષ્ટ છે કે આ પર્વનો સંબંધ આત્મ-આરાધના સાથે છે, ઉત્તમ ક્ષમાદિ દશ ગુણોની આરાધના સાથે છે.

ક્ષમાદિ ગુણોને દશ ધર્મ પણ કહે છે, તે આ પ્રમાણે છે.

(૧) ઉત્તમ ક્ષમા, (૨) ઉત્તમ માર્દવ, (૩) ઉત્તમ આર્જવ, (૪) ઉત્તમ શૌચ, (૫) ઉત્તમ સત્ય, (૬) ઉત્તમ સંયમ, (૭) ઉત્તમ તપ, (૮) ઉત્તમ ત્યાગ, (૯) ઉત્તમ આકિંચન્ય, (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય.

આ મહાપર્વમાં આ ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

## ધર્મના દશ લક્ષણ

ક્ષમા-માર્દવાદિ આત્માના નિજ સ્વભાવ છે અને સ્વભાવ હોવાથી ધર્મ છે.

ક્ષમાદિ-સ્વભાવી, આત્માના આશ્રયે પ્રકટ થતી જે આત્માની નિર્મળ, નિર્દોષ, શુધ્ધ સ્વભાવ પર્યાય એ જ ઉત્તમક્ષમાદિ દશ ધર્મ કહેવામાં આવેલ છે.

વાસ્તવમાં આ પ્રકારે કોઈ દશ ધર્મ તો નથી પણ એક વીતરાગ-રત્નત્રય સ્વરૂપ ધર્મના આ દશ લક્ષણો છે.

**"ચારિત્ર એ જ સાક્ષાત્ ધર્મ છે."**

ઉત્તમ ક્ષમાદિ દશ આત્માના ચારિત્ર ગુણની નિર્મળ પર્યાયો છે.

ઉત્તમ ક્ષમાદિ શબ્દ યોજનામાં જે પૂર્વે 'ઉત્તમ' શબ્દની યોજના થયેલી છે તે સમ્યગ્દર્શનની સત્તાની સૂચક છે. સમ્યગ્દષ્ટિ-જ્ઞાની ધર્માત્માઓને જ આ ઉત્તમ ક્ષમાદિ દશ-ધર્મ હોય છે.

| | |
|---|---|
| (૧) ઉત્તમ્ ક્ષમા | ક્રોધના અભાવ રૂપ |
| (૨) ઉત્તમ માર્દવ (મૃદતા-કોમળતા | માનના અભાવ રૂપ |
| (૩) ઉત્તમ આર્જવ | માયાચારના અભાવ રૂપ |
| (૪) ઉત્તમ શૌચ (પવિત્રતા) | લોભના (ઈચ્છાના) અભાવરૂપ |
| (૫) ઉત્તમ સંત્ય (સત્ ધર્મ) | અસત્ ધર્મનો અભાવ |
| (૬) ઉત્તમ સંયમ (ઉપયોગની સ્વસન્મુખતા) | ઉપયોગની પરસન્મુખતાનો અભાવ |
| (૭) ઉત્તમ તપ સ્વરૂપમાં પ્રતપન-વિજયન | રાગાદિભાવોના ત્યાગપૂર્વક |
| (૮) ઉત્તમ ત્યાગ | (શુધ્ધ આત્માના ગ્રહણપૂર્વક બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી નિવૃત્તિ) |
| (૯) ઉત્તમ આકિંચન્ય | (મોહ-રાગ-દ્વેશના ભાવોથી નિવૃત્ત થવું) |
| (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય (સ્વલીનતા) | પરમાં લીનતાનો અભાવ |

## વ્યાખ્યા

(૧) **ઉત્તમ ક્ષમા:** ક્ષમા આત્માનો સ્વભાવ છે. ક્ષમા સ્વભાવી આત્માના આશ્રયે જે ક્રોધના અભાવરૂપ શાંતિ-સ્વરૂપ પર્યાય પ્રગટ થાય છે એને ક્ષમા કહે છે.

(૨) **ઉત્તમ માર્દવ:** માર્દવ પણ આત્માનો સ્વભાવ છે માર્દવ સ્વભાવી આત્માના આશ્રયે જે માનના અભાવરૂપ શાંતિ-સ્વરૂપ પર્યાય પ્રગટ થાય છે એને માર્દવ કહે છે.

(૩) **ઉત્તમ આર્જવ:** આર્જવ પણ આત્માનો સ્વભાવ છે. આર્જવ સ્વભાવી આત્માના આશ્રયે જે માયાચારના આત્મામાં છળકપટના અભાવરૂપ શાંતિ-સ્વરૂપ જે પર્યાય પ્રગટ થાય તેને આર્જવ કહે છે.

(૪) **ઉત્તમ શૌચ:** પવિત્રતા પણ આત્માનો સ્વભાવ છે.સમ્યગ્દર્શન સહિત-પવિત્ર સ્વભાવી આત્માના આશ્રયે લોભના અભાવરૂપ જે વીતરાગી પવિત્રતાની પર્યાય પ્રગટ થાય તે જ ઉત્તમ શૌચધર્મ છે.

(૫) **ઉત્તમ સત્ય:** દ્રવ્યનું લક્ષણ સત્ છે. આત્મા પણ એક દ્રવ્ય છે, તેથી તે સત્ સ્વભાવી છે. સત્ સ્વભાવી આત્માના આશ્રયે આત્મામાં જે શાંતિ -સ્વરૂપ વીતરાગ પરિણતિ ઉત્પન્ન થાય છે તેને નિશ્ચયથી સત્યધર્મ કહે છે. મિથ્યાત્વના અભાવ વિના તો સત્યધર્મની પ્રાપ્તિ થવી જ સંભવિત નથી. ઉત્તમ સત્ય એટલે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સહિત વીતરાગ ભાવ. સાચી શ્રધ્ધા અને સાચી સમજપૂર્વક ઉત્પન્ન થતી વીતરાગ પરિણતિ એ જ નિશ્ચયથી ઉત્તમ સત્યધર્મ છે.

(૬) **ઉત્તમ સંયમ:** સંયમન સંયમ કહે છે. સંયમન એટલે ઉપયોગને પર પદાર્થથી ખસેડી લઈ આત્મસન્મુખ કરવો,પોતાનામાં જોડવો, પોતામાં એકાગ્ર કરવો. ઉપયોગની સ્વસન્મુખતા, સ્વલીનતા જ નિશ્ચય સંયમછે. સમ્યગ્દર્શન વિના સંયમની ઉત્પત્તિ, સ્થિતિ, વૃધ્ધિ અને ફલાગમ સંભવિત નથી.

(૭) **ઉત્તમ તપ:** સમસ્ત રાગાદિ પરભાવોની ઈચ્છાના ત્યાગ વડે સ્વ-સ્વરૂપમાં પ્રતપન કરવું-વિજયન કરવું એ તપ છે. આત્મલીનતા દ્વારા વિકારો પર વિજય પ્રાપ્ત કરવો એ તપ છે.

(૮) **ઉત્તમ ત્યાગ:** નિજ શુધ્ધાત્માના ગ્રહણપૂર્વક બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી નિવૃત્તિ એ ત્યાગ છે. ત્યાગ શબ્દ નિવૃત્તિ સૂચક છે. નિજ શુધ્ધાત્માનું ગ્રહણ અર્થાત શુધ્ધોપયોગ અને શુધ્ધ પરિણતિ પણ એમાં સમાવિષ્ટ છે. સર્વ પર પદાર્થો પરથી ઉદાસીનરૂપ પરિણામ ત્યાગ ધર્મ છે.

(૯) **ઉત્તમ આકિંચન્ય:** જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના સિવાય કિંચત્ માત્ર પણ પર પદાર્થ તથા પરના લક્ષ્યે આત્મામાં થતા મોહ-રાગ-દ્વેષ ભાવ આત્મામાં નથી એમ જાણવું, માનવું અને જ્ઞાનાનંદ આત્માના આશ્રયે એ સર્વથી નિવૃત્ત થવું, એમને છોડવા એ જ ઉત્તમ આકિંચન ધર્મ છે.

(૧૦) **ઉત્તમ બ્રહ્મચર્ય:** બ્રહ્મ એટલે નિજ શુધ્ધાત્મા અને ચર્ય એટલે તેમાં ચરવું-રમવું એ જ બ્રહ્મચર્ય છે. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને પોતાનો માનવો, જાણવો અને એમાં જ જામી જવું, રમી જવું, સમાઈ જવું, લીન થઈ જવું-એ બ્રહ્મચર્ય છે. સ્વ-લીનતા એ બ્રહ્મચર્ય છે, તો પર માં એકત્વબુધ્ધિ અનેલીનતા નો અભાવ એ આકિંચન્ય છે. આ રીતેધર્મના આ દશ લક્ષણનું સ્વરૂપ સંક્ષિપ્તમાંસમજાવવામાં આવ્યું છે.બધા એ સ્વરૂપ સમજી પોતાના આત્માની લીનતા વડે સુખ-શાંતિ પ્રગટ કરે એવી વિનમ્ર ભાવના !

❋ ❋ ❋

# ③ ધર્મનો ઉપદેશ

(૧) હે જીવ ! જો તું તારા ચૈતન્ય સ્વભાવને સમજ તો તારા ભવના છેડા આવશે.

(૨) જેવો ચૈતન્ય સ્વભાવ કહ્યો તેવો જ તારા જ્ઞાનમાં સમજ અને પછી તેમાં સ્થિરતા કર તો જ તારા ઉપવાસ દયા ભક્તિ વ્રત વગેરે સાચું થાય, પરંતુ ત્યાં પણ જે સમજણ અને સ્થિરતા છે તે જ ધર્મ છે. વ્રતાદિનો રાગ તે ધર્મ નથી.

(૩) જો તારે ધર્મ કરવો હોય તો સત્ સમાગમે સાચા પ્રયત્ન વડે તું તારા ચૈતન્યસ્વભાવને સમજ. સાચી સમજણ થતાં તેમાં જ વિશેષ સ્થિરતા વડે રાગ ટળે છે. રાગ ટળતાં તેના નિમિત્તો પણ હોતાં નથી. એ રીતે સાચી સમજણપૂર્વક પરથી ઉદાસીન થઈને રાગ ટળ્યો ત્યાં 'બહારનો ત્યાગ કર્યો' એમ ઉપચારથી કહેવાય છે.

(૪) તું ગમે તેટલા શુભ ભાવ કર પણ તેનાથી મિથ્યાત્વનું મોટું પાપ ટળવાનું નથી. મિથ્યાત્વનું પાપ તો સાચી સમજણથી જ ટળે છે.

(૫) ધર્મને માટે 'યર્થાથ સમજણ' એ જ પહેલી ક્રિયા છે. આત્માના અસ્તિત્વનો સ્વીકાર કર.

(૬) પોતાનો સ્વભાવ જ કોઈ અમૂલ્ય અચિંત્ય છે, પરથી નિરપેક્ષ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે. 'નિરપેક્ષ' એટલે પરના સંબંધ વિનાનો, એટલે કે પોતાથી જ પૂરો એકરૂપ છે. એવા સ્વરૂપના ભાન વિના સંસારનો અંત નથી. શુભ કરી કરીને કદી પણ સંસારનો નીવેડો નહીં આવે. શુભ ભાવ કાંઈ મોક્ષપણે (વીતરાગ સ્વરૂપે) થતાં નથી.

(૭) ક્ષણિક વિકાર તે આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ તો ત્રિકાળ વિકાર વગરનું પવિત્ર છે. તેમાંથી જ પવિત્ર મોક્ષદશા પ્રગટે છે. જો પોતાના આત્માના પવિત્ર સ્વરૂપે જાણે, તો અપવિત્રતાનો નાશ કરીને પવિત્ર દશા પ્રગટ કરે. જો પોતાના આત્માને વિકારવાળો જ માને, તો વિકારની દૃષ્ટિથી વિકાર જ કર્યા કરે, પણ તેને ટાળે નહી.

(૮) આથી જડના સંયોગથી રહીત અને વિકારી ભાવોથી પણ રહિત એવા પોતાના પવિત્ર જ્ઞાન સ્વભાવને જાણવો તે જ પવિત્ર થવાનો ઉપાય છે. 'પવિત્ર સ્વરૂપને જાણવું' એ સિવાય મોક્ષનો બીજો ઉપાય નથી.

(૯)"જ્ઞાતા-દૃષ્ટાભાવ તે જ હું છું" એટલે કે હું મારા સ્વરૂપનો જ જાણનાર અને દેખનાર છું. જાણનાર-દેખનાર ભાવ સિવાય બીજા જે કોઈ ભાવો છે તે બધાય મારા સ્વરૂપથી પર છે.

આમ પ્રજ્ઞા વડે અંતરમાં જુદાપણું દેખવું અને પછી તે પ્રજ્ઞા વડે જ આત્મામાં એકાગ્ર થવું ને પુણ્ય-પાપના સર્વે ભાવો છોડવા. આ રીતે 'પ્રજ્ઞા' તે જ મુક્તિનો માર્ગ છે. જ્ઞાન તે જ મોક્ષનું કારણ છે.

(૧૦) આ કાંઈ શુભનો માર્ગ નથી. આ તો સ્વભાવનો માર્ગ છે. જે મૂળમાર્ગ અનંતકાળથી ચાલ્યો જ આવે છે. બધાય મહાન પુરુષો આ માર્ગને જાણીને આ જ માર્ગનો આદર કરે છે. ધર્માત્મા જીવો એક જ્ઞાયક ભાવ સિવાય અન્ય કોઈ ભાવોનો આદર કરતા નથી. ને તેને પોતાના માનતા નથી. સૌથી પ્રથમ તેઓ સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે છે. 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું', અને પછી ભેદજ્ઞાન વડે 'હું સર્વથા સર્વથી ભિન્ન છું' એમ પોતાના સ્વરૂપને જાણીને પોતાના ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરે છે.

(૧૧) પોતાની જે વસ્તુ છે તેને જાણ્યા વગર એકે પ્રકારનો ધર્મ હોય જ નહિ. ધર્મની રીત એ જ છે કે : 'પોતાની જ્ઞાન શક્તિ વડે પહેલા આત્માને એમ જાણવો કે જે જ્ઞાન-દર્શન વડે ચેતનારો તે જ નિશ્ચયથી હું છું, બીજા બધા જે ભાવો છે તે હું નથી'.

(૧૨) જ્ઞાનીને સ્વભાવનો પ્રેમ છે, રુચિ છે ને વિકાર તથા સંયોગ પ્રત્યે ઉદાસીનતા પ્રવર્તે છે.

(૧૩) આ રીતે સ્વભાવનો આદર અને વિકારનો નિષેધ-એવું જે ભેદજ્ઞાન તે જ મુક્તિનો ઉપાય છે. જ્ઞાનીઓ સદાય પોતાને રાગથી ભિન્ન સ્વભાવપણે અનુભવે છે.

(૧૪) સાચી સમજાણ તે જ મોક્ષનો ઉપાય છે. પુણ્ય તે મોક્ષનો ઉપાય નથી. આ ધર્મનું સત્ સ્વરૂપ છે.

(૧૫) પુણ્યવડે આત્માની સમજાણ થવાની નથી અને ભવનો અંત આવવાનો નથી. માટે આ પંચમકાળે પણ આત્માની સમજાણ એ જ કર્તવ્ય છે, એ જ ધર્મ છે અને એ અત્યારે પણ થઈ શકે છે.

(૧૬) પુણ્ય ગમે તેટલું ભેગું કરો પણ ધર્મ ન થાય, કેમકે પુણ્ય તે વિકાર છે અને સ્વભાવ અવિકારી છે, વિકારના ગુણાકારથી સ્વભાવની પ્રાપ્તી ન થાય એટલે કે પુણ્ય કરતાં કરતાં કોઈ કાળે ધર્મ થાય નહિ.

(૧૭) જેવો પોતાનો ગુણ (ત્રિકાળી સ્વભાવ) છે, તેવો ઓળખીને તે ગુણના આકારે પોતાની પરિણતિ કરે તો તે સાચો ગુણાકાર છે અને જે પુણ્ય-પાપના પરિણામ થાય છે તે બધાય ને આત્મામાંથી બાદ કરીને એકલો સ્વભાવ બાકી રાખવો તે સાચી બાદબાકી-(ભેદજ્ઞાન). ગુણની

વૃધ્ધિ અને દોષની હાની કરતાં કરતાં જેવો છે તેવો પુરો સ્વભાવ રહી ગયો અને દોષ ટળી ગયા તેનું નામ 'મોક્ષ' છે.

(૧૮) 'જ્ઞાતા-દષ્ટ્રાભાવ જ હું છું, ને રાગનો અંશ પણ મારો નથી' એકવાર પણ પ્રજ્ઞા છીણી વડે બે કટકા કરીને રાગથી જુદાપણાનો અનુભવ કર્યા પછી જો કોઈ રાગની વૃત્તિ આવે તે બધી જ્ઞાતા-દષ્ટા બુધ્ધિની ભૂમિકામાં પુરૂષાર્થની નબળાઈથી આવે છે પણ કર્તાબુધ્ધિએ નહી. માટે તું ભેદજ્ઞાન વડે ભિન્ન ચૈતન્યને પકડીને તેમાં જ લીન થા. એ જ મુક્તિનો ઉપાય છે.

(૧૯) વર્તમાન અંશ તો દરેક જીવને પ્રગટ છે, તે અંશ દ્વારા જ કાર્ય થાય છે. તે અંશ જો અંતર્મુખ થઈને ત્રિકાળી સ્વભાવને કબૂલે તો તેના અવલંબને પર્યાયમાં વૃધ્ધિ થઈ પૂર્ણતા પ્રગટે છે. એ જ મોક્ષ છે અને તે અંશ જો બહિર્મુખ થઈને પોતાને વિકારીપણે જ કબૂલે તો પર્યાયમાં વિકાર જ થાય છે, એ જ સંસાર છે.

(૨૦) રાગથી જ્ઞાન થતું નથી અને જ્ઞાનથી રાગ થતો નથી. પણ ત્રિકાળી જ્ઞાનમય એક વસ્તુ છે. તેમાંથી જ્ઞાન પ્રગટે છે અને તે ત્રિકાળી વસ્તુમાં રાગનો અભાવ છે. આ પ્રમાણે રાગ અને જ્ઞાન વચ્ચે યથાર્થ ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કરવો તે જ મોક્ષનો ઉપાય છે ધર્મ છે.

**સારભૂત :** આત્માના સ્વભાવને જાણીને તેનું ગ્રહણ કરવું તે જ પહેલો, વચલો અને છેલ્લો ઉપાય છે. વચ્ચે બીજા બંધભાવ આવે તે ઉપાય નથી. પણ તે બંધભાવને સ્વભાવથી જુદા છે એમ જાણીને છોડી દેવા તે મુક્તિનો ઉપાય છે. જ્ઞાનસ્વભાવ એટલે જાગૃત ચેતનસત્તા જે કાયમ પૂર્ણ નિર્મળ છે, તેમાંથી જ વિશેષ નિર્મળદશા થાય તે ચૈતન્યસ્વભાવના અનુભવમાં લીનતા કરવી તે જ પરમાનંદથી ભરપુર મોક્ષદક્ષાનો ઉપાય છે. 'હું શુધ્ધ ચૈતન્યમય સદાય એક પરમજ્યોતિ છું' એવા સિધ્ધાંતનું સેવન કરવું તે મોક્ષનો ઉપાય છે. સિધ્ધાંતનું સેવન એટલે સિધ્ધાંત વડે જે વસ્તુસ્વભાવ બતાવ્યો છે, તે વસ્તુસ્વભાવની રુચિ, જ્ઞાન અનુભવને લીનતા કરવી. આ જ એક મોક્ષનો ઉપાય છે.

❀ ❀ ❀

# (૪) વસ્તુ સ્વરૂપના મહાન સિદ્ધાંત

**(૧) દ્રવ્યની સ્વતંત્રતા** : આ લોકમાં છ દ્રવ્ય છે (૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) ધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાય, (૫) આકાશ, (૬) કાળ.

દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. જીવો અનંત છે. દરેક જીવ સ્વતંત્ર છે. એક જીવ બીજા જીવનું કાંઈ કરી શકે નહિ. જીવના અનંત ગુણો છે. એક ગુણ બીજા ગુણનું કાંઈ કરે નહિ. એક ગુણની અનંત પર્યાયો છે. દરેક પર્યાય સ્વતંત્ર છે. સુખ-દુઃખની અનુભૂતિ એ પ્રત્યેક જીવની સ્વતંત્રતા છે.

**(૨) ક્રમબધ્ધ પર્યાય** : બધી જ પર્યાયો ક્રમનિયમિત છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞપ્રભુએ પોતાના જ્ઞાનમાં જે પ્રમાણે જાણ્યું છે તેમ તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે તે જ નિમિત્તથી તે જ પ્રમાણે પરિણમન થાય, તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કાંઈપણ કરી શકે નહિ.

**(૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા** : દરેક પર્યાય તેની તે સમયની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે ગોઠવાયેલી છે તે જ ક્રમમાં આવે છે. ત્યારે ત્યાં કોઈને કોઈ નિમિત્તની હાજરી હોય છે, પરંતુ નિમિત્ત કાંઈ કરતું નથી. દરેક પર્યાયનું કાર્ય તેની તત્ સમયની યોગ્યતા પ્રમાણે જ થાય છે.

જૈન દર્શન એ વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવે છે અને સુખની પ્રાપ્તી કેમ થાય તેનો ઉપાય બતાવે છે.

જૈન દર્શન કોઈ વાડો, વેશ કે સંપ્રદાય નથી, એ તો પૂર્ણ વસ્તુસ્વરૂપ છે. દરેક આત્મા પૂર્ણ સુખને પ્રાપ્ત કરી શકે છે.

પૂર્ણતાને પ્રાપ્ત કરેલ પૂર્ણ-વીતરાગી-સર્વજ્ઞ પુરુષો દ્વારા તેની પ્રરૂપણા થઈ છે. માટે એ પૂર્ણ સત્ય છે અને જગતના બધા જ જીવો માટે હિતકારી છે.

જૈન દર્શન બતાવે છે ત્રણ લોક, ત્રણ કાળમાં મોક્ષનો માર્ગ એક જ છે. તેનું નિરૂપણ નિશ્ચય અને વ્યવહારથી બે રીતે કરવામાં આવ્યું છે. માટે નિશ્ચય વ્યવહારનું યર્થાથ સ્વરૂપ સમજવું.

**(૪) સ્વચતુષ્ટય** .

સ્વ ચતુષ્ટય એટલે શું?

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સ્વચતુષ્ટય કહે છે

આત્માનું અસ્તિત્વ અને સ્વરૂપ જાણવા માટે આ જાણવું જોઈએ.

(૧) **સ્વદ્રવ્ય** : ચૈતન્ય અનંતગુણોનો પિંડ તે આત્માનું સ્વદ્રવ્ય છે. અનંતજ્ઞાન-અનંત દર્શન-અનંત વીર્ય-અનંત સુખ એ વિશેષ ગુણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરૂલઘુત્વ, પ્રદેશત્વ એ સામાન્યગુણ છે. આ બીજા આત્મા અને જડદ્રવ્યોથી ભિન્ન છે.

(૨) **સ્વક્ષેત્રે** : અસંખ્ય પ્રદેશી પહોળું તે આત્માનું ક્ષેત્ર છે તે સંકોચ-વિસ્તારરૂપ છે. વર્તમાન પર્યાયમાં શરીર પ્રમાણ તેનો વિસ્તાર હોય છે, છતાં એ શરીરથી ભિન્ન છે. દરેક દ્રવ્યનું સ્વક્ષેત્ર જુદુ છે.

(૩) **સ્વકાળ** : વર્તમાન વર્તતી પર્યાય એ આત્માનો સ્વકાળ છે. દરેક સમયની પર્યાય તે સમયનું સત્ છે, સ્વતંત્ર છે, પોતાની ષટ્કારકથી સ્વયં ઉત્પન્ન થાય છે. એટલે પરથી કોઈ અવસ્થા થાય એ વાત રહેતી જ નથી. નિગોદિયા જીવની નિગોદ દશા તે પણ તેનો સ્વકાળ છે, કર્મને લીધે નથી.

(૪) **સ્વભાવ** : તે તે સમયની પર્યાયમાં પરિણમતા જ્ઞાનાદિ ભાવે ત્રિકાળ રહે છે. વર્તમાન પર્યાયની સન્મુખ થયેલો ભાવ કાયમ રહે છે. ત્રિકાળ ટકનારો ભાવ તે આત્માનો સ્વભાવ છે. હવે આમાંથી સામાન્ય અને વિશેષની વાત વિચારવી.

| **સામાન્ય (નિશ્ચય)** | **વિશેષ (વ્યવહાર)** |
|---|---|
| (૧) એકરૂપ અભેદ ચૈતન્યપિંડ | અનંતગુણ પર્યાયોનો પિંડ |
| (૨) એક અખંડ દ્રવ્ય | અસંખ્ય પ્રદેશી |
| (૩) એક ત્રિકાળ દ્રવ્ય | સમયે સમયે વર્તતી પર્યાય |
| (૪) એક ત્રિકાળ ટકનારો શક્તિરૂપ ભાવ | સમયે સમયે પર્યાયમાં પરિણમતા આત્માના જ્ઞાનાદિ ભાવો |
| (આ દૃષ્ટિનો વિષય*છે) | સામાન્ય અને વિશેષ મળીને પ્રમાણજ્ઞાનનો વિષય બને છે. |

(દૃષ્ટિનો વિષય : નિજ કારણ પરમાત્મા - એક જ્ઞાયકભાવ-પરમપારિણાયિક ભાવ નિરપેક્ષ, કૃતકૃત્ય, નિજશક્તિઓથી પૂર્ણ, નિર્બાધ, નિર્ભય, નિર્મમ, સચ્ચિદાનંદ, શાશ્વત, અનંત વૈભવવાન, સ્વયં ભગવાન, જ્ઞાનમાત્ર, સહજ, સ્વચ્છ, સ્વાધીન, સુખધામ, પરભાવશૂન્ય અવ્યાબાધ, નિત્ય નિરંજન-ધ્યાનનો વિષય છે.)

## છ કારક

જે ક્રિયાના જનક હોય અર્થાત્ ક્રિયાને ઉત્પન્ન કરવાવાળા હોય તેને કારક કહે છે. કાર્ય ઉપરથી છ પ્રશ્નો ઉઠે છે.

૧. કર્તા કોને કહે છે ?

જે સ્વતંત્રતાથી પોતાના કાર્યને કરે તે કર્તા છે.

૨. કર્મ કોને કહે છે ?

કર્તા જે કાર્યને પ્રાપ્ત કરે છે, તે પરિણામ તેનું કર્મ છે,

૩. કરણ કોને કહે છે ?

કાર્યના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

૪. સંપ્રદાન કોને કહે છે ?

કાર્ય કરીને જેને દેવામાં આવે અર્થાત્ જેને માટે કાર્ય કરવામાં આવે છે તેને સંપ્રદાન કહે છે.

૫. અપાદાન કોને કહે છે ?

જેમાંથી કર્મ-કાર્ય કરવામાં આવે છે તેને અપાદાન કહેવામાં આવે છે.

૬. અધિકરણ કોને કહે છે ?

જેના આધારે કાર્ય કરવામાં આવે છે તેને અધિકરણ કહે છે.

સર્વ દ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છયે કારક એક સાથે વર્તે છે. તેથી આત્માની કે પુદ્ગલની શુધ્ધ કે અશુધ્ધ દશામાં આ છય કારકો સ્વયં પરિણમન કહે છે. અન્ય કોઈ કારકો કે કારણોની તેઓ અપેક્ષા રાખતા નથી.

આ છયે કારકો તત્ સ્વરૂપમાં જ હોય છે. એ કારકો અભેદ હોય છે. દ્રવ્યના ષટ્કારકો શક્તિરૂપે હોવાથી અવ્યક્ત છે. અપ્રગટ છે અને નિશ્ચય છે. પર્યાયના ષટ્કારકો વ્યક્તરૂપે હોવાથી તે પ્રગટ હોય છે, તે પરિણમનરૂપ છે. ઉત્પાદ-વ્યયરૂપ છે. તેથી જ ક્રિયા પર્યાયમાં થાય છે. વ્યક્તરૂપ હોવાથી કાર્ય પ્રગટ દેખાય છે. અનુભવી શકાય છે. દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. અકર્તા છે. પર્યાય એક સમયની ક્ષણિક ધ્રોવ્યરૂપ છે. આવું છ કારકોનું જ્ઞાન કરવું અનિવાર્ય છે.

## (૬) ઉપાદાન - નિમિત્ત

કારણ જેવું જ કાર્ય થાય છે. 'કારણ અનુવિધાયી કાર્યાણ'. કાર્યની ઉત્પાદ સામગ્રીને કારણ કહે છે. ઉત્પાદ સામગ્રી હંમેશા ઉપાદાન અને નિમિત્તના રૂપમાં હોય છે.

ઉપાદાન કારણ કોને કહે છે ? જે પદાર્થ સ્વયં કારણ-કાર્યરૂપે પરિણમે તેને ઉપાદાન કારણ કહે છે. ઉપાદાન ત્રણ પ્રકારે જોવા મળે છે.

૧. ધ્રુવ ઉપાદાન - સદ્ભાવરૂપ નિમિત્ત

૨. અનંતર ક્ષણવર્તી પૂર્વ પર્યાય-વ્યયરૂપ ઉપાદાન અર્થાત્ અભાવ નિમિત્ત,

૩. ક્ષણિક ઉત્પાદરૂપ ઉપાદાન તે વર્તમાન પર્યાય જેમાં કાર્ય થાય છે.

૧. ધ્રુવ ઉપાદાન : પર્યાયમાં કાર્ય થાય છે ત્યારે ત્યાં દ્રવ્ય અને પર્યાયને અવિનાભાવ સંબંધ છે.

૨. વ્યયરૂપ ઉપાદાન : અનાદિકાળથી પર્યાયોનો પ્રવાહ જે ચાલ્યો આવે છે તેમાં અનંતર ક્ષણવર્તી પૂર્વ પર્યાયને પણ ઉપાદાન કહે છે. કેમ કે તેનો અભાવ થાય છે પછી કાર્ય ઉત્પન્ન થાય છે.

૩. ક્ષણિક ઉત્પાદરૂપ ઉપાદાન : તે સમયની યોગ્યતા - પર્યાયની યોગ્યતા તે સમર્થ ઉપાદાન કારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે જ સાચું વાસ્તવિક કારણ છે.

યોગ્યતા જ કાર્યનું પ્રતિનિયામક કારણ છે. યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે. યોગ્યતા કાર્ય વખતે હોય જ છે એવો સિધ્ધાંત છે.

નિમિત્ત કારણ કોને કહે છે ? જે પદાર્થ સ્વયં કાર્યરૂપે ન પરિણમે પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના પર આરોપ આવી શકે તે પદાર્થને નિમિત્તકારણ કહે છે.

(અંતરંગ અને બહિરંગ...)

નિમિત્ત પણ બે પ્રકારે જોવામાં આવે છે. (૧) પ્રેરક (૨) ઉદાસીન...જ્યાં જ્યાં ઉપાદાન હોય છે ત્યાં ત્યાં નિયમથી નિમિત્ત હાજર હોય છે. ઉપાદાન તે નિશ્ચયકારણ છે. નિમિત્ત તે ઉપચાર - વ્યવહાર કારણ છે.

**સાર** : કાર્ય એક - કારણ ચાર - (૧) ત્રિકાળીધ્રુવ ઉપાદાન (૨) પૂર્વ પર્યાય વ્યયરૂપ ઉપાદાન (૩) વર્તમાન પર્યાય ક્ષણિક ઉપાદાન (૪) નિમિત્તો બાહ્ય અને અંતરંગ.

કોઈપણ કાર્ય વખતે પાંચ સમવાય સાથે હોય છે. (૧) સ્વભાવ, (૨) નિયતિ, (૩) કાળલબ્ધી, (૪) નિમિત્ત, (૫) પુરુષાર્થ.

## (૭) સંસાર અવસ્થામાં માત્ર ૨૧ ગુણની અશુદ્ધ પર્યાયો

| ગુણ | પર્યાય |
|---|---|
| ૧. જ્ઞાન | અજ્ઞાન |
| ૨. દર્શન | વિપરીત શ્રદ્ધા |
| ૩. ચારિત્ર | રાગ-દ્વેષ-મોહ |
| ૪. સુખ | દુઃખ |
| ૫. વીર્ય | ઉંધો પુરુષાર્થ |
| ૬. સુક્ષ્મત્ત્વ | નામ કર્મનો ઉદય છે તેનો અભાવ થતાં સુક્ષ્મત્ત્વ પ્રગટે છે. |
| ૭. અગુરુલઘુત્ત્વ | ગોત્ર કર્મનો અભાવ થતાં ઉચ્ચનીચ જાતીના ભવ મટે છે. |
| ૮. અવગાહ | સંસાર અવસ્થામાં આયુષ્યની પ્રાપ્તી થાય છે. (થયા કરે છે). |
| ૯. અવ્યાબાધ | શાતા-અશાતામાં આકુળતા થાય છે. |
| ૧૦. યોગ | પ્રદેશોના કંપનરૂપ અશુધ્ધતા હોય છે. |
| ૧૧. વસ્તુત્ત્વ | અપ્રયોજનભૂત ક્રિયા, સંસાર લાભ માટે અર્થક્રિયા થયા કરે છે. |
| ૧૨. દ્રવ્યત્ત્વ | વિભાવ અર્થ પર્યાયરૂપ દ્રવવું થાય છે. પર્યાયો બદલાતી જ રહે છે. |
| ૧૩. પ્રદેશત્ત્વ | વિભાવ વ્યંજન પર્યાય-નવા નવા આકારો થયા કરે છે. |
| ૧૪. ક્રિયાવર્તી શક્તિ | ક્ષેત્રથી ક્ષેત્રાંતરરૂપ ગતિ થયા કરે છે. |
| ૧૫. વૈભાવિક શક્તિ | પોતે સ્વયં પરમાં જોડાતા વિભાવભાવ પરિણતિ થાય છે. |
| ૧૬. કર્તા | પરના કર્તાપણારૂપ વિપરીતતા થાય છે. પરનો કર્તા છે નહિ. |
| ૧૭. કર્મ | પરના કાર્યને પોતાનું માનવારૂપ વિપરીતતા થાય છે. |
| ૧૮. કરણ | પરને સાધન માને છે. ખોટા સાધનને સત્ય સાધન માને છે. |
| ૧૯. સંપ્રદાન | પર્યાય પોતે જ પોતાને દાન દે છે તેને બદલે બાહ્યમાં દાન દેવાની કે દઈ શકવાની વિપરીત માન્યતા થાય છે. |

૨૦. અપાદાન — પર્યાય પોતે જ પોતાથી સ્વયં થાય છે. છતાં તે પરથી થાય છે એવી વિપરીત માન્યતા થાય છે.

૨૧. અધિકરણ — પર્યાયનો આધાર પર્યાય છે અને દ્રવ્ય પોતાના આધારે સદાય પર નિરપેક્ષપણે સદાય સ્થિત છે. છતાં પર પદાર્થના આધારની મિથ્યા માન્યતા ઉત્પન્ન થયા કરે છે.

એ સિવાયના અનંત ગુણોની વિશેષરૂપ અભિવ્યક પર્યાયો પણ ત્રિકાળ શુધ્ધ છે.

## (૮) પરમાગમ સાર

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહી.

(૨) દરેક દ્રવ્યનો પર્યાય ક્રમબધ્ધ થાય છે.

(૩) ઉત્પાદ, ઉત્પાદથી છે વ્યય કે ધ્રુવથી નથી.

(૪) ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

(૫) પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

(૬) ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવો પડતો નથી.

(૭) ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

(૮) ચારે અનુયોગનું તાત્પર્ય 'વીતરાગતા' છે.

(૯) સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

(૧૦) ધ્રુવનું આલંબન પણ વેદન નહીં અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં.

(૧૧) સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પ માત્ર વસ્તુ,
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના,
સ્વક્ષેત્ર એટલે આધાર માત્ર વસ્તુનો પ્રદેશ,
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો તે,
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,
પરકાળ એટલે એક સમયનો પર્યાય,
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ,
પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે).

(૧૨) પર્યાયનું કારણ પર્યાય જ છે,
પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે,
પર્યાયનું સુક્ષ્મત્ત્વ પર્યાયનું કારણ છે,
પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે,
પર્યાયનું પ્રદેશત્ત્વ પર્યાયનું કારણ છે.

## (૯) રત્નકણિકા

૧. આત્મા વિકારરૂપ થાય એવી આત્માની તાકાત નથી અને વિકાર આત્મારૂપ થાય એવી વિકારની તાકાત નથી.

૨. અનુભવ વખતે અતિન્દ્રિય આનંદ વેદાય છે, રાગ નહીં, માટે રાગ આત્મામાં નથી.

૩. રાગને મંદ પાડે તે ધ્યાન નથી, પરંતુ રાગને જુદો કરે રાગથી ભેદ પાડે તે ધ્યાન છે, ધર્મ ધ્યાન છે.

૪. જગતમાં પગલે પગલે સાવધાન રહેવું, અહીંયા ધર્મમાં પર્યાયે-પર્યાયે ભેદજ્ઞાન કરવું. ઉપયોગમાં રાગાદિનું વિભક્ત તે સમકિત.

૫. પોતાના ઉપયોગને ભેદજ્ઞાનની કળામાં જોડે તો, પ્રથમ આત્માની ઝાંખી થાય, પછી તે અનુમાન જ્ઞાનનો રસ પણ ઘટે અને અંતરસન્મુખ જ્ઞાનનો રસ વધે. તે અંતરસન્મુખ થયેલું જ્ઞાન આગળ વધીને અનુભવ કરે છે.

૬. ત્રિકાળી ધ્રુવના અવલંબે જે દશા પ્રગટ થાય તે ધર્મ છે. તે દશા પ્રગટવામાં કોઈપણ પરપદાર્થની કે પરભાવની જરૂર નથી. પોતાનો સ્વભાવ જ એવો છે કે તેનો આશ્રય કરતાં તેને જાણતાં ધર્મ પ્રગટ થાય.

૭. અનુમાન જ્ઞાનમાં આત્મા આવે તો પણ, તે કાળે તે અનુમાન જ્ઞાનનો નિષેધ વર્તવો જોઈએ કે તેનાથી અનુભવ થતો નથી, અનુભવ માટે તો પ્રત્યક્ષ અતિન્દ્રિયજ્ઞાન જ જોઈએ.

૮. આત્મા જ્ઞાન ઉપયોગને આધારે છે તેમ પ્રથમ અનુમાન આવે. પછી આત્મા ઉપયોગને આધારે આત્મા છે એવો ભેદપણ નાશ થઈ આત્મા આત્માને જ આધારે છે. તેવું અભેદ પરિણમન થતાં અનુભવ થાય છે.

૯. પર્યાયને દ્રવ્યમાં વાળવી-આ સમસ્ત આગમનો ટૂંકમાં સાર છે.

૧૦. અકર્તાપણું તે જૈનદર્શનની પરાકાષ્ટા છે. જૈન દર્શનનો સર્વોત્કૃષ્ટ સિધ્ધાંત છે.

૧૧. અકર્તાપણું સિધ્ધ કરવા માટે ક્રમબધ્ધનો સિધ્ધાંત લીધો છે. કેમ કે ક્રમબધ્ધ વગર અકર્તાપણું સિધ્ધ ન થાય અને અકર્તાપણા વગર જ્ઞાયક સિધ્ધ ન થાય.

૧૨. જે જ્ઞાને સર્વજ્ઞનો અને બધા દ્રવ્યોની અવસ્થા ક્રમબધ્ધ થાય છે, તેનો નિર્ણય કર્યો તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન થાય એ બંને જ નહીં. પૂર્ણ સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર પૂર્ણ જ્ઞાયકના આશ્રયે જ થાય. માટે સર્વજ્ઞને સ્વીકારનારથી દષ્ટિ જ્ઞાયક ઉપર ગયા વગર રહે જ નહીં.

## (૧૦) ક્રિયાનું સ્થાપન અને ઉત્થાપન

પ્રશ્ન : અધ્યાત્મને જાણનારા જ્ઞાનીઓ ક્રિયાને ઉથાપે છે. એ વાત સાચી છે?

સમાધાન : ના જ્ઞાનીઓ જ ક્રિયાનું સાચું સ્થાપન કરે છે.

(૧) જ્ઞાનીઓ જ શુદ્ધ જીવને, રાગાદિ વિકારને અને શરીરાદિ જડને યર્થાથ સ્વરૂપે જાણે છે. તેથી તેઓ જ સાચી સમજણ જ્ઞાન શ્રદ્ધા વગેરેને જીવની શુધ્ધ ક્રિયા તરીકે, અજ્ઞાન પુણ્ય-પાપાદિને જીવની વિકારી ક્રિયા તરીકે અજ્ઞાન, પુણ્ય-પાપાદિને જીવની વિકારી ક્રિયા તરીકે અને શરીરના હલન-ચલનાદિને જડની ક્રિયાપણે બરાબર સ્થાપે છે.

(૨) આ ત્રણ પ્રકારની ક્રિયામાં સાચી સમજણ વગેરેની ક્રિયા તે ધર્મ-ક્રિયા છે. અજ્ઞાના-પુણ્ય-પાપાદિની વિકારી ક્રિયા તે અધર્મક્રિયા છે. અને શરીરાદિ જડની ક્રિયા તે પરવસ્તુની ક્રિયા છે. પરવસ્તુની ક્રિયા સાથે જીવના ધર્મ-અધર્મને સંબંધ નથી. આમ ક્રિયાનું યર્થાથ સ્વરૂપ જાણવું તે જ ક્રિયાનું સ્થાપન છે.

(૩) જેઓ ક્રિયાનું જ સ્વરૂપ સમજે નહીં અને જડની ક્રિયાને જીવની માને, જડની ક્રિયા અઆત્મા કરે અથવા જડની ક્રિયાથી આત્માને લાભ-નુકશાન થાય એમ માને અથવા અધર્મની ક્રિયાને ધર્મની માને...તેઓ ક્રિયાનું ઉત્થાપન કરે છે.

(૪) અજ્ઞાનીઓને વસ્તુઓના યર્થાથ સ્વરૂપની ખબર નથી તેથી કઈ વસ્તુની કેવી ક્રિયા હોય...તે તેઓ જાણતા નથી. કોને ક્રિયાનું સ્થાપન કહેવાય અને કોને ક્રિયાનું ઉત્થાપન કહેવાય તે સમજાવવામાં આવે છે.

(૫) 'સાચી સમજાણરૂપ ક્રિયાથી ધર્મની શરૂઆત થાય છે પણ પુણ્યની ક્રિયાથી ધર્મ થતો નથી' એમ સમજવું તેમાં ધર્મની ક્રિયાનું ધર્મ-ક્રિયા તરીકે સ્થાપન છે અને અધર્મની ક્રિયાનું અધર્મ-ક્રિયા તરીકે સ્થાપન છે તેથી તે યર્થાથ છે.

(૬) 'પુણ્ય-ક્રિયાથી ધર્મ થાય' એમ માનવું તેમાં સમજણરૂપ ધર્મક્રિયાનું ઉત્થાપન છે અને અધર્મક્રિયાનું ધર્મ-ક્રિયા તરીકે સ્થાપન છે, તેથી તે માન્યતા મિથ્યા છે.

(૭) જીવને પોતાની ભાવ-ક્રિયાથી લાભ-નુકશાન થાય અને શરીરની ક્રિયાથી લાભ-નુકશાન ન થાય એમ સમજવું તેમાં જીવની ક્રિયાનું જડ-ક્રિયાપણે સ્થાપન છે. તે યથાર્થ છે.

(૮) જીવને પોતાની ભાવ-ક્રિયાથી લાભ-નુકશાન થાય અને શરીરની ક્રિયાથી પણ લાભ-નુકશાન થાય એમ માનવું તેમાં અજીવની ક્રિયાનું જીવપણે સ્થાપન છે તેથી તે મિથ્યા છે.

(૯) 'શરીરની ક્રિયા જીવ કરી શકે' એમ માનવું તેમાં જડની ક્રિયાનું ઉત્થાપન છે અને જીવની ક્રિયાનું જડપણે સ્થાપન છે તેથી મિથ્યાત્વ છે.

(૧૦) 'શરીરની ક્રિયા સ્વતંત્રપણે જ થાય છે, જીવ તેનો કર્તા નથી' એમ સમજવું તેમાં જડની ક્રિયાનું જડપણે સ્થાપન છે અને જીવની ક્રિયાનું જીવપણે સ્થાપન છે તે યર્થાથ છે.

**સાર :** 'ક્રિયા' એટલે પર્યાયનો ફેરફાર, પર્યાયનું બદલવું, ક્રિયાનું સ્વરૂપ જાણવા માટે વસ્તુનું સ્વરૂપ જાણવું જોઈએ.

આત્મદ્રવ્યમાંથી જ મોક્ષ-પર્યાય આવે છે. તેથી આત્માની ક્રિયાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર્યથી જ મોક્ષ થાય છે, પરંતુ વિકારની ક્રિયા કે શરીરની ક્રિયા મોક્ષનું કારણ નથી.

'આત્મામાંથી મુક્તિ થાય અને વ્રતાદિના શુભ વિકાર ભાવથી પણ મુક્તિ થાય' અમે માનવું તેમાં વિકારી ક્રિયા અને અવિકારી ધર્મ-ક્રિયાને એકપણે માની, તેથી તે એકાંત માન્યતા છે, મિથ્યા માન્યતા છે.

વ્રતધારી સંત મુનિને વ્રતનો જે શુભ વિકલ્પ ઉઠે છે તે આત્માની ધર્મ-ક્રિયા નથી પણ વિકારી ક્રિયા છે. એને ધર્મ માનવો એ મિથ્યા માન્યતા છે.

❋ ❋ ❋

# (૫) આત્મદર્શનની સંપૂર્ણ વિધિ

**(૧) મૂળમાં ભૂલ :** આચાર્ય ભગવંતોએ જીવને સૌથી પહેલાં અનાદિની ભૂલ બતાવી છે. સંસાર પરિભ્રમણનું - દુઃખનું સાચું કારણ પ્રથમ જાણવું પડશે. એક જ શબ્દમાં કહેવું હોય તો 'મિથ્યાત્ત્વ' એ જ સંસારનું કારણ છે. એ વાતને જુદી જુદી રીતે જોઈએ.

(અ) 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત...' આત્મસિધ્ધિ,

(બ) ક્ષમાપનાના પાઠમાં આ વાત, 'હે ભગવાન, હું બહુ ભૂલી ગયો....' હું જીવ સ્વરૂપ છું, આત્મ સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું, એ મારૂં સત્ સ્વરૂપ ભૂલી ગયો એ બહુ મોટી ભૂલ છે.

(ક) વીસં દોહરામાં પણ દોષ બતાવતા કૃપાળુ દેવ કહે છે, 'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું દિનાનાથ દયાળ, હું તો દોષ અનંતનું ભાજન છું કરૂણાલ.' 'શુધ્ધ ભાવ મુજમાં નથી-અનાદિથી શુભ-અશુભ ભાવોમાં જ રહ્યો છું એ જ મૂળમાં ભૂલ છે'.

(ડ) આત્મસિધ્ધિના ઉપસંહારમાં કહે છે, 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ...' તને આત્મા વિશે ભ્રાંતિ થઈ ગઈ છે. તારૂં સ્વરૂપ શું છે એ સંબંધી તને ભ્રમ થઈ ગયો છે.

(ઈ) અને એમના જ બહુ માર્મિક પદમાં સંપૂર્ણ માર્ગનો સાર બતાવતાં કૃપાળુ દેવ કહે છે, 'ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા, વિલય થતાં નહિ વાર'. આ મોહ એટલે મિથ્યાત્ત્વ અને વિકલ્પ એટલે રાગ-દ્વેષ.

જીવને અટકવાના સ્થાનો ઘણા છે એ વિચારવા જેવા છે.

(૧) **મિથ્યાત્ત્વ** : દેહમાં એકત્ત્વ બુધ્ધિ - (ભાસ્યો દેહ અધ્યાસથી આત્મા દેહ સમાન...)

(૨) **ઓઘ સંજ્ઞા** : અત્યાર સુધી જે કર્યું તે ઓઘે ઓઘે (યમ, નિયમ, સંયમ આપ કિયો)

(૩) **લોક સંજ્ઞા** : લોકભયથી કે લોકમાં સારૂં દેખાડવા ધર્મની પ્રવૃત્તિ કરવી.

(૪) **પુણ્યના લક્ષે** : પુણ્યથી ધર્મ થાય એ ઉપદેશ અનુસાર શુભ પ્રવૃત્તિ કરવી.

(૫) **નિમિત્તમાં અટકવું** : ગચ્છ, મત કે સંપ્રદાયની પ્રવૃત્તિ કે કુળગુરુમાં અટકવું.

(૬) **મંદ કષાયમાં** : બાહ્ય વ્રત, તપ, જપ, ક્રિયાકાંડ - કષાયની મંદતામાં અટકવું.

(૭) **ક્ષયોપશમ જ્ઞાનમાં** : માત્ર શાસ્ત્રોની જાણકારી, શબ્દ જ્ઞાનમાં, ચર્ચા, વાદવિવાદ અટકવું.

(૮) **માન કષાયમાં** : ક્ષયોપશમ જ્ઞાન અને મંદ કષાયનું અભિમાન...

(૯) **શુભ રાગમાં** : રાગથી ધર્મ થાય એમ માની શુભ ભાવમાં અટકવું...

**(૧૦) વિકલ્પમાં** : અંતે 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ધામ..., હું જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા છું'. એવા વિકલ્પોની જાળમાં અટકવું...

હવે આ બધાથી પર - નિર્વિકલ્પ આત્માનો અનુભવ તો કાંઈક જુદી જ વસ્તુ છે - તે જ સાધ્ય છે અને તેનું ધ્યેય જે ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા-પરમપારિણામિક ભાવ તેનો પ્રમોદ, પરીચય પ્રિતી, પ્રવૃત્તિ અને પ્રાપ્તિ (અનુભવ) જીવે ક્યારેય કર્યો નથી. આ બધું સમજીને જીવ ક્યાં અટક્યો છે તે નક્કી કરવું પડશે. તેનો સાર બતાવતા કૃપાળુ દેવ જણાવે છે, 'જીવના અનઅધિકારીપણાને લીધે અથવા તો સત્ પુરૂષની ઓળખાણ ન થવાને લીધે...' આ સંસાર પરિભ્રમણ અટક્યું નથી. **હવે આનો ઉપાય શું ?**

## (૨) સૌથી પ્રથમ પાત્રતા જોઈએ અને પછી અભ્યાસઃ તત્વનો - યર્થાથ નિર્ણય...

પાત્રતાના લક્ષણ બતાવતા કૃપાળુ દેવ કહે છે :-

'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.'
'વિશાળ બુધ્ધિ, સરળતા, મધ્યસ્થતા અને જિતેન્દ્રયપણું...'
'દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય...'
જીવની આવી પાત્રતા - યોગ્યતા થાય ત્યારે આવી દશા હોય...
'આવે જ્યાં એવી દશા, સદ્દગુરૂ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.'

સત્સંગ અને સ્વાધ્યાયના માધ્યમથી તત્ત્વનો અભ્યાસ અને વિચાર નિરંતર કરવો અને પછી તત્ત્વનો નિર્ણય કરવો પડશે. 'હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારૂં ખરૂં...', એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા તો સર્વ આત્મિક જ્ઞાનના સિધ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

વસ્તુનું જેવું સ્વરૂપ ભગવંતોએ બતાવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન કરી પોતાના સ્વરૂપનો નિર્ણય કરી એની શ્રદ્ધા કરવાની છે.

'હું આત્મા છું, હું જીવ સ્વરૂપ ચૈતન્ય છું, હું જ્ઞાન સ્વરૂપ છું, હું મોક્ષ સ્વરૂપ છું, હું સુખ સ્વરૂપ છું.'

''હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું''

હા, વર્તમાન અલ્પજ્ઞ અને રાગની અવસ્થામાં પોતાના સત્ સ્વરૂપનો આવો નિર્ણય કરવો પડશે. હું વર્તમાન અવસ્થામાં અત્યારે પરિપૂર્ણ છું એમ પૂર્ણતાના લક્ષે શરૂઆત કરવી એ જ વાસ્તવિક શરૂઆત છે. પ્રથમ શુધ્ધ દ્રવ્ય સ્વભાવની સ્થાપના કરવી પડશે જેને આપણા જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય, ધ્યાનનો ધ્યેય બનાવવાનો છે.

મોક્ષ શાસ્ત્રમાં પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહે છે અને હવે નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા આપતા જણાવે છે 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્' સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ જાણી તેમાંથી જીવ તત્ત્વને જુદો પાડી તેનું શ્રદ્ધાન કરવાથી આત્માનો અનુભવ-સુખનો અનુભવ સમ્યગ્દર્શન પ્રગટે છે. આવા સત્સંગ અને સ્વાધ્યાય નિયમિત કરવા અનિવાર્ય છે. આ મહાવરાને 'નેટ પ્રેક્ટીશ' કહેવામાં આવે છે. એ માટે ખાસ પ્રકારની રૂચી પ્રથમ થવી જોઈએ. રૂચિ એ પાત્રતાનું પ્રથમ લક્ષણ છે.

## (૩) હવે બીજું પગથિયું છે : 'ભેદજ્ઞાન' - 'રોજિંદુ જીવન'

જીવ જ્યારે પ્રયોગની ભૂમિકામાં આવે છે ત્યારે પ્રથમ ત્રણ લબ્ધિઓ પ્રાપ્ત કરીને આવ્યો છે. (૧) ક્ષયોપશમ લબ્ધિ, (૨) વિશુધ્ધિ લબ્ધિ અને (૩) દેશના લબ્ધિ. હવે જીવ પ્રાયોગિક લબ્ધિમાં આવે છે. હવે દરેક ઉદયના પ્રસંગે-પ્રસંગે પર્યાયે પર્યાયે ભેદજ્ઞાન કરવાનું છે. હું આ જે શુધ્ધાત્મા છું તે (૧) નોકર્મ - શરીરાદી જે સંયોગો છે તે પર પદાર્થો છે, (૨) દ્રવ્ય કર્મ-જ્ઞાનાવરણીય આદિ જે મુખ્ય આઠ કર્મો છે તે, (૩) ભાવકર્મ-જીવની પર્યાયમાં થતા રાગાદિ-વિકારી ભાવો એ બધાથી ભિન્ન છું. એમ ભેદજ્ઞાન કરીને દષ્ટિને ત્યાંથી ખસેડી પોતાના દ્રવ્ય સ્વભાવ પર દષ્ટિ કરવાની છે અને દષ્ટિના વિષયમાં તો પોતાની નિર્મળ પર્યાયથી પણ શુદ્ધાત્માને જુદો જોવાનો છે. 'હું સર્વથા સર્વથી ભિન્ન છું', અનુભવ વખતે દ્વૈતપણું વિલય પામે છે. દ્રવ્ય-પર્યાયનો ભેદ નથી રહેતો. વર્તમાન પર્યાય દ્રવ્ય સાથે અભેદરૂપે પરીણમી જાય છે. પર્યાય પોતાનું સર્વસ્વ દ્રવ્યને સમર્પિત કરી દે છે. 'છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ; નહિ ભોક્તા તું તેહનો એ જ ધર્મનો મર્મ. એ જ ધર્મથી મોક્ષ છે; તું છો મોક્ષ સ્વરૂપ.'

આ પદમાં અનુભૂતિની પૂર્ણ વિધિ બતાવી છે. આમાં સતત્ આત્મ-જાગૃતિનો ખ્યાલ આવે છે. 'સ્વરૂપના લક્ષે સાધના'. દરેક સમયે પોતાના આત્મસ્વરૂપનું ભાન રહેવું જોઈએ- 'હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું' બહાર જે કાંઈપણ બની રહ્યું છે તે સ્વતંત્ર, ક્રમબધ્ધ એની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે બની રહ્યું છે તેમજ મારી પર્યાયમાં પણ એમ જ છે. ક્યાંય કાંઈ ફેરફાર કરવાનું નથી. બધું સહજ સહજ સહજ હોય છે. આજ જ્ઞાતાદષ્ટા ભાવ - વિતરાગ ભાવ છે - સામ્ય ભાવ છે - આ જ સુખનો અનુભવ છે.

**(૪) આત્માનુભૂતિ :** આવી વીતરાગી દશાને આત્માનુભૂતિ કહે છે. આ આત્માનુભૂતિનો ક્રમ આ પ્રમાણે સમજવો.

(૧) સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણી તેનું શ્રદ્ધાન કરવું.
(૨) સાત તત્ત્વોનું સ્વરૂપ યથાર્થ જાણી તેનું શ્રદ્ધાન કરવું.
(૩) સ્વ-પરનું યથાર્થ સ્વરૂપ જાણી તેનું શ્રદ્ધાન કરવું.
(૪) સ્વનું શ્રદ્ધાન - પોતાના શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન કરવું.

**અનુભૂતિની રીત :** જ્યારે વર્તમાન જ્ઞાનની પર્યાય બધાથી-રાગાદિથી પણ ભિન્ન પડી પોતાના દ્રવ્ય સ્વભાવની પ્રતીતિ - લક્ષ કરી ત્યાં એક સમય માટે એકાગ્ર થાય છે (અવિચ્છિન્ન ધારાએ - ધારા તૂટ્યા વગર) તો આનંદના રસ સાથે આત્માનો અનુભવ થાય છે. આ જ સુખની અનુભૂતિનો એક માત્ર ઉપાય છે. પછી એની ઉગ્રતા વધતાં જ્યારે એ ધારા બે ઘડી એકાગ્ર થાય છે ત્યારે કેવળ જ્ઞાન પ્રગટે છે. પૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે અને ધર્મની પુર્ણાહૂતિ થાય છે. સાધ્યની સિધ્ધિ થાય છે.

'આત્મ ભાવન ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે !'
'બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ !'
'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.'
'અનુભવ ચિંતામણિ રતન, અનભુવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષ કો, અનુભવ મોક્ષ સ્વરૂપ.'

આવી અનુભૂતિની વાત માટે શબ્દો પૂરતાં નથી, એનું વર્ણન થઈ શકે એમ નથી. માત્ર અનુભવનો જ વિષય છે.

## (૫) હવે બાકીનું જીવન કેમ પસાર કરવું તેની છેવટની ભલામણો-

(૧) જ્ઞાયક આત્મા કેમ ઓળખાય ? આત્માનો અનુભવ કેમ થાય...?
સંપૂર્ણ જીવન આ કાર્યમાં બધી શક્તિઓથી લગાડવાનું છે.
'કામ એક આત્માર્થનું - બીજો નહિ મન રોગ',

(૨) 'છોડી મત, દર્શન, આગ્રહ તેમજ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે ભવ તેના અલ્પ.'

(૩) ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી ધગજ અને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.

(૪) ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ - ઔષધ વિચાર-ધ્યાન...

(૫) સૌથી પ્રથમ અંદર પુરૂષાર્થ કરવાનો છે-જ્ઞાન-શ્રદ્ધાન સાચા થવા જોઈએ અભિપ્રાયની ભૂલ પ્રથમ ટળે પછી રાગાદિ નીકળે-યથાર્થ નિર્ણય- ભેદજ્ઞાન અંદર જ્ઞાયક-દેવની આરાધના-બાહ્યમાં સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની આરાધના. સંપૂર્ણ જીવન ધર્મમય-વીતરાગ દશા-આનંદની સુખની દશા-બસ એ જ જીવન !'

❀ ❀ ❀

# ૬ પ્રયોજનની સિધ્ધિ

(૧) તત્ત્વજ્ઞાનની ત્રણ ભૂમિકા છે.

(૧) અભ્યાસની ભૂમિકા
(૨) નિર્ણયની ભૂમિકા
(૩) અનુભૂતિની ભૂમિકા

(૨) તત્ત્વજ્ઞાનની રુચિ થાય તો આત્માની લગની લાગે, રુચિ ત્યારે જ થાય કે જ્યારે સ્વરૂપનો મહિમા આવે સ્વનો મહિમા ત્યારે જ આવે કે જ્યારે પરનો મહિમા છૂટે. આ માટે વસ્તુસ્વરૂપ જેવું છે તેવું સમજાવું જોઈએ.

(૩) પ્રથમ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ બહુ જરૂરી છે. જેવું સાત તત્ત્વોનું સ્વરૂપ અરિહંત ભગવંતઓ બતાવ્યું છે એમ જાણવું પડશે. પ્રથમ ગ્રહણ-ત્યાગ, ઉપાદેય-હેય-જ્ઞેય જેમ છે તેમ જાણવું પડશે. પ્રથમ અભ્યાસ, પછી નિર્ણય અને પછી અનુભૂતિ. આ ક્રમ છે.

(૪) પ્રયોજન શું છે ? સુખની પ્રાપ્તિ. સુખ એ અનુભૂતિનો વિષય છે. જૈન દર્શનમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેનું તાત્પર્ય 'વીતરાગતા' છે. વીતરાગતા કેમ પ્રગટ થાય ?

પરમ વીતરાગ સ્વરૂપ એવો પોતાનો ધ્રુવ જ્ઞાયક આત્મા એ ધ્યેય છે એનું ધ્યાન કરવાથી ધ્યેય જેવું જ રૂપ ધ્યાનમાં પ્રગટ થાય છે. ધ્યાન કરનાર પર્યાય છે.

પર્યાયની વિશેષતા એ છે કે એ પામરમાંથી પરમાત્મા બને છે.

(૫) ત્રિકાળી જ્ઞાન જે છે તેને પર્યાયમાં ત્રિકાળ કરવો એ જ પરમબોધ છે. પર્યાયમાં પ્રગટ થાય - વ્યક્ત થાય એ પરમ બોધ છે. એ ધર્મ છે. ધર્મની શરૂઆત છે. એક સમયની અનુભૂતિની પર્યાયથી ધર્મની શરૂઆત થાય છે. ધર્મની જ્યાંથી શરૂઆત થાય છે એ ચોથું ગુણસ્થાન એ પોતે જ સૂક્ષ્મ છે. એ સમ્યગ્દર્શનથી જ સૂક્ષ્મતાની શરૂઆત થાય છે. એવા સમ્યગ્દર્શનના વિષયને પકડવા માટે તીક્ષ્ણ બુધ્ધિ જોઈએ અને ઉપયોગ પણ સૂક્ષ્મ જોઈએ. તીક્ષ્ણતા આવરણને તોડવાનું કામ કરે છે; અને સૂક્ષ્મ ઉપયોગ અંદર પ્રવેશવાનું કાર્ય કરે છે. જિનવાણી પામવા માટે એક વિશિષ્ટ પ્રકારની પાત્રતા ઉભી કરવી પડે છે. જિનશાસન એ જીવન જીવવાનો વિષય છે.

જેણે જીવનને આત્મસ્વરૂપ જાણવામાં લગાડ્યું છે એ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે, મહાભાગ્યવાન છે. સર્વ સમર્પણ, પૂરી નિવૃતિ, સતત મનન-ચિંતન-ઘૂંટણ.

(૬) આ વાતનો સામાન્ય ક્રમ આ પ્રમાણે પડે છે.

(૧) પ્રથમ પ્રમાણ જ્ઞાન જન્મ લેશે. દ્રવ્ય-ગુણ-પર્યાય....
(૨) પછી સમ્યક્ નય પ્રગટ થશે. નિશ્ચય - વ્યવહાર
(૩) પછી મુખ્ય-ગૌણ કરશે. મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર
(૪) જીવ પક્ષમાં આવશે. શુભ-અશુભ ભાવ છુટશે.
(૫) શુદ્ધ નયનો પક્ષ ગ્રહણ કરશે.
(૬) નય છે તે બધી સાક્ષેપ હોય છે તેથી હવે અનેકાન્ત પ્રગટ થશે.
(૭) પછી પક્ષાતિક્રાન્ત થશે. પક્ષપાત છૂટી જશે.
(૮) પછી નયાતિક્રાન્ત થશે. નયનો પક્ષ છૂટી જશે.
(૯) હવે સમ્યક્ એકાંતમાં નિયમથી જશે. યથાર્થ નિર્ણય
(૧૦) સ્વરૂપમાં ઠરી જશે. (ભેદજ્ઞાન, એકાગ્રતા)
(૧૧) પર્યાય દ્રવ્યમય તદ્દરૂપ થઈ જશે. (અનુભૂતિ)

'દ્રવ્ય જ હું છું' એવું સ્થાપન કરતી પર્યાય એકાગ્ર થઈ જાય છે, તદ્દરૂપ થઈ જાય છે ત્યારે જ ધ્યાન સિધ્ધ થાય છે. 'હું જ જ્ઞાયક છું' એમ જ્ઞાનપૂર્વક તદ્દરૂપ તન્મય થઈને પર્યાય અભેદ પરિણમન કરે છે ત્યારે અનુભૂતિ થાય છે.

હવે બહારની સન્મુખતા તૂટી. પર્યાયને પર્યાયની પણ સન્મુખતા પણ તૂટી. હવે વિકલ્પ તૂટ્યા. નિર્વિકલ્પદશા થઈ. હવે ત્યાં દ્વૈત નથી. અદ્વૈત ચૈતન્યમાત્ર છે. હવે ત્યાં કોઈ દ્રવ્ય છે... કોઈ ગુણ છે... કે કોઈ પર્યાય છે એવા ભેદ રહેતા નથી. હવે ધ્યાતા-ધ્યાન-ધ્યેય, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એકમેક વિલસી રહ્યા છે. અંદરનો વૈભવ જુએ તો અંદર તદ્દરૂપ પરિણમન કર્યા વગર રહે નહિ.

પર્યાય પર્યાય મટી જાય ત્યારે, ત્યાં વેદન આવે છે. પર્યાયમાં પર્યાયની તન્મયતા સધાય છે, પણ એ તન્મયતાવાળી પર્યાય ત્રિકાળીમય થઈને પરિણમી રહી છે. પર્યાયમાં જ્ઞાયક જણાય છે. ક્ષણિક સત્ છે એ પોતાનું વિસર્જન કરી ત્રિકાળસતરૂપે પોતાનું નવસર્જન કરે છે. જેવો ત્રિકાળી છે એવું વર્તમાન બની જાય છે. જેવો વીતરાગસ્વરૂપ, સુખસ્વરૂપ ત્રિકાળ છે તેવું વર્તમાન બની જાય છે.!

પર્યાય ભગવાન બની જાય છે, આત્મા બની જાય છે... એ પરમાત્મા છે.

(૧૨) આત્મપ્રદેશે આનંદ પ્રગટ થશે.
આજ વિધિ છે. બીજા કોટિ ઉપાય ફોગટ જશે. દુઃખ જ ઊભું રહેશે.

(૧૩) સૌથી પ્રથમ આ પ્રશ્ન ઉભો થશે. ''અનાદિના અજ્ઞાની જીવને (મિથ્યાદષ્ટિને) સમ્યગ્દર્શન પામ્યા પહેલા... તો એકલો શુભ વિકલ્પ જ હોય ને ?''

આનો ઉત્તર જ્ઞાની ગુરૂના શબ્દોમાં, ''ના. એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે **આત્મ સ્વભાવના મહિમાનું લક્ષ** પણ કામ કરે છે; તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધતો. રાગ તરફનું જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું ત્યાં (સવિકલ્પ દશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો પણ રાગના અવલંબન વગરનો સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ ત્યાં કામ કરે છે અને તેનો જોર આગળ વધતો... વધતો પુરૂષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત તે જીવ સમ્યગ્દર્શનને પામી જાય છે.

(૧૪) જ્ઞાન તો એને કહેવાય જેમાં વેદન હોય. ત્રિકાળીને જાણે તે જ્ઞાન. બાકી બધું અજ્ઞાન.... પરને જાણતા ક્ષયોપશમ જ્ઞાનની કોઈ કિંમત નથી. પર્યાય પોતાના અસ્તિત્ત્વની સ્થાપના કરતી હંમેશાં ઉત્પન્ન થાય છે. એ બહારમાં અસ્તિત્ત્વની સ્થાપના કરે તો તે પર્યાય અશુધ્ધ કહેવાય છે અને સ્વ. સન્મુખ થઈને દ્રવ્યમાં નિજ અસ્તિત્ત્વની સ્થાપના કરે તો તેને શુદ્ધ પર્યાય કહેવાય છે. આમ બહિર્મુખતા અને અંતર્મુખતા છે. સન્મુખ એટલે અસ્તિત્ત્વની સ્થાપના. પર્યાય ધ્રુવ દ્રવ્યમાં પોતાનું અસ્તિત્ત્વ સ્થાપતી પ્રગટ થાય છે ત્યારે તે પર્યાય પોતાનું પર્યાયત્ત્વ છોડી દે છે અને 'હું જ ધ્રુવ દ્રવ્ય છું', એમ તદ્રૂપ થઈ જાય છે. એમ પરિણમી જાય છે. બસ ! અહીં વેદન આવે છે.'

નિઃશંકતા.... નિર્ભયતા.... નિઃસંગતા....નિશ્ચિંતતા.... માત્ર જ્ઞાતા....
પર્યાય બધાથી ઉદાસીન થઈ જાય છે...
'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પામે... વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ.'
'ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર:
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.'

ધ્યાનની પર્યાય પરિણમન પામતી હોવા છતાં એમ કહે છે કે, 'હું તો ધ્યેયરૂપ પરિપૂર્ણ વસ્તુ છું' આમ સમ્યક્ એકાંત જ કરવું પડશે. વસ્તુ અનેકાન્તથી સિધ્ધ થાય છે, સમ્યક્ એકાંતથી તેની પ્રાપ્તિ થાય છે.

(૧૫) જેનું જે જ્ઞાન હોય તેને તે જાણે નહીં અને પરને હું જાણું છું એવો ભ્રામક ભાવ ઉભો થાય છે એ ભ્રમને નામ આપવામાં આવે છે. અજ્ઞાન-મિથ્યાત્ત્વ એ જ સંસારનું મૂળ છે.

દૃષ્ટિના જોરવાળો સત્સંગ જેને મળતો નથી.... તે શાસ્ત્રોમાં રોકાઈ જશે. અજ્ઞાનને જ્ઞાન માની લેવાની ભયંકર ભૂલ તે કરશે. જ્ઞાનનું કાર્ય શું ? માત્ર જાણવું.... ના, શ્રદ્ધાનપૂર્વક જાણવું તે જ્ઞાનનું ખરૂં કાર્ય છે. વ્યવહારમાં પણ જે પુત્ર-પિતાની આજ્ઞા માને તેને પુત્ર કહેવામાં આવે છે. પર્યાય દ્રવ્ય દૃષ્ટિ કરે છે એનો અર્થ એમ છે કે દૃષ્ટિની પર્યાય તો હું ખંડ નહીં, પણ અખંડ દ્રવ્ય છું એમ પરિણમી જાય છે. સમ્યગ્દર્શનની પર્યાય એના સ્વકાળે આવશે. એ તરફ ન જો, તું પોતે જ મોક્ષ સ્વરૂપ છો. સ્વભાવ જો, સંયોગ નહીં. તું તો સદાય જયવંત પ્રત્યક્ષ અદ્વૈત ચૈતન્ય છો.

અંતિમ શ્વાસ સુધી આમ જીવ્યે જા: પળે પળે જાગૃતતા - ભેદજ્ઞાન.

(૧૬) જ્ઞાનની પર્યાયમાં જ્યારે જ્ઞાનની પર્યાય જણાતી બંધ થઈ જાય છે ત્યારે આખો જ્ઞાયક જણાય છે. અભેદ પરિણમનની વાત છે. ચેતના સર્વસ્વ એવો હું જ આખો જ્ઞાયક-દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત હું જ-જ્ઞાયક છું, હું પર્યાય નથી. શુભથી હઠીને આમ શુદ્ધ થવાય છે. સ્વ.-સંવેદન ત્યારે આવે છે કે જ્યારે પર્યાય દ્રવ્ય સાથે એકમેક તદ્રૂપ થઈને અંદર અંતરમુખ પરિણમી જાય છે.

ભગવાન આત્મા એના નિર્ણયાત્મક જ્ઞાનમાં આવ્યો, એના ભાવમાં આત્મા જેવો છે તેવો ભાસ્યો અને તદ્રૂપ પર્યાય પરિણમી જાય તે મય-પર્યાય પરિણમી એનું નામ અંતરમુખતા છે.

જ્ઞાનનું પરિણમન જ્ઞાયકમય થયું એ જ્ઞાન એકાંત સ્વપ્રકાશક જ છે. જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે.

જ્ઞાન જ્ઞાનમાંથી ઉઠે છે, તો ઉકેલ આવે છે, એ અંતરપરિણમન છે. એવું પરિણમન થતાં વેદન આવે છે. વેદન છે તો આનંદ છે. આ અભેદ પરિણમનની વાત છે. પર્યાય અપરિણામી થઈને પરિણમી રહી છે.

પર્યાય સર્વ તરફથી સમસ્ત પ્રકારે પોતાનો ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા છે એમાં પોતાનું સર્વ અસ્તિત્વ સ્થાપિત કરીને પરિણમી જાય છે.

આહા ! આવું ભાવભાસનપૂર્વકનું જે પરિણમન થઈ જાય છે ત્યારે ત્યાં આ પર્યાય છે અને આ દ્રવ્ય છે એવું દ્વૈત ત્યાં રહેતું નથી. આનંદ આવી રહ્યો છે એવો ભેદ પણ અસ્ત પામી ગયો છે. બસ ! પ્રત્યક્ષ આનંદનું વેદન વેદાઈ રહ્યું છે. મહિમા આવેતો રૂચિ અંતમુર્ખ થાય આમ પ્રતીતિપૂર્વક અંદરનું પરિણામ એ પુરુષાર્થ છે.

(૧૭) જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે. આ-બાલ-ગોપાલ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્ત્વ કરતો થકો 'જાણનાર જણાય છે' તેમ નહીં માનતાં; રાગાદિ પર જણાય છે એમ

અજ્ઞાની પર સાથે જાણતો માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી. અને જ્ઞાની તો, ''આ જાણનાર જણાય છે તે જ હું છું'' એમ જાણનાર જ્ઞાયકને એકત્ત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાન કળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

(૧૮) પ્રતીતિપૂર્વક અંદરનું પરિણમન એ પુરૂષાર્થ છે. ધ્યાન કરનારી પર્યાય એમ ધ્યાવે છે કે હું તો ધ્યેય છું... અ હા હા ! ત્યારે ધ્યાનની સિધ્ધિ થાય છે-પ્રયોજનની સિધ્ધિ થાય છે-સુખની અનૂભૂતિ થાય છે.

(૧૯) તરવાની ચોપડી વાંચવાથી તરતા નહીં આવડે, એ ડૂબશે.

વાતો કરવાથી વડા ન થાય. એ પ્રયોગ કરવો પડે.

શાસ્ત્ર જ્ઞાનથી ઉકેલ આવે તેમ નથી.

શબ્દ જ્ઞાનથી અનુભૂતિ નહીં થાય. શાસ્ત્ર અને શબ્દ એ પર છે.

સમ્યગ્દર્શનની સન્મુખતા રહેશે ત્યાં સુધી પણ સમ્યગ્દર્શન નહીં થાય.

એ તો પરિણામ તરફ લક્ષ જાય છે. પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉપજતી નથી.

જ્ઞાયક ત્રિકાળી ભગવાનનું લક્ષ થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે.

અરે ! ધ્રુવ દ્રવ્યને ચિંતનનો વિષય બનાવે ત્યાં સુધી પણ
સમ્યગ્દર્શન નહીં થાય. પણ 'હું જ ધ્રુવ દ્રવ્ય છું' એવું અભિન્ન
તાદાત્મ્ય પરિણમન થશે ત્યારે સમ્યગ્દર્શન થશે.

જ્યાં સુધી ભેદ રહે છે ત્યાં સુધી અભેદમાં નહીં જવાય. ગુણના આશ્રયે પણ ભેદના વિકલ્પ ઉઠે છે.

(૨૦) આ તત્ત્વજ્ઞાન અદ્‌ભૂત અને અપૂર્વ પુરૂષાર્થ માંગે છે. અનાદિ કાળથી આ જીવને પરનો સ્વીકાર વર્તી રહ્યો છે. ત્યાંથી લક્ષ હટાવીને ત્રિકાળી સ્વનું લક્ષ કરવાનું છે. આવો સ્વીકાર એ પુરૂષાર્થ છે. નિર્વિકલ્પ, નિર્લેપ, નિરપેક્ષ, પરિપૂર્ણ, અખંડ, અભેદ, એક-સદાય શુદ્ધ-શુધ્ધ એવો અનાદિ ધ્રુવ આત્મા એનું લક્ષ કરવાથી સમ્યક્ત્વ પ્રગટે છે. એ દષ્ટિનો વિષય છે, શ્રદ્ધાનું શ્રધ્ધેય છે, જ્ઞાનનું જ્ઞેય છે, ધ્યાનનો ધ્યેય છે. નિર્વિકલ્પ દ્રવ્ય સ્વભાવનું ધ્યાન કરવાથી વિકલ્પો વિરામ પામે છે. પર્યાય નથી તો રાગ નથી. રાગ નથી તો વિકલ્પો નથી. માત્ર વીતરાગતા જ છે. એક માત્ર આનંદ ! આનંદ !! આનંદ જ છે !!! અનુભૂતિનો આ કાળ છે. અસંખ્ય પ્રદેશે આનંદના ફૂવારા ઊડી રહ્યા છે, સુખનો સાગર.. રત્નોનો ભંડાર એના હાથમાં આવી ગયો... આવી નિર્વિકલ્પ અનુભૂતિની દશા સર્વેને પ્રગટ થાઓ એ ભાવના.

❀ ❀ ❀

# (૭) જૈનશાસન શું છે ?

જે પુરૂષ શુદ્ધ આનંદઘન ચૈતન્યસ્વરૂપ આત્માને અબધ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, નિયત અને અસંયુક્ત દેખે છે એટલે કે અંતરમાં અનુભવે છે તે સર્વ જિનશાસનને દેખે છે. સમસ્ત જૈન શાસનનું રહસ્ય તે આત્માએ જાણી લીધું.

ભગવાન આત્મા નિત્ય મુક્ત સ્વરૂપ શુભાશુભભાવ રહિત, ત્રિકાળ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે. એવા આત્માનો ભાવશ્રુતજ્ઞાનથી અનુભવ કરવો એ અનુભવ શુધ્ધોપયોગ છે. એ વીતરાગી પર્યાય છે અને એ જ જૈન ધર્મ છે. વીતરાગી દશા તે જૈન શાસન છે, એ જ ધર્મનું રહસ્ય છે.

(૧) અનન્ય - દેહથી ભિન્ન (નોકર્મ)
(૨) અબધ્ધસ્પૃષ્ટ - પરથી ભિન્ન (દ્રવ્યકર્મથી ભિન્ન)
(૩) અસંયુક્ત - રાગથી - વિકારીભાવોથી ભિન્ન (ભાવકર્મથી ભિન્ન)
(૪) નિયત - પર્યાયોથી પર (ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવોથી ભિન્ન)
(૫) અવિશેષ - અભેદ- ગુણભેદથી ભિન્ન

આ રીતે શુદ્ધ નયના વિષયભૂત ભગવાન આત્માને યુકત પાંચ વિશેષણોથી કેમ કોનાથી ભિન્ન છે એ બતાવવામાં આવ્યો છે

## આ જૈન શાસન અર્થાત્ અનુભૂતિ તે શું છે ?

શ્રુતજ્ઞાન પોંતે આત્મા છે. ભાવ શ્રુતજ્ઞાન-શુદ્ધોપયોગથી જે આત્માનો અનુભવ થાય એ આત્મા જ છે. સ્વરૂપની વીતરાગ સ્વસંવેદનદશા-પ્રત્યક્ષી જ્ઞાનની અનુભૂતિ જે પ્રગટ થઈએ આત્મા જ છે. રાગાદિ જે છે આત્મા નથી, અનાત્મા છે. ધર્મીને પણ અનુભૂતિ પછી જે રાગનો અંશ બાકી છે તે અનાત્મા દ્રવ્યશ્રુતમાં આ જ કહ્યું છે અને એ જ અનુભવમાં આવ્યું. માટે જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. કેમ કે ભાવશ્રુતમાં જે ત્રિકાળી વસ્તુ જણાઈ તે વીતરાગ સ્વરૂપ છે અને એની અનુભૂતિ જે પ્રગટ થઈ તે પણ વીતરાગ પરિણતિ છે. ભગવાન આત્મા ત્રિકાળ મુકત સ્વરૂપ જ છે. એનો પર્યાયમાં અનુભવ થવો એ ભાવશ્રુતજ્ઞાન છે, શુધ્ધોપયોગ છે. અનુભૂતિમાં પૂરા આત્માનો નમૂનો આવ્યો માટે આત્મા જ છે. તેથી દ્રવ્યની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો એક જ ચીજ છે. સર્વજ્ઞ સ્વભાવી આત્મા એકલો જ્ઞાનસ્વભાવી છે અને એની અનુભૂતિ જ્ઞાનસ્વરૂપ જ છે.

જ્ઞાનની પર્યાયમાં એકલા જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનનું વેદન થવું અને શુભાશુભ જ્ઞેયાકાર જ્ઞાનનું ઢંકાઈ જવું તેને સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કહે છે અને

એ પ્રમાણે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવતાં જ્ઞાન-આનંદ સહિત પર્યાયમાં અનુભવમાં આવે છે. જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસકત છે તેમને આનંદનો સ્વાદ આવતો નથી. ચૈતન્યસ્વરૂપ નિજ પરમાત્માની જેમને રૂચિ નથી એવા અજ્ઞાની જીવો રાગ કે પરજ્ઞેય છે, તેમાં આસકત છે. વ્રત, તપ, દયા, દાન, પુજા, ભક્તિ એવા જે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે તેમાં જેઓ આસક્ત છે, શુભાશુભ વિકલ્પોને જાણવામાં જેઓ રોકાયેલા છે એવા જ્ઞેય-લુબ્ધ જીવોને આત્માના અતિન્દ્રિય જ્ઞાન-આનંદનો સ્વાદ આવતો નથી. શુભરાગની-પુણ્યભાવની જેમને રૂચિ છે તેમને આત્માના આનંદનો સ્વાદ આવતો નથી. અજ્ઞાનીને વસ્તુ પ્રત્યે જે રાગ છે તેનો સ્વાદ આવે છે, વસ્તુનો નહીં. વસ્તુ પ્રત્યે રાગમાં આસક્ત અજ્ઞાની જીવને રાગનો સ્વાદ આવે છે અને તે આકુળતામય છે, અધર્મ છે. આત્માનો સ્વાદ તો અનાકુળ આનંદમય છે.

"વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પામે વિશ્રામ;
રસ સ્વાદન સુખ ઉપજૈ, અનુભવ યાકૌ નામ."

વસ્તુ જે જ્ઞાયકસ્વરૂપ તેને જ્ઞાનમાં લઈ અંતરમાં ધ્યાન કરે છે તેને મનના વિકલ્પો, રાગ વિશ્રામ પામે છે, મન શાંત થઈ જાય છે ત્યારે અતિન્દ્રિય આનંદના રસનો સ્વાદ આવે છે. અનાકુળ સુખનો સ્વાદ આવે છે તે અનુભવ છે.

"અનુભવ ચિંતામાણી રતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ."

જ્ઞેયોમાં આસકત છે તે ઈન્દ્રિયોના વિષયોમાં આસકત છે. જે પદાર્થો ઈન્દ્રિયો વડે જાણવામાં આવે છે તે ઈન્દ્રિયોના વિષયો છે. પાંચ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો ત્રણેને ઈન્દ્રિય ગણવામાં આવી છે. એ ત્રણેને જીતીને એટલે કે તેમના તરફનો ઝુકાવ-રૂચિને છોડીને એનાથી અધિક અર્થાત્ ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને-અતિન્દ્રિય ભગવાનને જે અનુભવે છે તે જૈન શાસન છે.

*પોતાના સ્વજ્ઞેયમાં લીન છે એવી આ અનુભૂતિ-શુધ્ધોપયોગરૂપ પરિણતિ તે જૈનશાસન* છે. રાગનો સ્વાદ, રાગનું વેદન અનુભવમાં એ જૈન શાસનની વિરૂધ્ધ છે તેથી અધર્મ છે.

શુભક્રિયા કરવી, એ શુભભાવ કરતાં-કરતાં વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થશે એવી માન્યતા મિથ્યાત્ત્વ છે. એનાથી જુદું શુભાશુભ રાગથી ભિન્ન અંતર આનંદકંદ ભગવાન આત્માને જ્ઞેય બનાવી જ્ઞાયકના જ્ઞાનનું વેદન કરવું એ જિનશાસન છે, ધર્મ છે. આ અનુભૂતિને જ જૈન શાસન કહેવામાં આવ્યું છે.

**સારાંશ :**

*(૧) આત્મા જે ત્રિકાળી વસ્તુ છે એ જિનસ્વરૂપ જ છે.* જિનવરમાં અને આત્મામાં કાંઈ ફેર નથી.

(૨) પ્રત્યેક આત્માનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળી આવો જ એકરૂપ છે. જે ભગવાન થયા તે આવા આત્માનો પૂર્ણ આશ્રય કરી નિર્મળ પર્યાય પ્રગટ કરીને થયા છે.

(૩) શુધ્ધોપયોગ વડે જિનસ્વરૂપ ભગવાન આત્મામાં રમણતા કરવી...' એને જાણવો-માનવો-અનુભવવો એને જૈન શાસન કહ્યું છે

(૪) આ જૈન શાસન પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. આ પૂર્ણ જિનસ્વરૂપ આત્માને ગ્રહણ કરનાર શુધ્ધોપયોગ એ જ જૈનશાસન છે. પરમેશ્વરનો પરમમાર્ગ છે.

(૫) જેણે આવા આત્માને આવી રીતે જાણ્યો નથી એણે કાંઈપણ જાણ્યું નથી. આત્મ પદાર્થનું વેદન-અનુભવ-પરિણતિ એ જૈનશાસન છે.

(૬) પર્યાયદષ્ટિમાં આત્માને બધ્ધસ્પૃષ્ટ, અન્યઅન્ય, અવસ્થારૂપ, અનિયત, ભેદરૂપ અને રાગરૂપે દેખે છે એ જૈન શાસન નથી.

(૭) દયા, દાન, ભક્તિ, પુજા, વ્રત પાળે એ કાંઈ જૈન શાસન નથી, કે જૈન ધર્મ નથી. એ તો બધા રાગ ભાવ છે.

(૮) અંતરમાં એકરૂપ પરમાત્માતત્ત્વ સામાન્ય સ્વભાવ જે નિર્લેપ ભગવાન છે એને જાણવો-એની પ્રતીતિ-શ્રધ્ધા અને રમણતા કરવી-એવો જે શુધ્ધોપયોગ છે તે જૈન શાસન છે.

(૯) આ જૈન શાસન બાહ્યદ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. દ્રવ્યશ્રુત અબધ્ધસ્પૃષ્ટ આત્માના સ્વરૂપને નિરૂપે છે. ભાવશ્રુત આત્માનો અનુભવ કરે છે.

(૧૦) દ્વાદશાંગજ્ઞાન વિકલ્પ છે. શુધ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. વીતરાગી શુધ્ધાત્માને અનુસરીને જે અનુભવ થાય એ અનુભૂતિ મોક્ષમાર્ગ છે.

(૧૧) સર્વજ્ઞ સ્વભાવનો અનુભવ જે શુધ્ધોપયોગ એ જૈન શાસન છે. વ્યવહાર કે રાગ જૈન શાસન નથી.

(૧૨) જૈન ધર્મ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે. શુધ્ધનયના વિષયામૃત *ચૈતન્યસામાન્ય ત્રિકાળી દ્રવ્યનો અનુભવ કરવો તેને અહીં જૈન શાસન કહે છે.*

## જીવનું સાચું જીવન

(૧) પોતાના ચૈતન્યજીવનથી ત્રિકાળ જીવે અને ચૈતન્યસ્વભાવમાં સ્વસન્મુખ થઈ મોક્ષને સાધીને સાદિ અનંતકાળ સિધ્ધ દશાનું આનંદમય જીવન જીવે એ જ આત્માનું સાચું જીવનચરિત્ર છે.

(૨) શુદ્ધ ચૈતન્યભાવ પ્રાણરૂપ જીવન ત્રિકાળ છે.

(૩) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે નહિ. તારા આત્માને પર સાથે તો કાંઇ સંબંધ નથી.

(૪) પોતાનું દ્રવ્ય અને પોતાની અવસ્થા (પર્યાય) એ બે અંશો વચ્ચેની બધી રમત છે. તેમાં જે દ્રવ્યઅંશ છે તે ધ્રુવ છે-ધ્રોવ્ય છે અને પર્યાય અંશ ઉત્પાદ-વ્યયરૂપ છે.

(૫) ધ્રુવમાં આવરણ કે અશુધ્ધતા ન હોય, તે નિરાવરણ શુધ્ધ એકરૂપ છે. અશુધ્ધતા, શુધ્ધતા, બંધન અને મોક્ષ એ પર્યાયમાં છે.

(૬) ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માનું ત્રિકાળી સ્વરૂપ પારિણામિક - પરમભાવરૂપ છે. અનંત ગુણ સહિત ત્રિકાળ. ટકતું જીવતત્ત્વ તે પરમભાવ છે. તેના આશ્રયે મોક્ષમાર્ગ ખૂલે છે. જીવના અનંતગુણો ત્રિકાળ પારિણામિક ભાવે છે. અભેદ એવા એક પરમભાવને ધ્યાવવો-અનુભવવો તે મોક્ષમાર્ગ છે.

(૭) મોક્ષમાર્ગ ત્રણભાવરૂપ છે; મોક્ષ એક ક્ષાયિકભાવરૂપ છે, બંધ તે ઉદયભાવરૂપ છે અને બંધ-મોક્ષ વગરનો પારિણામિક ભાવ છે.

(૮) દ્રવ્ય અપેક્ષાએ જોતાં એકરૂપ વસ્તુ છે તેમાં પરિણમન નથી; પરિણમન તો પર્યાય અપેક્ષાએ છે.

(૯) અનાદિ-અનંત એકરૂપ ધ્રવભાવ તે નિશ્ચય અને મોક્ષમાર્ગ વગેરે પર્યાયભેદો તે વ્યવહાર.

(૧૦) બંધને ટાળું ને મોક્ષ કરું-એવા વિકલ્પોમાં આકુળતા છે, સહજ એક જ્ઞાયકભાવ-પરમસ્વભાવ કે જે બંધ-મોક્ષ રહિત છે, તેમાં ઉપયોગને જોડતાં બંધ-મોક્ષના કોઇ વિકલ્પ રહેતાં નથી, ને નિર્વિકલ્પ અનુભવનો પરમ આનંદ અનુભવાય છે.

(૧૧) દ્રવ્ય અને પર્યાય એવા બે અંશરૂપ વસ્તુ છે; તેમાં દ્રવ્ય અંશ અક્રિય છે, પર્યાય અંશ સક્રિય છે. દ્રવ્યઅંશ પારિણામિક ભાવરૂપ છે અને સક્રિય એવો પર્યાય અંશ ચારભાવોરૂપ છે. આ રીતે આત્માના પાંચ ભાવો છે.

(૧૨) પારિણામિક-પરમભાવ દ્રવ્યરૂપ છે, બીજા ચાર ભાવ પર્યાયરૂપ છે. મોક્ષમાર્ગરૂપ ત્રણભાવ છે, સ્વભાવની ઓળખાણ અને એકાગ્રરૂપ પર્યાય તે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવરૂપ (શુધ્ધ ભાવ) રૂપ છે. રાગાદિક-વિકારભાવો તે ઔદાયિક ભાવ-પરને લક્ષે થતાં અશુધ્ધ ભાવ-આ સંસાર અવસ્થા છે.

❀ ❀ ❀

# ૮ જૈન દર્શનનો સાર - વીતરાગતા

(૧) જૈન ધર્મ વસ્તુના યથાર્થ સ્વરૂપનું નિરૂપણ કરે છે. સત્‌ને સત્ તરીકે સ્થાપે છે અને અસત્‌ને અસત્ તરીકે સ્થાપે છે.

(૨) વીતરાગતારૂપ ભાવને ભલો કહીને તેનું સ્થાપન કરે છે અને રાગ-દ્વેષ-અજ્ઞાન ભાવોને બુરા કહીને તેનો નિષેધ કરે છે. અર્થાત્ તેને છોડવાનું પ્રરૂપણ કરે છે.

(૩) કોઈપણ જીવ તેમ જ વસ્તુને ભલી-બૂરી કહેતો નથી. ગુણને ભલા કહે છે. અવગુણને બૂરા કહે છે. આમ જાણવું એ યથાર્થ જ્ઞાન છે.

(૪) જૈન દર્શનનું મૂળ ભેદ વિજ્ઞાન છે. ગુણ તેમ જ અવગુણને જેમ છે તેમ જાણવા જોઈએ'.

(૫) જૈન દર્શનમાં ગુણની અપેક્ષાએ પૂજા સ્વીકારવામાં આવી છે કોઈપણ વ્યક્તિ પૂજા સ્વીકારવામાં આવી નથી.

(૬) સમ્યક્ પ્રકારે - પૂર્ણતાના લક્ષે શરૂઆત કરીને ક્રમે ક્રમે રાગ-દ્વેષ ટાળીને વીતરાગતા પ્રગટ કરવી એ જ જૈન ધર્મનું પ્રયોજન છે.

(૭) જૈનમતમાં અન્ય મિથ્યામતો (માન્યતાઓનું) ખંડન કરવામાં જ્યાં આવે છે ત્યાં પણ વાદવિવાદનું પ્રયોજન નથી. સત્ નિર્ણયનું પ્રયોજન છે. પોતાના જ્ઞાનને પ્રામાણિક અને સ્પષ્ટ બનાવવા માટે તેમ જ સત્‌ની દૃઢતા માટે જ તે જાણવું યોગ્ય છે. રાગ-દ્વેષની વૃધ્ધિ કરવા માટે તે નથી.

(૮) જ્યાં સુધી શ્રદ્ધામાં અને જ્ઞાનમાં વીતરાગતા ન પ્રગટે અને રાગના એક કણિયાને પણ સારો માને તો ત્યાં સુધી જીવને જૈન ધર્મનો અંશપણ પ્રગટે નહિ. પહેલાં જ્ઞાન-શ્રદ્ધામાં વીતરાગતા-પછી ચારિત્રમાં વીતરાગતા પહેલેથી છેલ્લે સુધી જે રાગ થાય તેને જ છોડાવે છે.

(૯) પ્રથમ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન કેમ પ્રગટે એ જ ઉપદેશ છે અને નિશ્ચય સમ્યગ્દર્શનમાં બધા જ ગુણો જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાય વીતરાગરૂપે કેમ પરિણમે એ જ પ્રયોજન છે. .

(૧૦) આ રીતે વીતરાગ ભાવ એ જ જૈન દર્શનનું પ્રયોજન છે. જે ભાવથી પૂર્ણ સુખની પ્રાપ્તિનો અનુભવ થાય વીતરાગ ભાવ પોતે જ જૈન ધર્મ છે. રાગ તે જૈન ધર્મ નથી.

(૧૧) આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું છે. તે આ રીતે છે.

(૧) જ્ઞાનનું કાર્ય જાણવાનું

(૨) જ્ઞાનનું કાર્ય શ્રદ્ધાનપૂર્વક જાણવાનું એ ખરૂં કાર્ય

(૩) જ્ઞાનનું કાર્ય શ્રદ્ધાનપૂર્વક પોતાને જ જાણવાનું જેથી રાગ-દ્વેષની ઉત્પત્તિ જ ન થાય.

(૧૨) જાણવામાં કાંઈપણ રાગદ્વેષ કરવો તે જ્ઞાનનો સ્વભાવ નથી. જે રાગ થાય તે જ્ઞાન સ્વભાવથી ભિન્ન છે. આવું ભેદજ્ઞાન કરવું તે ધર્મી જીવોનું કર્તવ્ય છે. એ ભેદજ્ઞાન જ ધર્મ છે.

(૧૩) જીવને દરેક પ્રસંગે પ્રસંગે, પર્યાયે પર્યાયે વીતરાગભાવ જ કર્તવ્ય છે.

(૧૪) જીવને પોતાના સુખ સ્વભાવમાં રહેવું એ જ કર્તવ્ય છે.

(૧૫) જેમ દેશ, કુટુંબ કે શરીરાદિ કોઈપણ કારણે રાગ-દ્વેષ કર્તવ્ય નથી. તેવી જ રીતે દેવ-ગુરૂ-ધર્મના કારણે પણ રાગ-દ્વેષ કર્તવ્ય નથી.

(૧૬) જે રાગને પોતાનું કર્તવ્ય માને છે તે પોતાના વીતરાગી સ્વભાવને માનતો નથી. એ મિથ્યાદષ્ટિ છે.

**સાર :** સ્વભાવમાં જે વીતરાગતા પડી છે તે પર્યાયમાં કેમ પ્રગટ થાય એ જ જૈન દર્શનનો બોધ છે. પ્રયોજન છે.

## વીતરાગ ભાવ

(૧) ત્રણે કાળના તીર્થંકરોનો એક જ પ્રકારે ઉપદેશ છે. 'તું સર્વનો જ્ઞાતા-દ્રષ્ટા છો. તારી પર્યાયમાં પણ જે રાગાદિ થાય તેનો પણ તું જ્ઞાતા છો. તારા સ્વભાવમાં અભેદતા અને સ્થિરતા કરવી તે જ તારૂં પ્રયોજન છે. સ્વભાવમાં એકતા થાય અને વિકાર ઉપર દૃષ્ટિ ન જાય એ જ તાત્પર્ય છે. સ્વભાવમાં અભેદ થવાથી વિકાર ટળી જાય છે. 'વિકાર ટાળું' એમ જેને દૃષ્ટિ છે તેને પર્યાય ઉપર દૃષ્ટિ છે. પર્યાયદૃષ્ટિ રાખવાથી વિકાર ટળતો નથી; પણ સ્વભાવમાં દૃષ્ટિ કરીને એકાગ્રતા કરતાં જ વિકાર ટળી જાય છે. આત્મસ્વભાવ પરિપૂર્ણ છે, તેમાં વિકાર નથી ને ભેદપણ નથી. એમ અખંડ સ્વભાવની દૃષ્ટિ કરવાનું જ મૂળ પ્રયોજન છે.

(૨) આ અખંડ સ્વભાવની દૃષ્ટિ કરવી તે જ 'કેવળી ભગવાને જોયું હોય તેમ થાય' (ક્રમબધ પરિણમન થાય) એવી પ્રતીત છે. તે જ દ્રવ્યદૃષ્ટિ છે, તે જ શુધ્ધનયના વિષયનું લક્ષ છે, તે જ સમ્યગ્દર્શન છે, તે જ ધર્મ છે.

(૩) અભેદ સ્વભાવની મુખ્યતા અને ભેદની ગૌણતા અર્થાત આત્મસ્વભાવનો જ આદર એ જૈન શાસનનો મૂળ પાયો છે.

(૪) જીવનું મૂળ પ્રયોજન વીતરાગ ભાવ છે. વીતરાગ ભાવના બે પ્રકાર છે (૧) દૃષ્ટિમાં વીતરાગતા અને (૨) ચારિત્રમાં વીતરાગતા.

(૫) પહેલાં દૃષ્ટિમાં (જ્ઞાન અને શ્રદ્ધામાં) વીતરાગતા થાય છે. મારા અભેદ ચૈતન્ય સ્વભાવમાં રાગ નથી, પર્યાયમાં રાગ થાય તે સમ્યગ્દર્શનનું - વીતરાગદૃષ્ટિનું કારણ નથી. પણ તે રાગ સાથેની એકતા તો મિથ્યાત્ત્વનું કારણ છે; અને તે રાગનો આશ્રય છોડીને સ્વભાવની એકતા કરવી તે સમ્યગ્દર્શનનું કારણ છે.

એ પ્રમાણે જાણીને અભેદ સ્વભાવની મુખ્યતા કરતાં વીતરાગદૃષ્ટિ પ્રગટે છે અને ત્યાં રાગનો નિષેધ સ્વયં વર્તે છે.

(૬) વ્યવહારનો આશ્રય માનવો તે મિથ્યાત્ત્વ છે અને સ્વભાવના આશ્રયે વ્યવહારના આશ્રયનો લોપ કરવો તે સમ્યગ્દર્શન છે.

(૭) 'પરને અને આત્માને સંબંધ નથી' એ સમજવાનું પ્રયોજન શું ? પર સાથે સંબંધ નથી એટલે પર લક્ષે જે વિકાર થાય તે મારું સ્વરૂપ નથી. એમ પર સાથેનો સંબંધ તોડીને, તેમ જ પોતાની પર્યાયનું લક્ષ પણ છોડીને અભેદ સ્વભાવની દૃષ્ટિ કરવી, તે જ આત્માનું પ્રયોજન છે.

(૮) ચારેય અનુયોગના કથનનું તાત્પર્ય વીતરાગભાવ જ છે.

(૯) બધા પદાર્થોની ક્રમબધ્ધ અવસ્થા થાય છે, મારો કોઈ પર પદાર્થોમાં અધિકાર નથી. એમ સમજીને સ્વાશ્રય કરવો અને પર પ્રત્યે ઉદાસ થવું, તે પ્રયોજન છે. ક્રમબધ્ધ પર્યાયની શ્રદ્ધાવાળાને પોતાની પર્યાયમાં પણ ઉદાસીનતા થઈને દ્રવ્યદૃષ્ટિ થઈ હોય છે.

(૧૦) વ્યવહારનો હેતુ પરમાર્થ બતાવવાનો છે, તેને બદલે વ્યવહારમાં જ જે અટકી ગયો, તે જીવ વીતરાગતા તરફ ઢળ્યો નહિ પણ રાગને જ પોષણ કર્યું. શુધ્ધ સ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા રૂપ વીતરાગભાવ તથા રાગનો નિષેધ એ જ પ્રયોજન છે.

સ્વાશ્રયભાવ કરવો તે જ વીતરાગતાનું મૂળ છે અને તેમાં જ જીવનું સુખ છે. સ્વાશ્રયપણું અને વીતરાગતા એ જ જૈનધર્મની વિશેષતા છે.

## કેવળજ્ઞાનનું સ્વરૂપ :

(૧) જ્યારે વર્તમાન જ્ઞાનની પર્યાય, પોતાના નિજ સ્વભાવને ધ્યેય બનાવી. ઉપયોગનું લક્ષ ત્યાં એકાગ્ર કરે છે અને જો ધારા તૂટ્યા વગર-અખંડ જ્ઞાન બે ઘડી સુધી ત્યાં સ્થિર થાય છે. પોતાના સ્વભાવ સિવાય કાંઈ જ જણાતું નથી. તે શુકલ ધ્યાનની અવસ્થાને કેવળજ્ઞાન પ્રગટ્યું એમ કહેવાય છે.

કર્મની ભાષામાં મોહનો ક્ષય થવાથી (અંતમુહર્તે પર્યંત ક્ષીણકષાય નામનું ગુણસ્થાન પામ્યા બાદ) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય-એ ત્રણેનો એક સાથે ત્યારે ક્ષય થાય છે. તે દશાને કેવળજ્ઞાન પ્રગટ્યું એમ કહેવાય છે.

(૨) જીવ દ્રવ્ય એક પૂર્ણ અખંડ હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય તો સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થતાં સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રગટે છે. જ્યારે જીવ સંપૂર્ણ વીતરાગ થાય ત્યારે કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો હોય છે કે મોહકર્મ-જીવના પ્રદેશે સંયોગ-રૂપે રહે જ નહિ, એને મોહ કર્મનો ક્ષય થયો કહેવાય છે.

(૩) જીવની સંપૂર્ણ વીતરાગતા પ્રગટ થતાં જ તુરત જ સંપૂર્ણ જ્ઞાન પ્રગટે છે તેને કેવળજ્ઞાન કહેવાય છે કારણ કે તે જ્ઞાન, શુધ્ધ નિર્ભેળ, અખંડ, રાગ વગરનું, ચૈતન્યનું ઘન સ્વરૂપ હોય છે. તે દશામાં જીવને 'કેવળી ભગવાન' કહેવાય છે. ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઇ તેઓ કેવળી કહેવાતા નથી, પરંતુ 'કેવળ' શુધ્ધઆત્માને જાણતા-અનુભવતા હોવાથી-પૂર્ણ સુખનો અનુભવ કરતાં હોય છે. તે સ્થિતિ માત્ર (કેવળ) જ્ઞાન સ્વરૂપ જ હોય છે.

(૪) ભગવાન યુગપદ્ પરિણમતા-સમસ્ત ચૈતન્ય વિશેષોવાળા કેવળજ્ઞાન વડે અનાદિનિધન નિષ્કારણ અસાધારણ સ્વસંવેધમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતક સ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (એકલો, નિર્ભેળ, શુધ્ધ, અખંડ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે. જાણનક્રિયામાં એવો શુધ્ધ આત્મા જણાય છે. અનુભવાય છે.

(૫) આત્મસિધ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે :-

''કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''

(૬) ભગવાન પરને જાણે છે-એ વ્યવહારનું કથન છે- એનો અર્થ છે 'એમ છે નહીં.' કેમ કે ભગવાન સંપૂર્ણ જ્ઞાનપણે પરિણમતા હોવાથી કોઈપણ દ્રવ્ય-ગુણ-પર્યાય તેમના જ્ઞાન બહાર નથી. નિશ્ચયથી તો કેવળજ્ઞાન પોતાના શુધ્ધસ્વભાવને જ અખંડપણે જાણે છે. વ્યવહારે કેવળજ્ઞાન લોકાલોકને યુગપત્ જાણે છે એમ કહેવાય છે.

(૭) કેવળજ્ઞાન સ્વરૂપથી જ ઉત્પન્ન થયું છે, સ્વતંત્ર છે તથા અક્રમ છે. કેવળજ્ઞાન પ્રગટ થાય છે તે જ સમયે કેવળદર્શન-સંપૂર્ણ વીર્ય પ્રગટે છે.

(૮) કેવળજ્ઞાન થતાં ભાવ મોક્ષ થયો કહેવાય છે (આ અરિહંત દશા છે) અને આયુષ્યની સ્થિતિ પૂરી થતાં ચાર અઘાતી કર્મોનો અભાવ થઈને દ્રવ્યમોક્ષ થાય છે; તે સિધ્ધ દશા છે. કેવળજ્ઞાનપૂર્વક જ મોક્ષ થાય છે.

(૯) 'આ આત્મા વ્યવહારનયથી કેવળજ્ઞાન દ્વારા લોકાલોકને જાણે છે અને શરીરમાં રહેવા છતાં પણ નિશ્ચયનયથી પોતાના આત્મસ્વરૂપને જાણે છે, એ કારણે જ્ઞાનની અપેક્ષાએ વ્યવહારનયથી સર્વગત છે, પ્રદેશોની અપેક્ષાએ નહિ'. જેવી રીતે રૂપવાન પદાર્થોને નેત્ર દેખે છે, પરંતુ તેનાથી તન્મય થતાં નથી. અહીં કોઈ પ્રશ્ન કરે કે જો વ્યવહારનયથી લોકાલોકને જાણે છે અને નિશ્ચયનયથી નહિ તો સર્વજ્ઞપણું વ્યવહારનયથી થયું, નિશ્ચયનયથી ન થયું ?

(૧૦) સમાધાન : 'જેવી રીતે પોતાના આત્માને તન્મય થઈને જાણે છે તેવી જ રીતે પરદ્રવ્યને તન્મયપણે જાણતો નથી, ભિન્ન સ્વરૂપે જાણે છે, તે કારણે વ્યવહારનયથી કહ્યું, કાંઈ પરિજ્ઞાનના અભાવથી કહ્યું નથી. જ્ઞાનથી જાણપણું તો નિજ અને પરનું સમાન છે. તન્મયતાનો પ્રશ્ન છે.

'જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી' વાત તો છદ્મસ્થ અવસ્થામાં ઉપયોગ એક જ ઠેકાણે હોય છે. એટલે જ્યાં લક્ષ હોય તે જણાય. જો જાણનાર તરફ (સ્વ) તરફ લક્ષ હોય તો સ્વ જણાય અને પર તરફ લક્ષ હોય તો પર જણાય છે.

સર્વજ્ઞની અવસ્થામાં યુગપત્ સર્વ જણાય છે. સર્વજ્ઞ દશામાં વીતરાગી અવસ્થા ઉત્પન્ન થવાથી હવે સર્વજ્ઞ પોતાના આત્માને જ તન્મયપણે જાણે છે અને લોકાલોકપણ જણાય છે. હવે રાગ-દ્વેષ તેમજ દુઃખી થવાના દોષનો ભય નથી.

અજ્ઞાન દશામાં એ ભ્રમથી એમ માને છે કે પર જણાય છે. પણ પરસંબંધીનું પોતાના જ્ઞાનનું જ જ્ઞાન છે એ સમજણ થઈ નથી. એ દૃષ્ટિના વિષયમાં એ ભ્રમ દૂર કરાવવા. 'જાણનારો જ જણાય છે ખરેખર પર જણાતું નથી' એમ દૃષ્ટિ પરથી હટાવવા અને સ્વની પ્રતીત અને લક્ષ કરાવવા એમ કહેવાનું પ્રયોજન છે. પ્રયોજનની સિધ્ધિ કરવા માટે.

❀ ❀ ❀

# ૯ સમભાવ

આત્માના શાંતિરૂપ પરિણામ તે સમભાવ છે. આત્મા શાંતિનો કંદ છે, પોતે કર્તા થઈને સ્વતંત્રપણે સ્વભાવના આધારે સમભાવે પરિણમે છે. સ્વભાવનો આશ્રય છોડીને બીજાને આધારે સમભાવ માને તેને કદી સમભાવ હોય નહી. આ વાતને વિશેષપણે વિચારીએ.

(૧) ધર્મી જીવની દષ્ટિ આત્માના સ્વભાવ ઉપર હોય છે, તેથી તેને બધાય જીવોપર સમભાવ હોય છે. તે આત્માના ત્રિકાળી સ્વરૂપને માને છે, પણ પર્યાય જેટલું સ્વરૂપ માનતો નથી, અને બીજા જીવોને પણ પર્યાય જેટલા સ્વરૂપે માનતો નથી. તેથી તેને કોઈ જીવને શત્રુ કે મિત્ર તરીકે જોતો નથી, આત્મ સ્વરૂપને જુએ છે, માટે તેને બીજાના પરિણમનને દેખીને રાગ-દ્વેષ થતા નથી, પણ સમભાવ જ રહે છે.

(૨) 'હું બીજાનું કાંઈ કરી શકું કે બીજા મારું કાંઈ કરી શકે' એમ તો કદી બની શકે નહિ, એ દૃઢતાથી જ્ઞાની કોઈનો શત્રુ કે મિત્ર નથી, કેમકે તે જાણનાર જ્ઞાયકમૂર્તિ સ્વભાવસંપન્ન તત્ત્વ છે ને બધાય જીવોને એવા જુએ છે, જાણે છે અને આવી સ્વભાવદૃષ્ટિમાં સમભાવ છે.

(૩) ધર્મીજીવને આવી સ્વભાવદૃષ્ટિમાં પુણ્ય-પાપનો પણ સ્વીકાર નથી. પર્યાયમાં અસ્થિરતાને લીધે અલ્પ રાગ-દ્વેષ થાય છે, પણ તે બીજાને શત્રુ કે મિત્ર માનીને થતા નથી. તેનો સ્વભાવમાં સ્વીકાર ન હોવાથી, તે રાગ-દ્વેષ વખતે ય જ્ઞાનસ્વભાવની એકતા અને શ્રદ્ધા છૂટતી નથી, તેથી જ્ઞાનીને ખરેખર રાગ-દ્વેષ થતાં નથી, પણ સ્વભાવની એકતાથી સમભાવ જ છે.

(૪) જ્ઞાની જીવને પોતામાં પર્યાયદૃષ્ટિ ટળી ગઈ હોવાને લીધે તેથી પરજીવને પણ પર્યાય જેટલો જાણતા નથી, તેને કોઈ દિવસ સ્વભાવની શ્રદ્ધા અને એકાગ્રતા છૂટીને રાગ-દ્વેષ થતાં નથી, રાગ-દ્વેષ થાય એ પર્યાય જેટલો આત્માને માનતા નથી; આ રીતે જ્ઞાનીને પર્યાયબુધ્ધિનું કાર્ય આવતું નથી. પોતાના આત્મામાં પર્યાયબુધ્ધિને ટળીને સ્વભાવદૃષ્ટિ થઈ છે. તેથી 'હું રાગ-દ્વેષ કરનાર છું' એમ જ્ઞાનીને ભાસતું નથી, માટે પરજીવોમાં પણ રાગાદિ-પર્યાય દેખીને તેમને રાગ-દ્વેષ થતો નથી. તેમનું જ્ઞાન રાગથી અધિક જ રહે છે. આનું નામ જ સમભાવ છે. પર્યાયબુધ્ધિ ટળી જવાને લીધે ભગવાનને દેખીને કે નિગોદના જીવને આદિને દેખીને રાગ-દ્વેષ થતો નથી, જ્ઞાનીની દૃષ્ટિ પોતાના રાગ-દ્વેષ રહિત ત્રિકાળી સ્વભાવ ઉપર હોવાથી-સ્વભાવનો આશ્રય હોવાથી-સ્વભાવના આધારે સમભાવે પરિણમે છે. આ નિશ્ચય સમભાવ છે.

(૫) જ્ઞાની જીવોને પર્યાયનું જ્ઞાન તો થાય છે, પરંતુ પર્યાયબુધ્ધિ થતી નથી. તેથી તે બધાય જીવોને પરમાત્મા જ જાણે છે આ-સમ્યગ્દૃષ્ટિનું ચિહ્ન છે. પર્યાયને જાણવા છતાં જ્ઞાની જીવને પર્યાયબુધ્ધિના રાગાદિ જરાપણ થતા નથી, માટે ખરેખર તો જ્ઞાની જીવો પર્યાયને જાણતાજ નથી-એમ સ્વભાવ દૃષ્ટિનું જોર છે અને તે સ્વભાવ દૃષ્ટિના જોરથી સમભાવ છે.

આત્મ-સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી તે જીવ બધા આત્માઓને સમાન જાણતો નથી, પણ શરીરના ભેદથી તે જીવમાં ભેદ પાડે છે, તેથી તે બીજાને શત્રુ કે મિત્ર માને છે. તેને સમભાવ નથી

(૬) 'હું જ્ઞાન સ્વભાવ છું અને બધા ય જીવો જ્ઞાનસ્વભાવી જ છે. એવી દષ્ટિમાં જ્ઞાનીને બધાય પર સમભાવ જ રહે છે, કોઈપણ જીવને જોતાં તેમના ઉપર રાગ-દ્વેષ થતો નથી, કેમકે તે શ્રદ્ધાનપૂર્વક જાણે છે કે જ્ઞાનસ્વભાવમાં કોઈ પરદ્રવ્ય કે પરજીવ લાભ કે નુકસાન કરતું જ નથી. પોતાના સ્વભાવના આશ્રયે જ બધાપર સમભાવ રહે છે.

'હું અને બધા જીવો પૂર્ણ પરમાત્માસ્વરૂપે જ છીએ' એવી દ્રવ્યદષ્ટિ વગર સમભાવ રહી શકે નહીં. ત્રિકાળી સ્વભાવના આધાર વગર પર્યાયબુધ્ધિ ટળે નહી અને સમભાવ આવે નહીં.

શત્રુ પ્રત્યેના દ્વેષ પરિણામ કે મિત્ર પ્રત્યેના રાગ પરિણામ તે વિકાર છે, તે આત્માની પર્યાયમાં થાય છે, અને તે ટાળીને સમભાવરૂપ વીતરાગ પરિણામ પણ આત્માની પર્યાયમાં જ થાય છે. તેને બદલે પોતાના સમભાવનું કે રાગ-દ્વેષનું કારણ પરને માને તે જીવ તો પોતાની પર્યાયની સ્વતંત્રતા પણ નથી માનતો. તેથી શત્રુને દેખીને એકતા બુદ્ધિનો દ્વેષ અને મિત્રને દેખીને એકતાબુધ્ધિનો રાગ તેને થાય છે, તેને અનંતો વિષમભાવ છે.

(૭) જ્ઞાની જાણે છે કે 'મારા આત્મસ્વભાવમાં વિકાર નથી, પરને કારણે વિકાર થતો નથી. મારી વર્તમાન દશાની (જ્ઞાન-ગુણનું જઘન્ય પરિણમન) નબળાઈ એકાગ્ર થવાની અસમર્થતાથી રાગ-દ્વેષ થાય છે, તેટલો હું નથી' આવી માન્યતાથી જ્ઞાનીને સમભાવ છે.

(૮) જ્ઞાની જાણે છે કે-'મારો સમભાવ કોઈ બીજાની અપેક્ષાથી નથી પણ મારા સ્વભાવના લક્ષે જ મારો સ્વભાવ છે. ' મારો સમભાવ (૧) શરીરના આશ્રયે નથી, (૨) નિમિત્તો-પરદ્રવ્યોના આશ્રયે નથી, (૩) રાગના આધારે નથી, (૪)કર્મોના આશ્રયે નથી, (૫)દેવ-ગુરૂ-શાસ્ત્રના આધારે નથી, (૬) આ બધાને જાણનાર વર્તમાન જ્ઞાનની પર્યાય તેના આધારે પણ નથી. 'હું ત્રિકાળી એક શુદ્ધ, સ્વતંત્ર વિકાર રહિત પૂર્ણ જ્ઞાનસ્વભાવ છું એવા સ્વભાવને આશ્રયે મારો સમભાવ છે' તેથી જ્ઞાનીને બધાપર સમભાવ છે.

(૯) અહીં તો પોતાના પૂર્ણ સ્વભાવમાં પર્યાય પરિણમી ગઈને પર્યાયબુધ્ધિ છૂટી ગઈ તે જ સમભાવ છે. ભગવાન આત્માની પ્રતીતિ કરીને તેના આશ્રયે જે સમભાવ પ્રગટ્યો તેનો કર્તા આત્મા પોતે છે, બીજો કોઈ સમભાવ કરાવનાર નથી. ક્ષણિકપર્યાય જેટલો જ આત્માને ન માનતાં આત્માના ત્રિકાળી સ્વભાવને માનવો તેને શાસ્ત્રો 'દ્રવ્યદષ્ટિ' કહે છે, તે જ સમભાવ છે, તે જ ધર્મ છે.

(૧૦) 'અનાદિ-અનંત જ્ઞાનમૂર્તિ આત્મા છે, તે જ હું છું , વર્તમાન હાલતમાં જે રાગ-દ્વેષ થાય તે મારું કાયમનું સ્વરૂપ નથી, બીજો કોઈ તે રાગ-દ્વેષ કરાવતો નથી, મારી પુરુષાર્થથી નબળાઈથી

તે રાગ-દ્વેષ થાય છે પણ તે નબળાઈ કે રાગ-દ્વેષનો મારા સ્વભાવમાં સ્વીકાર નથી.' આમ પોતાના સ્વભાવના આશ્રયે ધર્મીજીવ કોઈને પણ શત્રુ કે મિત્ર માનતા નથી, પણ બધાય આત્માઓને પોતાના જેવા પરિપૂર્ણ ચૈતન્યમૂર્તિ જ માને છે, તેથી તેને સર્વ ઉપર સમભાવ જ છે. પોતાના સ્વભાવને રાગથી જુદો ને જુદો જ અનુભવે છે. તેથી જ્ઞાનીને ખરેખર રાગ થતો જ નથી પણ સ્વભાવની એકતા જ વધે છે.

(૧૧) 'બધા ય જીવો પરિપૂર્ણ સિદ્ધ સમાન છે' એવી દૃષ્ટિથી જોનારને બીજાનું ભલું-બુરું કરવાની માન્યતા ક્યાં રહી? તેને કોઈના ઉપર રાગ-દ્વેષ કરવાનો અભિપ્રાય ન રહ્યો એટલે તેને અભિપ્રાયમાં અનંત સમભાવ પ્રગટ્યો.

'ત્રણ કાળમાં કોઈ કોઈનું ભલું કે બૂરું કરવા સમર્થ નથી. સ્વભાવથી બધાય આત્માઓ સમાન છે' આવી શ્રદ્ધા જ્યાં સુધી જીવ ન કરે ત્યાં સુધી તેને સાચી સમતા ન હોય એટલે ધર્મ ન હોય. સ્વભાવની પ્રતીત વગર સાચી સમતા હોતી નથી. સાચો સમભાવ હોતો નથી.

(૧૨) પોતાની પર્યાયમાં વીતરાગતા-સમતા-શાંતિ-સુખ કેમ પ્રગટે તેની વાત છે. 'હું જીવ સ્વરૂપ છું, જીવ તત્ત્વ છું' શરીર વગેરે તો અજીવ તત્ત્વ છે, પુણ્ય-પાપના ભાવ આસ્ત્રવ તત્ત્વ છે, તેનાથી જીવતત્ત્વ જુદું છે. અને જાણવાની જે વર્તમાન જ્ઞાનની પર્યાય છે તે એક સમય પૂરતી છે, તે એક સમયની દશા જેટલું જીવતત્ત્વ નથી. એવા જીવતત્ત્વની શ્રદ્ધાથી સમભાવ પ્રગટે છે.

(૧૩) ત્રિકાળી જીવતત્ત્વની દૃષ્ટિ હોવાથી જ્ઞાનીને પર્યાયદૃષ્ટિ નથી અર્થાત્ જ્ઞાનીઓ જીવને પર્યાયને જેટલો માનતા નથી તેથી તેમને શ્રદ્ધા અપેક્ષાએ પર્યાયબુધ્ધિના રાગ-દ્વેષ થતાં જ નથી. પર્યાયને જાણવા છતાં દ્રવ્યસ્વભાવમાં એકતાની-એકાગ્રતાની વૃદ્ધિ થયા જ કરે છે, પર્યાયબુદ્ધિમાં અટકતા નથી. માટે તેમને કોઈ પર્યાય ઉપર વિષમભાવ નથી પણ બધી જ પર્યાયો ઉપર સમભાવ છે. સ્વભાવદૃષ્ટિ જ સમભાવ છે.

(૧૪) સ્વભાવદૃષ્ટિવાળો જીવ સિધ્ધપર્યાય વખતે પણ તેના પૂરા સ્વભાવને દેખે છે ને નિગોદપર્યાય વખતે પણ તેના પૂરા સ્વભાવને દેખે છે, તેને બધી પર્યાયો ઉપર સમભાવ રહે છે. સ્વભાવબુદ્ધિનો હકાર અને પર્યાયબુધ્ધિનો નકાર તે જ સમભાવ છે.

(૧૫) 'આત્મા વર્તમાનભાવ જેટલો નથી પણ ત્રિકાળ અખંડ જ્ઞાનમૂર્તિ છે.' એવી શ્રદ્ધા તે દ્રવ્યબુદ્ધિનો સ્વીકાર છે ને પર્યાયબુધ્ધિનો અસ્વીકાર છે. ત્રિકાળી સ્વભાવની બુદ્ધિની આત્માને માનનાર સમ્યગ્દૃષ્ટિ છે અને પર્યાયબુધ્ધિથી આત્માને માનનાર મિથ્યાદૃષ્ટિ છે.

(૧૬) ધર્મીને પર્યાયમાં અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં સમ્યક શ્રદ્ધારૂપ સમભાવ કેવો હોય તેની વાત છે. અવિરતી સમ્યગ્દૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને સમભાવ વિશેષ હોય છે અને મુનિઓને તો તેનાથી પણ વિશેષ હોય છે. તેથી તેને પરમસામાયિક કહેવાય છે. ગૃહસ્થને પણ સમ્યક્

શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક જેટલો સમભાવ છે તેટલી સામાયિક છે. પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવનો આદર અને વિકારનો અનાદાર તે જ્ઞાન-દર્શનરૂપ સામાયિક છે.

(૧૭) પહેલાં મિથ્યાત્વને લીધે એમ માનતો કે 'પુણ્ય-સારાં ને પાપ ખરાબ, અમુક મને લાભ કરે ને અમુક નુકસાન કરે,' તેથી શ્રદ્ધા અને જ્ઞાનમાં વિષમભાવ હતો. હવે, 'કોઈ પર મને લાભ-નુકસાન કરનાર નથી ને પુણ્ય તથા પાપ બંને મારું સ્વરૂપ નથી' એવા સ્વભાવના આશ્રયે સમ્યક શ્રદ્ધા થતાં જ્ઞાન-દર્શનમાં સમભાવ પ્રગટ્યો તે જ ધર્મદશા છે. જેને એવી ધર્મદશા પ્રગટી હોય તે બધાય જીવોને સમાન જાણે છે.

(૧૮) 'જગતમાં કોઈ શત્રુ-મિત્ર નથી, એકેન્દ્રિય-પંચેન્દ્રિય બધાય જ્ઞાનદર્શનની મૂર્તિ છે' આમ જોનારને કોના કારણે રાગ થાય અને કોના કારણે દ્વેષ થાય? પરને દેખવાના કારણે જે રાગ-દ્વેષ માનતો તે રાગ-દ્વેષ ટળી ગયા, ને બધા ઉપર સમભાવ થઈ ગયો-આ ધર્મ છે. આ દુઃખમાંથી સંસાર પરિભ્રમણમાંથી છુટવાનો ઉપાય છે. સુખનો ઉપાય છે.

(૧૯) જ્ઞાની જીવ સ્વભાવદૃષ્ટિથી બધાય જીવોને સમાન જાણે છે તેથી સામા જીવોની પર્યાયમાં જે ફેર છે તે કાંઈ મટી જતો નથી. પર્યાયથી તો સિદ્ધ છે તે સિદ્ધ છે અને નિગોદ તે નિગોદ છે.સિદ્ધને સિદ્ધ અને નિગોદને નિગોદ તરીકે જાણવું તે કાંઈ વિષમભાવનું કારણ નથી. પણ સિદ્ધને સિદ્ધ પર્યાય જેટલા જ માનીને તેના પર રાગ અને નિગોદને નિગોદ પર્યાય જેટલો જ માનીને તેના પર દ્વેષ કરવો એવી પર્યાયબુદ્ધિ જ વિષમભાવનું કારણ છે. અને તેનાથી જુદી દ્રવ્યદૃષ્ટિ એ જ સમભાવનું કારણ છે.

(૨૦) જ્ઞાંની પરને જાણે તે વખતે પણ સ્વભાવની એકતા ટળતી નથી, તેથી સમભાવ છે. કેવળી ભગવાન (સર્વજ્ઞ) બધાય જીવોને અને બધાય પર્યાયોને જાણતા હોવા છતાં તેમને સ્વસ્વભાવની સંપૂર્ણ એકતા હોવાથી સમભાવ જ છે, પર્યાયને જાણવા છતાં પર્યાયમાં એકતાબુદ્ધિ થતી નથી તેથી સર્વજ્ઞ બધાય જીવોને શુદ્ધસ્વભાવે જ જાણે છે, એમ કહેવાય છે. તેવી રીતે સાધક સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પોતાની સ્વભાવસત્તાને શુદ્ધ જાણતા થકા બીજા બધાને પણ શુધ્ધ જ દેખે છે. આવી દૃષ્ટિમાં સ્વભાવદૃષ્ટિ રાખીને પર્યાયને જાણે છે ત્યાં તેમને સ્વભાવના ફળની જ વૃધ્ધિ એટલે કે સમભાવની જ વૃદ્ધિ છે.

**સારરૂપઃ**

(૧) જીવ પોતે પોતાના સ્વભાવથી ઈશ્વર છે. જડ તેની શક્તિથી ઈશ્વર છે.

(૨) 'પરનું હું કરું' એવી જે માન્યતા છે તે તો જડબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

(૩) 'મારી પર્યાયમાં જે રાગાદિ થાય તેનો હું કર્તા છું, તે મારો સ્વભાવ છે' એમ જે માને છે તે પણ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

(૪) અનંત જ્ઞાન-દર્શન-વીર્ય સ્વભાવનો આદર તે દ્રવ્યદૃષ્ટિ છે. તે નિશ્ચયદૃષ્ટિ છે, તે સત્યદૃષ્ટિ છે, તે ધર્મ છે, તે સમભાવ છે, તે સુખ છે. તે જ સુખનો માર્ગ છે.

(૫) જે ત્રિકાળી ટકતા સ્વભાવમાંથી મારી પર્યાયનો પ્રવાહ નીકળે છે તે સ્વભાવનો જ મારો આધાર છે-આમ સ્વભાવનો આશ્રય તે જ ધર્મ છે. તે જ સમભાવ છે.

(૬) સમ્યગ્દર્શનથી જ સમભાવ હોય છે.

(૭) જેને પોતાના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ છે તે બધા જીવોને જ્ઞાનસ્વભાવી જાણે છે.

(૮) જ્ઞાન સ્વભાવને કોઈ શત્રુ કે કોઈ મિત્ર નથી, એટલે પોતાના જ્ઞાનસ્વભાવની દૃષ્ટિથી બધા ઉપર સમભાવ રહી ગયો.

(૯) 'પુણ્ય-પાપ બંને મારા સ્વભાવથી જુદા છે' એમ જાણ્યું એટલે તેના ઉપર પણ સમભાવ રહી ગયો.

(૧૦) આ રીતે પોતાના એકરૂપ સ્વભાવની જેને દૃષ્ટિ છે તે બધા જીવોને સમાન જાણે છે ને તેને સમભાવરૂપ ધર્મ છે.

## સામ્યભાવ

'સમભાવ' સર્વ શાસ્ત્રના દોહનનો સાર છે. સામ્યભાવ કરો, ઉપશમભાવ કહો કે વીતરાગભાવ કહો-બધું એક જ છે.

(૧) આત્માનું સ્વરૂપ જ વીતરાગ અકષાય, સમભાવ સ્વરૂપ છે. તેની દૃષ્ટિ, જ્ઞાન અને તે રૂપ પરિણમન થવું એ જ ધર્મ છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેનું વેદન કરે છે તે સ્વસંવેદન જ્ઞાની છે. આવી જ્ઞાનીને વીતરાગ ભાવ હોય છે, સમભાવ હોય છે.

(૨) વીતરાગ સ્વસંવેદન જ્ઞાની પૂર્વ ઉપાર્જિત કર્મોનો ક્ષય કરે છે અને નવા કર્મોનો પ્રવેશ થવા દેતાં નથી. તેઓ બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહને છોડી પરમ શાંત સ્વભાવને કરે છે અર્થાત્ જીવન-મરણ, લાભ-અલાભ, સુખઃદુખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન,ઈત્યાદી વસ્તુઓમાં એક સરખા (સમરૂપ) પરિણામ રાખે છે. સમતાભાવને પ્રાપ્ત થાય છે.

(૩) જ્ઞાની-મુનિ-ધર્મીને પોતાના વીતરાગ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન છે તથા વીતરાગ સ્વભાવમાં લીનતા છે. એ તો પોતાના વીતરાગ સ્વભાવના ઢાળામાં ઢળી ગયા છે અને અતીન્દ્રિય અમૃતરસને પીએ છે. મુનિની દૃષ્ટિ સંયોગો પર નથી, એ તો જ્ઞાનસ્વરૂપમાં છે, જ્ઞાન સ્વરૂપનું જ્ઞાન છે. શ્રદ્ધાન છે. અને જ્ઞાનસ્વરૂપમાં સમતાની પરિણતિ છે. મુનિને જ્ઞાતાપણાનું પરિણમન થઈ ગયું છે. તેથી બાહ્ય દરેક ચીજમાં સમભાવ વર્તે છે.

(૪) મુનિરાજને આનંદ સ્વભાવની દૃષ્ટિ અને તેમાં લીનતા થઈ જે અને આકુળતા અને આકુળતાના નિમિત્તો છૂટી ગયા છે. તેથી વીતરાગે કહેલા સર્વ શાસ્ત્રોના રહસ્યભૂત વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતાને પ્રાપ્ત થયા છે.

(૫) સર્વ શાસ્ત્રોમાં એજ તાત્પર્ય છે કે જ્ઞાયકની દૃષ્ટિ કર ! જ્ઞાન પણ જ્ઞાયકનું કર અને સ્થિરતા પણ જ્ઞાયકમાં કર ! આ ત્રણેયમાં વીતરાગતા જ છે, એજ સર્વ શાસ્ત્રોનો સાર છે.

(૬) સંયોગ (અનુકૂળ કે પ્રતિકૂળ), નિમિત્ત (સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કે કર્મો) અને રાગ (વિકારી પર્યાયો, સંયોગી ભાવો) એ ત્રણેની ઉપેક્ષા કરીને શુદ્ધાત્માની દૃષ્ટિ કર ! સંયોગ અને નિમિત્તનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર ! નિમિત્ત અને સંયોગીભાવને છોડીને સ્થિરતા કરવી તે સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે અને તેના ફળમાં વીતરાગતા છે સામ્યભાવ છે.

(૭) આમ, 'નિમિત્ત, સંયોગ અને સંયોગીભાવોની ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી' આમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. આવા શાસ્ત્રોના રહસ્યને જાણતાં મુનિરાજ વીતરાગ પરમાનંદ એક સુખરસના આસ્વાદી થયા થકા સમભાવ પ્રગટ કરે છે.

(૮) વિકલ્પોના અનેક પ્રકાર છે તે બધામાં દુઃખ જ છે જ્યારે સુખનો એક જ પ્રકાર છે. એ સુખરસ-આત્માનંદરસનો આસ્વાદ કરતાં અતીન્દ્રિય આનંદને સેવતાં મુનિ વીતરાગ ભાવે પરિણમે છે, કારણ કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ એવો છે કે સમભાવ-વીતરાગભાવ થઈ જાય છે.

(૯) આત્મા એટલે અતીન્દ્રિયજ્ઞાન અને આનંદની મૂર્તિ. આવા આત્માને જેણે દૃષ્ટિ અને જ્ઞાનમાં લઈને તેનો સ્વાદ લીધો તે અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત તૃપ્ત થઈ જાય છે. અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થયેલા મુનિને સમભાવ થઈ જાય છે. આવી સમભાવી દશાને મુનિપણું અથવા ચારિત્રદશા કહેવાય છે. આવી દશાના ધારક સાધુને સાધુ કહેવામાં આવે છે.

(૧૦) મારા સ્વરૂપમાં જ આનંદ છે એવી દૃષ્ટિ થવી તેનું નામ જ સમ્યગ્દર્શન છે. આવી સમ્યગ્દૃષ્ટિ જેને થઈ તે હવે શુભાશુભ વિકલ્પમાં કે સંયોગમાં આનંદ માનતો નથી. આત્મામાં જ આનંદ છે અને આ આકુળતા છે તે મારાથી પર છે એમ આનંદ અને આકુળતાનું અથવા તો સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે.

(૧૧) પરમાત્મા પોતે જ આનંદમૂર્તિ છે, તેમાં નજર નાખવાથી નિધાનનો વિકાસ થયો છે-નિધાન ખૂલવા લાગે છે. આ નિધાનમાં વિકલ્પ હોતો નથી, સમભાવ હોય છે. આવા જ્ઞાનસહિત આનંદમાં ઠરતાં સહેજે સમભાવ થઈ જાય છે.

(૧૨) આવો 'સમભાવ'- 'વીતરાગભાવ' એ ચારે અનુયોગોનો સાર છે. બાર અંગનો સાર છે. વીતરાગી દિવ્યધ્વનિનો સાર છે.

(૧૩) આદરથી સમભાવને જ ધારણ કરવો જોઈએ. આત્મા જેવો છે તેવી તેની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ સમભાવ છે. વિકલ્પનો (શુભાશુભ ભાવો) આદર નહી કરતાં, આ સમભાવનો આદર કરવા યોગ્ય છે.

(૧૪) સમભાવના આદર સિવાય અન્ય વાતોથી શું પ્રયોજન છે? 'લાખ બાતકી યહી બાત હૈ, નિશ્ચય ઉર લાવો..' શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, અને શુદ્ધ સ્વરૂપમાં લીનતા સમભાવ જ બાર અંગ અને મોક્ષમાર્ગનો સાર છે. સાથે વ્રત, પુજા-ભક્તિ, દયાદાનના ભાવ આદિ હોય તેનું ફક્ત શાસ્ત્રોમાં જ્ઞાન કરાવ્યું છે પણ મૂળ વસ્તુતો 'સમભાવ' જ છે.

(૧૫) 'આદરથી સમભાવને ધારણ કરવો જોઈએ..' મારે બહારથી ખસીને અંદર આવવું પડે છે એમ ન હોય, અંદર આવવામાં જ સુખ-શાંતિ છે માટે તેને આદરથી ધારણ કર ! બીજું બધું છોડી દે. બીજામાં કાંઈ સાર નથી. સમભાવ જ સારભૂત હોવાથી આદરવા યોગ્ય છે. વસ્તુનું પરિણમન તો ક્ષણે ક્ષણે બદલતું જ રહે છે. ક્ષણ પહેલાં જીવન અને બીજી ક્ષણે મૃત્યુ જોઈને દુઃખી ન થઈશ. બંનેમાં સમભાવને ધારણ કરજે. જગતને મરણતણી બીક છે પણ જ્ઞાનીને આનંદની લહેર છે.

(૧૬) અંતરમાં સમાવામાં સુખ છે માટે તેનો આદર કરે ! બહારમાં ડોકીયા કરવામાં દુઃખ છે માટે તેને છોડી દે ! સમભાવ એ જ જીવનું સ્વરૂપ છે અને તે જ આદરણીય છે. ભગવાન આત્માને યાદ કરીને તેમાં ઠરી જા. બીજા ભગવાનને યાદ કરવા રહેવા દે, બીજાને યાદ કરવામાં વિકલ્પ ઊઠે છે ત્યાં સમભાવ રહેતો નથી. માટે હું ભગવાનને યાદ નહી કરું તો અવિનય થઈ જશે એમ નથી. વિકલ્પ છૂટશે તો ખરો વિનય થશે. સ્વભાવમાં સમભાવ થશે એ જ સત્‌નો આદર છે.

(૧૭) આવો મારગ છે ભાઈ ! કાયરના કાળજા કંપી ઉઠે તેવું છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ આ ફરમાવ્યું છે કે અમારા પ્રત્યેના વિકલ્પનો આદર ન કર! અમે જ તને તારા સમભાવ સ્વરૂપનો આદર કરવાનું શાસ્ત્રો દ્વારા કહીએ છીએ. સામ્યભાવનો આદર કરવામાં જ વિનય છે, તેમાં કોઈનો અવિનય થતો નથી. વિકલ્પને ભૂલી, સર્વની અપેક્ષા છોડી, એક માત્ર સમભાવ-સામ્યભાવનો આદર કર! પોતાના અમૃત આનંદમાં ઠરવું એ જ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

સર્વજ્ઞ વીતરાગના કહેલા સમસ્ત પંથ (સમસ્ત પ્રકારની કથન શૈલી) અને બાર અંગ આ સમભાવરૂપ સૂત્રની જ ટીકા છે. બીજી રીતે કહીએ તો સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા જ છે. તેનો અર્થ એ છે કે નિમિત્ત અને નિમિત્તના લક્ષે થતાં ભાવની ઉપેક્ષા કરવી અને આત્માના સિદ્ધ સ્વરૂપની અપેક્ષા કરવી. આ એક જ વાત છે. બાકી બધો તેનો વિસ્તાર છે.

(૧૮) વીતરાગતા જ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે. વીતરાગ દૃષ્ટિ એટલે પૂર્ણાનંદની નિર્વિકલ્પ પ્રતીતિ, વીતરાગજ્ઞાન એટલે સ્વાશ્રયભાવ, અને વીતરાગી સ્થિરતા એટલે વિકલ્પ વિનાની શાંતિનું પરિણમન. આવા દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાના ધારક મુનિ જ મોક્ષના તાત્કાલિક અધિકારી છે.

(૧૯) શરીર અને આત્માનો સંયોગ થાય છે તે છૂટયા વિના રહેતો નથી. સંયોગ છૂટે તે કોઈ નવી વાત નથી. તે તો દરેકને છૂટે છે. સંયોગીભાવ છૂટે તેની કિંમત છે. સમભાવમાં રહીને સંયોગીભાવથી છૂટે તેના મરણને પંડિત મરણ કહે છે. જે આત્મા આવો પંડિત થાય છે તે જરૂર કેવળજ્ઞાનને પામવાનો છે. તેને જન્મમરણ છૂટી જવાના છે.

(૨૦) સંતોએ જ જીવનને જીવી જાણ્યું છે. સમભાવમાં પરિણમનને સંતો અલૌકિક જીવન જીવે છે. વિકલ્પમાં એકાકાર થઈને જ્ઞાન વળગ્યું હતું તેની જયાં દિશા ફરી ત્યાં જાત્યાંતર જ્ઞાન પ્રગટ થઈ ગયું. તેને જીવતાં જ જીવનનો પલટો થઈ ગયો. તેણે જીવનને જીવી જાણ્યું, આત્માને માની જાણ્યો. દુનિયામાં ગમે તે હો.. મારામાં દુનિયાનું કાંઈ નથી અને દુનિયામાં મારું કાંઈ નથી. મારું બધું મારું પડયું છે. દશ પ્રકારના ધર્મ કહો કે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહો એ બધું સમભાવમાં સમાઈ જાય છે, સમભાવ કહો, સામ્યભાવ કહો, શુદ્ધભાવ કહો, વીતરાગ પરિણતિ કહો, બધું એક જ છે.

(૨૧) વિકલ્પ અને નિમિત્ત ઉપરથી દૃષ્ટિ સંકેલીને ચિદાનંદ ભગવાનનો આશ્રય કર ! તેમાં બધું આવી જાય છે. પોતે પરમાત્મા સ્વરૂપ છે અને વીતરાગ ભાવે પરિણમવું એ પરમાત્મા થવાનો ઉપાય છે.

(૨૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને જ નિશ્ચયથી હોય છે કે જે યતિ સમભાવ કરે છે. બીજા સમભાવરહિત જીવને ત્રણ રત્નમાંથી એકપણ હોતા નથી. સમભાવમાં જ ત્રણેય રત્ન છે. ભગવાન આત્મા વિકલ્પ વિનાની ચીજ છે તેનું દર્શન-જ્ઞાન અને રમણતા તે રત્નત્રય છે. તેનાથી વિરુદ્ધ શુભરાગાદિ વિકલ્પો કે દેહની ચેષ્ટામાં કાંઈક લાભ છે તેનાથી મારું હિત અથાય છે એવા વિષમભાવમાં સમ્યકત્વનો લાભ પ્રગટ થતો નથી. સમભાવ વિના એક ય રત્નની પ્રાપ્તિ નથી.

(૨૩) ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ જ સમભાવ સ્વરૂપ છે, તેની દૃષ્ટિ તે સમભાવરૂપ સમ્યગ્દર્શન છે, તે સમભાવનું જ્ઞાન તે જ સમભાવરૂપી સમ્યગ્જ્ઞાન છે અને અંતરમાં સ્થિરતા અને સમભાવરૂપી ચારિત્ર છે.તેનાથી વિરુદ્ધ ભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એકેય નથી.

પરમ શાંત વીતરાગભાવને દૃષ્ટિમાં નહી લેતાં, તે સંયોગોમાં અને વિકલ્પમાં જ ઠીકપણું માને છે તેને વિષમભાવ છે, માટે સમ્યકભાવ નથી. વિષમભાવ એટલે રાગભાવ, શુભરાગમાં 'આ મને ઠીક છે' એમ માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્જ્ઞાન ચારિત્ર નથી. પોતાનું પરમાત્મા સ્વરૂપ વીતરાગ સમરસ સ્વરૂપ છે. તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં જ સમભાવ છે.

(૨૪) આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. સમભાવ સ્વરૂપ છે. ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણકાળના પર્યાયો જણાય છે તેમજ પદાર્થોમાં ક્રમબધ્ધ પર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહી પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે.

પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ અને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબધ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી અવળી કરવાનું જ રહ્યું નહી. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્યપર દૃષ્ટિ જતાં થાય છે.

અહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. સમભાવસ્વરૂપ છે.

**સારભૂતઃ**

(૧) સમ્યક્ પ્રકારે પૂર્ણતાના લક્ષે શરૂઆત કરીને ક્રમે ક્રમે રાગ-દ્વેષ ટાળીને વીતરાગતા પ્રગટ કરવી એ જૈન ધર્મનું પ્રયોજન છે.

(૨) જૈન ધર્મ તો વીતરાગ ભાવસ્વરૂપ છે. પહેલાં સમ્યગ્દર્શનરૂપી જૈન ધર્મ પ્રગટતાં શ્રદ્ધામાં વીતરાગતા પ્રગટે છે, જ્ઞાનમાં વીતરાગતા પ્રગટે છે પછી સમ્યક્ ચારિત્રરૂપ જૈન ધર્મ પ્રગટતાં રાગ ટાળીને સાક્ષાત્ વીતરાગભાવ પ્રગટે છે.

(૩) આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાનનો સ્વભાવ બધાને માત્ર જાણવાનો છે. જાણવામાં કાંઈપણ રાગદ્વેષ કરવો તે જ્ઞાનનો સ્વભાવ નથી. જે રાગ થાય તે જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે આવું ભેદજ્ઞાન કરવું તે ધર્મી જીવોનું કર્તવ્ય છે. એ ભેદજ્ઞાન જ ધર્મ છે.

(૪) જીવને દરેક પ્રસંગે, દરેક સમયે વીતરાગ ભાવ જ કર્તવ્ય છે.

(૫) જેમ દેશ, કુટુંબ કે શરીરાદિ કારણે રાગ-દ્વેષ કર્તવ્ય નથી. તેમ દેવ-ગુરુ-ધર્મના કારણે પણ રાગ-દ્વેષ કર્તવ્ય નથી. પણ જ્ઞાન અને વીતરાગભાવ સમભાવ જ ત્રણે કાળ કર્તવ્ય છે. આ રીતે બધે વીતરાગભાવ સમભાવની જ વાત છે.

# ૧૦ સમજણની મહિમા

(૧) જ્ઞાની સમજને પુરૂષાર્થ સમજે છે, અજ્ઞાની કંઈક કરવાને પુરૂષાર્થ સમજે છે.
(૨) ગુરૂ સમજીને બોલે છે, શિષ્ય સાંભળીને સમજે છે.
(૩) જ્ઞાતા સમજવા માટે જ ઉપદેશ સાંભળે છે, કરે છે.
કર્તા સમજાવવા માટે જ ઉપદેશ કરે છે, સાંભળે છે.
(૪) આત્માર્થીઓનો પુરૂષાર્થ વસ્તુસ્વરૂપ સમજવાનો છે.
(૫) શ્રદ્ધાન સહિતના જ્ઞાનને જ સમજ કહે છે.
(૬) દ્રવ્યદૃષ્ટિ કૃત કૃત્યને જ સમજીને તેનું લક્ષ કરે છે.
(૭) જ્ઞાન છે તે સ્વ-પરનું સ્વરૂપ સમજવા માટે છે, કોઈ પરના કર્તા બનવા માટે નહિ.
(૮) સમજ પોતાનું હિત કરવા માટે છે, નકામું માન કરવા માટે નથી.
(૯) સમજ સ્વયં સમજની જ કર્તા છે, અન્યની કર્તા નથી, ત્યારે જ સમજ નામ પ્રમાણ છે.
(૧૦) સમજ જ દોષોનો નાશ કરવાની અમોઘ ઔષધ છે.
(૧૧) મનમાની સમજ મહાન અનર્થ પેદા કરે છે, વાસ્તવિક સમજ મહાન જીવન પ્રદાન કરે છે.
(૧૨) પોતાની સમજ અનુસાર નિષેધ-વિધાન સહજ જ થયા કરે છે.
(૧૩) પરિસ્થિતિ બદલાતી નથી, પોતાની સમજ જ બદલાય છે.
(૧૪) જ્ઞાનમાં સ્વ-પરનું સ્વરૂપ સમજવાથી રાગ રોગ નષ્ટ પામે છે.
(૧૫) દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ સમજવું એ વિનય છે, રાગ કરવો એ વિનય નથી. રાગ દુઃખનું કારણ છે.
(૧૬) જ્ઞાની પર વસ્તુના પરિણમનને જ્ઞેય સમજીને સ્વયં જ્ઞાતા-દૃષ્ટા રહીને નિજાનંદ ભોગવે તે પ્રગટ બ્રહ્મચારી. અજ્ઞાની પર વસ્તુના પરિણમનને પોતાનો વિષય બનાવી સ્વંય વિષય ભોગવે તે પ્રગટ વ્યભિચારી.
(૧૭) આત્મહિતમાં જ્ઞાનની પ્રધાનતા, બાહ્ય સંયોગોમાં પુન્યની પ્રધાનતા એ સમજવા જેવું છે.
(૧૮) જ્ઞાન સમજે છે, વિકલ્પ ઉછળે છે, દેહ પલટે છે, તો હવે કરવું શું?
(૧૯) દૃષ્ટિકોણ સમજણનો સાર છે.
(૨૦) જાણવાની સાથે જ માનવું એ તો સમજાણ છે.
(૨૧) સમજતાં, સમજતાં દોષોનું નિવારણ કરતાં, કષાયોનો ક્ષય થતાં કેવળજ્ઞાન થઈ જાય છે.
(આત્મ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે !)
(૨૨) પોતાની સમજને સમજવાથી સમજમાં આનંદ મળે છે. હું પોતે સમજાણનો પિંડ છું.

(૨૩) વસ્તુ સ્વરૂપ સમજવું એ જ્ઞાનને આધીન છે.
'વસ્તુનું હોવું' એટલું એ સ્વયં વસ્તુને આધીન છે.

(૨૪) સ્વ-પરનું સ્વરૂપ જ સમજવાનું છે, સ્વપરમાં કાંઈક અહિંયા ત્યાં કરવાનું નથી.

(૨૫) આત્મરૂચી, વૈરાગ્ય, જ્ઞાનનો ઉઘાડ, એકાગ્રતાનો અભ્યાસ હોય તો આત્મસ્વરૂપ સમજવામાં આવે છે.

(૨૬) જ્ઞાનનું કાર્ય સ્વ-પરને તથા હિત-અહિતને સમજવું છે.

(૨૭) પર વસ્તુ પર અધિકાર જમાવવાથી કાર્યની સિધ્ધિ નથી,
વસ્તુનું સ્વરૂપ સમજવાથી પ્રયોજનની સિધ્ધિ થાય છે.

(૨૮) આત્મા રાગ-દ્વેષ કરે તો સમજે કોણ?

(૨૯) જ્ઞાન એ પ્રગટ આત્મા છે, વસ્તુ જેવી છે તેવી જાણવી જ્ઞાનનો વ્યવહાર છે, રાગ જ્ઞાનનો વ્યવહાર નથી, રાગ એ ચારિત્રગુણની પર્યાયનો દુર્વ્યવહાર છે.

(૩૦) આત્માને તો, 'વસ્તુ સ્વરૂપ અને મર્યાદામાત્ર સમજવાની જ' આટલું જ કરવાનું છે, બીજુ કાંઈ કરવાનું નથી. બાહ્ય સંયમ, શીલ, વ્રત, તપ-ત્યાગ, ભક્તિ આદિ જે શુભ ભાવો છે તે પોત પોતાના ગુણસ્થાન અનુસાર (ભૂમિકા અનુસાર) બધા જીવોને સહજ થતા રહે છે.

(૩૧) સમજમાં આવવું એ ત્યાગ છે, વચનથી 'ત્યાગ છે' એમ કહેવું એ ત્યાગ નથી.

(૩૨) પતનની પરાકાષ્ટા તો જુઓ! સમજમાં આવવા છતાં મોહ છૂટતો નથી.

(૩૩) જ્ઞાનનું અનંત સામર્થ્ય છે, જ્ઞાનને સમજવું એ જ જ્ઞાનનું સામર્થ્ય છે.

(૩૪) સમજવું એનો સાર છે જે વસ્તુને સ્વયં પરિણમતી જુએ છે.

(૩૫) પોતાની અમુલ્ય પૂંજી શ્રદ્ધાન-જ્ઞાન (સમજ) છે, તેનું સ્થાન મિથ્યાત્વે લઈ લીધું છે.

(૩૬) તમે સમજો તો ખરા કે તમે શું કરી રહ્યા છો?

(૩૭) આત્મા તે નિશ્ચય, જાણવું-માનવું તે વ્યવહાર આત્મામાં જ્ઞાન-શ્રદ્ધાન તે નિશ્ચય-ઉપયોગ તે વ્યવહાર નિશ્ચયને અનુસાર જ વ્યવહાર હોય છે.

(૩૮) કાર્ય તો દ્રવ્યનો વ્યવહાર છે, આ જ્ઞાનને માત્ર સમજવાનું છે.
જ્ઞાનનું પણ સમજવું જ વ્યવહાર છે, બીજું કાંઈ નથી.

(૩૯) ક્રમબધ્ધ સહજ સ્વભાવી વસ્તુની સ્વતંત્રતા સમજી તો જ્ઞાનની યથાર્થતા પ્રગટી, જ્ઞાનની યથાર્થતા પ્રગટવાથી વીતરાગતા પ્રગટી, વીતરાગતા પ્રગટવાથી પ્રભુતા પ્રગટી.

(૪૦) સમજ કરવી તે નિશ્ચય, વસ્તુનું સ્વયં હોવું તે વ્યવહાર.

(૪૧) આત્મામાં વિકલ્પાદિ બધા પોત પોતાના સ્વભાવ અનુસાર સ્વતંત્ર કાર્ય કરી રહ્યા છે. આ વાત આત્માને સમજીને માનવી પડશે, ત્યારે જ શાંતી થશે.

(૪૨) આત્માની પાસે જ્ઞાન સ્વ-પરનું સ્વરૂપ સમજીને અર્થાત્ અર્થ-ગ્રહણ કરીને સુખી બનવા માટે છે કે રાગ-દ્વેષ ગ્રહણ કરીને દુ:ખી બનવા માટે છે.?

(૪૩) નિશ્ચય સમજ્યા વગર નિશ્ચિંત નહીં, નિશ્ચિંત વગર સુખ નથી.

(૪૪) જ્ઞાન ગુણ છે, જાણવું એની પર્યાય છે. (કાર્ય છે) વર્તમાન સામર્થ્ય એની લબ્ધિ છે એને જ્ઞાનની પૂંજી કહે છે. આ પૂંજીને કામમાં લગાડવી તે ઉપયોગ છે. આ સમજવું .

(૪૫) સમજાણની કઈ ખાણ છે, આ સમજ ક્યાંથી આવી રહી છે? આ ક્યારે ખતમ થશે શું? આ પ્રમાણે નિર્ણય કરવાથી જ્ઞાન ક્યારેક અંદર આવી જશે.

(૪૬) વસ્તુ પોતાના સ્વભાવ (યોગ્યતા) અનુસાર પરિણમન કરશે જ, આત્મા દુ:ખી બને કે સુખી બને, એનું વસ્તુમાં કાંઈ મૂલ્ય નથી. આ સમજવું જ પડશે, માનવું જ પડશે.

(૪૭) સમજાણનું સ્થાન કર્તૃત્વના અભિમાને લઈ લીધું, સમજ થઈ ગઈ પાગલ! આ સમજશે કોણ?

(૪૮) સમજાણને સમજાણ જ સુધારી શકે છે. સમજને સમજવું તે જ ઉપયોગ છે. ઉપયોગનું કાર્ય પોતાની સમજને કામમાં લેવાનું છે. બાહ્ય ક્રિયાથી આત્માનું હિત માનવું મિથ્યાત્વ છે.

(૪૯) જીવની સારી સ્થિતિ જ્ઞાન-શ્રદ્ધાન (સમજાણ) પર નિર્ભર છે.

(૫૦) વગર સમજે કોનું નિષેધ? કોનું વિધાન? દોષોને સમજયા જ નહીં તો નિષેધ શેનું? ગુણોને જાણે જ નહીં તો વિધાન શેનું?

(૫૧) મનમાની સમજ વ્યર્થ ગ્રહણ કરીને અનર્થ રચે છે. વાસ્તવિક સમજ અર્થ ગ્રહણ કરીને સાર્થક સિધ્ધ કરે છે.

(૫૨) વારંવાર સમજને, સમજથી, સમજી સમજીને, સમજને જ બરાબર કરવાની છે. બાહ્ય પદાર્થનો મહિમા (પ્રભાવ) નથી પડતો, પરંતુ પોતાની સમજનો પ્રભાવ પડે છે.

(૫૩) આ બધું થવાનું છે તે થાય છે, હું તો ફક્ત સમજુ છું એવો નિરંતર અભ્યાસ !

(૫૪) આત્માર્થી વર્તમાન સમજને કામમાં લે છે.

(૫૫) વસ્તુમાં ફેરફાર (હેર-ફેર) કોઈ આત્મપુરૂષાર્થ નથી, વસ્તુનો યથાર્થ સ્વરૂપ સમજવું એ આત્મપુરૂષાર્થ છે.

(૫૬) જ્ઞાનનું કર્તવ્ય છે, આત્માની અંદર જેવી સ્થિતિ છે (દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવ) તેને બરાબર સમજી ને -શ્રદ્ધાનપૂર્વક પોતાને જાણવું (સમજવું) અર્થાત હિત-અહિતનું જ્ઞાન કરવું.

(૫૭) વિકલ્પ (રાગ) તો નજરમાં આવે છે, પણ એના પર કોઈ અધિકાર નથી (સ્વામીપણું નથી) આ તો ભેદવિજ્ઞાન છે. પરંતુ અંદાજથી (અનુમાનથી) અનુભવ ન થાય.

(૫૮) વગર સમજે દોષ અપનાવવા એ ઘોર દુઃખની જનની છે.

(૫૯) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માત્ર પરદ્રવ્ય અને રાગાદિ ભાવો સાથે બહારમાં જ નથી હોતો, પરંતુ અંદરમાં પણ હોય છે. જેમ કે જ્ઞાનનું અંતરમાં નિર્ણય થયો કે 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન છું? તેવું જ શ્રદ્ધાન, વીર્ય, આહલાદ્ થાય જ છે, જ્ઞાન એને કરતો નથી.

(૬૦) સમજ સમજના સમજશે, સમજ સમજના ધાર, સમજ સમજના સમજંમે, સમજ સમજના સાર.

(૬૧) આત્મા નિરંતર પોતાના સમજવાના કાર્યને વિકલ્પોથી જુદું સમજવાનો પ્રયત્ન કરે ! આ અભ્યાસથી ભેદ-વિજ્ઞાન થવાની સંભાવના છે.

(૬૨) સમજવું એ કાંઈ બીજી વાત છે, કર્તવ્ય એ બીજી વાત છે.

(૬૩) એક તરફ-આત્મક્રિયારૂપ જ્ઞાન-શ્રદ્ધાન અભ્યાસ ! એક તરફ-શરીર ક્રિયારૂપ-યોગાભ્યાસ !

(૬૪) સમજને સમજવાની હોંશ જોઈએ, સમજને 'કરવાની' હોંશ આ કેવી વિપરીતતા !

(૬૫) સમજ વિકલ્પરૂપ થઈ ગઈ છે, સમજ સમજરૂપ થઈને જુએ તો તેને વિકલ્પ જુદા દેખાય છે.

(૬૬) જ્યારે મારા જ્ઞાન-શ્રદ્ધાન (સમજ) સ્વયં સંભાળીને મારી સુંદરત્તમ વ્યવસ્થા કરી શકે છે, તો મને અન્યની શું દરકાર છે ?

(૬૭) સ્વદ્રવ્યની સમજમાં પરદ્રવ્યની સમજ આવી જાય છે.

(૬૮) જ્યારે સમજની અનુસાર વિકલ્પ થાય છે, ત્યારે સમજની જ મુખ્યતા રહે છે. એટલા માટે જ્ઞાની સમજને જ સમજવાનો ઉપદેશ આપે છે.

(૬૯) આત્માનો સ્વરૂપ સમજવાનો જ અધિકાર છે, પ્રતિકાર કરવાનો કોઈ અધિકાર નથી.

(૭૦) સમજને સમજવાની સમજ જ વિધિ છે.

(૭૧) સમજને સમજીને જ દોષ-નિર્દોષતા સમજી શકાય છે.

(૭૨) સમજેલો, સમજની સામે પોતાની સમજ પ્રગટ કરે છે.

(૭૩) સ્વરૂપ સમજવાથી જ્યારે કાર્યની સિધ્ધિ થાય છે ત્યારે પરની પાછળ પડીને વ્યર્થ હેરાનગતી તથા કાર્યની અસિધ્ધિ તેમજ વિપરીતતાની વૃદ્ધિથી શું ફાયદો?

(૭૪) સમજ જ નિમિત્ત બનાવે છે, જ્યારે સમજ નિમિત્ત ન બનાવે તો જબરજસ્તી કોણ નિમિત્ત બનાવી શકે?

(૭૫) સમજને સમજ સમજવાથી જ વસ્તુને વસ્તુપાણે સમજવી છે. જે સમજવું સમજપણું નથી, સમજતો તે અવસ્તુને વસ્તુ તેમજ વસ્તુને અવસ્તુ સમજે છે.

(૭૬) પરને પર, સ્વને સ્વ, જાણવું, માનવું જ આ વિશ્વમાં આત્માનો સુંદર વ્યવહાર છે.

(૭૭) સમજના જોરથી જ પરનું સ્વામીત્ત્વ તૂટી જાય છે.

(૭૮) આત્મામાં પ્રવેશ સમજ દ્વારા જ થાય છે.

(૭૯) અવ્યવસ્થિત સમજ મર્યાદામાં નથી અને દુઃખ પ્રાપ્ત કરે છે. વ્યવસ્થિત સમજ જ મર્યાદા સ્વીકારીને મર્યાદામાં આવી જાય છે.

(૮૦) જ્ઞાન રાગનું મહત્ત્વ સમજે છે ત્યારે પરની સાથે સંબંધ કરે છે. જ્ઞાન સમજી સમજી પોતાનું મહત્ત્વ જાણે તો આત્માથી સંબંધ કરે છે.

(૮૧) જીવે સમજીને શું કર્યું? જીવ સમજી લે છે ત્યારે પરિણામ પોતાની મેળે ઠીક થવા લાગે છે. પરિણામ જ્ઞાન ઠીક નથી કરતું, જ્ઞાન પોતાના પરિણામને સમજે છે.

(૮૨) જ્ઞાન સમજાણ સાથે સાક્ષાત્ વીતરાગવત્ લાગે છે કારણ કે જ્ઞાન સ્વ-પર કોઈમાં પણ હસ્તક્ષેપ નથી કરતો.

(૮૩) જ્ઞાન વિકલ્પના તમાશાને સમજે છે, પરંતુ જ્ઞાન વિકલ્પનો તમાશો કરતો નથી, માત્ર સમજે છે.

(૮૪) સમજની અનુસાર વિકલ્પ થાય છે, વિકલ્પની અનુસાર સમજ નહીં. સમજની અનુસાર વિકલ્પ થાય છે, પરદ્રવ્ય નહીં. ઉલટી સમજ અનુસાર કોઈ જુદા પ્રકારના વિકલ્પ થાય છે અને સુલટી સમજને અનુસાર કોઈ જુદા પ્રકારના હોય છે.

★★★

# ૧૧ સર્વજ્ઞતાનો મહિમા

(૧) મોક્ષમાર્ગના મૂળ ઉપદેશક શ્રી સર્વજ્ઞદેવ છે; તેથી જેને ધર્મ કરવો હોય તેણે સર્વજ્ઞને ઓળખવા જોઈએ.

(૨) નિશ્ચયથી જેવો સર્વજ્ઞ ભગવાનનો સ્વભાવ છે. તેવો જ આ આત્માનો સ્વભાવ છે. તેથી સર્વજ્ઞને ઓળખતાં પોતાનો આત્મા ઓળખાય છે; જે જીવ સર્વજ્ઞને ન ઓળખે તે પોતાના આત્માને પણ ઓળખતો નથી.

(૩) સમસ્ત પદાર્થોને જાણવાના સામર્થ્યરૂપ સર્વજ્ઞત્ત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ છે; પણ પરમાં કાંઈ ફેરફાર કરે એવી શક્તિ આત્મામાં કદી નથી.

(૪) અહો ! સમસ્ત પદાર્થોને જાણવાની તાકાત આત્મામાં સદાય પડી છે, તેની પ્રતીતિ કરનાર જીવ ધર્મી છે.

(૫) તે ધર્મી જીવ જાણે છે કે હું મારી જ્ઞાન-ક્રિયાનો સ્વામી છું પણ પરની ક્રિયાનો સ્વામી હું નથી.

(૬) આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, તે શક્તિનો વિકાસ થતાં પોતામાં સર્વજ્ઞપણું પ્રગટે, પણ આત્માની શક્તિનો વિકાસ પરનું કાંઈ કરી દે એમ બનતું નથી.

(૭) સાધકને પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટી ન હોય છતાં તે પોતાની સર્વ શક્તિની પ્રતીત કરે છે. તે પ્રતીત પર્યાયની સામે જોઈને કરી નથી પણ સ્વભાવ સામે જોઈને કરી છે. વર્તમાન પર્યાય તો પોતે જ અલ્પજ્ઞ છે, તે અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કેમ થાય?

(૮) અલ્પજ્ઞ પર્યાય વડે સર્વજ્ઞતાની પ્રતીત થાય પણ અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત ન થાય; ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ સર્વજ્ઞતાની પ્રતીત થાય છે.

(૯) પ્રતીત કરનાર તો પર્યાય છે, પણ તેને આશ્રય દ્રવ્યનો છે.

(૧૦) દ્રવ્યના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કરનાર જીવને સર્વજ્ઞતારૂપે પરિણમન થયા વગર રહે નહિ.

(૧૧) અલ્પજ્ઞ પર્યાય વખતે પણ પોતામાં સર્વજ્ઞત્ત્વશક્તિ હોવાનો જેણે નિર્ણય કર્યો તેની રૂચીનું જોર અલ્પજ્ઞ પર્યાય ઉપરથી ખસીને અખંડ સ્વભાવમાં વળી ગયું છે, એટલે તે જીવ 'સર્વજ્ઞ ભગવાનનો નંદન' થયો છે.

(૧૨) હજુ પોતાને સર્વજ્ઞપણું પ્રગટ્યા પહેલાં પણ 'મારો આત્મા ત્રણે કાળ સર્વજ્ઞતાપણે પરિણમવાની તાકાતવાળો છે.' એમ જેણે સ્વસન્મુખ થઈને નક્કી કર્યું તે જીવ અલ્પજ્ઞતાને, રાગને કે પરને પોતાનું સ્વરૂપ ન માને; પોતાના પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ઉપર જ તેની દૃષ્ટિ હોય.

(૧૩) જે આત્મા પોતાની પૂર્ણ જ્ઞાનશક્તિની પ્રતીત કરે તે જ ખરો જૈન અને સર્વજ્ઞદેવનો ભક્ત છે.

(૧૪) આત્મા પરને લ્યે-મૂકે, કે તેમાં ફેરફાર કરે એમ જે માને છે તે જીવ આત્માની શક્તિને, સર્વજ્ઞદેવને કે જૈન શાસનને માનતો નથી. તે ખરેખર જૈન નથી.

(૧૫) જુઓ ભાઈ! આત્માનો સ્વભાવ જ 'સર્વજ્ઞ' છે. સર્વજ્ઞ શક્તિ બધા આત્મામાં ભરી છે. 'સર્વજ્ઞ' એટલે બધાને જાણનાર. બધાને જાણે એવો મોટો મહિમાવંત પોતાનો સ્વભાવ છે. તેને અન્યપણે વિકારસ્વરૂપે માની લેવો તે આત્માની મોટી હિંસા છે. આત્મા મોટો ભગવાન છે. તેની મોટાઈના આ ગાણાં ગવાય છે.

(૧૬) ભાઈ રે! તું સર્વનો 'જ્ઞ' એટલે જાણનાર છો પણ પરમાં ફેરફાર કરનાર તું નથી. જ્યાં દરેક વસ્તુ જુદી જુદી છે ત્યાં જુદી ચીજનું તું શું કરે? તું સ્વતંત્ર અને તે પણ સ્વતંત્ર! અહો! આવી સ્વતંત્રતાની પ્રતીતમાં એકલી વીતરાગતા છે.

(૧૭) 'અનેકાન્ત' એટલે હું મારા જ્ઞાનત્ત્વપણે છું ને પરપણે નથી એમ નક્કી કરતાં જ જીવ સ્વતત્ત્વમાં રહી ગયો અને અનંત પરતત્ત્વોથી ઉદાસીનતા થઈ ગઈ. આ રીતે અનેકાંતમાં વીતરાગતા આવી જાય છે.

(૧૮) જ્ઞાનતત્ત્વની પ્રતીત વગર પર પ્રત્યેથી સાચી ઉદાસીનતા થાય નહિ.

(૧૯) સ્વ-પરના ભેદજ્ઞાન વગર વીતરાગતા થાય નહિ. જ્ઞાનત્ત્વને ચૂકીને 'હું પરનું કરું' એમ માનવું તે એકાંત છે, તેમાં મિથ્યાત્ત્વ અને રાગ-દ્વેષ ભરેલાં છે, તે જ સંસાર ભ્રમણનું મૂળ છે.

(૨૦) 'હું જ્ઞાનપણે છું અને પરપણે નથી' એવા અનેકાંતમાં ભેદજ્ઞાન અને વીતરાગતા છે, તે જ મોક્ષમાર્ગ છે અને તે પરમ અમૃત છે.

(૨૧) જગતમાં સ્વ અને પર બધા તત્ત્વો નિજ નિજ સ્વરૂપે સત્ છે, આત્માનો સ્વભાવ તેને જાણવાનો છે. છતાં 'હું પરને ફેરવું' એવા ઊંધા અભિપ્રાયને મહાન હિંસા કહેવામાં આવી છે અને તે જ મહાન પાપ છે.

(૨૨) અહો! હું તો જ્ઞાન છું, આખું જગત એમને એમ પોતપોતાના સ્વરૂપમાં બિરાજી રહ્યું છે ને હું મારા જ્ઞાન તત્ત્વમાં બિરાજું છું; તો પછી ક્યાં રાગ ને ક્યાં દ્વેષ? રાગ-દ્વેષ ક્યાંય છે જ નહિ- હું તો બધાને જાણનાર સર્વજ્ઞતાનો પિંડ છું, મારા જ્ઞાનતત્ત્વમાં રાગ-દ્વેષ છે જ નહિ-આમ ધર્મી જાણે છે.

(૨૩) હે જીવ ! જ્ઞાન તને તારો આત્મ વૈભવ દેખાડે છે. પોતાના જ્ઞાનમાં જ સ્થિર રહીને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જાણે એવો જ્ઞાનવૈભવ તારામાં ભર્યો છે, જો તારી સર્વજ્ઞશક્તિનો વિશ્વાસ કર તો ક્યાંય પણ ફેરફાર કરવાની બુધ્ધિ ઉડી જશે.

(૨૪) વસ્તુની પર્યાયમાં જે સમયે જે કાર્ય થવાનું છે તે જ નિયમથી થાય છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં તે જ પ્રમાણે જણાયું છે; આમ જે નથી માનતો અને નિમિત્તને લીધે તેમાં ફેરફાર થવાનું માને છે તેને વસ્તુસ્વરૂપની કે સર્વજ્ઞતાને પ્રતીત નથી.

(૨૫) 'સર્વજ્ઞતા' કહેતાં જ બધા પદાર્થોનું ત્રણે કાળનું પરિણમન સિધ્ધ થઈ જાય છે. જો પદાર્થમાં ત્રણે કાળના પર્યાયો ચોક્કસ ક્રમબધ્ધ ન થતા હોય ને આડાઅવળા થતા હોય તો સર્વજ્ઞતા જ સિધ્ધ થઈ ન શકે. માટે સર્વજ્ઞતા કબૂલ કરનારે એ બધું જ કબૂલ કરવું જ પડશે.

(૨૬) આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, 'આત્મજ્ઞાનમયી' છે. આત્મા પરની સન્મુખ થઈને પરને નથી જાણતો પણ આત્મસન્મુખ રહીને આત્માને જાણતાં લોકાલોક જણાઈ જાય છે. માટે સર્વજ્ઞત્ત્વશક્તિ આત્મજ્ઞાનમય છે. જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

(૨૭) હે જીવ ! તારા જ્ઞાનમાત્ર આત્માના પરિણમનમાં અનંત ધર્મો એક સાથે ઉછળી રહ્યાં છે; તેમાં જ ડોકિયું કરીને તારા ધર્મને શોધ. તારી અંતરશક્તિના અવલંબને જ સર્વજ્ઞપણું પ્રગટ થશે.

(૨૮) જેણે પોતામાં સર્વજ્ઞતા પ્રગટ થવાની તાકાત માની તે જીવ દેહાદિની ક્રિયાનો જ્ઞાતા રહ્યો, પરની ક્રિયાને તો ફેરવવાની વાત તો દૂર રહી પણ પોતાની પર્યાયને આઘાપાછા ફેરવવાની પણ બુધ્ધિ તેને હોતી નથી. જ્ઞાન ક્યાય ફેરફાર કરતું નથી. માત્ર જાણે છે. જેણે આવા જ્ઞાનની પ્રતીત કરી તેને સ્વસન્મુખ દષ્ટિને લીધે પર્યાયે-પર્યાયે શુધ્ધતા વધતી જાય છે ને રાગ છૂટતો જાય છે. આ રીતે જ્ઞાન સ્વભાવની દષ્ટિ તે મુક્તિનું કારણ છે.

(૨૯) 'સર્વજ્ઞતા' કહેતાં દૂરના કે નજીકના પદાર્થોને જાણવામાં ભેદ ન રહ્યા; પદાર્થો દૂર હો કે નજીક હો તેને લીધે જ્ઞાન કરવામાં કાંઈ ફેર પડતો નથી. દૂરના પદાર્થને નજીકના કરવા કે નજીકના પદાર્થને દૂર કરવા તે જ્ઞાનનું કાર્ય નથી, પણ નજીકના પદાર્થની જેમ જ દૂરના પદાર્થને પણ સ્પષ્ટ જાણવાનું જ્ઞાનનું કાર્ય છે. 'સર્વજ્ઞતા' કહેતાં બધાને જાણવાનું આવ્યું પણ તેમાં ક્યાંય 'આ ઠીક, ને આ અઠીક' એવી બુધ્ધિ કે રાગ-દ્વેષ કરવાનું ન આવ્યું.

(૩૦) કેવળી ભગવાનને સમુદ્ઘાત થવા પહેલાં તેને જાણવારૂપ પરિણમન થઈ ગયું છે, સિધ્ધ દશા થયાપહેલાં તેનું જ્ઞાન થઈ ગયું છે, ભવિષ્યના અનંત-અનંત સુખપર્યાયોનું વેદન થયા પહેલાં સર્વજ્ઞશક્તિ તેને જાણવારૂપે પરિણમી ગઈ છે-આ રીતે જ્ઞાન ત્રણે કાળના પર્યાયોને જાણી લેવાના સામર્થ્યવાળું છે, પણ તેમાં કોઈ પર્યાયના ક્રમને આઘો-પાછો કરીને ભવિષ્યમાં થનાર પર્યાયને વર્તમાનમાં લાવે-એમ બની શકતું નથી.

(૩૧) હે જીવ! મારા જ્ઞાનનું કાર્ય માત્ર 'જાણવું' તે જ છે. રાગ-દ્વેષ કરવાનું તો તારું સ્વરૂપ નથી. સર્વને જાણવારૂપે પરિણમે એવું તારું સ્વરૂપ નથી.સર્વને જાણવારૂપે પરિણમે એવું તારા જ્ઞાનનું પૂર્ણ સામર્થ્ય છે. આવી તારી જ્ઞાનશક્તિને ઓળખ તો સમ્યક્ શ્રધ્ધા-જ્ઞાન થઈને અપૂર્વ આનંદનો અનુભવ થાય.

(૩૨) મારા આત્મામાં સર્વજ્ઞત્વ શક્તિ છે. એમ જેણે સ્વીકાર્યું તેણે પોતાના સ્વભાવમાં રાગ-દ્વેષનો અભાવ પણ સ્વીકાર્યો, કેમ કે જ્યાં સર્વજ્ઞતા હોય ત્યાં રાગ-દ્વેષ હોતા નથી અને જ્યાં રાગ-દ્વેષ હોય ત્યાં સર્વજ્ઞતા હોતી નથી. તેથી સર્વજ્ઞસ્વભાવને સ્વીકારનાર કદી રાગ-દ્વેષથી લાભ માની શકે નહિ, અને રાગ-દ્વેષથી લાભ માનનાર સર્વજ્ઞ સ્વભાવને સ્વીકારી શકે નહિ.

(૩૩) જ્ઞાની કહે છે કે 'એક સૂકા તણખલાના બે ટૂકડા કરવાની શક્તિ પણ અમે ધરાવતા નથી' એનો આશય એમ છે કે અમે તો સાધક છીએ, એક પરમાણું માત્રને ફેરવવાનું કર્તૃત્વ અમે માનતા નથી તણખલાનાં બે કટકા થાય તેને કરવાની અમારી કે કોઈ આત્માની તાકાત નથી પણ જાણવાની તાકાત છે. અને તે પણ એટલું જ જાણવાની તાકાત નથી પણ પરિપૂર્ણ જાણવાની તાકાત છે.

(૩૪) જે જીવ પોતાના જ્ઞાનની પૂર્ણ જાણવાની શક્તિને માને તથા તેનો જ આદર અને મહિમા કરે તે જીવ અધૂરી દશા કે રાગને પોતાનું સ્વરૂપ ન માને તથા તેનો આદર અને મહિમા ન કરે. એટલે તેને જ્ઞાનના ઉઘાડનો અહંકાર ક્યાંથી થાય? જ્યાં પૂર્ણ સ્વભાવનો આદર છે ત્યાં અલ્પ જ્ઞાનનો અહંકાર હોતો જ નથી.

(૩૫) જ્ઞાનસ્વભાવી આત્મા સંયોગ વિનાનો તેમજ પરમાં અટકવાના ભાવ વિનાનો છે. કોઈ બીજા વડે તેનું માન કે અપમાન નથી. આત્માનો જ્ઞાન સ્વભાવ પોતે જ પોતાથી જ પરિપૂર્ણ અને સુખથી ભરપૂર છે.

(૩૬) સર્વજ્ઞતા એટલે એકલું જ્ઞાન...પુરેપુરું જ્ઞાન. એવા જ્ઞાનથી ભરેલા આત્માની પ્રતીત કરવી તે ધર્મનો મૂળ પાયો છે.

(૩૭) મારામાં જ સર્વજ્ઞપણે પરિણમવાની શક્તિ છે. તેનાથી જ મારું જ્ઞાન પરિણમે છે એમ જેણે ન માન્યું તેણે સંયોગથી લાભ માન્યો, એટલે તેને સંયોગમાં સુખબુધ્ધિ છે; કેમ કે જે જેનાથી લાભ માને તેને તેમાં સુખબુધ્ધિ હોય જ. ચૈતન્ય બિંબ સ્વતત્ત્વ સિવાય બીજાથી લાભ માનવો તે મિથ્યાબુધ્ધિ છે.

(૩૮) 'મારો આત્મા જે સર્વજ્ઞતા અને પરમ સુખથી ભરેલો છે. એવી જેને પ્રતીત નથી તે જીવ ભોગ હેતુ ધર્મને એટલે કે પુણ્યને જ શ્રધ્ધે છે; ચૈતન્યના નિર્વિષય સુખનો તેને અનુભવ નથી એટલે ઉંડાણમાં તેને ભોગનો જ હેતુ પડયો છે.

(૩૯) સર્વજ્ઞપણે પરિણમવાની આત્માની જ શક્તિ છે. તેનો આશ્રય કરવાને બદલે, નિમિત્તના આશ્રયે જ્ઞાન ખીલે, એમ જે માને છે તેને પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખબુધ્ધિ ટળી નથી. નિમિત્ત અને વિષયો બંને એક જ છે. નિમિત્તના આશ્રયથી લાભ માનનાર કે વિષયોમાં સુખ માનનાર-એ બંનેની એક જ વાત છે; તેઓ આત્મસ્વભાવનો આશ્રય કરીને ન પરિણમતાં સંયોગનો આશ્રય કરીને જ પરિણમી રહ્યાં છે. ભલે શુભભાવ હો, તો પણ તેમને વિષયોની રુચિ ટળી નથી ને સ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિ થઈ નથી; તેઓએ પોતાના આત્માને નહિ, પણ વિષયોને જ ધ્યેયરૂપ બનાવ્યા છે.

(૪૦) પોતાના શુધ્ધ ચૈતન્ય સ્વભાવ સિવાયના બધા ય પદાર્થો પર વિષયો છે, તેમના આશ્રયથી જે લાભ માને તેને પરવિષયોની પ્રીતી છે. જે પોતાના સ્વભાવની પ્રતીત કરે તેને કોઈ પર વિષયોમાં સુખબુધ્ધિ રહેતી નથી.

(૪૧) અહો ! મારા આત્મામાં સર્વજ્ઞતાનું સામર્થ્ય છે એમ જેણે પ્રતીત કરી તેણે તે પ્રતીત કરવાની શક્તિ સામે જોઈને કરી છે કે પર સામે જોઈને કરી છે? આત્માની શક્તિની પ્રતીત આત્માને ધ્યેય બનાવીને થાય કે પરને ધ્યેય બનાવીને થાય? કોઈ નિમિત્ત, રાગ કે અધૂરી પર્યાયના લક્ષે પૂર્ણ શક્તિની પ્રતીત થતી નથી,પણ અખંડ સ્વભાવના લક્ષે પૂર્ણતાની પ્રતીત થાય છે.

(૪૨) અરિહંત ભગવાન જેવી આત્માની સર્વજ્ઞશક્તિ પોતામાં ભરી છે. જો અરિહંત ભગવાન સામે જ જોયા કરે ને પોતા આત્મા તરફ વળીને નિજ શક્તિને ન સંભાળે તો મોહનો ક્ષય થાય નહિ. જેવા શુધ્ધ-નિર્દોષ અરિહંત ભગવાન છે તેવો જ હું છું એમ જો પોતાના આત્મા તરફ વળીને જાણે તો સમ્યગ્દર્શન પ્રગટીને મોહનો ક્ષય થાય છે. તેથી પરમાર્થે અરિહંત ભગવાન આ આત્માનો ધ્યેય નથી, પણ અરિહંત જેવા સામર્થ્યવાળો પોતાનો શુધ્ધાત્મા જ પોતાનું ધ્યેય છે. અરિહંત ભગવાનની શક્તિ તેમનામાં છે, તેમની પાસેથી કાંઈ આ આત્માની શક્તિ આવતી નથી; તેમના લક્ષે તો રાગ થાય છે.

## "સહજ આત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમ ગુરુ"

(૪૩) પ્રભો! તારી ચૈતન્યસત્તાના અસંખ્ય પ્રદેશી ખેતરમાં અચિંત્ય નિધાન ભર્યા છે, તારી સર્વજ્ઞશક્તિ તારા જ નિધાનમાં પડી છે, તેની પ્રતીત કરીને, સ્થિરતા દ્વારા તે ખોદ તો તારા નિધાનમાંથી જ સર્વજ્ઞતા પ્રગટે.

(૪૪) જેમ પૂર્ણતાને પામેલા જ્ઞાનમાં નિમિત્તનું અવલંબન નથી, તેમ નીચલી દશામાં પણ જ્ઞાન નિમિત્તને લીધે થતું નથી, એટલે ખરેખર પૂર્ણતાની પ્રતીત કરનારો સાધક જ્ઞાનને પરાવલંબન માનતો નથી પણ સ્વભાવના અવલંબનને માનીને સ્વ તરફ ઢળે છે.

(૪૫) સર્વજ્ઞશક્તિવાળા પોતાના આત્મા સામે જુઓ તો સર્વજ્ઞતા મળે તેમ છે પર સામે જુઓ તો આત્માનું કાંઈ વળે તેમ નથી. અનંતકાળ પર સામે જોયા કરે તો ત્યાંથી સર્વજ્ઞતા મળવાની નથી, ને નિજ સ્વભાવ સામે જોઈને સ્થિર થતાં ક્ષણમાત્રમાં સર્વજ્ઞતા પ્રગટી જાય તેવું છે.

(૪૬) સર્વજ્ઞતા પ્રગટ્યા પહેલાં સાધકદશામાં જ આત્માની પ્રતીત કરીને તેનો આશ્રય લેવાથી જ સાધક દશા શરૂ થઈને પૂર્ણ દશા પ્રગટે છે.

(૪૭) અહો ! મારું સર્વજ્ઞપદ પ્રગટવાની તાકાત મારામાં વર્તમાન ભરી જ છે.' આમ સ્વભાવ સામર્થ્યની શ્રધ્ધા કરતાં જ તે અપૂર્વ શ્રધ્ધા જીવને બહારમાં ઉછાળા મારતો અટકાવી દે છે, ને તેનો પરિણમનને અંતર્મુખ કરી દે છે. સ્વભાવ સન્મુખ થયા વિના સર્વજ્ઞશક્તિની પ્રતીત થાય નહિ.

(૪૮) અંતર્મુખ થઈને સર્વજ્ઞશક્તિની પ્રતીત કરતાં તેમાં મોક્ષની ક્રિયા-ધર્મની ક્રિયા આવી જાય છે. જે જીવ સ્વભાવ સન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી અને નિમિત્તની સન્મુખતાથી લાભ માને છે. તે જીવને વિષયોમાંથી સુખબુધ્ધિ ટળી નથી ને સ્વભાવ બુધ્ધિ થઈ નથી.

*'ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર; અતંર્મુખ અવલોકતા, વિલય થતાં નહિ વાર.'* આ કથનમાં સંપૂર્ણ જૈન દર્શનનો સાર છે.

(૪૯) સ્વભાવની બુધ્ધિવાળો ધર્મી જીવ એમ જાણે છે કે માથું કાપનાર કસાઈ કે દિવ્ય વાણી સંભળાવનાર વીતરાગ દેવ એ બંને મારા જ્ઞાનના જ્ઞેયો છે તે જ્ઞેયોના કારણે મને કાંઈ નુકસાન કે લાભ નથી તેમજ તે જ્ઞેયોના કારણે હું તેને જાણતો નથી.

રાગ-દ્વેષ વગર સમસ્ત જ્ઞેયોને જાણી લેવાની સર્વજ્ઞશક્તિ મારામાં છે. કદાચ અસ્થિરતાથી વિકલ્પ આવી જાય તોપણ ધર્મીને આવી શ્રધ્ધા તો ખસતી જ નથી.

(૫૦) પોતાના પૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લીધો છે તેના જ અવલંબનના બળે અલ્પકાળમાં ધર્મીને પૂર્ણ સર્વજ્ઞતા ખીલી જાય છે.

**જય હો તે સર્વજ્ઞતાનો**

**અને**

**સર્વજ્ઞતાના સાધક સંતોનો !**

# (૧૨) સમ્યગ્દર્શન

(૧) આત્મા અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા એમ અનંત અનંત ભાવસ્વરૂપે અનંત શક્તિઓથી સંપન્ન પરમાર્થ વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

(૨) વસ્તુ સ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે, દ્રવ્ય દ્રવ્યરૂપ જ છે. એની વર્તમાન અવસ્થા પરદ્રવ્યના નિમિત્તે અશુદ્ધ થઈ છે, પણ એ ગૌણ છે. આત્મામાં બે પ્રકારઃ એક ત્રિકાળી સ્વભાવભાવ અને એક વર્તમાન પર્યાયભાવ. ત્યાં ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાયકભાવ તે કદીય પ્રમત્ત-અપ્રમત એવા ચૌદ ગુણસ્થાનમાં ભેદરૂપ થયો જ નથી, નિરંતર જ્ઞાયકપણે શુદ્ધ રહ્યો છે. માટે વર્તમાન પર્યાયને ગૌણ કરી એવા શુદ્ધ જ્ઞાયકને દૃષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન અને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. આ વીતરાગમાર્ગની મૂળ વાત છે. દ્રવ્યમાં તો અશુદ્ધતા નથી, પણ દ્રવ્યદૃષ્ટિમાં પણ અશુદ્ધતા નથી.

(૩) દૃષ્ટિનો વિષય શુદ્ધ છે અને દૃષ્ટિ પણ શુદ્ધ છે. દૃષ્ટિએ ત્રિકાળી શુદ્ધની પ્રતીતિ કરી. શુદ્ધમાં 'શુદ્ધ' જણાયો. આવો વીતરાગમાર્ગ સુક્ષ્મ છે ભાઈ ! આત્મા પરમાત્માસ્વરૂપ શુદ્ધ છે. એની દૃષ્ટિથી જોઈએ તો વસ્તુ શુદ્ધ છે, પણ અહીં તો દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે એમ કહ્યું છે, દ્રવ્યશુદ્ધ છે એમ નથી કહ્યું. એનો અર્થ એ કે દૃષ્ટિ જ્યારે 'શુદ્ધ'ની થાય ત્યારે વસ્તુ શુદ્ધ છે અમે તેણે જાણ્યું કહેવાય.

(૪) ભગવાન આત્માની સમ્યક્દર્શનની પર્યાય સ્વદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થાય છે, તેને વ્યવહારની અપેક્ષા નથી. નિરપેક્ષપણે સ્વના આશ્રયે થાય છે.

(૫) નિશ્ચય સમ્યકસ્વરૂપના અનુભવસહિત પ્રતીતિ થવી તે નિશ્ચય સમકિત છે. સમ્યકદર્શન તો પ્રતીતિરૂપ છે. એની સાથે દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે રાગ આવે તેને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. પણ એ છે તો રાગ; ચારિત્રગુણની પર્યાય છે, કાંઈ સમકિતની પર્યાય નથી.

(૬) સમ્યકદર્શનમાં આત્મા જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. પરના આશ્રય વિના સીધો જ્ઞાનમાં જણાય છે. સમ્યકદર્શન તો પ્રતીતિરૂપ છે, પણ તે કાળે મતિ શ્રુતજ્ઞાનથી સ્વને પકડતાં પોતે પ્રત્યક્ષ થઈ જાય છે. (વેદનની અપેક્ષાએ વાત છે) પરમાર્થ વસ્તુ જ આવી છે, પોતે પોતાથી જાણાય તેવી ચીજ છે.

(૭) સમ્યગ્દર્શનમાં રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવા એકત્ત્વવિભક્ત આત્માની જ દૃષ્ટિ હોય છે, ત્યાં પણ અતીન્દ્રિય સુંદર આનંદનો સ્વાદ અલ્પ આવે છે, શ્રાવકને તે વિશેષ આવે છે, એના કરતાં મુનિઓને તો પ્રચુર સ્વસંવેદન હોય છે એટલે પ્રચુર આનંદ હોય છે.

(૮) અહાહા..!! ભગવાન, તું અનાદિ અનંત નિત્યાનંદ સ્વરૂપ એક પૂર્ણ જ્ઞાયકભાવ છે ! જેમાં પર્યાયનો-ભેદનો અભાવ છે. તેથી તું શુદ્ધ છે એમ કહેવાય છે. એટલે પરદ્રવ્ય અને તેના ભાવો તથા કર્મના ઉદયાદિનું લક્ષ છોડી જ્યાં દૃષ્ટિ ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર ગઈ કે પરિણતિ શુદ્ધ થઈ. એ શુદ્ધ પરિણામમાં જ્ઞાયક શુદ્ધ છે એમ જણાયું એને શુદ્ધ છે એમ કહે છે, ખાલી શુદ્ધ છે, શુદ્ધ છે એમ કહેવા માત્ર નથી, આ જ્ઞાયકભાવને જાણવો, અનુભવવો એ સર્વ સિધ્ધાંતનો સાર છે.

(૯) સમ્યગ્દર્શનનો વિષય કે નિર્વિકલ્પ ધ્યાનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ એકરૂપ જ્ઞાયક તેમાં સમ્યકદર્શન આદિ શુદ્ધપર્યાયોના ભેદ નથી. એકલા અભેદ જ્ઞાયકમાં અશુદ્ધતા તો નથી પણ દર્શન-જ્ઞાન ચારિત્રની પર્યાયના ભેદ પણ નથી.

(૧૦) સમ્યગ્દર્શન થતાં અનુભવ થાય એની મહોર-છાપ શું? તો કહે છે આનંદનો સ્વાદ આવે તે સમ્યક્ગ્દર્શનની મહોર-છાપ છે. પરથી લક્ષ હઠાવી, દયા દાનનાં જે વિકલ્પ રાગ છે ત્યાંથી લક્ષ હટાવી, દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણભેદનું લક્ષ છોડી જ્યાં અભેદ સ્વભાવમાં લક્ષ જાય ત્યાં અનુભવ પ્રગટ થાય છે, તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન થતાં સુંદર આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળે છે ત્યારે 'આત્મા' એનો યથાર્થ અર્થ સુંદર રીતે સમજાય છે.

(૧૧) અહાહા...!! સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ વસ્તુ છે. એક સેકંડ આવું સમ્યગ્દર્શન થાય ત્યાં દૃષ્ટિ અપેક્ષાએ મોક્ષ થઈ ગયો. આત્મા પોતે મોક્ષસ્વરૂપ પરમાત્માસ્વરૂપ બિરાજે છે. એની દૃષ્ટિ અને અનુભવ થતાં પર્યાયમાં પરમાત્માપદ પ્રગટ થાય છે. દેવ-ગુરૂ-શાસ્ત્રને માને, નવ તત્ત્વોના ભેદ જાણે એ કાંઈપણ સમ્યગ્દર્શન નથી. તે આત્માની પ્રતીતિરૂપ છે, સુક્ષ્મ પર્યાય છે. આનંદના સ્વાદ ઉપરથી જ્ઞાનીને તેનો ખ્યાલ આવે છે. પહેલું સમ્યગ્દર્શન થાય, પછી સ્વરૂપમાં વિશેષ એકાગ્ર થઈ સ્થિર થાય તે સમ્યગ્ચારિત્ર છે. સમ્યગ્દર્શન વિનાનાં વ્રત, તપ, ચારિત્ર બધાં એકડા વિનાના મીંડા છે. એ ક્રિયાઓમાં રાગ મંદ હોય તો પુણ્ય બંધાય, પણ ધર્મ ન થાય. એક સમ્યગ્દર્શન વિના જીવને સંસારના અનંત ભવ-પરિભ્રમણની અકથ્ય વેદના ભોગવવી પડી છે.

(૧૨) આ આત્મા અખંડ, એકરૂપ, શુદ્ધ, સામાન્ય, ધ્રુવ, અનુભવગોચર વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેને સ્વસંવેદનજ્ઞાન દ્વારા જે પ્રત્યક્ષ જાણે-અનુભવે તે સમ્યગ્દૃષ્ટિ જીવ છે. તેને કેવળી ભગવાન અને ઋષીશ્વરો ભાવશ્રુતકેવળી કહે છે.

(૧૩) જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. ત્રિકાળી પૂર્ણ આનંદસ્વરૂપ જે જ્ઞાયકભાવ, છતો પદાર્થ, શાશ્વત ચીજ આત્મા છે તે ભૂતાર્થ છે. જે જીવ તેનો આશ્રય કરે એટલે કે તેની સન્મુખ થાય તે નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. કર્મ-રાગ, ગુણ-ગુણીના ભેદ એ સઘળો વ્યવહાર છે તે અસત્યાર્થ છે, જૂઠો છે. કેમ કે કર્મ, રાગ અને ગુણભેદ એ ત્રિકાળી વસ્તુમાં નથી. ધ્રુવ વસ્તુ જે અનાદિ-અનંત, અસંયોગી, શાશ્વત, ભૂતાર્થ વસ્તુ-જેમાં સંયોગ, રાગ, પર્યાય કે ગુણભેદ નથી એવા અભેદની દષ્ટિ કરવી, આશ્રય કરવો એ સમ્યગ્દર્શન છે.

(૧૪) 'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ, અનંતદર્શનજ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ' બીજું કહીએ કેટલું 'કર વિચાર તો પામ' શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે.

આત્મા શુદ્ધ કહેતાં પવિત્ર છે. જે પર્યાયે તેનો શુદ્ધ તરીકે સ્વીકાર કર્યો તેના માટે શુદ્ધ છે. બુદ્ધ એટલે જ્ઞાનસ્વરૂપ છે, માત્ર જાણનાર છે, કરનાર નથી. ચૈતન્યઘન કહેતાં અસંખ્ય પ્રદેશી છે. સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય આવી વાત નથી. સ્વયંજ્યોતિ એટલે સ્વયંસિદ્ધ વસ્તુ છે. કોઈએ ઉત્પન્ન કરી હોય કે કોઈથી નાશ થાય (પામે) એવી ચીજ નથી, તે સુખધામ છે એટલે આનંદનું અતીન્દ્રિય આનંદનું ધામ છે. આવો આત્મા અભેદ એકરૂપ ભૂતાર્થ વસ્તુ છે. તેને 'કર વિચાર તો પામ' એટલે કે જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદન વડે આવા જ્ઞાયકને લક્ષમાં લે, તેની પ્રતીતિ કરે તો નિર્વિકલ્પ અનુભવ થાય. તેની પ્રાપ્તિ થાય. પોતાના અનંત ગુણોમાં વ્યાપેલું અભેદ, અખંડ જે ધ્રુવતત્ત્વ, એની દષ્ટિ કરવી એ નિશ્ચય સમ્યગ્દર્શન છે.

(૧૫) એક સમયમાં અભેદ, અખંડ, નિર્મળાનંદ જે આત્મવસ્તુ છે તે ભૂતાર્થ એટલે છતો-છતો-છતો વિદ્યમાન પદાર્થ સત્ય છે.તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને વીતરાગી શાંતિની પ્રાપ્તિના પ્રયોજનની સિધ્ધિ થાય છે તેથી તે મુખ્ય છે એન સઘળો જે વ્યવહાર છે તે અસત્યાર્થ છે, તેના આશ્રયે પ્રયોજનની સિધ્ધિ થતી નથી તેથી તે ગૌણ છે, લક્ષ કરવા યોગ્ય કે આશ્રય કરવા યોગ્ય નથી.

(૧૬) રાગ અને આત્મા બંનેનું ભેદવિજ્ઞાન કરી ધ્રુવ ત્રિકાળી પરમાનંદસ્વરૂપે પરમાત્માનો પુરુષાર્થ વડે આશ્રય કરનાર ભૂતાર્થદર્શીઓને તે ચૈતન્યસૂર્ય જ્ઞાયકબિંબ આર્વિભૂત થાય છે, પ્રગટ થાય છે અને તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આદિ શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે.

(૧૭) પ્રગટ ત્રિકાળી ભગવાનનો જે આશ્રય લે તેને નિશ્ચયથી સમ્યગદર્શન થાય છે. જેવું અંદર પૂર્ણ સત્ય સ્વરૂપ પડ્યું છે, તેનો અનુભવ કરીને પ્રતીતિ કરે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન થાય છે. આ જૈન ધર્મ છે. અરે ! લોકોએ નવા નવા વાડાબાંધી, જૈનધર્મનું મૂળતત્ત્વ આખું પીંખી નાખ્યું છે.

(૧૮) જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દષ્ટિ છે, પણ બીજા સમ્યગ્દષ્ટિ નથી. શુદ્ધનયનો આશ્રય કરે છે એટલે કે ત્રિકાળી અભેદ એકરૂપ જ્ઞાયકનો જેઓ આશ્રય કરે છે તેઓ જ વસ્તુના સ્વરૂપને સમ્યક પ્રકારે જુએ છે. અનુભવે છે અને તેથી તેઓ જ સમ્યગ્દષ્ટિ છે. જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ સમ્યગ્દષ્ટિ નથી. જેઓ રાગનો, ભેદનો, એક સમયની પર્યાયનો આશ્રય કરે છે તેઓ મિથ્યાદષ્ટિ જ છે.

(૧૯) અહો ! હું તો ચૈતન્યજ્યોતિ સ્વરૂપ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્મા છું. વિકલ્પના અભાવ રૂપ નિર્વિકલ્પ મારું ચૈતન્યરૂપ છે. લોકાલોકથી માંડીને જેટલા વિકલ્પ થાય છે તેને હું અડતોય નથી. આ પ્રમાણે અંતરમાં લક્ષ કરીને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સમ્યગ્દર્શન પામે છે.

નયપક્ષથી રહિત થઈને જે પોતાના શુધ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવે છે તે સમયસાર છે.

અહાહા !! એકલું જ્ઞાન-જ્ઞાન-જ્ઞાન ! જાણગ સ્વભાવનું દળ પ્રભુ આત્મા છે તેની સન્મુખ થઈને તેને અનુભવતાં સમસ્ત વિકલ્પોનો નાશ થઈ જાય છે અર્થાત્ ત્યારે કોઈ વિકલ્પ ઉપજતા જ નથી આને સમયસાર અથવા આત્મા કહે છે અને તે એકને જ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન નામ મળે છે.

(૨૦) શુધ્ધ ચૈતન્યમય સ્વભાવમાં અહંબુધ્ધિ ન કરતાં પરમાં અહંબુધ્ધિ કરવી તે મિથ્યાત્ત્વ છે.

શુદ્ધ ચૈતન્યમાં ટકવાને બદલે પરમાં આસક્તિભાવે ટકવું તે અવિરતિ છે.

નિર્મળ સ્વભાવમાં ન રોકતાં મલિન ઉપયોગમાં રોકાવું તે કષાય છે.

નિશ્ચલ નિષ્કંપ સ્વભાવમાં ન રોકાતાં કંપનમાં રોકાવું તે યોગ છે. આ ચારે અજ્ઞાનમય ભાવો છે.

અહાહા... !! સમ્યગ્દર્શન થયું ત્યાં ચારેય ટળી ગયા સમકિતીને સ્વભાવ દષ્ટિ છે અને સ્વભાવદષ્ટિમાં ચારેય ટળી જાય છે. વસ્તુમાં-દ્રવ્યસ્વભાવમાં અજ્ઞાન, મિથ્યાત્ત્વ, અવિરતી, કષાય યોગ કાંઈપણ નથી. તેથી જેને દ્રવ્યદષ્ટિ પ્રગટ થઈ છે એવા સમકિતીને દષ્ટિમાં પણ આ ચારેય નથી.

(૨૧) આત્મા ત્રિકાળી સત્ જ્ઞાયક-જ્ઞાયક-જ્ઞાયક, ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ અખંડ એકરૂપ વસ્તુ છે તે ભૂતાર્થ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને તેના જ આશ્રયે જન્મ-મરણ મટે છે. મોક્ષના ભણકારા વાગે છે.

(૨૨) આચાર્યદેવ કહે છે કે એકવાર તું દષ્ટિ ફેરવી નાખ એક સમયની પર્યાય ઉપર અને ભેદ ઉપર અનાદિની દષ્ટિ છે તેને ત્યાંથી ખસેડી લઈ અખંડ એકરૂપ ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય સામાન્ય પર

દૃષ્ટિ સ્થિર કર. તેથી તને સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થશે. તને ભવ-ભ્રમણના દુઃખથી મુક્તિ થઈ અનંત સુખસ્વરૂપ એવો મોક્ષ થશે.

(૨૩) ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જેને દ્રવ્ય કહીએ, જેને જ્ઞાયક કહીએ, જેને પરમ પારિણામિક સ્વભાવભાવ કહીએ તેને મુખ્ય કરી નિશ્ચય કરી સત્ય કહેવામાં આવેલ છે. આમ શા માટે કહ્યું ? કે ત્રિકાળી સત્યાર્થ વસ્તુના આશ્રયે જ સમ્યક્દર્શન પ્રગટ થાય છે. આવા ભૂતાર્થ, અભેદ, એકરૂપ દ્રવ્યમાં દૃષ્ટિ જાય-દૃષ્ટિ પ્રસરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. સુખની શરૂઆત થાય છે.

(૨૪) આ પ્રત્યક્ષ વિદ્યમાન આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો શ્રદ્ધાવો એને જ નિશ્ચયથી સમ્યગ્દર્શન કહીએ છીએ. પોતાથી ભિન્ન જે અનેરાં દ્રવ્યો અને રાગાદિ ભાવ છે તેનાથી પૃથ્થક થઈને, ભિન્ન પડીને, એક જ નિજ આત્મદ્રવ્યનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન છે. ત્રિકાળી જ્ઞાયકભાવ સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા તે એકને જ દેખાવો - અનુભવવો, તેની સમ્યક્ પ્રતીતિ કરવીએ સમ્યગ્દર્શન છે.

(૨૫) વ્યવહારથી નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ કે દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોતાં નિશ્ચય સમ્યગ્દર્શન હોવાનો નિયમ નથી. શુધ્ધ નયની હદે પહોચતાં રાગ અને ભેદ દેખાતા નથી, પણ નિર્વિકલ્પ અનુભવ થાય છે, એકલો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તેથી નિયમથી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. નવતત્ત્વની શ્રધ્ધા, જ્ઞાયક દ્રવ્ય અને તેની વર્તમાન પર્યાય સહિત વસ્તુની શ્રદ્ધાએ બધું ય વ્યવહાર સમકિત છે. એમ વ્યવહારનય સમકિતના અનેક ભેદ પાડે છે. શ્રદ્ધાનો બાહ્ય વિકલ્પ અને નિર્વિકલ્પ શ્રદ્ધા બે જુદી-જુદી ચીજ છે.

(૨૬) નવે તત્ત્વોમાં નિમિત્તની અપેક્ષા આવે છે તે અપેક્ષા છોડી દઈને એકલો જ્ઞાયકભાવ જે પૂર્ણજ્ઞાનઘન છે એની દૃષ્ટિ કરવી, એનો સ્વીકાર કરવો, સત્કાર કરવો એનું નામ સમ્યગ્દર્શન છે.

(૨૭) આત્મા તો સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવ એટલે પોતાના અનંતગુણો, તેની અનંત પર્યાયો અને લોકાલોકને જાણે એવી એની શક્તિ છે. એવી સર્વજ્ઞ શક્તિ જેને પ્રગટ થઈ છે એવા સર્વજ્ઞ ભગવાને જેવો પૂર્ણ આત્મા જોવો તેવા પૂર્ણ આત્માનું સ્વરૂપ તેમની ૐકાર દિવ્ય ધ્વનિમાં આવ્યું, તે આત્મા કેવો છે ? તે પૂર્ણજ્ઞાનઘન છે. એવા પૂર્ણજ્ઞાનઘન આત્માનું સ્વરૂપ છે તેની દૃષ્ટિપૂર્વક શ્રધ્ધાન થતાં સમ્યગ્દર્શન થાય છે. આવું સમ્યગ્દર્શન જીવે અનાદિથી અનંતકાળમાં પ્રગટ કર્યું નથી. અહીં પૂર્ણ શબ્દ સૂચક છે. પૂર્ણ એટલે ત્રણકાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયો જાણવાનો એનો સ્વભાવ છે એવું જે શરીરાદિથી ભિન્ન, કર્મથી ભિન્ન, રાગાદિથી ભિન્ન પૂર્ણજ્ઞાનઘન એના શ્રદ્ધાનની વાત છે.

(૨૮) અહાહા... !! જેને જાણ્યે અનંત જન્મ-મરણનો અંત આવી જાય, પૂર્ણ અનંત અક્ષય અતિન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય એટલે મુક્તિ થાય એ કારણ કેવું હોય ? બાપુ ! એ સાધારણ ન હોય. એ તો પૂર્ણ સ્વરૂપ છે જેમાં ન રાગ છે, ન ભેદ છે, ન પર્યાયનો પ્રવેશ છે. એવી ઝળહળ ચૈતન્યજ્યોતિ સ્વરૂપ અભેદ એકરૂપ જ્ઞાયક વસ્તુમાં દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તે નિશ્ચય છે.

(૨૯) આ નવ તત્ત્વોમાં ભૂતાર્થ નયથી એક જીવ જ પ્રકાશમાન છે. નવતત્ત્વોમાં સત્ દૃષ્ટિથી - દ્રવ્યદૃષ્ટિથી જોતાં જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક એક જ જીવ પ્રકાશમાન છે. એમ તે એકપણે પ્રકાશનો શુધ્ધનયપણે અનુભવાય છે. એ એકપણાનો અનુભવ થતાં આત્મા ત્રિકાળ 'શુધ્ધ' આવો છે એમ આત્મ પ્રસિધ્ધિ થાય છે. ત્યારે જે આ અનુભૂતિ થઈ તે આત્મ ખ્યાતિ જ છે અને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન છે.

(૩૦) જ્ઞાયક ધ્રુવ ચૈતન્યપ્રકાશની દૃષ્ટિ કરતાં નિમિત્ત-નૈમિતિક ભાવનો અભાવ થઈ જાય છે.

એકલા જ્ઞાયકને જોતાં ચૈતન્યસ્વરૂપ જે રાગની રૂચિમાં ઢંકાઈ ગયું હતું તે પ્રગટ થાય છે. એનું નામ સમ્યગ્દર્શન છે. નવતત્ત્વોમાંથી એકલો જાણક, જાણક, જાણક-એવા ધ્રુવ સ્વભાવને ભિન્ન તારવી અનુભવવો એ સમ્યગ્દર્શન છે.

આ સિવાય લાખો કરોડો રૂપિયા ખર્ચે અને મંદિરો બનાવે, દેવ-ગુરુ-શાસ્ત્રને બહારથી માને કે નવતત્ત્વનો ભેદ રૂપ માને એ બધું થોથેથોથાં છે, સમ્યગ્દર્શન નથી.

(૩૧) એકવાર પ્રભુ ! તું રાગ અને શરીરનું લક્ષ છોડી અંતરમાં લક્ષ કર. તેથી તને રાગ અને શરીરનું સાચું પાડોશીપણું થશે. ક્ષણવારમાં આત્મા રાગથી જુદો પડી જશે, ફરી એક થશે નહિ. આ અનુભવ તે સમ્યગ્દર્શન છે.

(૩૨) નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત અંતરંગમાં પ્રગટ જે દ્રવ્યસ્વભાવ તે અતિ સૂક્ષ્મ અને ચૈતન્યસ્વરૂપ છે. આવા અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્યસ્વભાવના અવલંબના બળ વડે દ્રવ્યેન્દ્રિયોને જુદી પાડવામાં આવે છે. આ સમ્યગ્દર્શન પામવાની કળા છે.

(૩૩) નિશ્ચયથી ભગવાન પૂર્ણ ચૈતન્યઘન, એકલા આનંદનું દળ, અનાકૂળ શાંતિનો રસકંદ જે ત્રિકાળ ધ્રુવપણે છે તે આત્મા છે. અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યપણે ટકતા તત્ત્વને ભગવાન આત્મા કહે છે. એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. ભાઈ ! એની દૃષ્ટિ કરવા માટે તારે નિમિત્ત પરથી, રાગ ઉપરથી અને ભેદના ભાવ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લેવી પડશે. અંદરમાં એકમાત્ર અખંડ અભેદ એકરૂપ ચૈતન્યમૂર્તિ ચિદ્દાકાર ભગવાન છે એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે.

(૩૪) ઈન્દ્રિયોને બંધ કરી, ઈન્દ્રિયોના જે વિષય થાય છે તેનું લક્ષ છોડી દઈને તથા મનના લક્ષે ઉપજતા વિકલ્પોનું પણ લક્ષ છોડી દઈને અંદર ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માને ચૈતન્યલક્ષણ વડે અનુભવવો તે સમ્યગ્દર્શન પામવાની રીત છે. આત્મા ચૈતન્યબિંબ છે. ચૈતન્યની જે પ્રગટ જ્ઞાનદશા તે એનું લક્ષણ છે. માટે પ્રભુ ! એ લક્ષણ દ્વારા અંદર જા અને જો તો તેનો અનુભવ થશે. અહાહા..!! જ્ઞાનની પર્યાય અંતર્મુખ થઈ સ્વને જાણે છે ત્યારે અંદર તો અદ્ભૂત અનંતગુણનો ચૈતન્ય ગોળો જણાય છે. આ અનુભવ તે સમ્યગ્દર્શન છે.

(૩૫) ગજબ વાત છે! તારી બલિહારી છે. નાથ! તું વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ છો. તને વીતરાગ પરિણતિની ઉત્પતિ માટે પરની-રાગની અપેક્ષા કેમ હોય? તારી ખાણમાં જ પરિપૂર્ણ વીતરાગતા ભરી છે. એનો આશ્રય લે, તેથી તને સમકિત આદિ વીતરાગની પર્યાય પ્રગટ થશે.

(૩૬) જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ બધા ગુણો ધ્રુવ છે, પરંતુ પર્યાયદષ્ટિએ ગુણો પરિણમે એમ કહેવાય છે. દ્રવ્યદષ્ટિથી ગુણ ગુણમાં ધ્રુવ છે અને પર્યાયદષ્ટિથી ગુણ પરિણમે છે. આ બધાં પડખાંને જાણી યથાર્થ નિર્ણય વડે પર્યાયબુધ્ધિ છોડીને દ્રવ્યબુધ્ધિ કરે તો ક્ષણમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પર્યાયબુધ્ધિ છે તે મિથ્યાદષ્ટિ છે. દ્રવ્યદષ્ટિ એ સમ્યગ્દષ્ટિ છે.

(૩૭) વસ્તુ ત્રિકાળી શુધ્ધ ચૈતન્યસ્વભાવમય છતી મોજૂદગીવાળી ચીજ મહાપ્રભુ છે. તેને જેવી છે તેવી જ્ઞાન અને શ્રધ્ધાનમાં લઈને અનુભવ કરતાં મિથ્યાત્વનો નાશ થઈ સમ્યક્ત્વ ઉપજે છે.

શ્રધ્ધાની પર્યાય જાણતી નથી. જાણે છે તો જ્ઞાનની પર્યાય. શ્રધ્ધાની પર્યાય સ્વ તરફ ઝૂકવાથી દ્રવ્યની શ્રધ્ધા થાય છે અને તેનું જ નામ ધર્મ છે. શ્રધ્ધામાં આ દ્રવ્ય છે એવું જ્ઞાન નથી. શ્રધ્ધાની પર્યાય અંતર્મુખ વળી ત્યાં આ આત્મા તે જ હું એમ ભગવાન આત્માની પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન ધર્મનું પહેલું પગથિયું છે. સાથે જે અનુભૂતિ છે તેમાં એનો ખ્યાલ આવે છે. અતીન્દ્રિય આનંદ એ સ્વાનુભૂતિનો ટ્રેડમાર્ક છે. સમ્યકદષ્ટિ આનંદની દશાનું વેદન કરે છે. તેને જે રાગ આવે તેને તે જાણે છે પણ દષ્ટિના સામર્થ્યથી તેનો એ કર્તા અને ભોકતા થતો નથી. અહો! સમ્યગ્દર્શન અલૌકિક છે.

(૩૮) સમ્યગ્દર્શન એટલે ધર્મનું પ્રથમ સોપાન; તેની અહીં વાત ચાલે છે. જ્ઞાનની વર્તમાન પર્યાય જયાં પર તરફના ઝુકાવથી ખસીને સ્વસન્મુખ થઈ ત્યાં નિજરસથી જ ભગવાન આત્મા પર્યાયમાં પ્રસિધ્ધ થાય છે, અનુભવાય છે. ત્યાં જે અનુભવમાં આવ્યો તે આત્મા કેવો છે? તો કહે છે આદિ-મધ્ય-અંતરહિત, અનાકુલ આનંદનું ધામ, કેવળ એક, જાણે આખાય વિશ્વના ઉપર તરતો હોય તેવો વિશ્વથી ભિન્ન અખંડ પ્રતિભાસમય વસ્તુ આત્મા છે. પર્યાયમાં વસ્તુ પરિપૂર્ણ

અખંડ પ્રતિભાસમય પ્રતિભાસે થાય છે. આખી વસ્તુના પૂર્ણ સામર્થ્યનું પર્યાયમાં જ્ઞાન થાય છે. વિકલ્પથી છૂટીને અંતરમાં જાય છે તેને વર્તમાન જ્ઞાનની દશામાં ત્રિકાળી એકરૂપ અંખડનો પ્રતિભાસ થાય છે.

(૩૯) સમ્યગ્દર્શન શું ચીજ છે? તો કહે છે ભાવબંધ અને ભાવમોક્ષની પર્યાયના ભેદથી રહિત જે ત્રિકાળી શુદ્ધ અનંત વિજ્ઞાન ઘનસ્વરૂપ નિજ પરમાત્મા દ્રવ્ય છે તેનો નિર્વિકલ્પ અનુભવ થવો તે સમ્યગ્દર્શન છે. ભાવબંધ અને ભાવમોક્ષ પર્યાય છે અને વસ્તુ આત્મા તો એનાથી રહિત ત્રિકાળી દ્રવ્ય છે. દ્રવ્યબંધની તો વાત જ શી? જડકર્મ તો તદ્દન ભિન્ન છે. જડકર્મ તો બાહ્ય નિમિત્ત છે. રાગમાં અટકવું તે ભાવબંધ છે અને રાગરહિત થવું તે ભાવમોક્ષ છે. બન્ને પર્યાય છે અને વસ્તુ આત્મા છે તે ભાવબંધ અને ભાવમોક્ષથી રહિત સદાય અબંધ મુક્તસ્વરૂપ જ છે.

(૪૦) જન્મ-મરણ રહિત થવાનો ભગવાન જિનવર દેવનો માર્ગ એકલો વીતરાગરૂપ છે. સમ્યગ્દર્શન એ આત્માની શ્રદ્ધા ગુણની પ્રતીતિરૂપ વીતરાગની પર્યાય છે. આત્મા શુદ્ધ ચિદાનંદકંદ પ્રભુ સદા વીતરાગસ્વભાવી જ છે. તેના શ્રદ્ધાનરૂપ જે ભવન-પરિણમન તે સમકિત છે. તે વીતરાગી પર્યાય છે.

(૪૧) નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞપણું એ બધાની ઉપેક્ષા અને પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્માની અપેક્ષા અને તે પૂર્વક શુદ્ધ આત્માનો અનુભવ થવો તે સમ્યગ્દર્શન છે. સમકિતી જાણે છે કે હું શરીર, મન, વાણી કે પુણ્ય-પાપ કે અલ્પજ્ઞ નથી, હું તો ચૈતન્યરસકંદ પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવી ભગવાન છું, ભગવાનને પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ છે તે ક્યાંથી આવ્યું? અંદર આત્મામાં સર્વજ્ઞપણાનો સ્વભાવ પડચો છે તો બહિર્મુખ વલણનો ત્યાગ કરી અંતર્મુખ વલણ વડે તેની પ્રતીતિપૂર્વક પરિપૂર્ણ અંતર-એકાગ્રતા કરવાથી તે પ્રગટ થયું છે.

(૪૨) અહા ! જેની એક-એક ગુણ-શક્તિ પરિપૂર્ણ છે એવા દ્રવ્યસ્વભાવનું અને સમયે સમયે સ્વતંત્ર રીતે થતી પર્યાયોનું સમ્યગ્દષ્ટિને યથાર્થ જ્ઞાન હોય છે. જે રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે રીતે એનું જ્ઞાન કરીને દ્રવ્યની દૃષ્ટિ-પ્રતીતિ કરવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમય સમયની પર્યાય પ્રત્યેક પોતાના કાળે પ્રગટ થાય છે. એવો નિર્ણય કરનારની દષ્ટિ દ્રવ્યસ્વભાવમાં જાય છે અને એ સમ્યગ્દર્શન છે.

(૪૩) અહાહા..!! પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદના સ્વભાવથી સર્વાંગ છલોછલ ભરેલો સચ્ચિદાનંદ પ્રભુ છે. એની જેને દષ્ટિ થઈ વલણ થયું તે સમ્યગ્દષ્ટિ છે. અહા ! સમ્યગ્દર્શન થતાં તેને જેની (શુદ્ધ ચૈતન્યતત્ત્વની) કિંમત કરવી હતી તેની કિંમત (દષ્ટિ) થઈ ગઈ અને જેની (રાગની)

કિંમત નહોતી તેની કિંમત (રૂચિ) ગઈ, પછી ભલે થોડો અસ્થિરતાનો રાગ હો, એની કાંઈ કિંમત (વિસાત) નથી, આ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષનો અભાવ છે અને આમ હોવાથી પૂર્વે બંધાયેલા જડકર્મો તેને બંધનું કારણ થતાં નથી. તેથી સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને બંધ થતો નથી.

(૪૪) 'પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ હું ત્રિકાળ આત્મા છું' એમ નિજ આત્મદ્રવ્ય પર દષ્ટિ કરે છે ત્યારે તેને દ્રવ્યદષ્ટિ પ્રગટ થાય છે. દ્રવ્યદષ્ટિ પ્રગટતાં, સ્વયં જ્ઞાની થયો થકો જીવ સદા સહજ એક જ્ઞાનને અનુભવે છે. દ્રવ્યદષ્ટિવંતને જગત આખું તુચ્છ ભાસે છે. અહા! દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ દ્રવ્યદષ્ટિવંતને ચક્રવર્તીની સંપત્તિને ઈન્દ્રના ભોગ કાગડાની વિષ્ટા જેવા તુચ્છ ભાસે છે.

(૪૫) સ્વ એટલે કોણ? તો કહે છે એક પોતાનો સહજ સ્વાભાવિક ભાવ, એક જ્ઞાયકભાવ, નિત્યાનંદ સ્વભાવ, ધ્રુવભાવ, એકરૂપ સામાન્ય સ્વભાવ તે સ્વ છે અને તે નિશ્ચયનયનો વિષય છે, અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે ત્રિકાળી એક જ્ઞાયકભાવનો આશ્રય લેવો જોઈએ.

(૪૬) શુદ્ધ ચૈતન્યપ્રભુ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એમાં પાંચે સમવાય આવી જાય છે. સ્વભાવ, નિયતિ, કાળલબ્ધિ નિમિત્ત અને પુરુષાર્થ.

(૧) સ્વભાવનો આશ્રય થયો

(૨) નિયતિ-થવા યોગ્ય સમ્યગ્દર્શનની પર્યાય જ થઈ તે ભવિતવ્ય.

(૩) કાળલબ્ધિ-કાળલબ્ધિ એ સમયે જ હોય છે.

(૪) નિમિત્ત -કર્મના ઉપશમ આદિ પણ થઈ ગયા.

(૫) પુરુષાર્થ-વર્તમાન પર્યાયનો એકાગ્રતાનો પુરુષાર્થ થઈ ગયો.

(૪૭) સહજ શુદ્ધ નિજ પરમાત્મા દ્રવ્યનું અંતઃશ્રદ્ધાન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. શું કીધું? ભગવાન આત્મા અંદર સદા પરમાત્મા સ્વરૂપે બિરાજે છે, તેની સન્મુખ થઈને જેવી અને જેવડી પોતાની ચીજ છે તેવી અને તેવડી એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવી 'હું આ છું' એવી પ્રતીતિ કરવી એનું નામ અંતઃશ્રદ્ધાન છે. એને આત્માનું અંતઃશ્રદ્ધાન કહો, રૂચિ કહો કે સમ્યગ્દર્શન કહો-એક જ વાત છે.

(૪૮) આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહાર કથન છે. આત્મા પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વસ્વામી અંશરૂપ વ્યવહાર છે. 'જ્ઞાયક-જ્ઞાયક જ છે', એ નિશ્ચય છે. અહાહા..!! દષ્ટિનો વિષય ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાયક જ્ઞાયક જ છે. આ પરમાર્થ છે. પોતે પોતાને જાણે એવો ભેદપણ જેમાં નથી એ જ્ઞાયકપ્રભુ જ્ઞાયક જ છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે, અર્થાત્ એક જ્ઞાયકના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

(૪૯) આ જગતમાં અનંત આત્માઓ છે, એનાથી અનંતગુણા પુદ્‌ગલ પરમાણુઓ છે, તેનાથી અનંતગુણા ત્રણકાળના સમયો છે, તેનાથી અનંત ગુણા આકાશના પ્રદેશો છે, તેનાથી અનંતગુણા એક જીવદ્રવ્યના ગુણ છે. આવો અનંતશક્તિવાળો ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર વસ્તુ છે. જેમાં રાગ નહિ, ભંગ ભેદનહિ, અલ્પજ્ઞતા નહી, એવો ચૈતન્ય ચમત્કાર! આનંદ ચમત્કાર, શાંતિ ચમત્કાર, પ્રભુતા ચમત્કાર, વીર્ય ચમત્કાર એમ અનંત અનંત શક્તિઓના ચમત્કાર સ્વરૂપ ભગવાન આત્મા છે. આવો અનંતગુણમંડિત અભેદ એક શુદ્ધ ચૈતન્ય ચમત્કાર વસ્તુ આત્મા દૃષ્ટિનો વિષય છે. તેના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

(૫૦) આત્મવસ્તુ એકાન્ત શાંત છે, સર્વથા શાંત છે, શાંત, શાંત...શાંત.. શાંત સ્વરૂપ જ આત્મા છે. દૃષ્ટિનો વિષયભૂત આત્મા અખંડ, અભેદ એકાંત શાંત છે, જેમાં વિકલ્પનો કોલાહલ ને કર્મના ઉદયનો લેશ પણ નથી એવો અત્યંત શાંત ભાવમય પ્રભુ આત્મા છે.

આવા આત્માને દૃષ્ટિમાં લેવો તેનું નામ સમ્યગ્દર્શન છે. આવો મારગ ભાઈ ! આત્મા જિનસ્વરૂપ જ છે. જિન અને જિનવરમાં કાંઈ જ ફેર નથી.

આવા આત્માની દૃષ્ટિ કરી સૌ પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રગટ કરે એ જ ભાવના !.

# ૧૩ પરમાર્થ મોક્ષકારણ શું છે ?

## (૧) નિશ્ચય સમ્યકત્વની વ્યાખ્યાઃ

'જીવાદિનું શ્રધ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે'.

સમયસાર ગાથા ૧૫૫

**ગાથાર્થઃ** જીવાદિ પદાર્થોનું શ્રધ્ધાન સમ્યક્ત્વ છે, તે જીવાદિ પદાર્થોનો અધિગમ જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે, આ જ મોક્ષનો માર્ગ છે.

**ટીકાઃ** મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રધ્ધાન સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે છે, જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે, રાગાદિના ત્યાગસ્વભાવે, જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે. તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

**ભાવાર્થઃ** આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન જ છે. વળી આ પ્રકારણમાં જ્ઞાનને જ પ્રધાન કરીને વ્યાખ્યાન છે. તેથી 'સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમે છે' એમ કહીને જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે. જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે. એમ કહેવામાં કાંઈપણ વિરોધ નથી. માટે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.

## (૨) વિશેષઃ

(૧) 'મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે' તત્ત્વાર્થ સૂત્રમાં પહેલું સૂત્ર છે ને કે - सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, અને સંસારમાં રખડવાનો માર્ગ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

(૨) સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રધ્ધાન સ્વભાવે જ્ઞાનનું-પરિણમવું તે છે-તેને સમકિત કહ્યું છે. ઝીણી વાત છે. પ્રભુ ! હવે વિસ્તારથી જોઈએ.

(૩) વીતરાગદેવની જે પ્રતિમા છે તે પ્રતિમા સ્થિર બિંબ છે, હાલતી-ચાલતી નથી અને આંખની પાંપણેય ફરકતી નથી. આવી સ્થિર-સ્થિર જિનપ્રતિમા દેખીને એમ વિચાર આવે છે કે 'વીતરાગને પહેલા જે રાગ હતો તે રાગ ટળીને વસ્તુ જે વીતરાગસ્વભાવે હતી તે, તેવી વીતરાગ

રહી ગઈ'. એટલે કે વીતરાગની મૂર્તિ હોય કે સાક્ષાત વીતરાગ પરમેશ્વર હોય, બેયને દેખીને આવો વિચાર થવો જોઈએ કે ભગવાનને પહેલા જે દયા, દાન, વ્રત, પૂજા, ઉપવાસ ઈત્યાદિના શુભરાગના જે વિકલ્પ હતા કે જેને લોકો અત્યારે ધર્મ માને છે-તે નીકળી ગયા અને વીતરાગ સ્થિર બિંબ જે પોતાનું હતું તે રહી ગયું. ભગવાનમાં જે વીતરાગપણું છે તે પોતાની વસ્તુ છે. રાગ જે પોતાનો ન હતો તે નીકળી ગયો. અરે ! આમ છે છતાં લોકો અત્યારે રાગને ધર્મ માને છે !

અત્યારે લોકો આ સામાયિક, પોષાને પ્રતિક્રમણ કરે છે ને ? ભાઈ ! એ ધર્મ નથી, એ તો બધો રાગ છે. ભાઈ ! આત્માનુભવ વિના જેટલા કોઈ પરિણામ થાય છે તે બધા રાગાદિ જ છે, ધર્મ નથી.

## (૩) દેવ-ગુરૂ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપઃ

(૧) ભગવાન સર્વજ્ઞ વીતરાગ દેવ છે તેમને હિંસાદિના જેમ પરિણામ નથી તેમ અહિંસાદિ વ્રતના શુભરાગના પરિણામેય નથી. એ બધા રાગના પરિણામ તો કૃત્રિમ હતા, એની વસ્તુમાં ન હતા. પોતાની વસ્તુમાં જે ન હતા તે વસ્તુનો આશ્રય થતા નીકળી ગયા અને વસ્તુ જેવી વીતરાગ હતી તેવી રહી ગઈ. વીતરાગ એટલે વીત + રાગ. વીતી ગયો છે રાગ જેને તે વીતરાગ છે. એથી એ સિધ્ધ થયું કે રાગ વસ્તુનો આત્માનો સ્વભાવ ન હતો તે નીકળી ગયો અને વીતરાગતા રહી ગઈ.

(૨) હવે ગુરૂનો વિચાર કરીએ કે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુધ્ધ રત્નત્રયનું નિર્મળ વીતરાગ પરિણમન થયું છે અને જે વીતરાગ સ્વભાવી શુધ્ધ ચૈતન્યસ્વરૂપનું જ કથન કરે છે તે સાચા ગુરૂ છે. જે બહારના દયા, દાન, વ્રત, તપ, ભક્તિ ઈત્યાદિના શુભ ભાવમાં ધર્મ થવાનું માને અને મનાવે તે સાચા ગુરૂ નથી. ગુરૂ સ્વયં શુધ્ધ ચૈતન્યસ્વભાવી આત્માના આશ્રયે વીતરાગ ભાવને પ્રાપ્ત થયેલા છે અને વીતરાગી પરિણમનની જ પ્રરૂપણા કરે છે. વીતરાગપણું પ્રગટ કરો એમ એમના ઉપદેશમાં આવે છે અને તે વીતરાગતા ચૈતન્ય-સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, ક્રિયા-કાંડના આશ્રયે નહિ એવો સ્પષ્ટ તેમનો ઉપદેશ હોય છે. ક્રિયા-કાંડ વડે વીતરાગતા પ્રગટ થાય એવી પ્રરૂપણા કરે તે સાચા જૈન ગુરૂ નથી.

(૩) એવી જ રીતે વીતરાગસ્વભાવે આત્માનું ભવન-પરિણમન થાય તે ધર્મ છે. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન તે ધર્મ છે. વીતરાગભાવ-સમભાવ છે તે ધર્મ છે. અહા ! વીતરાગનો ધર્મ બહુ ઝીણો છે બાપુ ! અરે ! અત્યારે લોકોએ તેમાં ફેરફાર કરી નાખ્યો છે !

## (૪) સમ્યગ્દર્શન વિશેષ સમજણ :

(૧) ભગવાન આત્મા અનંત જ્ઞાન અને આનંદનો સાગર છે. તેના શ્રધ્ધાનપણે જે અંતરમાં તદ્રૂપ પરિણમન થાય તે સમકિત છે. અહાહા...! હું સદાય વીતરાગસ્વરૂપ જ છું, આ જે પર્યાયમાં રાગ છે એ તો આગુંતક છે, મહેમાનની જેમ તે આવે ને જાય, એ કાંઈ મારી ચીજ નથી, આવો જે પ્રતીતિભાવ તે સમકિત છે. આવું જે નિર્મળ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને શુધ્ધસ્વરૂપના આશ્રયે જે રાગનો અભાવ થયો તે વીતરાગી ચારિત્ર છે અને આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન તે ધર્મ છે.

(૨) આ પ્રમાણે દેવ, ગુરૂ અને ધર્મ ત્રણેય વીતરાગસ્વરૂપ જ હોય છે. ભગવાનની વાણી જે બાર અંગ અને ચૌદ પૂર્વના વિસ્તારરૂપ છે તેનું તાત્પર્ય એક વીતરાગતા જ છે. એ બધું વિસ્તારપૂર્વક જે વર્ણન છે તે એક સમભાવને-વીતરાગ ભાવને જ પ્રસિધ્ધ કરે છે. અહાહા...! ભગવાન સર્વજ્ઞદેવ પરમ વીતરાગ સમભાવી, નિર્ગ્રંથ દિગંબર ગુરૂ સમભાવી અને એમનો પ્રરૂપેલો ધર્મ પણ વીતરાગ-સમભાવરૂપ જ છે. વીતરાગ કહો કે સમભાવ કહો, બન્ને એક જ છે. આ પુણ્ય-પાપના જે ભાવ છે તે વિષમભાવ છે અને એનાથી રહિત જે ચૈતન્યના નિર્મળ પરિણામ છે તે સમભાવ છે, વીતરાગભાવ છે અને તે ધર્મ છે.

(૩) ધર્મના યથાર્થ સ્વરૂપને સમજ્યા વિના મંદ કષાયના પરિણામ કરી કરીને જીવ અનંતકાળથી દુઃખનો ભાર ભરી-ભરીને મરી રહ્યો છે. મંદ કષાય એ તો બધો રાગ છે અને જે તું એમ માને છે કે આ રાગ કરૂં છું તે ધર્મ છે અને કર્તવ્ય છે એ માન્યતા મિથ્યાદર્શન છે. બહુ ગંભીર વાત છે પ્રભુ ! આ વ્રત, તપ, શીલ, સંયમ ઈત્યાદિ તો એકડા વિનાના મીંડાં છે.

(૪) ભાઈ ! સમ્યગ્દર્શન કોઈ અપૂર્વ અને અલૌકિક ચીજ છે. ધર્મી જીવ એમ વિચારે છે કે આ શરીર, મન, વાણી, કર્મ ઈત્યાદિ અજીવ છે અને પુણ્ય-પાપના જે ભાવ છે તે આસ્રવ છે, બંધ છે અને એ સર્વથી જુદો પોતે જીવ જ્ઞાયકતત્ત્વ છે. એ પુણ્ય-પાપ આદિ સર્વથી લક્ષ છોડીને ભગવાન જ્ઞાયકના શ્રધ્ધાનપણે થવું-પરિણમવું તે સમ્યગ્દર્શન છે. અહાહા...! જે જ્ઞાયકની અનુભૂતિના પરિણામ થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે અને આત્મા આનંદનું ધામ પ્રભુ આવો જ છે એવો પ્રતીતિનો ભાવ ઉપજે તે સમ્યગ્દર્શન છે. જન્મ મરણ રહિત થવાનો ભગવાન જિનવરદેવનો માર્ગ એકલો વીતરાગરૂપ છે. સમ્યગ્દર્શન એ આત્માની પ્રતીતિરૂપ વીતરાગી પર્યાય છે.

(૫) આત્મા શુધ્ધ ચિદાનંદકંદ પ્રભુ સદા વીતરાગ સ્વભાવી છે. તેના શ્રધ્ધાનરૂપે જે ભવન-પરિણમન તે સમકિત છે. તે વીતરાગી પર્યાય છે.

(૬) 'જીવાદિનું શ્રધ્ધાન સમકિત' એમ જે કહ્યું ત્યાં આ (એકન્દ્રિયાદિ) જીવ છે અને આ (ઘટપટાદિ) અજીવ છે એવી શ્રધ્ધાની વાત નથી. પરતું જીવ જ્ઞાયક ભાવે વીતરાગ સ્વભાવે છે અને રાગસ્વભાવે-કર્મસ્વભાવે નથી એવી સ્વભાવ-વિભાવતી ભિન્નતાના શ્રધ્ધાનરૂપ જે વીતરાગી પરિણતિ થવી તે સમકિત છે. 'શ્રધ્ધાન સ્વભાવે જ્ઞાનનું થવું' ત્યાં જ્ઞાન એટલે આત્મા, જ્ઞાન કેમ લીધું ? કે ઓલો રાગ નહિ, રાગનો અભાવ સૂચવવો છે. વ્રતાદિનો રાગ જે વિભાવ છે, વિકાર છે તેનાથી રહિત જ્ઞાનનું થવું એટલે કે આત્માનું પરિણમવું એમ વાત છે. અહાહા ! વીતરાગ સ્વરૂપી આત્મા સ્વરૂપના શ્રધ્ધાનરૂપ વીતરાગ પરિણતિએ પરિણમે તેને સમ્યગ્દર્શન કહ્યું છે. બહુ સૂક્ષ્મ વાત છે ભાઈ !

(૭) 'જીવાદિ પદાર્થોના શ્રધ્ધાન સ્વભાવે એટલે કે જેવો અંદર પોતાનો શ્રધ્ધાસ્વભાવ છે તેવો શ્રધ્ધાનસ્વભાવે પર્યાયમાં આત્માનું થવું તે સમ્યગ્દર્શન છે. અહાહા...! આત્મા પોતે સદાય વીતરાગસ્વરૂપ જ છે અને શ્રધ્ધાનરૂપ જે દશા થાય તે પણ વીતરાગની પર્યાય છે.

(૮) 'જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે'. અહીં પરલક્ષી જ્ઞાનની વાત નથી. અહીં તો આત્માના જ્ઞાનનું અંતરમાં સ્વસંવેદનરૂપે, સ્વના પ્રત્યક્ષ જ્ઞાનપણે થવું તેને જ્ઞાન કહે છે. આ તો સદા જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા પોતાના સ્વરૂપના જ્ઞાનરૂપે થઈ પરિણમે એને જ્ઞાન કહે છે અને એ વીતરાગી પર્યાય છે.

(૯) જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું એટલે આત્માનું થવું-પરિણમવું અર્થાત્ જ્ઞાનની પર્યાયનું એક જ્ઞાયકના લક્ષે જ્ઞાનરૂપે પરિણમવું એને સમ્યગ્જ્ઞાન કહે છે. આ સમ્યગ્જ્ઞાનની જે પર્યાય છે તે વીતરાગી પર્યાય છે.

(૧૦) આગળ પણ આવી ગયું ને કે-જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક આત્મા જ જણાય છે, પણ અજ્ઞાનીનું જ્ઞાયક ઉપર લક્ષ-દૃષ્ટિ નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે અને જ્ઞાનીનું લક્ષ-દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે તેથી તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાનસ્વભાવના લક્ષે પરિણમતું જ્ઞાન તે જ્ઞાન છે. ચૈતન્યનું ચૈતન્ય સ્વભાવે થવું. પરિણમવું એને જ્ઞાન કહ્યું છે, અને તે મોક્ષનો માર્ગ છે. જ્ઞાનની સાથે રાગને ભેળવે એ વીતરાગમાર્ગ નથી.

(૧૧) 'રાગાદિના ત્યાગ સ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે ચારિત્ર છે'.

જેમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન હોય એવી રાગના ત્યાગરૂપ આનંદની દશારૂપે આત્માનું થવું એ ચારિત્ર છે. પરથી ખસ અને સ્વમાં વસ. બસ સ્વમાં વસવું તે ચારિત્ર છે. જો ચારિત્રની ભાવના છે તો વ્રતાદિના વિકલ્પથી ખસી જા અને ચૈતન્ય સ્વભાવમાં આવી જા.

ચારિત્ર તો રાગના અભાવસ્વરૂપ આત્માનું આત્મરૂપ-વીતરાગરૂપ પરિણમન છે. આત્મા જ્ઞાનસ્વભાવે અંતર-એકાગ્ર થઈ જ્યાં પરિણમે છે, ત્યાં સહેજે રાગરૂપે થતો નથી, એ પરિણમન જ રાગના અભાવસ્વરૂપ છે અને તે સમ્યકચારિત્ર છે. આવું સ્વરૂપના આચરણરૂપ ચારિત્ર છે તે જ વીતરાગી ચારિત્ર છે.

(૧૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે. જુઓ, આ નિષ્કર્ષ-સાર કાઢચો કે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદકંદ પ્રભુ આત્માનું જ ચૈતન્યમય પરિણમન છે. મહાવ્રતના જે પરિણામ છે એ તો વિજાતીય છે, અચેતન છે કેમકે તેમાં ચૈતન્યનો અંશ નથી.

અહાહા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન જ છે. અહીં જ્ઞાન એટલે આત્મા. આત્માનું જ પરિણમન છે. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું શ્રધ્ધાન-સ્વભાવે થવું તે સમ્યગ્દર્શન, એનું પોતાના જ્ઞાનરૂપે થવું એ જ્ઞાન અને એનું રાગના અભાવ સ્વભાવે સ્થિરતા રમણતારૂપ પરિણમન તે ચારિત્ર. એકલો આત્મા સ્વયં નિર્મળ રત્નત્રયરૂપ પરિણમે છે. વીતરાગતાનું પરિણમન દ્રવ્ય સ્વભાવના લક્ષે થાય છે બસ એટલું જ. રાગમાં રત્નત્રય નહિ અને રત્નત્રયમાં રાગ નહિ. જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદપણે પરિણમે એ એક જ મોક્ષનો માર્ગ છે.

## (૫) શુધ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર

'જે શુધ્ધ જાણે આત્મને તે શુધ્ધ આત્મા જ મેળવે, અણશુધ્ધ જાણે આત્મને અણશુધ્ધ આત્મ જ તે લહે.' ૧૮૬

**ગાથાર્થ:** શુધ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુધ્ધ આત્માને જ પામે છે અને અશુધ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુધ્ધ આત્માને જ પામે છે.

**ભાવાર્થ:** જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુધ્ધ અનુભવ્યા કરે છે તેને રાગદ્વેષ માટે રૂપી ભાવસ્ત્રાવો રોકાય છે તેથી તે શુધ્ધ આત્માને પામે છે.

**વિશેષ:** ધારાવાહી જ્ઞાન વડે શુધ્ધ આત્માને અનુભવવાથી રાગ-દ્વેષ-મોહ રૂપ પરપરિણતિનો (ભાવસ્ત્રવોનો) નિરોધ થાય છે અને તેથી શુધ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન.

તે બે રીતે કહેવાય છેઃ-

એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. અવિરતિ સમ્યગ્દષ્ટિ વગેરે નીચેના ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્ત્વે આ લાગુ પડે. બીજું, એક જ જ્ઞેયમાં

ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં જ્ઞેયયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે, આની સ્થિતિ (છદ્મસ્થને) અંતમુહૂર્ત જ છે, પછી તે ખંડિત થાય છે. શ્રેણી ચડનાર જીવને મુખ્યત્ત્વે આ લાગુ પડે છે કારણ કે તેનો ઉપયોગ શુધ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે.

**સારરૂપઃ**

(૧) શુધ્ધ આત્માને એટલે પોતાની ત્રિકાળી શુધ્ધ અખંડ એકરૂપ જે વસ્તુ તેને જાણતો એટલે કે પર્યાયમાં રાગથી ભિન્ન શુધ્ધ આત્માને જાણે છે. અનુભવે છે તે શુધ્ધ આત્માને જ પામે છે. અર્થાત્ તેને શુધ્ધ આત્માની ઉપલબ્ધિ વડે સંવર જ થાય છે.

(૨) રાગ તે હું અને રાગ મારું કર્તવ્ય એમ જે જાણે છે તે અશુધ્ધ આત્મામાં એકત્ત્વ કરીને પોતાપણે પરિણમતો તે અશુધ્ધ આત્માને જ પામે છે અર્થાત્ રાગને જ પામે છે તેને શુધ્ધ આત્માનો અનુભવ થતો નથી.

(૩) જ્ઞાનની ધારાવાહી એકાગ્રતાની પ્રગટતા અને રાગમય ભાવનો નિરોધ થવો એનું નામ સંવર છે.

(૪) જ્યાં અચ્છિન્નધારાએ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના અનુભવની પ્રગટતા થઈ ત્યાં રાગ-દ્વેષ-મોહની સંતતિ અટકી જાય છે, આનું નામ સંવર છે, ધર્મ છે. સંવર થતાં શુધ્ધ આત્માનો ભેટો થાય છે; ભગવાન નિર્મળાનંદના આનંદનો અનુભવ થાય છે.

(૫) જે કોઈ રાગથી ભિન્ન પડીને આત્માને જ્ઞાનમય અનુભવે છે તેને શુધ્ધ આત્મા પ્રાપ્ત થાય છે અને જે કોઈ અજ્ઞાનવડે રાગને પોતાનો માની અનુભવે છે એને અશુધ્ધતા-મલિનતા પ્રાપ્ત થાય છે.

(૬) જેમે સ્વભાવસન્મુખ દષ્ટિ છે અને રાગથી ભિન્નતા થઈ છે તેને ધારાવાહી નિર્મળતા-પવિત્રતા પ્રગટ થાય છે. એને વર્તમાન કર્મનો સંવર થાય છે અને સંવરપૂર્વક પૂર્વ કર્મની નિર્જરા થાય છે. શુધ્ધ આત્માના અનુભવથી જ સંવર થાય છે.

(૭) જ્યાં અંતરમાં રાગથી જ્ઞાન ભિન્ન પડચું ત્યાં શુધ્ધતાના પરિણમનની-જ્ઞાનમય પરિણમનની ધારા અખંડધારાવાહી ચાલે છે. ભલે સાથે કાંઈક અશુધ્ધતાનું પરિણમન હોય, પરંતુ શુધ્ધતાની ધારા તો નિરંતર ચાલે છે. જ્ઞાનાનંદ સ્વભાવની નિર્મળ પરિણતિ જે પ્રગટ થઈ તેની ધારા તો અખંડ-અતૂટ રહે છે.

(૮) ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છેઃ- એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. રાગથી ભિન્ન પડેલું જ્ઞાન ધારાવાહી અખંડ રહે છે. આત્મા રાગથી ભિન્ન છે એવું જેને અંતર્દષ્ટિ વડે ભાન થયું તેને ભલે કિંચિત રાગ આવે પણ તેને જે શુધ્ધતા પ્રગટ છે તે અખંડ ધારાવાહી છે.

(૯) બીજું જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે. પોતાનો એકરૂપ જે જ્ઞાયકભાવ તેને જ્ઞેય કરીએ, તેમાં જ ઉપયોગ સ્થિર થવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવાય છે.

(૧૦) પહેલા પ્રકારમાં ઉપયોગમાં સ્થિર થવાની વાત નથી. ત્યાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હોવાથી ભેદજ્ઞાનની-જ્ઞાનમય પરિણમનની ધારા અખંડ રહે છે. બીજા પ્રકારમાં આત્મા પોતાના ધ્યાનમાં જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયના ભેદથી રહિત એક ઉપયોગમાં પડ્યો હોય. એક આત્મામાં જ લીન હોય તેને ધારાવાહી જ્ઞાન કહે છે. આમા ઉપયોગની સ્થિરતાની વાત છે.

ભાઈ ! તારૂં ખરેખર સ્વરૂપ નિત્યાનંદ ચિદાનંદમય છે. તેમાં એક જ વખત ઉપયોગ લાગે એટલે બસ. પછી ભલે ઉપયોગ ખસી જાય તોપણ જે સમ્યગ્જ્ઞાન થયું તે અખંડ ધારાવાહી રહે છે. પુરૂષાર્થની ઉગ્રતા કરી તે કેવળજ્ઞાનપણે પરિણમશે જ.-આવી વાત છે.

# ૧૪ જ્ઞાન - સ્વભાવ

**(જ્ઞાન આત્માનો સાર્વકાલિક-સ્વભાવ છે, તે આત્માની એક અસાધારણ શક્તિ તથા લક્ષણ પણ છે. અનંત જડ-ચેતન તત્ત્વોના સમુદાય એવા આ વિશ્વમાં જ્ઞાનથી જ ચેતનની ભિન્ન ઓળખાણ થાય છે. તે આત્માનો એક મુખ્ય ગુણ છે જે વિશ્વનું સવિશેષ સાર્વકાલિક પ્રતિભાસન કરે છે. આત્માના અનંત ગુણ તથા ધર્મ પણ જ્ઞાનમાં જ પ્રતિબિંબિત થાય છે, જાણે કે જ્ઞાનમાં જ આત્માનું સર્વસ્વ સમાઇ રહ્યું છે.)**

(૧) શ્રી સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાન માત્ર જ કહ્યો છે. લોકમાં પણ કોઇ એક એવી વિશેષતાની અપેક્ષાએ કોઇ વ્યક્તિને સંબોધિત કરવાની પધ્ધતિ છે કે જે તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે, જેમ કોઇ વ્યક્તિને ન્યાયાધીશના નામથી સંબોધવામાં આવે છે. ન્યાયાધીશતાપણું તેની એક એવી વિશેષતા છે કે જેથી તે બધા મનુષ્યોથી ભિન્ન ઓળખાઇ આવે છે. જો કે તેનામાં અન્ય સામાન્ય મનુષ્યો જેવી તથા વ્યક્તિગત પોતાની અનેક વિશેષતાઓ પણ છે, તે કેવળ ન્યાયાધીશ જ નથી પરંતુ ન્યાયાધીશ સંજ્ઞામાં તેનું સામાન્ય-વિશેષ વ્યક્તિવ ગર્ભિતપણે આવી જાય છે. તેથી ન્યાયાધીશ શબ્દ તેનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે અર્થાત તે વ્યક્તિ જે કાંઇ છે તે બધું ન્યાયાધીશપણામાં સમાઇ ગયું છે.

(૨) એ જ રીતે એ જ્ઞાન આત્માના અનંત ગુણ ધર્મો સમાન જો કે આત્માનો એક વિશેષ ગુણ જ છે, પરંતુ તેના વિના આત્મા ઓળખાતો જ નથી. જ્ઞાનનો વ્યાપાર પ્રગટ અનુભવમાં આવે છે. અન્ય શક્તિઓમાં એ વિશેષતા નથી તેથી 'उपयोगो लक्षणम्' ની છાયામાં અનંત પદાર્થોના સમુદાયરૂપ એવા આ મિશ્રિત વિશ્વમાં જ્ઞાનથી જ આત્માનું સ્વતંત્ર અસ્તિત્ત્વ અને વ્યક્તિત્ત્વ સિધ્ધ થાય છે. કેવળ આત્માના જ નહિ પરંતુ જગતના અસ્તિત્ત્વની સિધ્ધિ પણ જ્ઞાન જ કરે છે. જ્ઞાન જગતના નિગૂઢતમ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે તેથી જ્ઞાન જ આત્માનું સર્વસ્વ છે અને તેના વિના વિશ્વમાં આત્મા સંજ્ઞાવાળા ચૈતન્યતત્ત્વની કલ્પના જ વ્યર્થ છે. જ્ઞાનનો સ્વભાવ હૃદયંગમ કરી લેતાં સંપૂર્ણ આત્મ સ્વભાવની સમજાણ જ સુલભ થઇ જાય છે. તેથી પ્રજ્ઞાવંત આચાર્ય કુંદકુંદે પોતાના સમયસાર પરમાગમમાં આત્માને જ્ઞાન-માત્ર જ કહ્યો છે. જ્ઞાન-માત્ર કહેવામાં આત્માના માત્ર જ્ઞાન-ગુણની જ નહિ, પરંતુ અનંત ગુણ-ધર્મોના સમુદાયરૂપ એક અખંડ જ્ઞાયક આત્માની જ પ્રતીતિ થાય છે. જ્ઞાનની સ્મૃતિ-માત્રમાં જ અખંડ ચેતનતત્ત્વ પોતાની અનંત વિભૂતિઓ સાથે દૃષ્ટિમાં આવે છે. જ્ઞાનના એક સમયના પરિણમનને જુઓ, તેમાં આત્માનું સર્વસ્વ જ પરિણમેલું છે, તેથી આત્મા જાણે કે જ્ઞાન જ છે, અન્ય કાંઇ નહિ. આ રીતે ગુણ-ગુણીની અભેદદૃષ્ટિમાં જ્ઞાન આત્મા જ છે.

(૩) આ જ્ઞાન આત્માનો ત્રૈકાલિક સ્વભાવ છે. જે સ્વભાવ ત્રૈકાલિક હોય છે તેનો વસ્તુથી કદી અભાવ નથી થતો અને વસ્તુની જેમ તે સદા પૂર્ણ, અખંડ અને શુદ્ધ હોય છે. વસ્તુ તે સ્વભાવની જ બનેલી હોય છે તેથી સ્વભાવ કદી તેનાથી જુદો કરી શકાતો નથી. જેમ ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે. ઉષ્ણતારહિત અગ્નિ કોઈ વસ્તુ જ નથી, તેથી ઉષ્ણતા અગ્નિનું સર્વસ્વ જ છે.

(૪) જ્ઞાનનો સ્વભાવ જાણવું અર્થાત્ વસ્તુના સર્વાંગનું પ્રતિભાસન કરવું છે. કેમ કે સ્વભાવ અસહાય, અકૃત્રિમ અને નિરપેક્ષ હોય છે. તેથી જ્ઞાન પણ જગતથી પૂર્ણ નિરપેક્ષ અને અસહાય રહીને પોતાને અનાદિ અનંત જાણવાનો વ્યાપાર કર્યા કરે છે. પોતાના જાણવાના કાર્યનું સંપાદન કરવા માટે જ્ઞાનને જગતથી કાંઈ પણ આદાન-પ્રદાન નથી કરવું. પરંતુ દર્પણ સમાન જ્ઞાનની વસ્તુને જાણવાની રીત એ છે કે તે સદા પોતાના એકરૂપ અખંડ સ્વરૂપને સુરક્ષિત રાખીને જ્ઞેયાકારે પરીણમ્યા કરે છે. જ્ઞેયાકાર પરિણતિ જ્ઞાનનો વિશેષ ભાવ છે અને તે જ્ઞેયાકાર પરિણતિમાં "જ્ઞાનત્ત્વનો અન્વય" તેનો સામાન્યભાવ છે. જેમ દર્પણ પોતાના સ્વચ્છ સ્વભાવથી વસ્તુઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે. દર્પણમાં વસ્તુઓના અનેક આકાર-પ્રકાર રચાયા-ભુંસાયા કરે છે પરંતુ દર્પણ પ્રત્યેક પરિવર્તનમાં અક્ષુણ્ણ રહે છે. વસ્તુઓની અનેક આકાર-પ્રકારના સંગઠન અને વિધાન (રચના) માં દર્પણની એકરૂપતા અપ્રભાવિત રહે છે. સાથોસાથ તે આકાર-પ્રકારોથી દર્પણની સ્વચ્છતાને આંચ આવતી નથી. જેમ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં અગ્નિના પ્રતિબિંબથી ન તો દર્પણ તૂટે છે કે ન ગરમ થાય છે કેમકે દર્પણમાં જે અગ્નિ દેખાય છે, તે સાક્ષાત્ અગ્નિ નથી પરંતુ તે તો દર્પણની પોતાની અગ્નિ છે. તે દર્પણની પોતાની પર્યાય છે. તેથી વાસ્તવમાં તે દર્પણ જ છે. દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિની રચનાનું નિયામક ઉપાદાન દર્પણનું પોતાનું સ્વતંત્ર છે. પોતાની અગ્નિની રચનામાં દર્પણે બહારની અગ્નિથી કાંઈપણ સહયોગ લીધો નથી. આ અગ્નિ દર્પણની પોતાની સ્વતંત્ર સૃષ્ટિ અને સંપત્તિ છે. દર્પણની અગ્નિનો આકાર બહારની અગ્નિ જેવો હોવા છતાં પણ બહારની અગ્નિ તેમાં રંચમાત્ર કારણ નથી તથા બહાર અગ્નિ બળી રહી છે તેથી દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થઈ રહી છે એ પણ નિતાંત અસત્ય છે. જો એમ માની લેવામાં આવે તો વસ્તુઓને પ્રતિબિંબિત કરવાનો દર્પણનો સ્વભાવ નહિ રહે. અગ્નિનો સ્વભાવ અગ્નિ સાપેક્ષ હોઈને 'સ્વભાવ' એવા સંજ્ઞા જ ખોઈ બેસશે. વાસ્તવમાં દર્પણના સ્વચ્છ સ્વભાવમાં જો અગ્નિ-આકારના પરિણમનની શક્તિ અને યોગ્યતા ન હોય તો આખું વિશ્વ એકત્ર થઈને પણ તેને અગ્નિના આકારે કરી શકે નહિ. અને જો સ્વયં દર્પણમાં અગ્નિ આકારે થવાની શક્તિ અને યોગ્યતા છે. તો પછી તેને અગ્નિની શો અપેક્ષા છે ?

જે શક્તિ શૂન્ય છે તેને શક્તિ આપી શકાતી નથી અને જે શક્તિમય છે તેને પોતાની શક્તિના પ્રયોગમાં કોઈ બીજાની અપેક્ષા હોતી નથી. જગતની કોઈ પણ વસ્તુ પર સાક્ષેપ રહીને પોતાનું અસ્તિત્વ રાખી શકતી નથી. જો દર્પણમાં પ્રતિબિંબિત અગ્નિનું કારણ બહારની અગ્નિ હોય તો પાષાણમાં પણ અગ્નિ પ્રતિબિંબિત થવી જોઈએ. પરંતુ એમ થતું નથી તેથી પોતાની અગ્નિની રચનાની સંપૂર્ણ સામગ્રી દર્પણના પોતાના અક્ષય કોષમાં જ પડી છે. તેને કોઈ પાસેથી કાંઈ ઉધાર નથી લેવું પડતું.

(૫) આ ચર્ચામાં એવો તર્ક પણ રજૂ કરવામાં આવે છે કે જો બહારની અગ્નિ દર્પણની અગ્નિનું કારણ ન હોય અને દર્પણમાં તે સમયે અગ્નિ-આકાર પરિણમનની સ્વતંત્ર યોગ્યતા છે તો પછી જ્યારે અગ્નિ ન હોય ત્યારે પણ દર્પણના અગ્નિ-આકાર પરિણમન થવા જોઈએ અથવા અગ્નિ સામે હોવા છતાં પણ દર્પણમાં અગ્નિ પ્રતિભાસિત્ ન થતા બીજુ કાંઈક પ્રતિભાસન થવું જોઈએ. વિચિત્ર તર્ક છે જે દર્પણના સ્વભાવની સ્વતંત્રતા ઉપર એક સીધો પ્રહાર છે. જો દર્પણની સમક્ષ અગ્નિ હોય અને તે તેવીને તેવી દર્પણમાં પ્રતિબિંબિત ન થાય તો પછી આપણે દર્પણ કઈ વસ્તુને કહીશું ? વસ્તુ જેવી હોય તેવી જ તેને પ્રતિબિંબિત કરે તેને જ તો દર્પણ કહે છે. વળી જો અગ્નિના અભાવમાં, પણ દર્પણમાં અગ્નિ પ્રતિબિંબિત થાય અથવા અગ્નિની સમક્ષતામાં દર્પણમાં અગ્નિના સ્થાને ઘટ પ્રતિબિંબિત થાય તો દર્પણની પ્રામાણિકતા જ શું કહેવાશે ? તેથી અગ્નિનું પણ હોવું અને દર્પણમાં પણ સાંગોપાંગ તે જ પ્રતિબિંબિત થવું એ જ વસ્તુસ્થિતિ છે અને એ જ વસ્તુસ્વભાવગત અનાદિનિધન નિયમ પણ છે. એમાં પારસ્પરિક કારણકાર્ય ભાવથી ઉત્પન્ન કોઈ પરતંત્રતા અથવા સાપેક્ષતાને માટે રંચમાત્ર અવકાશ નથી. આ રીતે દર્પણ અને તેનો અગ્નિ-આકાર અગ્નિ થી સર્વથા જુદો તથા નિર્લિપ્ત જ રહી જાય છે.

(૬) દર્પણની જેમ જ્ઞાન પણ જ્ઞેયથી અત્યંત નિરપેક્ષ રહીને પોતાના જ્ઞેયાકારના ઉત્પાદ-વ્યય કરે છે. જ્ઞાનના આ જ્ઞેયાકારને જ્ઞાનનો 'અતત્' સ્વભાવ કહે છે. બીજા અનેક જ્ઞેયોના આકારે પરિણમીને પણ પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાનત્ત્વની ધારાવાહિકતાનો કદી ભંગ થતો નથી અર્થાત્ જ્ઞાનનો પ્રત્યેક જ્ઞેયાકાર પરિણામ જ્ઞાન-સામાન્યનો અન્વય અખંડ તથા અપરિવ્રહિત છે. જ્ઞાનના પ્રત્યેક જ્ઞેયાકારમાં જ્ઞાન જ પ્રતિધ્વનિત થાય છે તેને આગમમાં જ્ઞાનનો 'તત્' સ્વભાવ કહ્યો છે. પોતામાં અનંત લોકાલોકરૂપ ચિત્ર-વિચિત્ર જ્ઞેયાકાર નિયત સમયમાં ઉત્પન્ન કરવામાં જ્ઞાન અત્યંત સ્વતંત્ર છે. આમાં તેને લોકાલોકની કોઈ અપેક્ષા નથી. ન તેને લોકમાંથી કાંઈ લેવું પડે છે કે ન કાંઈ દેવું પડે છે. જ્ઞાનમાં જે લોકાલોક પ્રતિબિંબિત થાય છે, જ્ઞાનના તે જ્ઞેયાકારની રચના જ્ઞાનની ઉપાદાન સામગ્રીથી થાય છે. લોકાલોકરૂપ નિમિત્તનું તેમાં જરાય કારણપણું નથી. તેથી જ્ઞાન લોકાલોકને જાણે છે. એ કથન વ્યવહાર જ છે. વાસ્તવમાં જ્ઞાન

જ્ઞેયોન્મુખ ન એનાં સ્વતંત્રરૂપે પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે. જેમ આપણે કોઇ મહેલની કલ્પના કરીએ છીએ. મહેલ તો પાષાણની બનેલી હોય છે. પણ આપણી કલ્પનાની મહેલ તો આપણી કલ્પનાથી જ બની છે, પાષાણથી નહિ.

(૭) એ જ રીતે જ્ઞાનના જ્ઞેયાકાર સર્વ જ્ઞાનની જ સૃષ્ટિ છે અને જ્ઞેયથી અત્યંત ભિન્ન જ રહે છે તથા જગતમાં જ્ઞેય છે તેથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એ તર્ક જ ભ્રમમૂલક છે. જે જ્ઞાનની અપ્રતિહત શક્તિની અવહેલના કરીને જ્ઞાનના નપુંસકપણાની ઘોષણા કરે છે. જ્ઞેય જેવો આકાર જ્ઞાનમાં જાણવાનો એવો અર્થ તો કદાપિ થઇ શકતો નથી કે જ્ઞાનનું તે કાર્ય જ્ઞેયની કૃપાથી નિષ્પન્ન થયું છે, એ તો જ્ઞાનની સ્વચ્છતા તથા પ્રામાણિકતાનું જ પ્રતિક છે. જગતમાં સદશ કાર્ય તો અનેક થાય છે પરંતુ કોઇની કૃપાની તેમાં કોઇ અપેક્ષા નથી હોતી. જેમ કે આપણા પાડોશીને ઘરે ભાત બનાવવામાં આવે અને આપણે ત્યાં પણ ભાત બનાવવામાં આવે તો આપણે પાડોશીનું અનુકરણ કરીને અથવા પાડોશી પાસેથી કાંઇ લઇને તો આપણા ભાત બનાવ્યા નથી. આપણા ભાત સ્વતંત્રરૂપે પોતાના નિયત સમયે આપણી સંપત્તિથી બન્યા છે અને એ જ રીતે પાડોશીના. પણ બંનેમાં કોઇ સંબંધ બનતો નથી. હા સાદશ્ય તો બંનેમાં છે. પરંતુ સંબંધ કાંઈપણ નથી. એ જ રીતે જ્ઞાનમાં કોઈ જ્ઞેય અથવા ઘટ પ્રતિબિંબિત થાય છે તો જ્ઞાનનો ઘટાકાર તો જ્ઞાનની પોતાની શક્તિથી પોતાના નિયત સમયે ઉત્પન્ન થયો છે. માટીના ઘટના કારણે નહિ, કારણ કે માટીનો ઘટ તો પહેલાં પણ વિદ્યમાન હતો, પરંતુ જ્ઞાનનો ઘટ પહેલાં ન હતો. જ્ઞાને પોતાના ક્રમબધ્ધ પ્રવાહમાં પોતાનો ઘટ હવે બનાવ્યો છે અને તે ઘટાકારની રચનામાં જ્ઞાને માટીમય ઘટનું અનુકરણ નથી કર્યું પણ જ્ઞાનનો ઘટાકાર માટીમય ઘટાકારથી નિતાંત પૃથ્થક જ્ઞાનનો પોતાના સમયનો સ્વતંત્ર નિરપેક્ષ ઉત્પાદ છે. જ્ઞાનમાં ઘટાકારની રચના, જ્ઞાનના અનાદિ અનંત પ્રવાહ ક્રમમાં નિયત ક્ષણમાં જ થઇ છે. એની એક ક્ષણ પણ આગળ-પાછળની કલ્પના એકાંત મિથ્યા છે. 'જ્ઞાનની સામે ઘડો છે' તેથી ઘડો જ પ્રતિબિંબિત થયો. એ વાત તર્ક અને સિધ્ધાંતની કસોટીએ પણ સિધ્ધ નથી. જો એને સિધ્ધાંતથી સ્વીકારી લેવામાં આવે તો પછી લોકાલોક તો સદાય વિદ્યમાન છે, કેવળજ્ઞાન કેમ નથી થતું ? વળી જો પદાર્થ જ્ઞાનનું કારણ હોય તો પછી છીપને જોતાં ચાંદીની ભ્રાંતિ કેમ થઇ જાય છે ? અથવા વસ્તુ ન હોંવા છતાં પણ વાળ મચ્છરાદિનું જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થઇ જાય છે ? તથા ભૂત અને ભાવી પર્યાયો તો વર્તમાનમાં વિદ્યમાન નથી તો તેમનું જ્ઞાન કેવી રીતે થઇ જાય છે ? તેથી જ્ઞેયથી જ્ઞાનની સર્વાંગી નિરપેક્ષતા નિર્વિવાદ છે.

(૮) આ લોકમાં જ્ઞાનનો એવો અદ્ભૂત સ્વભાવ છે અને આ નિરપેક્ષ, નિર્લિપ્ત, નિરાવરણ જ્ઞાન સ્વભાવની પ્રતીતિ અને અનુભૂતિ ભવ-વિનાશિની છે. જ્ઞાની જાણે છે કે 'જે જ્ઞેય મારા જ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય છે'. તે બધો જ્ઞાનનો જ આકાર છે. તે બધું હું જ છું અને તે પ્રતિબિંબ

મારો જ સ્વભાવ છે. જ્ઞાનનો તે આકાર જ્ઞેયથી તદ્દન ખાલી છે. તેમાં જ્ઞેયનો એક અવિભાગ પ્રતિચ્છેદ પણ પ્રવેશેતો નથી અને તે આકાર મારા જ્ઞાનના સ્વકાળે મારા જ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે અને તે જ ઉત્પન્ન થવા યોગ્ય પણ છે. અન્ય પરિણામને તે સમયે મારા જ્ઞાનના પ્રવાહમાં ઉત્પન્ન થવાનો અવકાશ અને અધિકાર નથી. આમાં 'આ કેમ' આવ્યું અને અન્ય 'કેમ નહીં' એ પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનના પ્રતિબિંબિત જ્ઞેયાકારના સંબંધમાં જેને 'કેમ' એવો વિષમભાવ ઉત્પન્ન થાય છે તે વાસ્તવમાં જ્ઞાનના જ્ઞેયાકાર, જ્ઞાનસ્વભાવ અને આત્માનો અભાવ ચાહે છે. જ્ઞાન સ્વભાવની આ પ્રતીતિ નિર્ભયતા અને નિઃશંકતાને જન્મ આપે છે. જ્ઞાની આ પ્રતીતિમાં સદાય નિશ્ચિત જ છે મારી જ્ઞાન-પરિધિમાં જગતનો પ્રવેશ જ નિષિધ છે. તેથી અનેકાકાર થઈને પણ જ્ઞાન નિર્મળ જ રહે છે, અને તે અનેકાકાર પણ જ્ઞાનના જ વિશેષો હોવાને કારણે જ્ઞાન જ છે. જ્ઞાનના આ વિશેષો કોઈ અવસ્થાની વસ્તુ નથી પરંતુ સહજ જ પોતાના નિયત સમયે જ્ઞાન સામાન્યમાંથી ઉત્પન્ન થયા કરે છે તેથી જ્ઞાની આ વિશેષોનો પણ તિરોભાવ કરીને જ્ઞાન સામાન્ય પર જ પોતાની દૃષ્ટિ કેન્દ્રિત કરે છે અને નિરંતર શુદ્ધ જ્ઞાન જ તેની અનુભૂતિમાં અવતરે છે.

(૯) આનાથી વિપરીત અજ્ઞાની સદાય જ્ઞાનમાં જ્ઞેયાકારોની પ્રવેશની ભ્રાંતિથી આકુલિત રહે છે. તેને એવું લાગે છે કે આ ઈન્દ્રિયોના વિષય મારી અંદર જ આવી રહ્યા છે. વાસ્તવમાં ઈન્દ્રિયવિષય જ્ઞાનમાં પ્રતિબિંબિત માત્ર થયા છે. જ્ઞાનના પ્રતિબિંબને અજ્ઞાની જ્ઞેય જ સમજે છે, તેથી તેને જ્ઞેયમિશ્ર જ્ઞાનની અશુદ્ધ અનુભૂતિ જ થાય છે.

(૧૦) શ્રી સમયસાર પરમાગમની ૧૫ મી ગાથાની ટીકામાં આચાર્ય શ્રી અમૃતચંદ્ર એ અત્યંત માર્મિક વિવેચન કરે છે :-

'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષેના આવિર્ભાવથી અનુભવમાં આવતું (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેયલુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પરંતુ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી, વળી પરમાર્થથી વિચારીએ તો-તો જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈધંવની ગાંગડી અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈધંવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વત્રઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે, તેમ આત્મા પણ, પરદ્રવ્યોના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વત્રઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાન પણે સ્વાદમાં આવે છે.'

(૧૧) વાસ્તવમાં જ્ઞાનસામાન્યની વિસ્મૃતિ કરી દેવાથી જ્ઞાનના અનેકાકારની સૃષ્ટિ ન બનતા જ્ઞેયની સૃષ્ટિ બની જાય છે અને શાક તથા લવણના મિશ્રણની જેમ, અજ્ઞાનીને સદાય 'આ દેહ જહું છું, આ જવર મને જ છે' એવો મિશ્ર સ્વાદ આવે છે. પરંતુ જ્ઞાનીને તો સદાય જ્ઞાનસામાન્યની જ સ્મૃતિ છે. 'મારૂં જ્ઞાન જવર તથા દેહાકાર પરિણમવા છતાં પણ હું દેહ તથા જવરથી ભિન્ન જ્ઞાન જ છું. જ્ઞાનને દેહ નથી અને જ્ઞાનને કદી જવર ચડતો નથી' તેથી જ્ઞાનના જવરાકાર અને દેહાકાર પરીણામ પણ જ્ઞાનીને દેખાતા નથી. આમાં એ તર્ક પણ અપેક્ષિત નથી કે જો નિરંતર જ્ઞાનસામાન્યની જ દષ્ટિ રહે તો જ્ઞાનના વિશેષોનું શું થશે ? વાસ્તવમાં જ્ઞાન તો સહજ જ જ્ઞેય-નિરપેક્ષ રહીને અનેકાકાર પરિણમ્યા કરે છે. કોઇ પ્રબંધ વિના જ તે અનેકાકાર જ્ઞાનમાં થયા કરે છે. જેમ આપણા ઘરમાં ઝુલતા દર્પણમાં પાડોશીના મકાન, મનુષ્ય આદિ સહજ મૌનભાવે પ્રતિબિંબિત થયા કરે છે, આપણે તેમની વ્યવસ્થા નથી કરતા અને દર્પણના તે ખંડભાવ (પ્રતિબિંબ) આપણા પ્રયોજનની વસ્તુ પણ નથી. જો કે તે આપણા જાણવામાં અવશ્ય આવે છે. પરંતુ આપણી અવિરલ દષ્ટિ તો આપણા અખંડ દર્પણ પર જ કેન્દ્રિત રહે છે. જો આપણી દષ્ટિ તે ખંડભાવો અને પ્રતિબિંબો ઉપર કેન્દ્રિત થઇ જાય અને આપણે દર્પણની અખંડતાને વિસ્મૃત કરી દઇએ તો આપણને લાગશે કે આપણા દર્પણમાં કોઇ મનુષ્ય અથવા મકાન પ્રવેશી ગયું, અને તેથી આપણે વિહ્વળ થઇ જઇશું, પરંતુ આ અનેકાકારોમાં પણ દર્પણ તો જેમનું તેમ વિદ્યમાન છે. આ દષ્ટિ અને પ્રતીતિ નિરાકુળતાને જન્મ દે છે.

(૧૨) અજ્ઞાની માને છે કે 'મને ધન મળ્યું' પરંતુ વાસ્તવમાં અજ્ઞાનીના જ્ઞાનને પણ ધનનો એક આકાર માત્ર મળ્યો છે, ધન તો મળ્યું જ નથી. અજ્ઞાની ધન મળવાની કલ્પનાથી હર્ષિત થયા કરે છે. એ જ રીતે અગ્નિના સંયોગમાં અજ્ઞાની માને છે કે 'હું બળી રહ્યો છું' પરંતુ વાસ્તવમાં અગ્નિના જવાળા જ્ઞાનમાં બિંબિતમાત્ર થઇ રહી છે, જ્ઞાન તો બળી રહ્યું નથી. જો અગ્નિથી જ્ઞાન બળવા માંડે તો અગ્નિની ઉષ્ણતાને કોણ જાણશે ? પરંતુ અજ્ઞાની 'હું બળી રહો છું' આ કલ્પનાથી જ વિહ્વળ થઇ જાય છે. વાસ્તવમાં જ્ઞાનને જ્ઞેય પાસેથી તો કાંઇ પણ મળતું નથી, તે તો પોતાના તે જ્ઞેયાકારોમાં પણ એટલું ને એટલું જ રહે છે. આપણા દર્પણમાં પ્રતિબિંબિત કોઇ મહેલથી આપણે આપણને લાભ મળ્યો હોવાનું માનતા નથી અને મહેલ દર્પણમાંથી અદશ્ય થઇ જતાં આપણે શોકાતુર પણ ક્યાં થઇએ છીએ ? આ પરિસ્થિતિમાં હર્ષ કે શોક તો કોઇ બાળક (અજ્ઞાની) નું જ કાર્ય હોઇ શકે, પરંતુ આ દષ્ટિ તો આપણને નિરંતર જ વર્તે છે. આપણા ઘરમાં સ્વચ્છ દર્પણ ઝૂલી રહ્યું છે અને આપણે એ પણ જાણીએ છીએ કે તે દર્પણમાં જગતના અનેક પદાર્થો પણ પ્રતિબિંબિત થાય છે. પરંતુ આપણા દર્પણમાં શું શું પ્રતિબિંબિત થાય છે તે આપણી દષ્ટિનો વિષય નથી હોતો. પરંતુ તે પ્રતિબિંબો પ્રત્યે સદાય આપણો ઉદાસીન ભાવ જ પ્રવર્તે છે. જે કાંઇ

પ્રતિબિંબિત થતું હોય. તે દર્પણનો સ્વભાવ જ છે. સ્વચ્છ સ્વભાવનો વિશ્વાસ આપણને એ વિકલ્પ પણ થવા દેતો નથી કે તેમાં શું શું પ્રતિબિંબિત થાય છે ? કેમ કે તે આપણા વિકલ્પ અથવા વ્યવસ્થાનો વિષય ન હોતાં દર્પણનો અકૃત્રિમ સ્વભાવ જ છે. તેમાં જે કાંઇ પ્રતિબિંબિત થાય તે બધું વ્યવસ્થિત જ છે, વ્યવસ્થા યોગ્ય નથી તથા તે પ્રતિબિંબ મમતા કરવા યોગ્ય પણ નથી. કારણ કે તે પ્રતિબિંબોની મમતા ક્લેશકારિણી છે. દર્પણમાં તે પ્રતિબિંબોના આગમનથી જેવા આપણે હર્ષિત થઇશું, તેવા જ તેમનો દર્પણમાંથી વિલય આપણને શોક સાગરમાં ડૂબાડી દેશે.

(૧૩) તેથી દર્પણ-વિશેષની દૃષ્ટિથી ઉત્પન્ન કલ્પિત હર્ષ-શોકનો અંત દર્પણ -સામાન્યની દૃષ્ટિથી જ સંભવ છે, અન્ય કોઇ રસ્તો નથી. આ જ પ્રમાણે જ્ઞાનમાં પ્રતિબિંબિત અને ક જ્ઞેયાકારરૂપ જ્ઞાનના વિશેષોમાં જો કે જ્ઞાન સામાન્યની જ વ્યાપ્તિ છે, જ્ઞેયની વ્યાપ્તિ નથી; પરંતુ જ્ઞાનના તે વિશેષ વાસ્તવમાં આત્માને માટે જાણવા માત્ર સિવાય, અન્ય કોઇપણ પ્રયોજનની વસ્તુ નથી. જ્ઞાનમાં તે સ્વતઃ સહજ ભાવે નિર્મિત થયા કરે છે. જેમ કે જ્ઞાનમાં જે ઘડો પરિણમ્યો તે ઘટાકાર સ્વયં જ્ઞાન જ છે પરંતુ આત્મા તે ઘટકાર જ્ઞાનનું શું કરે ? તેથી નિરંતર 'હું જ્ઞાન જ છું, ઘટ નથી'- આ સામાન્યની દૃષ્ટિ અને અનુભૂતિ જ શાંતિ આપનાર છે.

(૧૪) જ્ઞાનસ્વભાવની પ્રતીતિ અનંત પ્રશ્નો, અગણિત ઘટનાચક્રો તથા અસંખ્ય પરિસ્થિતિઓનું એકમાત્ર સમાધાન છે. તે દૃષ્ટિમાં શુદ્ધ અખંડ એકરૂપ જ્ઞાન સિવાય આત્માને કાંઇ ભાસતું જ નથી.

'હું તો જ્ઞાનનો ધ્રુવતારો છું' આમાં આત્માની સાથે દેહ, કર્મ અને રાગનો સંબંધ પણ ક્યાં રહ્યો ? રાગ તો આત્મા અને કર્મની સંયોગી દૃષ્ટિમાં ભાસિત થાય છે. જેમ જળને કાદવ સહિત દેખતાં મલિનપણું અનુભવમાં આવે છે. પરંતુ શુદ્ધ જળ સ્વભાવની સમીપ જઇને જોઇએ તો જળમાં કાદવ ક્યાં છે ? જળ તો કાદવ સાથે પણ જળ જ છે. આ રીતે કર્મ અને આત્માની સંયોગી દૃષ્ટિમાં આત્મામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ શુદ્ધ જ્ઞાનસ્વભાવની સમીપતામાં જ્ઞાનમાં ન રાગ છે, ન દ્વેષ છે, ન પુણ્ય છે, ન પાપ છે, ન દેહ છે કે ન મન-વાણી છે. કર્મ અને દેહના વિવિધ અણધાર્યા પરિણામ જ્ઞાનનો સ્પર્શ પણ કરી શકતા નથી. પ્રલયકાળના ભયંકર. વિનાશ વચ્ચે જ્ઞાની તો અનુભવ કરે છે કે મારા જ્ઞાનમાં પ્રલય થયો નથી. હું તો પ્રલયનો પણ જ્ઞાતા જ છું. પ્રલયના દ્રવ્ય જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ જ્ઞાન પ્રલાયાકાર હોવા છતાં પણ જ્ઞાનમાં પ્રલયનો પ્રવેશ થતો નથી. જેમ સાગરને સમર્પણ કરાયેલો પુષ્પ-હાર અથવા પ્રહાર સાગરની છાતી ઉપર ચિત્રિત માત્ર થઇને રહી જાય છે અને સાગર રોષ અથવા તોષની વિષમ અનુભૂતિઓથી શૂન્ય એકરૂપ જ રહે છે. એ જ રીતે વિશ્વનું સર્વસ્વ જ્ઞાનમાં પ્રતિબિંબિત થવા

છતાં પણ જ્ઞાની તે સંપૂર્ણ વિશેષોનો તિરોભાવ કરીને, 'હું ત્રિકાળ જ્ઞાન જ છું, વિશ્વ નથી'. આ શુદ્ધ જ્ઞાનનું જ નિરંતર સંચેનન કરે છે. જગતની ભયંકર પ્રતિકૂળતાઓ અને સાતમી નરકની યાતનાઓમાં પણ જ્ઞાનીને શુદ્ધ જ્ઞાનનું આ સંચેતન અબાધિત રહે છે. જ્યાં જ્ઞાનને દેહ જ નથી ત્યાં પ્રતિકૂળતાનું અસ્તિત્વ જ્ઞાનીની દુનિયામાં જ ક્યાં રહ્યું ?

(૧૫) પ્રતિકૂળતા અને નરકની યાતનાનો જ્ઞાનમાં પ્રવેશ જ નથી, તો પ્રતિકૂળતા અને યાતના જ્ઞાનને કેવી ? આ રીતે જ્ઞાનના વજ્ર કવચનું ભેદન કરીને કોઈ પદાર્થ જ્ઞાનસ્વભાવમાં પ્રવેશી જ નથી શકતો. તેથી જ્ઞાન ત્રિકાળ શુદ્ધ, એકરૂપ જ રહે છે. આ જ જ્ઞાનના શુદ્ધ એકત્ત્વમાં પ્રતિષ્ઠિત થઈને જ્ઞાની શુદ્ધ અનુભૂતિના બળથી વિકાર અને કર્મોનો ક્ષય કરતો થકો મુક્તિના પાવન પથ પર આગળ વધતો જાય છે અને અંતે મુક્તિ તેને વરી લે છે.

(૧૬) વાસ્તવમાં જ્ઞાનીને મુક્તિની પણ ચાહ નથી. જ્ઞાન તો ત્રિકાળ મુક્ત જ છે. તેને નવી મુક્તિ અને સિદ્ધ દશાની અપેક્ષા નથી. જ્ઞાન તો જગતના દ્રવ્ય-ક્ષેત્રના સ્વભાવથી સદાય મુક્ત પડ્યું છે. જ્ઞાન તો નરકમાં પણ મુક્ત જ છે. તે સદાય જ્ઞાયક જ તો છે. તેના સિવાય અન્ય કોઈપણ કલ્પના તેના પ્રત્યે કરવી વ્યર્થ છે. તેને આસ્ત્રવ અને બંધ પણ નથી, પરિણામે સવંર, નિર્જરા અને મોક્ષ પણ તેને નથી; કારણ કે જે પહેલાં બંધાયો હોય, તેને જ છૂટવાનો પ્રસંગ બની શકે છે. જે કદી બંધાયેલો જ નથી તેની મુક્તિની વાત જ વ્યર્થ છે. જ્ઞાનને બાંધવાનો પ્રયાસ કરનાર સ્વયં જ્ઞાનસાગરમાં ડૂબી જાય છે. તે અવિલંબ જ્ઞાનમાં પ્રગટ થાય છે (જણાય છે) પણ જ્ઞાન તો સંપૂર્ણપણે અપ્રભાવિત જ રહે છે. લોકની દરેક પરિસ્થિતિમાં 'હું તો જ્ઞાન જ છું' એ દૃષ્ટિ તથા જ્ઞાનનું આ શુદ્ધ સંચેતન ભવન દ્વારોનું ભેદન કરીને મુક્તિના પાવન દ્વારનું ઉદ્‌ઘાટન કરે છે. આ જ દૃષ્ટિ લોકમાંગલ્યની અધિષ્ઠાત્રી છે જેમાં પર્યાયદૃષ્ટિના સંપૂર્ણ કલેશોનો અંત આવી જાય છે. વિષમતમ પરિસ્થિતિમાં પણ આનંદના મોતી વહેરતો, ભવથી ઉત્પન્ન થયેલ ચિર-દારિદ્રયનો અંત કરીને, શાંતિનો ખજાનો ખોલી દેનારી શુદ્ધ જ્ઞાનની આ પ્રતીતિ અને અનુભૂતિ ચિર જયવંત વર્તો, ચિર જયવંત વર્તો !

## જ્ઞાન સ્વભાવી આત્મા

(૧) જ્ઞાન સ્વભાવી આત્મા છે. તે જ્ઞાન અત્યારે પણ ઈન્દ્રિયના અવલંબનથી જાણે છે કે ઈન્દ્રિય વગર ?

(૨) જો વર્તમાન જ્ઞાન ઈન્દ્રિયથી જાણે તો સામાન્ય જ્ઞાન સ્વભાવના વર્તમાન વિશેષનો અભાવ થાય. જો જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું હોય તો તે વખતે સામાન્યજ્ઞાન છે તેનું વિશેષ શું ?

(૩) આત્માનું જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું નથી, પણ સામાન્ય જ્ઞાનની વિશેષ અવસ્થાથી જાણે છે. જો વર્તમાનમાં વિશેષ જ્ઞાનથી જીવ ન જાણતો હોય અને ઈન્દ્રિયથી જાણતો હોય તો વિશેષ જ્ઞાને શું કાર્ય કર્યું ? ઈન્દ્રિયથી આત્મા કાર્ય કરતો જ નથી, જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ જાણવાનું કાર્ય કરે છે. પોતાના જ્ઞાનની વિશેષ રૂપ અવસ્થા પરાવલંબન વગર સ્વાધીનપણે છે.

(૪) નીચલી દશામાં પણ જડ ઈન્દ્રિય અને જ્ઞાન ભેગા થઈને જાણવાનું કાર્ય કરતા નથી, પણ સામાન્ય જ્ઞાન જે ત્રિકાળ સ્વભાવ તેનું જ વિશેષ રૂપ જ્ઞાન વર્તમાન જાણવાનું કાર્ય કરે છે.

(૫) પ્રશ્ન : જો જ્ઞાનનું વિશેષ જ જાણવાનું કાર્ય કરે છે તો ઈન્દ્રિય વગર કેમ જાણવાનું કાર્ય થતું નથી ?

ઉત્તર : જ્ઞાનની તેવા પ્રકારની વિશેષતાની લાયકાત ન હોય ત્યારે ઈન્દ્રિય ન હોય. ઈન્દ્રિય હોય ત્યારે પણ જ્ઞાન જાણવાનું કાર્ય તો પોતાથી જ કરે છે, કારણ કે જ્ઞાન પરના અવલંબન વગરનું છે.

(૬) ઈન્દ્રિય હાજર છે પણ જ્ઞાન સ્વતંત્રપણે પોતાની અવસ્થાથી જાણે છે. જો ઈન્દ્રિયથી જાણે છે એમ માનવામાં આવે તો જ્ઞાનનો વિશેષ સ્વભાવ કામ નથી કરતો એમ થાય, અને વિશેષ વગર સામાન્ય જ્ઞાનનો જ અભાવ આવે; માટે જ્ઞાન ઈન્દ્રિયથી જાણતું નથી. અધુરૂં જ્ઞાન પોતાથી જાણવાનું કાર્ય કરે છે. ત્યારે અનુકૂળ ઈન્દ્રિયો હાજરરૂપ છે. પણ તે ઈન્દ્રિયના અવલંબને જ્ઞાન જાણતું નથી. આમ સમજવું તે જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન છે. પણ જ્ઞાન ઈન્દ્રિયથી જાણે એમ માને તો તે જ્ઞાન ખોટું છે, કેમકે તે માન્યતામાં નિમિત્ત-ઉપાદાન એક થઈ જાય છે.

(૭) વિશેષ વિનાનું સામાન્ય તો સસલાના શીંગ સમાન અભાવરૂપ છે. વિશેષ વગર સામાન્ય ન હોઈ શકે. માટે વિશેષ વગરનું સામાન્ય જ્ઞાન માનવાથી સામાન્યનો નાશ થાય છે. અભાવ થાય છે. માટે વિશેષ જ્ઞાનથી જ જાણવાનું કાર્ય થાય છે, એમ માનવામાં આવે તો જ સામાન્ય જ્ઞાનની અસ્તિ રહે છે.

(૮) જ્ઞાન સ્વભાવ રાગ અને નિમિત્તના અવલંબન રહિત છે તથા વિશેષજ્ઞાન સામાન્ય જ્ઞાનમાંથી જ આવે છે એમ જાણીને તેની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવી તે જ ધર્મ છે.

(૯) જો જ્ઞાન ઈન્દ્રિયથી જાણે તો જ્ઞાનનું વર્તમાન કાર્ય ક્યાં ગયું ? ઈન્દ્રિયની હાજરી વખતે જો જ્ઞાન ઈન્દ્રિયના કારણે જાણતું હોય તો તે વખતે સામાન્યજ્ઞાન-વિશેષ-પર્યાય વગરનું થયું; વિશેષ વગર તો સામાન્ય હોય જ નહિ, જ્યાં સામાન્ય હોય ત્યાં તેનું વિશેષ હોય જ .

હવે તે વિશેષ સામાન્યજ્ઞાનથી થાય છે કે નિમિત્તથી થાય છે ? વિશેષ જ્ઞાન નિમિત્તને લઈને થયું નથી, પણ સામાન્ય સ્વભાવથી થયું છે. વિશેષનું કારણ સામાન્ય છે, નિમિત્ત તેનું કારણ નથી.

કેમ કે જો તે કાર્ય નિમિત્તનું અંશે કે પૂર્ણપણે હોય તો નિમિત્ત જે પરદ્રવ્ય છે તે પરદ્રવ્યરૂપ જ્ઞાન થઇ જાય. આત્માનો જ્ઞાન સ્વભાવ કાયમ છે તે સામાન્ય, અને વર્તમાન કાર્યરૂપ જે જ્ઞાન તે તેનું વિશેષ છે. સામાન્ય જ્ઞાનનું વિશેષ કહો, કે કાયમના જ્ઞાન સ્વભાવનું પરિણમન કહો, કે જ્ઞાનની વર્તમાન દશા હાલત-પર્યાય કહો તે એક જ છે.

(૧૦) આત્માનો સ્વભાવ જ્ઞાન છે, જ્ઞાન એકલું જાણવાનું જ કાર્ય કરે છે. શબ્દને કે રૂપને ગમે તેને જાણવામાં જ્ઞાન એક જ છે, જ્ઞાનમાં ફેર પડી જતો નથી. આત્માનો જ્ઞાન સ્વભાવ પોતાથી છે, કોઇ નિમિત્તથી તે નથી. આત્માનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ કાર્ય કરે છે. આત્મા ઇન્દ્રિયથી જાણતો જ નથી, પોતાના જ્ઞાનની વિશેષ અવસ્થાથી જ જાણે છે. સામાન્ય જ્ઞાન પોતે પરિણમીને વિશેષ રૂપ થાય છે તે વિશેષ જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાન પરના અવલંબનથી જાણે એમ માનવું તે અધર્મ છે. જ્ઞાન સ્વાલંબનથી જાણે એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે. પરાવલંબન રહિત જ્ઞાનની સ્વાધીનતા બતાવી છે.

(૧૧) મારા જ્ઞાનનું પરિણામરૂપ વર્તન, તે વર્તનરૂપ વિશેષ વ્યાપાર (ઉપયોગ) મારાથી થાય છે, તેને કોઇ પરના નિમિત્તની કે પરદ્રવ્યની જરૂર નથી. એટલે કે જ્ઞાન સ્વાધીનતાથી કદી ખસીને પરાવલંબનમાં જતું નથી-તેથી તે જ્ઞાન પોતે સમાધાન અને સુખ સ્વરૂપ છે.

સ્વાધીન જ્ઞાન સ્વભાવે જ નિગોદથી સિધ્ધ સુધી બધા જીવોને જ્ઞાન થાય છે, પણ જેમ થઇ રહ્યું છે તેમ અજ્ઞાની નથી માનતો, તેથી જ તેની માન્યતામાં વિરોધ આવે છે. સર્વ જીવોને સામાન્યજ્ઞાન સ્વભાવ છે, તે જ્ઞાનનું વિશેષ કાર્ય પોતાના સામાન્ય સ્વભાવના અવલંબને જ થાય છે એટલે રાગ કે પર નિમિત્તના અવલંબન વગર જ જ્ઞાન કાર્ય કરે છે.

(૧૨) રાગ થાય તેને જાણે, પરને જાણે, ઇન્દ્રિયને જાણે પણ તે કોઇને પોતાનું ન માને એવો જ્ઞાનનો સ્વભાવ છે. વિકારને કે પરને પોતાનું ન માને તેને દુઃખ ન જ હોય. મારા જ્ઞાનને કોઇ પરાવલંબન નથી. એવા સ્વાધીન સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરે તો તે સ્વભાવમાં શંકા કે દુઃખ ન જ હોય. કેમકે જ્ઞાન સ્વભાવ પોતે સુખરૂપ છે.

(૧૩) નિગોદથી માંડીને સર્વ જીવોમાં કોઇપણ જીવ ઇન્દ્રિયથી જાણતા નથી. નિગોદનો જીવ કે જેને સૌથી ઓછું જ્ઞાન છે. તે પણ સ્પર્શન ઇન્દ્રિયથી જાણતો નથી, પરંતુ પોતાના સામાન્યજ્ઞાનના પરિણામનથી થતા વિશેષ જ્ઞાન વડે જાણે છે, પણ તે એમ માને છે કે ઇન્દ્રિયથી મને જ્ઞાન થયું.

(૧૪) જ્યારે જીવને સામાન્ય જ્ઞાનસ્વભાવના અવલંબને સામાન્ય તરફની એકાગ્રતાથી વિશેષ જ્ઞાન થાય છે ત્યારે તે સમ્યક્ મતિરૂપ થાય છે, તે મતિજ્ઞાનરૂપ અંશમાં, પરાવલંબન વગર, નિરાલંબી જ્ઞાન સ્વભાવની પૂર્ણતાની પ્રત્યક્ષતા આવી જાય છે.

(૧૫) આત્માનો જ્ઞાન સ્વભાવ કોઇ સંયોગોના કારણે નથી. ધર્મ ક્યાંય બહારમાં નથી, પણ પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ તે જ ધર્મ છે. આમાં તો બધા શાસ્ત્રોનું રહસ્ય આવી ગયું. કોઇ કોઇનું કાંઇ ન કરી શકે એ વાત પણ આમાં જ આવી ગઇ. જડ ઇન્દ્રિય આત્માના જ્ઞાનની અવસ્થા કરે નહિ અને આત્માનું જ્ઞાન પરનું ન કરે; આ રીતે જ્ઞાન સ્વભાવની સ્વતંત્રતા આવી.

(૧૬) બધા સમ્યક્ મતિ જ્ઞાનીઓનું જ્ઞાન નિમિત્તના અવલંબન વગર સામાન્ય સ્વભાવના અવલંબનથી કાર્ય કરે છે, તે કારણે સર્વ નિમિત્તોના અભાવમાં - સંપૂર્ણ અસહાયપણે સામાન્ય સ્વભાવના અવલંબને વિશેષરૂપ જે કેવળજ્ઞાન પૂર્ણ પ્રત્યક્ષ છે તેનો નિર્ણય વર્તમાન મતિજ્ઞાનના અંશ દ્વારા તેને થઇ શકે છે. જો પૂર્ણ અસહાય જ્ઞાનસ્વભાવ મતિજ્ઞાનના નિર્ણયમાં ન આવે તો વર્તમાન વિશેષ અંશરૂપ જ્ઞાન-મતિજ્ઞાન પરના અવલંબન વગર પ્રત્યક્ષરૂપ છે તેનો નિર્ણય પણ ન થાય. સામાન્ય સ્વભાવના આશ્રયે જે વિશેષરૂપ મતિજ્ઞાન પ્રગટ્યું તે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. અંશ પ્રગટ્યો છે તે અંશીના આધાર વગર હોય નહિ, તેથી અંશીના નિર્ણય વગર અંશનો નિર્ણય થાય નહિ.

સામાન્ય સ્વભાવની પ્રતીતિ કરતું વર્તમાન નિર્મળ સ્વાવલંબી જ્ઞાન પ્રગટ્યું તે સાધક છે, અને તે પૂર્ણ સાધ્યરૂપ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ જાણતું પ્રગટ થાય છે. તે સાધકજ્ઞાન સ્વાધીન પણે અંતરના સામાન્યજ્ઞાનની શક્તિના લક્ષે વિશેષ-વિશેષરૂપ પરિણમતું સાધ્ય કેવળજ્ઞાનપણે પ્રગટ થાય છે. આ જાણવું તે ધર્મ છે.

## જ્ઞાન તો માત્ર જ્ઞાનને જ જાણે છે.

(૧) આત્મા વસ્તુ છે જ્ઞાન સ્વરૂપ. એ જ્ઞાનની ઉત્પત્તિ થાય તે જ સમયે રાગાદિ વિકલ્પ ઉપન્ન થાય છે. કાળ એક છે, ક્ષેત્ર એક છે, પણ ભાવ ભિન્ન છે ! આમ અતિ નિકટતાને લઇને ચેત્ય-ચેતક ભાવનો સદ્ભાવ હોવાથી રાગ છે એ જાણાવા યોગ્ય ચેત્ય છે અને આત્મા જાણનાર ચેતક છે.

(૨) રાગ જણાવા લાયક છે; આત્મા જાણનાર છે. એ બંને એક નથી રાગનું બંધ લક્ષણ છે. (દુ:ખ લક્ષણ છે), આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેનું જ્ઞાન લક્ષણ છે. આમ બંનેના લક્ષણ જુદા હોવાથી ચીજ બંને જુદી છે. છતાં એક ક્ષેત્રે અને એક કાળે હોવાથી નજીકપણું છે. તેથી અજ્ઞાનીને

એ રાગ પોતાની ચીજ છે અથવા તેનાથી મને લાભ થશે એમ ભેદજ્ઞાનનો અભાવ હોવાથી એમ તેને લાગે છે. જ્ઞેય અને જ્ઞાયક બે ય એક નથી, પણ એક સાથે ઉત્પન્ન થાય છે એથી અજ્ઞાનીને ભ્રમ ઉપજે છે કે આ રાગ મારી ચીજ છે અને તેનાથી મને લાભ થશે એમ અજ્ઞાની અનાદિથી મિથ્યા શ્રદ્ધામાં માની રહ્યો છે.

(૩) હવે સ્વ-પરના વિવેકની (ભેદજ્ઞાનની) સિધ્ધિથી જ મોહનો (મિથ્યાત્ત્વનો) ક્ષય થઈ શકે છે. જે નિશ્ચયથી જ્ઞાનાત્મક એવા પોતાને અને પરને નિજ-નિજ દ્રવ્યત્ત્વથી સંયુકત જાણે છે તે મોહનો ક્ષય કરે છે. જે નિશ્ચયથી સ્વને સ્વરૂપે અને પરને પરરૂપે જાણે છે તે જ જીવ સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે એવો સકળ મોહનો ક્ષય કરે છે.

(૪) સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી જો આત્મા પોતાને નિર્મોહપણું ઈચ્છતો હોય, તો જિનમાર્ગ દ્વારા ગુણો વડે દ્રવ્યોમાં સ્વ અને પરને જાણો અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે ને આ પર છે'. એમ વિવેક કરો.

(૫) રાગ છે તે આત્માની જાત નથી. આત્મા (જ્ઞાન) અને રાગ ભિન્ન છે. એ રાગ જાણવા લાયકમાં જણાય છે અને આત્મા એનો જાણનાર છે એમ જણાય છે. રાગ જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે તે રાગનું જ્ઞાન પોતાથી થાય છે. રાગની હયાતી છે માટે એનું જ્ઞાન થાય છે એમ નહી. એ જ્ઞાનગુણની પર્યાય સ્વ-પર પ્રકાશપણે છે તે સમયે તે પ્રગટે છે તેથી તેને જાણનાર કહી અને રાગને જણાવા યોગ્ય કહેવામાં આવ્યો.

(૬) ખરેખર તો આત્મા પોતે તો પોતાની પર્યાયને જાણે છે. જ્ઞાનની પર્યાય પોતે પોતાને જાણે છે. ખરેખર પર્યાય પર્યાયની કર્તા છે. રાગને લઈને નહીં. દ્રવ્યગુણને લઈને નહીં. જાણવાની પર્યાય પોતે સ્વતંત્ર પોતાના ષટ્‌કારથી ઉભી થાય છે.

(૭) જાણનાર ચૈતન્ય ભગવાન અને દયા, દાનના વિકલ્પો જે રાગ બંને એક દ્રવ્ય નથી. દ્રવ્ય બંને જુદા છે. એક સાથે-એક કાળે-એક ક્ષેત્રે જ્ઞાન ઉપજે અને રાગ ઉપજે એ એક દ્રવ્યપણાને લઈને નહીં. એક વસ્તુપણાને લઈને નહીં. એક આસ્ત્રવ તત્ત્વ છે અને એક જીવ તત્ત્વ છે. બે ય પદાર્થ જુદા છે.

(૮) આત્માનો સ્વભાવ સ્વતઃ સ્વયં સ્વ-પર પ્રકાશક હોવાથી પરને લઈને પરને પ્રકાશે છે એમ નથી. પરને અને પોતાને પ્રકાશે છે એ પોતાને પ્રકાશે છે. પોતાની પર્યાયને પ્રકાશે છે. એ પરને પ્રકાશતો નથી. પોતાની પર્યાયમાં દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાને પ્રકાશે છે અને રાગને પ્રકાશે છે, એ દ્વિરૂપતાને પ્રકાશે છે. એ પોતાનો પ્રકાશ છે.

(૯) જાણનાર કહ્યો છે. એ તો એના જાણવામાં આવે છે માટે. પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને પ્રકાશે છે. સ્વ-પર પ્રકાશક પોતાની શક્તિ છે એને એ વિસ્તારે છે. એ રાગાદિને-પરને વિસ્તારતો નથી. ચૈતન્યનો સ્વ-પર પ્રકાશતાનો વિસ્તાર પોતાના જ્ઞાનને વિસ્તારે છે. પર વસ્તુ-જ્ઞેયને વિસ્તારતો નથી.

(૧૦) અહીં આત્માના ગુણની મર્યાદા લીધી છે. એ આત્માના ગુણની મર્યાદા સ્વ-પર પ્રકાશક છે એ પરને પ્રકાશે છે એમ જાહેર નથી કરતું; પણ પર સંબંધી પોતાનો જે પ્રકાશન સ્વભાવ છે. સ્વ. સ્વપર પ્રકાશક તેને પ્રકાશે છે. જ્ઞેય સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે એમાં એ તન્મય છે તેથી તે પોતે પોતાના જ્ઞાનને સ્વપ્રકાશને વિસ્તારે છે. પરનો વિસ્તાર કરતો નથી. આંહીં તો કહે છે કે પ્રભુ ! એકવાર સાંભળ કે તું એક ચૈતન્ય છો કે નહીં ? છો તો તારો સ્વભાવ જાણવું એ છે કે નહીં ? એ જાણવું છે તો સ્વપર પ્રકાશકપણે છે કે એકલા સ્વપણે જ છે ? જ્યારે સ્વપર પ્રકાશકપણે જાણવું છે તો તે પરને પ્રકાશે છે કે પોતાનો પ્રકાશે છે ? સ્વ-પર પ્રકાશકપણું પોતાને પ્રકાશે છે, પોતાની પર્યાયને પ્રકાશે છે. એ પરને પ્રકાશતો નથી.

(૧૧) જેમ દીપક વડે પ્રકાશવામાં આવતાં ઘટાદિ દિપકના પ્રકાશપણાને જાહેર કરે છે. દિપકપણાને જાહેર કરે છે, એ ઘટ-પટને જાહેર કરતાં નથી તથા દીવો બીજી ચીજોને પ્રકાશે છે એમ નથી; એ તો પોતાની ચીજ પ્રકાશ છે એને જ પ્રકાશે છે. દીવાનો સ્વભાવ સ્વને અને પરને પ્રકાશવાનો છે તેને પ્રકાશે છે; બીજી ચીજને પ્રકાશે છે એમ નહીં. તેમ રાગાદિ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા તે રાગાદિ ભાવો આત્માના ચેતકપણાને જાહેર કરે છે. આત્મા પોતાને જાણે છે અને રાગાદિ થાય એને જાણે છે એ જાણવાની પર્યાયને પ્રકાશ છે. પરને નહીં-રાગાદિને નહીં. આત્મા, રાગ, દયા, દાન, કામ, ક્રોધના પરિણામમાં પેસીને જાણતો નથી. એમાં તન્મય થઈને જાણતો નથી. તન્મય તો પોતાની પર્યાયમાં થઈને જાણે છે તેથી તે પોતાની જ્ઞાનની પર્યાયને પ્રકાશે છે-એ રાગાદિને પ્રકાશતો નથી.

(૧૨) પહેલાં તો એ લીધું કે પુણ્ય અને પાપના ભાવ થાય એ ચેત્ય છે. જણાવા લાયક છે બસ ! એટલું કહ્યું. આત્મા જાણનાર છે એટલું કહ્યું. એક સાથે ઉત્પન્ન થાય છે એક કાળે-એક ક્ષેત્રે છતાં બંને ભિન્ન ચીજ છે. ઓલી જણાવા યોગ્ય ચીજ છે, આ જાણનાર છે હવે અહીં તો કહે છે કે એ જણાવા યોગ્ય ચીજ છે એ વાત કહી હતી પણ એ આના પ્રકાશમાં પ્રકાશે છે. એ પોતાનો પ્રકાશ છે. એ ચીજને પ્રકાશતો નથી. એ ચૈતન્યનો પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે એને પ્રકાશે છે. એ જ્ઞાન જ્ઞેયમાં ક્યાં તન્મય થાય છે કે એને પ્રકાશે ? જ્ઞેય સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે એમાં એ તન્મય છે તેથી તે પોતે પોતાના જ્ઞાનને સ્વપ્રકાશને વિસ્તારે છે. પરનો વિસ્તાર કરતો નથી.

(૧૩) ચૈતન્ય દ્રવ્ય ભગવાન સ્વરૂપ ચૈતન્યપ્રકાશ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. ચૈતન્ય ચમત્કારી એટલે ? પોતામાં રહેલા અનંતને પ્રકાશે છે. છતાં અનંતને પ્રકાશે છે એમ કહેવું એ પણ અપેક્ષાએ છે. પોતાની પર્યાયમાં અનંતતા જણાય એ પર્યાયને પ્રકાશે છે. જણાય એવા પદાર્થમાં હું નથી. હું તો મારા સ્વપર પ્રકાશના પર્યાયમાં છું. જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય છે ? તો કહે છે, ના. એ ચૈતન્યનો સ્વભાય છે પ્રકાશવું. તો એના અસ્તિત્ત્વમાં રહીને પ્રકાશે છે તે પોતાના જ્ઞાનને પ્રકાશે છે. આ ચીજોમાં જ્ઞાન જતું નથી. તેમજ તે ચીજોને લઈને આંહી જ્ઞાનનો પ્રકાશ થતો નથી. પોતાનો અનંત જાણવાનો જે સ્વભાવ છે. એ સ્વભાવમાં અનંતા જણાય છે. એ ખરેખર તો પોતાની પર્યાય જણાય છે. પર નહીં. પરને તો અડતો ય નથી.

(૧૪) જાણનારો ભગવાન પોતે ક્ષણે-ક્ષણે પોતાને અને પરને પોતાના કારણે પોતે જ પ્રકાશે છે.

'સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદભ્રમ ભારી; જ્ઞેય શક્તિ દુવિધા પરકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' જ્ઞેય દ્વૈત છે પણ ખરેખર તો જ્ઞેય 'આ' ભાસે છે, ચૈતન્ય જ્ઞેય છે. એનું અસ્તિત્ત્વ જ એટલું બધું મોટું છે કે પોતામાં રહીને, પરને અડ્યા વિના, પરનું અસ્તિત્ત્વ છે માટે પોતે જાણે છે એમ પણ નહીં પરંતુ પોતાન અસ્તિત્ત્વની સત્તા એટલી છે કે પર અનંત છે તે અડ્યા વિના સ્વ-પર પ્રકાશને પ્રકાશે છે. એ પર પ્રકાશને પ્રકાશતો નથી. સ્વને પ્રકાશે છે.

(૧૫) આત્માના ચેતનપણાને જ ભાષા જોઈ ? શું કહે છે ? રાગાદિને નહીં. આત્માંના ચેતનપણાને જ જાહેર કરે છે. પર પદાર્થોને નહીં. અહાહા.. ? ચૈતન્યનું સ્વપર પ્રકાશપણું વિશાળ છે, એની સત્તા વિશાળ છે. એ વિશાળતાને જાહેર કરે છે. વિશાળતામાં વિશાળ વસ્તુને જાહેર કરે છે એમ નહીં.

(૧૬) આત્માના પ્રકાશમાં આત્માનો પ્રકાશ જ જાહેર કરે છે. રાગાદિને નહીં.

નજીકમાં નજીક એક ક્ષેત્રે અને એક કાળે ઉત્પન્ન થાય એને પણ જાહેર કરતો નથી. પોતાના પ્રકાશની દ્વિરૂપરતા, એને અને પોતાને પ્રકાશે એવી પોતાની શક્તિને પ્રકાશે છે. પરને જાહેર કરે છે એમ નહીં, પોતાને જાહેર કરે છે. જે જણાય છે તેને નહીં. એ જણાતું જ નથી. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું છે એ જણાય છે.

**સાર:** (૧) જ્ઞાની અજ્ઞાની બધામાં જ્ઞાનનું સ્વચ્છત્ત્વ હોવાથી સ્વપરનો પ્રતિભાસ તો વર્ત્યા જ કરે છે. અજ્ઞાની એકાંત પર પ્રતિભાસનો સ્વીકાર કરી પરમાં એકત્ત્વ સ્થાપતો હોવાથી તેના જ્ઞાનનું અજ્ઞાનત્ત્વ પ્રગટ કરે છે. તેથી તે અપ્રતિબુધ્ધ રહી જાય છે. અને તે જ જીવ સ્વના પ્રતિભાસનો સ્વીકાર કરી એકત્ત્વપૂર્વક સ્વજ્ઞાયકમય પરિણમન કરે છે તે પ્રતિબુધ્ધ થઈને અનુભૂતિ પ્રગટ કરી લે છે.

(૨) જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. વળી પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે. બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી. જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે. પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. તે જ્ઞાન કલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. આ રીતે પોતે જ પોતાથી જણાવા યોગ્ય હોવાથી જ્ઞાન માત્ર ભાવ જ્ઞેયરૂપ છે.

(૩) ભગવાન આત્મા જ્ઞાયકભાવ સ્વભાવરૂપ છે. એમાં વ્યવહાર રત્નત્રયનો જે રાગ થાય તે રાગ સંબંધીનું પણ તે કાળે પોતાનું જ્ઞાન પરિણમે છે એ જ્ઞેયાકારે પરિણમે છે એમ કહેવું તે વ્યવહાર અને એ જ્ઞાનાકારે થઈ રહ્યું છે એ નિશ્ચય છે ભગવાન ! તને સ્વભાવની સત્તાની ખબર નથી. ભગવાન આત્માની જ્ઞાનસત્તા જ્ઞાનના હોવાપણે છે. ભગવાન આત્માનો સ્વ-પરને પ્રકાશવાના સામર્થ્યવાળો ચૈતન્યપ્રકાશ જ એવો છે કે જેમ અરીસામાં સામેની ચીજ-બિંબનું પ્રતિબિંબ દેખાય છે તેમ જ્ઞાનમાં રાગાદિ-કર્મ-નોકર્મ જે હોય છે તે પ્રતિભાસે છે.

(૪) જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો છે, જુઓ જ્ઞાન જ્ઞેયાકાર છે એમ નહિ. એ તો જ્ઞેયને જાણવા પ્રતિ તેવા જ્ઞાનાકારે પોત જ થયું છે. જ્ઞેયનું તેમાં કાંઈ જ નથી. જ્ઞેય જ્ઞાનમાં પેઠું છે એમ છે જ નહિ અર્થાત્ જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે. એમ છે જ નહિ. જ્ઞાન જ્ઞાનાકાર જ છે. એ જ્ઞાનના જ કલ્લોલો છે.

## 'જ્ઞાન-સ્વભાવનું સામર્થ્ય'

(૧) ખરી રીતે કોઈ જીવ કેવળજ્ઞાની કે સિધ્ધ ભગવાનને જાણતા નથી, પણ પોતાની પર્યાયનું સામર્થ્ય પણ તેવું જ છે તેને વર્તમાન કરીને જાણે છે. કેવળજ્ઞાન અને સિધ્ધ દશાના સામાર્થ્યને નક્કી કરનારૂં જ્ઞાન પોતે વર્તમાનરૂપ છે અને તે વર્તમાનથી જ જાણે છે તેથી સામા જ્ઞેયને પણ વર્તમાનરૂપ કરીને જ જાણે છે.

(૨) દ્રવ્ય અને ગુણ તો દરેક પર્યાય સાથે જ વર્તમાન અખંડ છે. મારા દ્રવ્ય-ગુણ અને તેની જાણવારૂપ પર્યાય એ ત્રાણે વર્તમાનમાં જ રહે અને સામા જ્ઞેયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ખંડ પડી જાય એમ બને નહિ અર્થાત્ જ્ઞેયરૂપ સિધ્ધ ભગવાનની પર્યાય વર્તમાન અને દ્રવ્ય-ગુણ ભૂતકાળમાં હોય એમ હોય નહિ. પરંતુ જેમ અહીં જ્ઞાન વર્તમાનરૂપ જ છે તેમ સામે જ્ઞેય પણ વર્તમાનરૂપે જ છે. જ્ઞાન આખા જ્ઞેય દ્રવ્યને વર્તમાન કરીને જાણે છે એટલે કે પર્યાયના ભૂત-ભવિષ્ય એવા ભેદને છોડીને, બધી પર્યાયોથી અભેદરૂપ આખું જ દ્રવ્ય વર્તમાન છે. એમ જ્ઞાન જાણે છે.

(૩) 'ભૂતકાળમાં મહાવીર ભગવાન સિધ્ધ થયા' એમ જ્ઞાન જાણતું નથી. પણ 'વર્તમાન જ સિધ્ધ થયા' એમ જાણે છે, તેમાં જ્ઞાન અને જ્ઞેય બંને દ્રવ્યની અખંડતાને લક્ષમાં લીધેલ છે. ભૂત કે

ભવિષ્યની અવસ્થાથી જ્ઞાન જાણતું નથી પરંતુ વર્તમાન અવસ્થાથી જ જાણવાનું કામ કરે છે અને દ્રવ્ય-ગુણ તો વર્તમાનરૂપ જ છે એ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અખંડ વસ્તુ વર્તમાનરૂપ છે અને જો સામી જ્ઞેય વસ્તુ આખી વર્તમાન ન હોય તો ઉપાદાન-નિમિત્ત (જ્ઞાન-જ્ઞેય) નો મેળ જ થતો નથી.

(૪) અહીં ઉપાદાનમાં અકે સમયમાં અખંડ જ્ઞાન-સામર્થ્ય છે અને સામે નિમિત્તરૂપ લોકાલોક પણ એક સમયમાં પૂરા છે. અહીં જ્ઞાન વર્તમાનરૂપ પુરું હોય અને સામે જ્ઞેય વર્તમાનરૂપ પૂરાં ન હોય -એમ બને જ નહિ.

(૫) વર્તમાન જ્ઞાન વર્તમાન જ્ઞેયને અખંડ કરીને જાણે છે એટલે ખરેખર તો પોતે એક સમયમાં આખો વર્તમાન છે તેની કબુલાત છે. એક સમયમાં જ વસ્તુ પૂરી છે. એમ દરેક સમયે વસ્તુ પૂરી છે.

(૬) પરમાર્થથી ગુણ-પર્યાયો સહિત એક જ સમયમાં આખું દ્રવ્ય વર્તમાન છે. કાળનું લંબાણ કરીને ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. સમયે સમયે થતી પર્યાય તે અખંડ ગુણ-દ્રવ્યને એકેક સમયમાં વર્તમાનરૂપ ટકાવી રાખે છે. જેમ કોઈ વસ્તુની પર્યાયને જોતાં જ જ્ઞાનમાં અખંડને પ્રતીતમાં લઈને કરે છે કે : આખી વસ્તુ દેખાય છે. એમ જેનું જ્ઞાન કહે છે તેને વર્તમાન આખું બનાવે છે. ભૂત-ભવિષ્ય બાકી રહી જતા નથી. આવો જ્ઞાન સ્વભાવ છે.

(૭) અહો ! સિધ્ધ દશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાન-આનંદ દશારૂપે પરિણમી ગયો. સિધ્ધ દશામાં પણ આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યપણું હોય છે. ત્યાં પરિપૂર્ણ જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ અવસ્થાપાણે દરેક સમયે ઉપાજે છે, જુની અવસ્થાનો વ્યય થાય છે અને આદિ-અનંત સિધ્ધદશામાં આત્મા ધ્રુવપણે ટકી રહે છે. સિધ્ધ ભગવાન રાગાદિવિકાર-રહિત અને શરીરાદિ સંયોગરહિત પૂર્ણ જ્ઞાન-સુખ વગેરે સ્વભાવરૂપે પરિણમે છે. એમ જે જીવે પોતાના જ્ઞાનમાં જાણ્યું તે જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે. 'એક સમયમાં સિધ્ધ ભગવાન પૂર્ણ છે.' એમ જે જ્ઞાન નક્કી કહે છે તે જ્ઞાન એમ પ્રતીત કહે છે કે, 'હું પણ એક સમયમાં સિધ્ધ સમાન પૂર્ણ સ્વરૂપી છું'.

(૮) પુણ્ય-પાપથી રહિત અને જ્ઞાનાદિ અનંતગુણોનો પિંડરૂપ એકલો આત્મ સ્વભાવ, તેની એક શુદ્ધ પર્યાયના પરિપૂર્ણ સામર્થ્યને જેણે પ્રતીતમાં લીધું, તેણે વર્તમાન પર્યાયમાં ભગવાન તરફના વિકલ્પના રાગ હોવા છતાં પોતાના જ્ઞાનને તેનાથી અધિક રાખીને (જ્ઞાનને રાગથી જુદું પાડીને) પોતાની પર્યાયના અનંત સામર્થ્યનું જ્ઞાન કર્યું.

(૯) સિધ્ધ ભગવાનની એક સમયની પર્યાયનું સામર્થ્યનું પોતાની અસંખ્ય સમયના ઉપયોગવાળી પર્યાયમાં સ્વીકારનારૂં જીવનું જ્ઞાન અને તે જ્ઞાનના સામર્થ્યની એક સમયમાં પ્રતીત

તે વિકલ્પથી અધિક થયાં છે; જ્ઞાન અને પ્રતીતરૂપ તે પર્યાય સ્વભાવ તરફ એકતા કરી છે અને વિભાવથી અધિકતા (ભિન્નતા) કરી છે.

(૧૦) તે અધિક થયેલા જ્ઞાને શરીરાદિ પરદ્રવ્યોનો તો પોતામાં અભાવ જ બનાવ્યો છે અને સ્વભાવના જોરે વિકારને તુચ્છ બનાવ્યા છે અર્થાત્ અસ્થિરતામાં વિકલ્પ થાય છતાં 'આ મને લાભદાયક છે જ નહિ' એવી પ્રતીતથી તે તરફનું જોર તોડી નાખ્યું છે. આ રીતે પરથી છૂટું અને વિકારથી અધિક થયેલું જેનું જ્ઞાન છે એવો જીવ અલ્પકાળમાં વિકારનો સંબંધ સર્વથા તોડીને સિધ્ધ થાય છે. એમાં ફેર પડે જ નહિ. વિકલ્પ અને રાગનો દૃષ્ટિમાં તો પહેલોથી અભાવ છે જ, પણ અસ્થિરતામાં વિકારને તુચ્છ કર્યો. વિકારનો વસ્તુમાં અભાવ અને અવસ્થામાં પણ વિકારનો અભાવ કરીને સિધ્ધ થઈ જાય છે. જેના જ્ઞાનમાં સિધ્ધ ભગવાનના અનંત જ્ઞાન સામર્થ્યની કબૂલાત આવી અને તેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે અને જેને પોતાના આત્મસ્વભાવની કબૂલાત આવી છે તેને પોતાની સિધ્ધ દશાની પણ કબૂલાત આવી છે.

'જીવ તે જિનવર ને જિનવર તે જીવ'.

(૧૧) આત્માનો સ્વભાવ જાણવારૂપ છે. જેમ છે તેમ આત્મા જાણે. જાણનાર છે તે બધાને જાણે છે. ચૈતન્યના ચોપડામાં 'ન જાણવું' એવું ચિન્હ જ નથી. 'એકલું જાણવું' તેમાં વિકલ્પ ક્યાં રહ્યો ? જાણવામાં વિકલ્પ કરીને અટકવાનું ચૈતન્યનું સ્વરૂપ નથી.

(૧૨) સિધ્ધ ભગવાન ખરેખર પરને જાણતા નથી પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ તે પોતાના જ્ઞાન સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો તે જીવ પણ ખરેખર તો 'સિધ્ધ ભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર' પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ જાણે છે. પોતાની નિર્મળદશાને વર્તમાનરૂપ કરીને જાણતાં સામે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે અનંત સિધ્ધ ભગવંતો અને તીર્થંકર ભગવંતોને તેમજ સંત-મુનિઓને વર્તમાનરૂપ હાજર કરીને જાણે છે. સાચું જ્ઞેય વર્તમાન થયા વગર વર્તમાન જ્ઞાન પર્યાય તેને જાણે શી રીતે?

(૧૩) 'સિધ્ધ દશાને નક્કી કરનાર જીવ' ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે. 'સિધ્ધનો આત્મા પરીપૂર્ણ શુદ્ધ શક્તિપણે ઉત્પાદ અને વ્યયથી ટકી રહ્યો છે' તેનો નિર્ણય કરનાર કોણ છે ? જો સૂક્ષ્મતાથી જોઈએ તો જેણે સિધ્ધનો નિર્ણય કર્યો છે તેણે પોતાની સિધ્ધ દશાનો જ નિર્ણય કર્યો છે અને તે સિધ્ધ થવાનો જ.

(૧૪) જો પોતાના સિધ્ધ સમાન સ્વભાવ સામર્થ્યનો વિશ્વાસ કરે તો જ તેને સિધ્ધ ભગવાનને જોતાં આવડ્યું છે. સિધ્ધ ભગવાનને જોનાર અને તેનો મહિમા કરનાર ખરેખર પોતાની સિધ્ધ

ભગવાનના સામર્થ્યને જાણવારૂપ-પર્યાયના સામર્થ્યને જ જુએ છે અને તેનો જ મહિમા કરે છે. પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.

(૧૫) જેણે પોતાના જ્ઞાનમાં સિધ્ધ ભગવાનનો નિર્ણય કર્યો તેને સિધ્ધ દશાના નિર્ણય અને તે રૂપ સ્થિરતા વચ્ચે (શ્રદ્ધા અને ચારિત્ર વચ્ચે) ભળે આંતરો તો પડે છે; અને તે આંતરાને એકદમ સ્વભાવ સન્મુખ થતું જ્ઞાન કબૂલ પણ કરે છે; પરંતુ પોતે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય'કબૂલાત' અને 'સ્થિરતા' એવા બે અવસ્થા-ભેદને ભૂલીને -વર્તમાન પૂર્ણ દ્રવ્યને જ પ્રતીતમાં લે છે. દ્રવ્યસ્વભાવની કબૂલાતતો નિર્ણય તે બે દશાના અંતરને કે ઉપાણને સ્વીકારતો નથી, 'ભવિષ્યમાં સિધ્ધ પર્યાય પ્રગટ થશે' એમ ભૂત ભવિષ્યને યાદ કરતો નથી, પણ દષ્ટિના જોરથી પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરીને (ભૂત-ભવિષ્યની પર્યાયને દ્રવ્યમાં વર્તમાન સમાવીને) સિધ્ધ દશાને વર્તમાનરૂપ જ કરે છે. જેને સિધ્ધ ભગવાનની બધા ભવિષ્યકાળની પર્યાયની સામર્થ્યની કબૂલાત આવી તેને સ્વપર્યાયના સ્વ-સન્મુખતા વડે વિકલ્પ તૂટ્યા વિના રહે નહિ.

(૧૬) ખરી રીતે દરેક વખતે જ્ઞાનની જ ક્રિયા થાય છે. જ્યાં જ્યાં મન, વચન, કાયાની ક્રિયા થાય છે, ત્યાં-ત્યાં સર્વત્ર જ્ઞાનની ક્રિયા થાય છે. મન, વચન, કાયા તો જડ છે. ભગવાન પ્રત્યે મનથી વિકલ્પ, વચનથી સ્તુતિ કે શરીરથી વંદન થાય છે તેમાં ક્યા સમયે જ્ઞાનનું કાર્ય નથી ? ક્યાં આત્મપ્રદેશે જ્ઞાનનું કાર્ય નથી? દરેક વખતે જ્ઞાન તો સર્વ આત્મપ્રદેશે પોતાનું જ કાર્ય કરે છે. જ્ઞાન સર્વવ્યાપક છે. વિકલ્પ વખતે પણ તેનાથી જુદું રહીને તે પોતાનું કાર્ય કરે છે. ભગવાન તરફના લક્ષ વખતે જ્ઞાન ખરેખર તો ભગવાનને જાણતું નથી પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાન-સામર્થ્ય છે તે જ્ઞાન સામર્થ્ય જ પોતાને જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને માહાત્મ્ય ન આવે તે અંતરસન્મુખતા કરીને ભગવાન શી રીતે થાય ?

(૧૭) સ્વરૂપ સન્મુખ થઈને જુએ તો દરેક વખતે પોતાના જ્ઞાનનું જ પોતે માહાત્મ્ય કરે છે, ક્યારેય પરનું માહાત્મ્ય કરતો નથી. પોતાના જ્ઞાનમાં સિધ્ધ પર્યાયની પ્રતીત કરીને તેને જ જે ધન્ય માને તે બીજા કોઈને પણ ધન્ય કેમ માને ? જેણે સિધ્ધદશા અને કેવળજ્ઞાનને ધન્ય માન્યા તે ઈન્દ્રની સામગ્રીને, રત્નના દીપકોને, પુણ્યના વિકલ્પ વગેરે કોઈને પણ ધન્ય માને નહિ.

(૧૮) પર્યાયનું સામર્થ્ય બેહદ છે તે અહીં બતાવવું છે. દ્રવ્ય-ગુણ તો પૂરા છે જ, પરંતુ તેની પૂર્ણતાને સ્વીકારનાર કોણ છે ? દ્રવ્ય-ગુણ પૂરા અને વર્તમાન પર્યાય પણ પૂરી છે; તે પર્યાયનું જે અનંત સામર્થ્ય છે તે સામર્થ્ય તો જ્ઞાનની પર્યાય જ જાણે છે. જો કે જાણનાર જ્ઞાનનો ઉપયોગ તો

અસંખ્ય સમયનો છે પરંતુ 'અસંખ્ય સમયમાં પુરૂં સામર્થ્ય છે' એમ તે નથી જાણતું. પણ 'એકેક સમયની અવસ્થામાં પૂરેપૂરૂં સામર્થ્ય છે'. એમ તે જાણે છે, અને તેની એક સમયની પ્રતીતિ કરે છે. પૂર્ણને જ્ઞાનમાં લેતાં અસંખ્ય સમય લાગે છે પરંતુ તેની પ્રતીતિ તો એક જ સમયમાં છે.

(૧૯) જેના કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય જણાયું અને તેનો જ મહિમા થયો તેને નિર્ણયરૂપે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. કેવળજ્ઞાન ફરે તો નિર્ણય ફરે ! ભલે હજી વર્તમાન ઉઘાડ કેવળજ્ઞાન જેટલો નથી છતાં પણ વર્તમાન નિર્ણયમાં તો આખું ય કેવળજ્ઞાન આવી ગયું છે. કેવળજ્ઞાનનો નિર્ણય ક્ર્યો તેનું કેવળજ્ઞાન પાછું ફરે જ નહિ એવી અપ્રતિહતભાવની જ વાત છે.

(૨૦) જેણે એક આત્માની પરિપૂર્ણ દશા જ્ઞાનમાં કબૂલી તેણે પોતાના જ્ઞાનમાં અનંતા સિધ્ધાત્માઓનો સ્વીકાર ક્ર્યો અને પોતાનું પણ તેવું જ સ્વરૂપ છે એમ કબૂલ્યું એટલે તેણે ભંગ-ભેદનો નકાર ક્ર્યો. જેવી મારા જ્ઞાનમાં જાણાણી છે તેવી જ સિધ્ધ દશા સ્વરૂપે પરિણમવું એ જ મારો સ્વભાવ છે. ઊણીદશા કે ભંગ-ભેદરૂપે પરિણમવું તે મારું સ્વરૂપ નથી.

'સિધ્ધને હું જાણું છું' એમ બોલાય છે પણ ખરેખર તો 'હું મારી જ પર્યાયને જાણું છું' તેમાં તેઓ જણાઈ જાય છે-એવું મારું સામર્થ્ય છે.!! આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.

દરેક જીવ જો કે પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે, અને સ્વને ભૂલી જાય છે. પરંતુ 'હું મારા જ્ઞાન, સામર્થ્યને જાણું છું. પરને હું ખરેખર જાણતો નથી, અને મારું જ્ઞાન સામર્થ્ય તો પરિપૂર્ણ છે'. એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહિ. આત્મા પોતે અસંખ્ય પ્રદેશે અનંતગુણનો પિંડ છે, તેને સંભારતાં તો આખો પિંડ પર્યાયમાં આવી જાય છે. એક સમયની અવસ્થામાં અનંતગુણનો પિંડ વર્તમાનરૂપ આવી જાય છે અને તેનો એક સમયમાં ખ્યાલ કરનાર મારી પર્યાય છે. આ રીતે જ્ઞાનની પોતાની અવસ્થાના સામર્થ્યમાં ગાણાં ગવાણાં છે !

❀ ❀ ❀

# ૧૫ સ્વ-પર પ્રકાશક શક્તિ

(૧) અહાહા ! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુધ્ધ એક ચિન્માત્ર વસ્તુ છે. એમાં રાગને રાગનું કરવું ક્યાં છે ?

અહાહા...! અનંત ગુણ-સ્વભાવોથી ભરેલા ચિત્સ્વરૂપ ભગવાન આત્મામાં એવો ગુણ-સ્વભાવ જ નથી કે જેથી તે રાગને કરે કે ભોગવે. અહા! જેમ ભોક્તાપણું એનો સ્વભાવ નથી તેમ રાગનું કર્તાપણું એનો સ્વભાવ નથી.

અહા ! ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ જ એવો છે કે એમાં જ્યાં અંતર્દષ્ટિ થઈ ત્યાં પોતાને જાણવાની જે પર્યાય થઈ તે જ્ઞાનની પર્યાય રાગને પણ જાણે, ત્યાં રાગ સંબંધીનું જે જ્ઞાન પોતાના સ્વ પર પ્રકાશક સામર્થ્યથી પોતાના કારણે થયું તે જ્ઞાનનો કર્તા આત્મા છે, પણ રાગનો કર્તા તે નથી.

(૨) આત્મા નિજરસથી એટલે કે સ્વભાવથી રાગાદિરહિત નિર્મળ છે. અહાહા ! ત્રણ કાળ ત્રણ લોકમાં જે અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય છે તે સમસ્તને ક્ષણ માત્રમાં જાણવાની શક્તિવાળો-સ્વભાવવાળો પ્રભુ આત્મા છે. આખો લોકાલોક (સ્વ અને પર) જેમાં જાણવામાં આવે છે એવો ભગવાન આત્માનો જ્ઞાન સ્વભાવ છે પરંતુ લોકાલોકની કોઈ ચીજને કરે વા રાગને કરે એવો એનો સ્વભાવ નથી. અહાહા ! આવી સ્વ પર પ્રકાશક ચૈતન્ય પ્રકાશની અતિ ઉજ્જ્વલ વિશુદ્ધ જ્યોતિ ભગવાન આત્મા છે.

(૩) આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જાણવું એ એનો સ્વભાવ છે. જ્ઞાન એટલે આ દાક્તરી ને વકીલાતનું જ્ઞાન તે જ્ઞાન એમ નહિ; એ તો બધું અજ્ઞાન છે. વળી શાસ્ત્રોનું ભણતર હોય એ ય જ્ઞાન નથી. કેમ કે બધું પરલક્ષી જ્ઞાન છે. એ બધું અજ્ઞાન છે. પણ પોતાના જ્ઞાનસ્વરૂપી આનંદના નાથને અંતરમાં ઢળેલી જ્ઞાનની પર્યાયમાં જાણે કે 'આ હું છું' - એનું નામ જ્ઞાન છે. ત્યાં જ્ઞાનની દશામાં પૂરી દશાવાન ચીજ પોતાની આવી જાય એમ નહિ, પણ પૂર્ણ જ્ઞાયક સ્વભાવી વસ્તુ હું આ છું એમ એના પૂરણ સામર્થ્યના જ્ઞાન અને પ્રતિતિ આવી જાય છે. જેમાં સ્વજ્ઞેયનું ભાન થાય છે તે જ્ઞાન છે. જ્ઞાન લોકાલોકમાં વ્યાપનારૂ છે એટલે શું ? એટલે લોકાલોકમાં જ્ઞાન (જ્ઞાનના પ્રદેશો) જાય છે એમ નહિ, પણ લોકાલોકને ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં જાણી લે છે એવું એનું સ્વપર પ્રકાશક સ્વરૂપ છે.

(૪) આબાળ ગોપાળ બધા આત્માઓને વર્તમાન જે જ્ઞાન પર્યાય છે તેમાં નિજ પરમાત્માદ્રવ્ય જ ભાસે છે. પણ અજ્ઞાનીઓની દષ્ટિ ત્યાં નથી. અહા ! આખું દ્રવ્ય પોતાના જ્ઞાનમાં જણાય

એવી પોતાની ચીજ છે કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. પણ એની (અજ્ઞાની જીવની) દષ્ટિ સ્વ ઉપર નથી પણ પર ઉપર છે, પર્યાય અને રાગ ઉપર છે. તેથી જે નિજ પરમાત્મ દ્રવ્ય જણાય છે તેનો તે અનાદાર કરે છે અને રાગ અને અંશમાત્ર હું છું એમ તે માને છે. સ્વભાવથી વિમુખ થઈને રાગ અને વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર જીવ મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અગીયાર અંગ અને નવ પૂર્વનો ઉઘાડ ભલે હોય, તે વિકાસમાં સંતુષ્ટ થઈ જે રોકાઈ ગયો છે તે જીવ સ્વભાવને ભૂલીને મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે ! અનંતકાળમાં એવી સ્વભાવની દષ્ટિ કરી જ નથી.

(૫) આખી દુનિયા છે, પણ એનાથી જ્ઞાન જુદુ છે, જ્ઞાન તેને કરતું નથી, તેમ રાગનેય જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે. સમકિતીને સમ્યકત્વાદિ જે નિર્મળ નિર્મળ ભાવો છે તે રાગથી મુક્ત જ છે. ભિન્ન જ છે. અહો ! ભગવાન આત્મા તો ભિન્ન જ હતો જ, ને પરિણતિ સ્વાભિમુખ થઈ ત્યાં તે પણ રાગથી ભિન્ન જ થઈ. ભાઈ ! રાગ રાગમાં હો પણ જ્ઞાનમાં નથી, કેમકે જ્ઞાને રાગને ગ્રહો નથી. રાગ જ્ઞાનમાં જણાતા 'આ રાગ હું' એમ જ્ઞાને રાગને પકડ્યો નથી. 'હું તો જ્ઞાન છું' એમ જ્ઞાન પોતાને જ્ઞાનપણે જ વેદે છે. આવા વેદનમાં આનંદ છે, પણ એમાં રાગ નથી. આ નિશ્ચયથી સ્વપર પ્રકાશક શક્તિનું સામર્થ્ય છે અને વ્યવહારથી તે કાળે જે રાગ છે તેને જાણે છે એમ કહેવામાં આવે છે.

(૬) આત્મા જ્ઞાયક સ્વભાવી વસ્તુ નિત્ય ધ્રુવ ત્રિકાળ છે. એમાં બદલવું નથી. પણ તેની પર્યાયમાં કર્મના નિમિત્ત સંબંધે રાગાદિ વિકાર થાય છે. તે વિકાર થવાના કાળે જ્ઞાન એને જાણે છે. અહા ! આ દયા, દાન આદિ રાગના પરિણામ થયા તે જ્ઞેયને હું તો તેને સ્પર્શ કર્યા વિના જ જાણવાના સ્વભાવવાળો જ્ઞાયક છું એમ ભિન્નપણું જાણવાને બદલે અનાદિથી એ આવા ભેદ વિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે તે રાગના પરિણામને પોતા સ્વરૂપ જાણે છે. રાગની જે ક્રિયા થઈ તે પોતાની છે એમ અજ્ઞાની જાણે છે. આ પ્રમાણે રાગને-પરને આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયકભાવ) વિશેષ અપેક્ષાએ જ્ઞાનના પરિણામને અજ્ઞાનરૂપ કરતો પર્યાયમાં મિથ્યાજ્ઞાનરૂપ કરતો તે રાગનો કર્તા થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિનો બધો રાગ છે અને એ તો પૃથ્થક રહીને પરજ્ઞેય તરીકે જાણવા યોગ્ય છે. પણ એને બદલે તું એને કરવા યોગ્ય માને છે તે તારી કર્તા બુધ્ધિનું અજ્ઞાન જ છે.

પણ જ્યાં સૂક્ષ્મ વિકલ્પથી પણ ભિન્ન હું એક જ્ઞાયક સ્વભાવી ચિદાનંદજ્ઞાન પ્રભુ આત્મા છું એમ અંતર્દષ્ટિ વડે તે ભેદવિજ્ઞાન સહિત થાય છે ત્યારે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે (જ્ઞાયકભાવ) વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામે પરિણમતો થકો

કેવળ જ્ઞાનપણાને લીધે સાક્ષાત અકર્તા થાય છે. આમ ભેદજ્ઞાનના બળવડે સ્વરૂપની અંતર્દષ્ટિ થયા પછી તેને પર્યાયમાં કિંચિત રાગ થાય તેમાંય એ કર્તા નથી, કેવળ જ્ઞાતા જ છે. આમ રાગથી ખસવું ને ચિદાનંદ સ્વરૂપમાં વસવું તેનું નામ સંવરને એનું નામ નિર્જરા છે.

(૭) આ આત્મા પોતે સ્વરૂપથી જ્ઞાયક છે અને શરીર, મન, વાણી, ઈન્દ્રિય, કર્મ ઈત્યાદી જડ પદાર્થો અને અન્ય આત્માઓ જ્ઞેય છે. તે સર્વ પદાર્થોને અને આત્માને વ્યવહારે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, છતાં તે પરદ્રવ્યોને કારણે આત્મા જ્ઞાયક છે એમ નથી. પરદ્રવ્યો જ્ઞાયકને કાંઈ કરતા નથી. જ્ઞાયકને પરજ્ઞેયોનું જ્ઞાન થાય છે તે કાંઈ તે તે પરજ્ઞેયોને લઈને થતું નથી, પરજ્ઞેયો કાંઈ આત્માની જ્ઞાનની પર્યાયના કર્તા નથી, જ્ઞાન જ્ઞેયોને જાણે તે જ્ઞાનનું પોતાનું સહજ સામર્થ્ય છે.

(૮) જ્ઞાયક પરદ્રવ્યોને જાણે છે એમ કહેવામાં આવે તે માત્ર ઉપચારથી છે, નિશ્ચયથી તો જ્ઞાયકપણ પોતે, જ્ઞાન પણ પોતે ને જ્ઞેય પણ પોતે જ છે. સૂક્ષ્મ વાત છે ભાઈ ! પરને જાણવા કાળે પણ તે પોતાની જ્ઞાનની પર્યાયને જ જાણે છે. અહાહા...! જ્ઞાનની પર્યાયના સામર્થ્ય વડે જ સ્વને પર જણાય છે. પરજ્ઞેયોના કારણે જ્ઞાન થાય છે એમ કદીય નથી લ્યો, કહે છે-નિશ્ચયથી જ્ઞાયક તો બસ જ્ઞાયક જ છે, અર્થાત જ્ઞાયક પોતાને જ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતો થકો જ્ઞાયક છે.

(૯) નિશ્ચયથી એટલે સત્યાર્થ દષ્ટિથી જોઈએ તો આત્માને પરદ્રવ્યનો જ્ઞાયક કહી શકાતો નથી. દર્શક કહી શકતો નથી. અહાહા...! આત્મા શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાનો કર્તાને કુટુંબ આદિ પરના પાલનની ક્રિયાનો કર્તા-એ વાત તો દૂર રહી. અહીં કહે છે, પરનું જાણવું તે નિશ્ચયથી આત્માને નથી. અહા ! ચૈતન્ય સ્વભાવી પ્રભુ પોતે પોતામાં રહીને પોતાને જાણે છે, ત્યાં એવો ભાવ-ભાવકનો ભેદ કરવામાં આવે તેય વ્યવહાર છે. ભાઈ ! જ્ઞાન પરદ્રવ્યને જાણે, શરીરને જાણે, રાગને જાણે, એમ કહીએ એ વ્યવહારથી છે.

(૧૦) ત્રિકાળી જ્ઞાનગુણ એનો જેમ સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેમ તેની જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયનો પણ સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, તેથી તે પર્યાયમાં સર્વ જીવોને સદાકાળ જ્ઞાયક જણાતો હોવા છતા રાગને વશ થયેલો પ્રાણી તેને જોઈ શકતો નથી. એની નજર પર્યાય ઉપર અને રાગ ઉપર છે એટલે આ જ્ઞાયકને જાણું છું તે ખોઈ બેસે છે. અનાદિ બંધને-રાગને વશ પડ્યો રાગને જોવે છે પણ મને જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞાયક દેખાય છે એમ જોતો નથી. ભલેને તું ના પાડ, હું (મને-જ્ઞાયકને) નથી જાણતો છતાં પ્રભુ ! તારી પર્યાયમાં તું અત્યારે જણાય છે હો ! ગજબ વાત કરી છેને ?

આત્મામાં અનંતગુણો ભલે હો, પરંતુ જાણવું એ એનો મુખ્ય ગુણ છે. અમે છીએ એમ અનંત ગુણો જાણતા નથી, જ્ઞાન છે તે પોતાને ને પરને જાણે છે.

(૧૧) 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી'. જ્ઞાનની વર્તમાન પર્યાયમાં સ્વ-પર જ્ઞેયને જાણવાની તાકાત છે અને તેથી તે પર્યાય સ્વને આખા દ્રવ્યને જાણે છે. વર્તમાન પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં થયું છે. છતાં દૃષ્ટિમાં રાગને પૂજ્ય દેખીને ત્યાં અટકી ગયો છે. આ જાણવામાં આવે છે એને જાણતો નથી અને પરને જાણું છું એવી મિથ્યાબુધ્ધિ થઈ ગઈ છે. (અર્થાત્) એકલો પરપ્રકાશક છું એવી બુધ્ધિ થઈ ગઈ છે જે મિથ્યા છે.

(૧૨) આત્માનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ તે જ્ઞાન સ્વરૂપ, જ્ઞાનને પ્રકાશે છે અને અખંડને પણ પ્રકાશે છે તેથી તેને સ્વ-પર પ્રકાશક કહેવાય છે.

(૧૩) એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે, કેમ કે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

(૧૪) નિગોદમાં અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાનની પર્યાય હતી, તેનો વિકાસ થઈને બાર અંગ અને ચૌદ પૂર્વનું જ્ઞાન થાય તે જ્ઞાનનો અનંતગુણો વિકાસ છે અને કેવળજ્ઞાનની પર્યાય થાય એ તો એથી પણ અનંતગુણો વિકાસ છે. અહા ! આવી જેમાં આખું જગત સ્વ-પરના દ્રવ્યગુણ અને અનાદિ અનંત પર્યાયો જણાય એવી પૂર્ણ જ્ઞાનની પર્યાય પ્રગટવા છતાં ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં કાંઈ ઓછપ કે ઉણપ કે વિશેષતા થતી નથી. અહા ! આવો અખંડાનંદ પ્રભુ અંદર નિત્ય બિરાજમાન છે, અને તેને દૃષ્ટિમાં લેતા સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થાય છે.

(૧૫) અહાહા ! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ત્રણ લોકનો નાથ છે. એની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું સામર્થ્ય છે. અહાહા ! એની એક સમયની પર્યાય સ્વ-પર સહિત અનંતા દ્રવ્ય-ગુણ પર્યાયને-પૂરા લોકાલોકને જાણે એવા સામર્થ્યવાળી છે. હવે આવા સામર્થ્યવાળી પોતાની પર્યાયની જેને ખબર નથી તે પર્યાયવાન નિજદ્રવ્યના અનંતા સામર્થ્યને શું જાણે ? અહા ! એક સમયની વર્તમાન પર્યાય પાછળ અંદર બેહદ સ્વભાવ ભરેલું ત્રિકાળી સત્વ પડેલું છે, તે ત્રિકાળી સત્‌ને જેણે અંતર્દૃષ્ટિ કરી જાણ્યું તેને દ્રવ્યદૃષ્ટિ થઈ છે. તેને મિથ્યાત્વ-ભ્રમણા નથી, તે સમ્યગ્દૃષ્ટિ છે. તેને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થતા નથી, અર્થાત તેને હવે કર્મચેતનાને કર્મફળ ચેતનાનો દૃષ્ટિમાં ત્યાગ થયો છે અને તેના ત્યાગની ભાવના કરીને જ્ઞાનચેતનામાં પ્રવર્તવાનો ઉપદેશ છે.

(૧૬) આ બહારના વેપાર ધંધા બધી પર ચીજ છે, તેને આત્મા ગ્રહતો નથી કે છોડતો નથી. એ પરપદાર્થ તો એના જ્ઞાનનું જ્ઞેય-પરજ્ઞેય છે, વ્યવહારે હો, નિશ્ચયે તો તત્સંબંધી જે જ્ઞાન પ્રગટ થયું તે તેનું જ્ઞેય છે. અહા ! જ્ઞાયકસ્વભાવને જ્ઞેય કરનારૂ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, બાકી તો બધા થોથા છે.

(૧૭) અહા ! સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞ પર્યાયમાં ત્રણ કાળ-ત્રણ લોક જાણ્યા અને દિવ્યધ્વનિ દ્વારા કહ્યા. એમાં આ આવ્યું કે આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે. સર્વને જાણવું તે આત્માનું સ્વરૂપ છે. પણ કોઈને કરવું તે આત્માનું સ્વરૂપ નહિ. રાગ આવે તેને જાણે, પણ રાગ કરવો એ આત્માનું સ્વરૂપ નહિ. ચારે બાજુથી જોતાં ભાઈ ! એક જ વાત સિધ્ધ થાય છે કે આત્માનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે, અર્થાત્ અકર્તા સ્વભાવ છે. અહા ! આવા આત્માનો અનુભવ થવો તે નિશ્ચય અને તેની દશામાં જે હજુ રાગ છે તે વ્યવહાર, જાણેલો પ્રયોજવાન છે. આદરેલો પ્રયોજવાન નથી. સ્વ-પરને, શુધ્ધતાને ને રાગને જાણવા, બસ એટલી વાત છે.

(૧૮) અહા ! પ્રત્યેક પદાર્થમાં જે ક્રિયા થાય તે તેની વ્યવસ્થા નામ વિશેષ અવસ્થા છે. પરમાણુની જે પ્રતિસમય જે અવસ્થા થાય તે પરમાણુની વ્યવસ્થા છે. આત્મા તેને કરે નહિ, કરી શકે નહિ, કેમ કે આત્મા તો જ્ઞાનસ્વભાવ માત્ર વસ્તુ છે. આ આત્મા વસ્તુ છે તે સ્વયં અસ્તિ છે. સ્વ-પર પ્રકાશક ચૈતન્યબિંબ પ્રભુ આત્મા છે, તેમાં જ દૃષ્ટિ કરી, લીન-સ્થિર થવું એમ ઉપદેશ અને આદેશ છે. આવે છે ને કે :-

'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો,
છોડી સકલ જગદંદ-ફંદ, નિજ આતમ ધ્યાવો'

અહા ! સ્વસ્વરૂપ શુધ્ધ ચૈતન્યસ્વરૂપમાં દૃષ્ટિ કરીને ઠરશે તે ઉત્તમ અનાકુળ સુખને પામશે; પરબ્રહ્મ જેવો પૂર્ણાનંદ પ્રભુ છે તેવો પર્યાયમાં પોતે જ પ્રગટ થશે.

(૧૯) આત્મા જ્ઞાનમાત્રસ્વરૂપ વસ્તુ સ્વસંવેદ્ય છે. પોતે પોતાથી જ સ્વસંવેદનમાં જણાય એવો છે. પરથી, રાગથી કે ભગવાનની વાણીથી જણાય એમ નહિ, પણ પોતે પોતાથી જ જણાય એવો છે. વળી જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પરજ્ઞેયને જાણે છે તેથી તે કાંઈ પરવેદનમય થઈ ગયો છે એમ નથી; એ તો સ્વસંવેદનમય જ છે. તે પોતાનું અને પરનું જ્ઞાન કરે છે, પણ વેદન-સંવેદન તો પોતાના સ્વરૂપનું જ કરે છે.

અહાહા ! ભગવાન તું જ્ઞાનસ્વરૂપ છો. જ્ઞાનમાં પરજ્ઞેય જણાય છે, ત્યાં ખરેખર પરનું વેદન નથી; પણ પરસંબંધી જે પોતાનું જ્ઞાન થયું છે તેનું વેદન છે. પોતાનું જ આ રીતે સંવેદન છે. પોતામાં જ પોતે રહીને પોતાને જાણે છે, પર તો એમાં જણાઈ જાય છે બસ. વાસ્તવમાં પરનું વેદન છે નહિ, લ્યો, આનું નામ સ્વસંવેધ છે. શું ? કે પોતે પરથી જણાય નહિ, પણ પોતાથી સ્વસંવદેનમાં જ જણાય છે અને પોતાને પરનું વેદન-સંવેદન નથી, પણ સ્વસંવેદન જ છે.

આત્માનું તત્ત્વ સ્વસંવેધ છે. અહા ! સ્વ-પરને પૂર્ણ જાણે છતાં પરને વેદતું નથી. પોતે પોતાથી જ વેદનમાં આવે એવું નિજ તત્ત્વ સ્વસંવેધ પોતે પોતામાં રહીને જાણે છે. એમાં પરનું જ્ઞાન આવી જાય છે, એને વાસ્તવમાં પરનું વેદન-સંવેદન નથી.

(૨૦) આત્મા કેવી રીતે જાણી શકાય ? તો કહે છેઃ- ચૈતન્ય શક્તિની પ્રગટતા જ્ઞાન અને દર્શન છે. તેમાં જ્ઞાન સાકાર છે, પ્રગટ છે, અનુભવ ગોચર છે, તેથી તેના દ્વારા આત્મા જાણી શકાય છે. જ્ઞાન સાકાર છે એટલે શું ? જ્ઞાન સાકાર છે એટલે જ્ઞાનમાં સ્વ-પરને ભિન્ન ભિન્ન સ્પષ્ટ જાણવાનું સામર્થ્ય છે. દર્શનમાં સ્વ-પરનો ભેદ પાડીને દેખવાની શક્તિ નથી. દર્શન તો વસ્તુના સામાન્ય અવલોકન માત્ર છે. દર્શનમાં તો અસ્તિમાત્ર છે બસ એટલી જ વાત. દર્શન ભેદ પાડીને દેખતું નથી, જ્યારે જ્ઞાન સાકાર હોવાથી વસ્તુને સ્વ-પરના ભેદ સહિત જાણવાની શક્તિવાળું છે. તેથી જ્ઞાન દ્વારા જ આત્મા ભિન્ન જાણી શકાય છે.

(૨૧) આત્મા દયા, દાન આદિ વિકલ્પથી જાણાય નહિ, અસ્તિ આદિ ગુણથી જાણાય નહિ, સામાન્ય ચિત્તશક્તિ ત્રિકાળ ધ્રુવ છે તેનાથી જાણાય નહિ અને ચૈતન્યની પ્રગટ વ્યક્ત દશા દર્શન અને જ્ઞાન છે તેમાંથી દર્શનથી પણ જાણાય નહિ; પણ સાકાર પ્રગટ વ્યક્ત જે અનુભવ ગોચર જ્ઞાન તે જ્ઞાનથી જ આત્મા જાણાય છે. અહાહા...! જ્ઞાનની પ્રગટ-વ્યક્ત દશામાં દેહાદિ પરથી ભિન્ન આત્મા જાણવામાં આવે છે માટે જ્ઞાન દ્વારા જ આત્મા ભિન્ન ઓળખી શકાય છે.

(૨૨) આત્મામાં અનંત ધર્મો છે, અનંત ગુણ છે, પણ જ્ઞાનને જ એકને આત્માનું તત્ત્વ કેમ કહ્યું છે ? કારણ કે જ્ઞાનમાં જ સ્વ-પરને ભિન્ન ભિન્ન જાણવાની શક્તિ છે. આત્માનું જ્ઞાન જ યથાર્થ લક્ષણ છે, જ્ઞાન વડે જ આત્મા જાણવામાં આવે છે. જો કે દર્શન ચૈતન્ય શક્તિનો અંશ છે, તો પણ તે સામાન્ય અસ્તિપણે દેખવા માત્ર છે, નિર્વિકલ્પ છે. આ દર્શન તે સમ્યગ્દર્શનની વાત નથી. આ તો દર્શન ઉપયોગની અહીં વાત છે. દર્શન છે તે નિર્વિકલ્પ છે. અર્થાત્ તે સ્વ-પરનો ભેદ પાડી જાણે છે. આમ આત્માને જાણવાની શક્તિ જ્ઞાનમાં જ છે. તેથી જ્ઞાનને જ આત્મા કહેવામાં આવ્યો છે.

(૨૩) જ્ઞાન તે આત્માનું પ્રધાન તત્ત્વ છે, કેમ કે જ્ઞાન વડે જ ભિન્ન આત્મા ઓળખાય છે. હા, પણ એમાં બાહ્ય નિમિત્ત હોય છે કે નહિ ? નિમિત્ત બહારમાં હોય છે ને, નિમિત્ત નથી હોતું એમ કોણ કહે છે ? પણ નિમિત્ત અંતરંગ ઉપાદાનનું કાંઈ કરે છે એમ નથી, નિમિત્ત કાર્યનું કર્તા નથી એમ વાત છે. આત્મા જ્ઞાનથી પોતાને જાણે ત્યારે બાહ્ય નિમિત્ત- પણે બીજી ચીજ ભલે હો, ગુરૂ હો, દેવ હો, શાસ્ત્ર હો, વિકલ્પ હો, પણ એ બધા વડે આત્મા જાણવામાં આવે છે એમ નથી, જ્ઞાનથી જ આત્મા જાણવામાં આવે છે. તે પણ ક્યારે ? જ્ઞાનને સ્વસન્મુખ કરે ત્યારે. સ્વસન્મુખ થયેલા જ્ઞાનથી જ ભિન્ન આત્મા જાણવામાં આવે છે.

(૨૪) આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહ્યું છે ને ? એનો અર્થ એ થયો કે અંદરમાં (પર્યાયમાં) જે રાગ છે તે પણ આત્મા નથી. ભગવાન આત્મા જ્ઞાન-જ્ઞાન-જ્ઞાનપણે તત્ છે અને તે જ અતત્ છે

અર્થાત તે રાગપણે નથી. જ્ઞાન પોતાના સહજ પરિણમન સ્વભાવથી જ પરિણમે છે. પોતે રાગપણે થઈને જાણતો નથી, જ્ઞાનપણે રહીને જ જાણે છે ? દયા, દાન, વ્રત આદિનો જે રાગ કે દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રધ્ધાનો જે રાગ તે રાગપણે આત્મા નથી. તેથી વ્યવહારના રાગથી આત્મામાં કાંઈ (જ્ઞાન) થાય એમ છે નહિ. વ્યવહારનો રાગ નથી હોતો એમ વાત નથી. એનાથી આત્માનું (જ્ઞાનમય) કાર્ય નીપજે છે એમ નથી. જેમ પરદ્રવ્યરૂપ નિમિત્ત અકિંચિત્કર છે તેમ રાગ પણ આત્માના સ્વભાવકાર્ય પ્રતિ અકિંચિત્કર છે.

(૨૫) પોતાનું પરિણમન સ્વથી છે અને પરથી નથી એવું જાણતા પરથી સાચી ઉદાસીનતા થઈ આવે તેને સાચો વૈરાગ્ય કહે છે. ચાહે સર્વજ્ઞદેવ ત્રિલોકીનાથ હો કે એની વાણી હો, એનાથી આત્મા વ્યાવૃત-નિવૃત જ છે. આમ પોતાથી પ્રવૃત્તિ અને પરથી નિવૃતિ હોવાથી પોતાની પર્યાય પોતાથી જ થાય. નિમિત્ત કે પરથી ન થાય એ સિધ્ધાંત છે. પરથી આત્મામાં કાંઈ થાય કે આત્માથી પરમાં કાંઈ થાય તો બધું ભેળસેળ-એક થઈ જાય, પણ એમ છે નહિ.

(૨૬) અહા ! ચૈતન્યદેવની લીલા તો જુઓ ! જાણનારો જાણગ સ્વભાવી પ્રભુ પોતે જ જ્ઞાન છે, ને પોતે જ જ્ઞેય પણ છે. પ્રમાણ પણ પોતે ને પ્રમેય પણ પોતે જ છે. 'દ્વૈતને નિષેધવું અશક્ય છે' એમ કહ્યું છે ને ? પોતે જાણવાના ભાવપણે પ્રમાણ છે, અને પોતે પોતામાં જણાવવાના ભાવપણે પ્રમેય પણ છે. આમ એક જ્ઞાન-પ્રમાણમાં દ્વૈત છે, ભેદ છે.

(૨૭) જ્ઞાનમાત્ર વસ્તુ હું આત્મા સ્વસ્વરૂપથી-જ્ઞાનસ્વરૂપથી તત્ છું એવી પ્રતીતિના અભાવે હું પરજ્ઞેયરૂપ છું એમ માનતો થકો અજ્ઞાની જીવ રાગ-દ્વેષ-મોહ ભાવે પરિણમીને પોતાનો નાશ કરે છે, ત્યારે ધર્મી-જ્ઞાની પુરૂષ આ જ્ઞાનમાત્ર વસ્તું હું આત્મા સ્વસ્વરૂપથી-જ્ઞાનસ્વરૂપથી તત્ છું એમ પ્રકાશતો થકો સ્વસ્વરૂપના નિર્મળ જ્ઞાન-શ્રધ્ધાનરૂપ પરિણમન વડે પોતાને જિવાડે છે.

(૨૮) અહા ! હું ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ આત્મા છું અને મારું અસ્તિપણું મારાથી જ છે એમ અંતરંગમાં નિર્ણય થાય અને અવસ્થામાં પરિણમન શુધ્ધ થાય છે. આ શુધ્ધ પરિણમન પોતાના ષટ્કારકપણે સ્વતંત્ર થાય છે. જેમ આત્મામાં જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ ત્રિકાળ છે, તેમ તેમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-એક ષટ્કારકરૂપ સ્વભાવ ત્રિકાળ છે. તેથી જે નિર્મળ જ્ઞાન-શ્રધ્ધાન આદિ પરિણમન થયું તેનું અન્ય કોઈ નિમિત્ત કે રાગ કર્તાને તે પરિણમન એનું કાર્ય એમ છે નહિ.

(૨૯) જુઓ આ અનેકાંતનો મહિમા ! હું પૂર્ણાનંદ પ્રભુ સ્વરૂપથી તત્ છું ને પરથી અતત્ છું એવો અનેકાંત જીવને જિવાડે છે, આત્માનુભૂતિ પમાડે છે. જ્ઞાની પોતાને જ્ઞાનપણે પ્રગટ કરીને પોતાને જીવીત રાખે છે, નષ્ટ થવા દેતો નથી.

(૩૦) જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર જણાય છે એનો અભાવ-ત્યાગ કરી અજ્ઞાની પોતાનો નાશ કરે છે, ત્યારે ધર્મી દ્રવ્યથી જ્ઞાનમાત્ર ભાવનું એકત્ત્વ પ્રકાશતો પર્યાયમાં અનેકપણું હોવા છતાં વસ્તુપણે હું એક જ છું એમ દ્રવ્યથી એકત્ત્વ પ્રકાશિત કરતો અનેકાન્ત વડે પોતાને જીવિત રાખે છે.

(૩૧) અહા ! જ્ઞાનની પર્યાય ત્રિકાળી દ્રવ્યને, તેના અનંતગુણને તથા તે સાથે પ્રગટ થતાં દર્શનની, આનંદની, શ્રધ્ધાની, શાંતીની સ્વચ્છંતાની, પ્રભુતાની-બધી પર્યાયોને પણ જાણે છે. વળી તે પર્યાય પરને અને રાગને પણ જાણે ! અહા ! આવું જ કોઈ જ્ઞાનની પર્યાયનું સ્વ-પરને પ્રકાશવાનું ચમત્કારીક સામર્થ્ય છે. આમ પર્યાય અપેક્ષા અનેકપણું જેને કબુલ નથી એવો અજ્ઞાની અનેકપણાનો ત્યાગ-અભાવ કરીને પોતાનો નાશ કરે છે, અર્થાત્ સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થવા યોગ્ય અતીન્દ્રિય આનંદથી દૂર રહે છે, ત્યારે ધર્મી-જ્ઞાની પુરૂષ જ્ઞાનમાત્ર ભાવનો પર્યાયથી અનેકતત્ત્વ પ્રકાશતો થકો પોતાનો નાશ થવા દેતો નથી.

(૩૨) આત્માની સમય સમયની જ્ઞાનની અવસ્થા પોતપોતાની યોગ્યતાનુસાર આત્મામાં થાય છે, નિમિત્તને કારણે થાય છે એમ નહિ. નિમિત્ત હો ભલે અને એને જાણે પણ, પરંતુ નિમિત્તને જાણનારી જ્ઞાનની દશા પોતાની પોતાથી છે. નિમિત્તને લઈને નથી. ઝીણી વાત છે, ભાઈ ! જેવું નિમિત્ત હોય તેવું થાય એમ બીજા કહે છે ને ? તો કહે છે એમ નથી. આત્માના અનંતગુણની અવસ્થા પોતાના સ્વકાળે પોતામાં પોતાથી થાય છે. નિમિત્તથી નહિ. છતાં લક્ષ નિમિત્ત પર હોવાથી નિમિત્તને લઈને મારી પર્યાય થાય છે. એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની પોતાના સત્‌ને અસત્ કરે છે.

(૩૩) પોતે ત્રિકાળ એક જ્ઞાયક સ્વરૂપ છે. પરજ્ઞેયને જાણવારૂપ તેની પૂર્વકાળમાં જે જ્ઞાનની દશા હતી તે પોતાની પોતાથી જ હતી, પરજ્ઞેયને લઈને નહિ તથા વર્તમાન તે બદલીને અન્ય જ્ઞેયને જાણવારૂપ થઈ તે પણ પોતાની પોતાથી જ છે અન્ય જ્ઞેયને લીધે નથી. અહા ! સ્વપરને જાણવાપણે પ્રતિસમય પરિણમે એ જ્ઞાનનું આત્માનું સ્વરૂપ જ છે, પણ અજ્ઞાની એકાંતી તેમ નહિ માનતા, પૂર્વે જાણવામાં આવેલા જ્ઞેયો નાશ પામતા મારું જ્ઞાન નાશ પામી ગયું એમ માને છે, કેમ કે એની દૃષ્ટિ પર ઉપર જ છે, પરાવલંબી છે. સમજાણું કાંઈ ?

અહો ! આ તો અનંતા તીર્થંકરોના પેટના રહસ્યની વાત આચાર્ય ભગવાને વહેતી મૂકી છે. એના પ્રવાહનું અમૃત પીનારા પીઈને પરમાનંદને પામે છે, ને બાકીના તુચ્છ અભાવરૂપ થઈને રખડી મરે છે.

(૩૪) નિશ્ચયથી જોઈએ તો સ્વભાવ-પરભાવને જાણવાની જે સ્વ-પર પ્રકાશક પર્યાય પ્રગટ થાય છે તે, તે જાતની તે કાળે પર્યાયની શક્તિ-યોગ્યતા છે તેથી પ્રગટ થાય છે. એટલે

સામાન્યપણું છે તેને (સમર્થ) કારણ ન ગણતા ખરેખર જે તે પ્રકારે પર્યાય થવાનો સામાન્ય સ્થિત અંદર પર્યાય શક્તિ-યોગ્યતારૂપ જે ભાવ છે તે કારણ છે.

જો સામાન્ય સ્વભાવ ખરેખર કારણ હોય તો સમયે સમયે એક સરખી દશા આવવી જોઈએ કેમ કે સામાન્ય સ્વભાવ તો સદા એકરૂપ છે, પરંતુ દશા એક સરખી નથી આવતી, કેમ કે પર્યાયનો તે તે પ્રકારે થવાનો પોતાનો સ્વકાળ છે. તે તે કાળે તેવી જ યોગ્યતા છે. સમજાણું કાંઈ...?

ભાઈ ! આ બધું સમજવું પડશે હો, આ સમજ્યા વિના બહારમાં પરભાવમાં સુખ ગોતે છે, પણ ધુળેય ત્યાં સુખ નથી, ત્યાં તો મફતનો હેરાન થઈ રખડી મરવાનું છે.

(૩૫) પરથી મારી દશા થાય એવો મિથ્યાભાવ તે કંપન છે અને સમ્યગ્દર્શન નિષ્કંપન છે. અહા ! નિજ આત્મદ્રવ્યને દૃષ્ટિમાં લેતા જે સમ્યગ્દર્શન થયું તે નિષ્કંપ છે, કારણ કે ભેગું અજોગપણું પણ અંશે પ્રગટ થાય છે ને ! સર્વ ગુણાંશ તે સમકિત. એટલે કે સમકિત થવા કાળે આત્માનો યોગ નામનો જે ગુણ છે તેમાં પણ તે પ્રકારે નિષ્કંપતા થવાનો કાળ છે. તેથી જ્ઞાની સ્વભાવમાં આરૂઢ થઈ નિષ્કંપ વર્તતો થકો શુધ્ધ જ બિરાજે છે, અર્થાત્ પરભાવને પોતામાં ભેળવતો નથી, એક શુધ્ધ સ્વરૂપને જ અનુભવે છે.

(૩૬) જ્ઞાની શુધ્ધ જ બિરાજે છે. તો શું એને રાગ છે જ નહિ ? કિંચિત રાગ છે તથા શુધ્ધ જ બિરાજે છે કેમ ? કેમ કે રાગને તે માત્ર જાણે જ છે. (કરતો નથી) વળી તે જ્ઞાન શુધ્ધ છે અર્થાત્ રાગ તેમાં ભળ્યો નથી, કેમકે એને જાણનારૂ જ્ઞાન જ્ઞાનથી-પોતાથી છે, રાગને લઈને છે એમ નહિ-એમ જ્ઞાન યથાર્થ જાણે છે.

(૩૭) જે જીવ નિમિત્ત એટલે કે સંયોગ અને પરભાવથી પોતાના ભાવની (જ્ઞાનની) દશા થયેલી માને છે તે સંયોગ અને પરભાવને પોતારૂપ માને છે; તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો સ્વભાવની અસ્તિની મસ્તીમાં રહેતો, પરભાવરૂપ ભવનના ત્યાગની દૃષ્ટિના લીધે નિષ્કંપ વર્તતો થકો શુધ્ધ જ બિરાજે છે, અર્થાત શુધ્ધને એકને અનુભવે છે.

(૩૮) અહાહા ! અંદર મારી ચીજ શુધ્ધ ચૈતન્ય વસ્તુ પરભાવના સ્વભાવસ્વરૂપ જ છે એમ જાણી. પોતાના શુધ્ધ એક જ્ઞાનસ્વભાવમાં લીન થઈ પ્રવર્તતો જ્ઞાની શોભે છે. જુઓ, આ જ્ઞાનની શોભા !

(૩૯) ભાઈ ! વસ્તુ જે નિત્ય છે તે જ અનિત્ય છે, ને જે અનિત્ય છે તે જ નિત્ય છે આવું પ્રમાણ જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પર્યાયમાં નિર્મળતા-ધર્મ પ્રગટ થતો નથી.

ધર્મી જીવ આત્માની વર્તમાન દશામાં ક્રમવર્તીપણે જે અનિત્યતા વર્તે છે તેને જાણતો થકો, અવસ્થામાં એક પછી એક પર્યાય થાય છે એનાથી સહિત હોવા છતાં, પોતાના નિત્ય પવિત્ર

સ્વભાવને એકને નિર્મળ અનુભવે છે. પર્યાયનું બદલવું છે છતાં સર્વથા અનિત્ય અને અનેકરૂપ થઈ ગયો એમ ધર્મી કદી માનતો નથી.

(૪૦) અહા ! અંતરમાં સચ્ચિદાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તેને ધ્યેય બનાવ્યા વિના, તેનો આશ્રય કર્યા વિના બધું (જાણપણું) ધૂળ-ધાણી છે, કેમ કે જ્ઞાન જે પ્રસિધ્ધ છે તેના વડે પ્રસાધ્યમાન તો એક શુધ્ધ આત્મા છે. શું કીધું ? જે દશામાં જાણપણું છે તે જાણવાની દશા પ્રસિધ્ધ છે, કેમ કે પોતાના વેદનથી તે સિધ્ધ છે, જ્ઞાન સ્વને જાણે છે, પરને પણ જાણે છે, એને એમાં પરની જરૂર-અપેક્ષા નથી. જ્ઞાન સ્વને જાણે ને જાણવારૂપ પ્રવર્તે, વળી જ્ઞાન પરને પણ જાણે, પણ પરને કરે નહિ અને પરમાં ભળે નહિ.

અહાહા ! આવું જ્ઞાન પ્રસિધ્ધ છે અને એ જ્ઞાન વડે પ્રસાધ્યમાન-સાધવા યોગ્ય અનંત ધર્મોના સમુદાયરૂપ એક અભેદ ભગવાન આત્મા છે. જાણવાની દશા જે લક્ષણ છે તેના લક્ષરૂપ લક્ષ એક ધ્રુવ ભગવાન આત્મા છે. બસ, આ સિવાય બાહ્ય નિમિત્તે-દેવ-ગુરૂ-શાસ્ત્ર ઈત્યાદિ અન્ય કોઈ એનું લક્ષ્ય નથી.

## અમૃત-બિંદુ (સ્વપર પ્રકાશક)

(૧) આત્માનું જ્ઞાન સ્વપર-પ્રકાશક હોવાથી તેના અનુભવનના કાળમાં પણ તે જ્ઞાનસ્વરૂપ જ્ઞાનને પ્રકાશે છે અને અખંડને પણ પ્રકાશે છે. તેથી તેને નિશ્ચયથી સ્વપરપ્રકાશક કહેવાય છે.

(૨) એક આત્માને જાણતા સર્વ જાણી શકાય છે. કેમ કે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણતા પર જણાઈ જાય છે.

(૩) સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ તો અબંધસ્વરૂપ છે. આવો અબંધસ્વરૂપ ભગવાન આત્મા રાગમાં રોકાવાથી પોતાને જાણતો નથી, અહા ! સર્વ જ્ઞેયોને જાણનાર એવા પોતાને તે જાણતો નથી ! પોતાને જાણતો નથી એમ કીધું પણ સર્વ જ્ઞેયોને જાણતો નથી એમ ન કીધું, કેમકે પોતાને જાણવું એ નિશ્ચય છે અને પરને જાણવું તે વ્યવહાર છે.

(૪) તારા જ્ઞાનસ્વભાવના આશ્રયે જે પર્યાય પ્રગટ થાય તે આત્મદર્શન અને આત્મજ્ઞાન છે, બાકી બધો વ્યવહાર છે. દ્રવ્યના લક્ષે જે જ્ઞાનની સ્વપર પ્રકાશક પર્યાય ઉત્પન્ન થાય તે પોતાથી થાય છે. તે પોતાને અને રાગને જેમ છે તેમ જાણે છે. જ્ઞાન વ્યવહારને જાણે છે તો પણ પોતાની પર્યાયની તાકાતથી જાણે છે.

(૫) ભાઈ ! તારા સત્‌ની બલિહારી છે. તું કેવો છો, કયાં છો, કેમ છો ? કહે છે-'હું જ્ઞાનસ્વરૂપ છું અને રાગ થાય તેને જાણું જ છું. જ્ઞાનની સ્વપર પ્રકાશક પર્યાય પોતાની તાકાતથી સ્વપર જાણે છે. હું મારી સ્વયં પ્રગટ થયેલી જ્ઞાનપર્યાયથી રાગને જાણું જ છું.

(૬) કેવળજ્ઞાન પણ સ્વપર પ્રકાશક છે. કેવળજ્ઞાન પોતાને જાણે છે અને લોકાલોકને જાણે છે. કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે, તો લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે એમ નથી. ઉપાદાન અને નિમિત્ત બંને પોતપોતામાં સ્વતંત્ર છે. કોઈનાથી કોઈ છે એમ છે જ નહિ. નિમિત્ત છે માટે કાર્ય નિમિત્તથી થાય છે એમ છે નહિ. કેવળી ભગવાન નિશ્ચયથી પરને જાણતા નથી. નિશ્ચયથી પરને જાણે તો પરની સાથે તન્મય થઈ જાય. જેમ પોતાના આત્માને તન્મયપણે જાણે છે તેમ પરદ્રવ્યને તન્મયપણે જાણતા નથી, ભિન્ન સ્વરૂપે જાણે છે તેથી વ્યવહારથી જાણે છે એમ કહ્યું છે. જાણવાનો અભાવ છે તેથી વ્યવહારનય કહ્યો છે એમ નથી.

(૭) પોતાની ત્રિકાળી ચીજ અસ્તિ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તે નિશ્ચય અને પર્યાયમાં જે રાગ અને અલ્પ શુધ્ધતા છે તેને જાણવું તે વ્યવહાર. તે તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, અર્થાત્ તે સમયનું તે પ્રકારનું જ્ઞાન સ્વપર પ્રકાશકપણે પરિણમ્યું છે. તેથી જ્ઞાન પરને જાણે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

(૮) આત્મા પરનું કાર્ય નથી તેમ આત્મા પરના પરિણામનો કર્તા નથી, કારણ કે જે પરિણમે છે તે કર્તા છે. આત્મા તો (પરનો) જાણનાર છે, કર્તા નથી. તે પણ ખરેખર પરને જાણતો નથી પણ પર સંબંધી પોતાનું જ્ઞાન થયું તેને જાણે છે. રાગ થાય તેનું જે જ્ઞાન થયું તે જ્ઞાન રાગનું જ્ઞાન નથી પણ તે જ્ઞાન પોતાનું છે. આત્મા પોતાને જાણે છે, ત્યાં સામે જેવી ચીજ છે તેવું અહીં જ્ઞાન થયું તે જ્ઞાન પોતાથી થયું છે. રાગ અને શરીર છે તો તેના કારણે જ્ઞાન થયું છે એમ નથી. તે ચીજ સંબંધીના જ્ઞાનની ઉત્પત્તિના કાળમાં આત્મા જ્ઞાનના સ્વપર પ્રકાશક સ્વભાવના કારણે પરને પણ જાણે છે. જ્ઞાનમાં પરને પ્રકાશવાનું સામર્થ્ય પરને લઈને નથી.

(૯) જ્ઞાનનો સ્વભાવ જ સ્વપર પ્રકાશક છે. તેથી અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં સ્વ એટલે પોતાનો આત્મા સદા જાણવામાં આવે જ છે. પરંતુ તેની દષ્ટિ સ્વપર જતી નથી તેની દષ્ટિ રાગ, નિમિત્ત કે પર્યાય પર જ રહે છે. તેથી પોતાને પોતે જાણતો હોવા છતાં દષ્ટિ અન્યત્ર રહેતી હોવાથી અજ્ઞાની હું આ (આત્મા) છું એમ માનતો નથી. તેને કહે છે-ભાઈ ! તારી મહત્તા અપરંપાર છે. ત્રણ લોકનો નાથ અનંતગુણથી સમૃધ્ધિથી ભરેલો તું ચિદાનંદ ભગવાન છે. તારી દષ્ટિ તું ત્યાં સ્થાપ. તેથી મિથ્યાત્વનો નાશ થઈને તને સમ્યગ્દર્શન થશે. રાગ, નિમિત્ત અને પર્યાય પરથી દષ્ટિ હટાવીને તારી ચૈતન્યમય ત્રિકાળી ચીજ પ્રતિ દષ્ટિ કર !

(૧૦) અજ્ઞાનીને જ્યારે સ્વભાવ અને પર ભાવનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવના ભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વપર પ્રકાશક હોવાથી ત્યારે પર્યાય સ્વને જાણે છે અને રાગને પણ (ભિન્નપણે) જાણે છે. ભેદજ્ઞાન થતાં જ્ઞાનનો સ્વપર પ્રકાશક સ્વભાવ હોવાથી જ્ઞાન પોતામાં રહીને સ્વપરને જાણે છે અને તે સમ્યગ્જ્ઞાન છે. રાગને જ્ઞાન જાણે છે. એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો આત્મા પોતાના જ્ઞાનને જાણે છે.

(૧૧) સમકિતીને દેવ અને મનુષ્ય એ બે ગતિના આયુનો બંધ પડે છે, તિર્યંચ અને નરકગતિના આયુષ્યનો બંધ પડતો નથી. આ આયુષ્ય કર્મ પરમાણુની પર્યાય છે. તે સમયે જે વિકારના પરિણામ થાય તે પરિણામનો જ્ઞાની જ્ઞાતા જ છે. તે સમયે જ્ઞાનની જે સ્વપર પ્રકાશક પર્યાય પોતાથી પ્રગટી તેમાં આયુષ્ય કર્મ અને તેના નિમિત્તરૂપ જ્ઞાનને જ્ઞાની જાણે છે, તેનો કર્તા નથી. ભાઈ ! તારૂ સ્વરૂપ તો જ્ઞાન છે અને જ્ઞાન સ્વભાવથી સ્વપર-પ્રકાશક છે. માટે જ્ઞાન સ્વ અને પરને જેમ છે તેમ જાણે છે. જાણવા સિવાય તે બીજું શું કરે ?

(૧૨) દયાનો ભાવ તે શુભ રાગ છે, વિકાર છે. તે ભાવના કાળે જે શાતા વેદનીય કર્મ બંધાય એ જડની પર્યાય છે અને તે જડથી થાય છે. રાગ અને આત્મા (જ્ઞાન) બંનેને જે એક માને છે એવા અજ્ઞાની મિથ્યાદષ્ટિનો દયાનો ભાવ શાતા વેદનીય કર્મ જે પોતાથી બંધાય છે તેનો નિમિત્ત કર્તા છે. પરંતુ દયાના રાગથી પોતાનો જ્ઞાયક ભગવાન ભિન્ન છે એવું ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે. એવો ધર્મી જીવ દયાના રાગને કરતો નથી, જાણે જ છે. પોતાને-સ્વને અને રાગને-પરને જાણતું સ્વપર પ્રકાશક જ્ઞાન તેને પોતાથી પ્રગટ થાય છે અને ત્યારે રાગ તેમાં નિમિત્ત છે.

આ બોલમાં ક્રમબધ્ધ પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર એ પાંચેયના ખુલાસા આવી જાય છે.

૧. શાતા વેદનીય કર્મનો બંધ થયો ત્યાં તે પર્યાય તેના સ્વકાળે થઈ છે. તે કાળે જે શુભભાવ આવ્યો તે તેના સ્વકાળે ઉત્પન્ન થયો છે. આ પ્રમાણે ક્રમબધ્ધ સિધ્ધ થયું.
૨. તે કાળે સ્વપર પ્રકાશક જ્ઞાનની પર્યાય પોતાથી પ્રગટ થઈ છે, નિમિત્તથી નહિ. આ ઉપાદાન સિધ્ધ થયું.
૩. જ્ઞાનીને તે રાગ અને કર્મબંધન જ્ઞાનમાં તે કાળે નિમિત્ત છે. આ નિમિત્ત સિધ્ધ થયું.
૪. તે વખતે જ્ઞાન સ્વને જાણે છે તે નિશ્ચય સિધ્ધ થયો.
૫. જે રાગ આવ્યો તે અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે.

તે રાગને જ્ઞાન જાણે છે. આ વ્યવહાર સિધ્ધ થયો. આ રીતે વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ઉડી ગઈ. નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થાય એ વાત પણ ઉડી ગઈ. પર્યાય ક્રમબધ્ધ થાય છે માટે અક્રમે-આડે-અવળું થાય એ વાતપણ ઉડી ગઈ. આમ પાંચેય વાતનું આ બોલમાં સ્પષ્ટીકરણ આ પાંચેય વાતનું આવી જાય છે.

(૧૩) આત્મા કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને ઝળકાવનારૂ એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. અહા ! પોતાનું જ્ઞાન કરે અને પરદ્રવ્યના આકારનું એટલે પરના સ્વરૂપનું જ્ઞાન કરે એવું સ્વપરને પ્રકાશવાનું એનું સામર્થ્ય છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનું સામર્થ્ય એક સમયની પર્યાયનું છે, છતાં એકરૂપપણે રહે છે, ખંડ ખંડ થતું નથી.

(૧૪) પોતાના અને પરદ્રવ્યોના આકાર-સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી સમસ્ત રૂપને પ્રકાશનારૂ એકપણું જેણે પ્રાપ્ત કર્યું છે એવો જીવ પદાર્થ તે સમય છે, ત્રણ કાળ, ત્રણ લોકને જ્ઞાનની પર્યાય જાણે છતાં જ્ઞાન એક આકારરૂપ રહે છે. આ વિશેષણથી જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો.

(૧૫) જ્ઞાયક ભાવની દૃષ્ટિ થતાં જે શુધ્ધતા પ્રગટી અને એ શુધ્ધતામાં સ્વનું અને પરનું જ્ઞાન પરિણમન થયું. એ જ્ઞાન પરનું-નિમિત્તનું કે જ્ઞેયનું કાર્ય છે એમ નથી. પોતાની જ્ઞાનની પર્યાય જે પરિણમી તેનો કર્તા પોતે છે અને જે પર્યાય પરિણમી તે એનું પોતાનું કાર્ય છે.

(૧૬) જ્ઞાયક કે જ્ઞેયો પર છે તેનો જાણનાર છે. પરજ્ઞેયો જેવો હોય તે આકારે જ્ઞાનનું પરિણમન થાય છે, તો પરની અપેક્ષાથી જ્ઞાનનું પરિણમન અશુધ્ધ થયું કે નહીં ? તો કહે છે-ના, કેમ કે રાગાદિ જ્ઞેયાકારની અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. જેમ દાહ્યકૃત અવસ્થા અગ્નિને નથી તેમ જ્ઞેયકૃત અશુધ્ધતા જ્ઞાનને નથી. જ્ઞાયકભાવના લક્ષે જે જ્ઞાનનું પરિણમન થયું તેમાં સ્વનું જ્ઞાન થયું અને જે જ્ઞેય છે, તેનું જ્ઞાન થયું. તે પોતાના કારણે થયું છે. જે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે પોતાના સ્વરૂપને જાણવાની અવસ્થામાં પણ દીવાની જેમ, કર્તા કર્મનું અનન્ય-પણું હોવાથી જ્ઞાયક જ છે. પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જ જાણ્યો માટે પોતે જ કર્મ. જ્ઞેયને જાણ્યું જ નથી, પણ જ્ઞેયાકાર થયેલા પોતાના જ્ઞાનને જાણ્યું છે.

પરને તે સ્વરૂપે જ જ્ઞાન જાણે, શરીર, મન, વાણી, રાગ આદિ જ્ઞાનમાં જણાય તે કાળે જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે, છતાં જ્ઞેયના કારણે જ્ઞાન જ્ઞેયાકાર થાય છે એવી પરાધીનતા નથી. જાણનાર

જ્ઞેયાકારોના જ્ઞાનપણે પરિણમે તેથી તેને જ્ઞાયકપણું પ્રસિધ્ધ છે. તો પણ જ્ઞેય પદાર્થોના કારણે જ્ઞાન પરિણમ્યું છે એમ નથી. પરના કારણે જ્ઞાન જ્ઞેયાકારરૂપ થાય છે એમ નથી. પરંતુ પોતાની પરિણમની યોગ્યતાથી પોતાનો જ્ઞાન આકાર પોતાથી થયો છે.

(૧૭) જેમ અરીસો હોય તેમાં સામે જેવી ચીજ કોલસા, શ્રીફળ વગેરે હોય તેવી ચીજ ત્યાં જણાય. એ રૂપે અરીસો પરિણમ્યો છે, એ અરીસાની અવસ્થા છે. અંદર દેખાય એ કોલસા કે શ્રીફળ નથી. એ તો અરીસાની અવસ્થા દેખાય છે. તેમ જ્ઞાનની પર્યાયમાં શરીરાદિ જ્ઞેયો જણાય ત્યાં જ્ઞાનની પર્યાય એ પોતાની છે, એ શરીરાદિ પરને લઈને થઈ છે એમ નથી, કેમ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. જાણનારો જાણનારપણે જ રહ્યો છે. જ્ઞેયપણે થયો જ નથી. જ્ઞેય પદાર્થનું જે જ્ઞાન થયું તે જ્ઞાન પોતાનું પોતાથી છે. જ્ઞેયથી નથી.

(૧૮) જેમ અગ્નિને છાણાનો અગ્નિ, લાકડાનો અગ્નિ, તરણાનો અગ્નિ એમ કહેવાય, પણ અગ્નિ તો અગ્નિપણે જ છે. ભિન્ન ભિન્ન ઈંધનના આકારે અગ્નિ થયેલો હોય એમ ભલે દેખાય પણ એ અગ્નિનો જ આકાર છે. લાકડા કે છાણા વગેરે ઈંધણનો નથી. તેમ આત્મા જ્ઞાયકસ્વરૂપ પરને જાણવા કાળે અજીવને જાણે, રાગને જાણે, શરીરને જાણે, ત્યાં જાણપણે જે પરિણમે તે પોતે પરિણમે છે. જ્ઞાન સ્વરૂપે કાયમ રહીને પરિણમે છે. પરપણે-અજીવપણે, રાગપણે, દ્વેષપણે, શરીરપણે થઈને જાણતો નથી. જ્ઞાન પરપણે થઈને પરિણમે છે એમ નથી, જ્ઞાન જ્ઞાનપણે રહીને પરને જાણે છે. પરને જાણતાં-પર જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ કહેવાય, પણ તે જ્ઞાનપણું છોડીને જ્ઞેયાકાર થઈ ગયું છે એમ નથી. ભગવાન આત્મા જે પૂર્ણ ચૈતન્ય જ્યોતિ તેનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે હોવા છતાં જ્ઞાનગુણપણે જ રહે છે, પર જ્ઞેયપણે થતું નથી એ પ્રમાણે યથાર્થ જાણી પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ આત્માનું શ્રધ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

(૧૯) જેમ દિપક ઘટ-પટને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે. દીવો ઘટ-પટ આદિને પ્રકાશે ત્યારે પણ દીવારૂપ છે, ઘટ-પટાદિરૂપ થતો નથી; અને પોતાની જ્યોતિરૂપ શિખાને-પ્રકાશે ત્યારે પણ દીવો દીવો જ છે, અન્યકાંઇ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.

(૨૦) જ્ઞાયક ઘટપટાદિ કે રાગાદિ જ્ઞેયાકારોને જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે અને પોતાની જાણવાની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. ઘટ-પટાદિ કે રાગાદિને જાણવાના કાળે પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે, ઘટ-પટાદિ અન્યરૂપ નથી તથા પોતાની પર્યાયને જાણવાના કાળે પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ જ છે, અન્યરૂપ નથી.

**સારરૂપ :**

ભાઈ ! તારા જ્ઞાનનું સામર્થ્ય કોઈ અચિન્ત્ય છે. જે કાળે જેવા રાગાદિ (જ્ઞેય) હોય તેવું જ જ્ઞાન થઈ જાય છે અને એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. તેમ છતાં આવો રાગ છે માટે આવું જ્ઞાન થયું એમ નથી. રાગના અસ્તિત્ત્વથી જ્ઞાનની પરિણતિનું અસ્તિત્ત્વ ભિન્ન છે. રાગાદિ તે પર છે અને પર્યાયમાં રાગાદિનું જે જ્ઞાન છે. એ (સ્વ) મારું છે, એવો ભેદજ્ઞાન સ્વરૂપ અનુભવ ક્યારે થાય ?

રાગાદિનું લક્ષ છોડી સ્વના લક્ષમાં જાય ત્યારે એની પરિણતિમાં ભેદજ્ઞાન થાય.

શરીર, મન, વાણી ઈત્યાદિ નોકર્મ અને રાગાદિ કર્મ એ પર પુદ્ગલના જ છે અને એ જ્ઞેયોને જાણનારૂં જ્ઞાન તે મારું જ્ઞાયકનું છે એમ વિભાવ અને સ્વભાવની ભિન્નતા જાણી એક જ્ઞાયકની સત્તામાં જ લક્ષ કરે તેને ભેદજ્ઞાન થાય છે.

પછી એવો યથાર્થ નિર્ણય થાય છે કે, 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન જ છું'.

નાથ ! તું તો સર્વજ્ઞસ્વભાવી છે. દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવરૂપ જ છે. એનો અર્થ એ થયો કે સ્વને અને પરને જાણવાના પરિણમનવાળો છે. એ સ્વ અને પર એ બે એક છે એમ નહિ. સ્વના જ્ઞાનરૂપે અને પરના જ્ઞાનરૂપે પરિણમવું એવો સ્વપર પ્રકાશક એનો સ્વભાવ છે. સર્વજ્ઞની પરિણતિ પર્યાયમાં જે પ્રગટે તે પહેલાં શ્રધ્ધામાં એમ આવ્યું હતું કે હું તો સર્વજ્ઞ સ્વભાવી છું તેથી શ્રદ્ધાનાબળે સર્વજ્ઞ દશા પ્રગટ કરી. એ શ્રદ્ધા સર્વજ્ઞ સ્વભાવી આત્માની છે, અલ્પજ્ઞ કે રાગવાળા આત્માની નહિ. આવો ઉપદેશ છે. ભાઈ ! માર્ગ તો આ છે.

❀ ❀ ❀

# ૧૯ એક માત્ર ઉપાય

## આત્મા કેવી રીતે જણાય?

પહેલા આત્મા દેખાતો નથી એટલે અસ્તિ ગ્રહણ થતી નથી ને રાગાદિ બધું કરવા જેવું નથી એમ થાય છે, કેમ કે રાગાદિ દુઃખરૂપ લાગે છે, તો પણ આત્મા સ્વ લક્ષણથી ઓળખાય છે.

'જાણનારો છે તે જ હું છું' એમ પોતે વિચાર કરીને ઊંડો ઉતરીને સૂક્ષ્મ ઉપયોગ કરે તો, પોતાની અસ્તિ ગ્રહણ થાય છે. પોતે પોતાને ભૂલી ગયો છે, પણ પોતે જ છે. બીજો નથી.

બધા ભાવો ચાલ્યા ગયા, પણ પોતે જાણનારો તો એમને એમ શાશ્વત રહે છે. ગયા કાળમાં જે વિકલ્પો થયા તેને પોતે યાદ કરી શકે છે, પણ પોતે તો એમને એમજ રહે છે. માટે જાણનારનું જેવું અસ્તિત્ત્વ ગ્રહણ કરવા માંગે તો કરી શકે છે. પોતે અંદર ઊંડો ઉતરીને જે આ જાણનારો જ્ઞાયક છે-તે જ હું છું એમ તેના ઉપર જોર લાવી શકે છે. એમ જ્ઞાયક ઉપર જોર લાવી નિર્ણય કરે, તો યથાર્થ પ્રતીતિ કરી શકે છે. પોતે વિચારીને અને અંતરમાંથી નક્કી કરીને જોર લાવે કે આ જાણનાર હું છું, આ રાગાદિ હું નથી, તો પોતે પોતાને ઓળખી શકે છે.

## તો હવે શું કરવું?

સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધ છે, પરંતુ આ જ્ઞેય ઈષ્ટ-અનિષ્ટ કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લે છે. આવા જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધને લીધે એકી સાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયકતો સદાય જ્ઞાયકપણે જ-એકરૂપપણે જ રહ્યો છે.

અનાદિથી જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાઈ રહ્યો છે, તેથી એ મિથ્યાત્ત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તતા સિવાય અન્ય કાંઈ કરવા યોગ્ય નથી.

શ્રી સમયસારજી પરમ અધ્યાત્મ શાસ્ત્રજીની ગાથા ૩૫૬-૩૬૫ માં ટીકાકાર આચાર્ય ભગવાન સ્પષ્ટાથી દર્શાવે છે કે, ''જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે જ આત્મા જ છે''. જેનું જે હોય તે તેનું જ હોય એવો ભેદ પણ આચાર્યશ્રીને સ્વીકૃત નથી તો પરદ્રવ્ય જ્ઞાયકની સાથે જ્ઞેયનો સંબંધ ધરાવે એવા અસદ્ભૂત વ્યવહારનયને તો કોઈ સ્થાન જ ન રહ્યું. 'ચેતયિતાનો જ ચેતિયતા છે' એવા સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી પણ જો કાંઈ સાધ્ય ન હોય તો પર સાથેના જ્ઞેય-જ્ઞાયક સંબંધરૂપ અસદ્ભૂત વ્યવહારથી શું સાધ્ય છે?

જ્ઞાયક જ્ઞાયક જ છે એ નિશ્ચયનો સ્વીકાર કરી અભેદ પરિણમતાં અનુભૂતિ પ્રગટ થઈ જાય છે અને અતીન્દ્રિય આનંદનું વેદન આવે છે.

જિનવાણી માતા પ્રયોજનની સિધ્ધિ માટેની આ જે વસ્તુસ્થિતિ દર્શાવે છે તે ક્ષયોપશમ જ્ઞાનના બળે -તર્કના ધરાતલ ઉપર સ્થિત રહીને વિચારવાન જીવોને સ્વીકૃત થવાનું દુષ્કર છે. સર્વજ્ઞ ભગવાનનો આ માર્ગ વીતરાગમય છે અને તે ભાવભાસન વિના યથાર્થપણે સ્વીકૃતિમાં આવવા યોગ્ય નથી. પર સાથેના સમસ્ત પ્રકારના સંબંધ વિનાનો હું ચેતના સર્વસ્વ એવો અખંડ અભેદ જ્ઞાયક ભગવાન છું એવા નિજ અસ્તિત્વના સ્વીકાર વિના વસ્તુ પ્રાપ્ત થઈ શકતી નથી.

જીવ જ્યારે તત્ત્વચિંતનની ભૂમિકામાં 'હું જ્ઞાનાનંદ સ્વભાવી છું' એમ પોતાના સ્વરૂપની ચિંતનામાં વર્તતો હોય ત્યારે સહજપણે જ એ ભૂમિકામાં વાસ્તવિક વસ્તુસ્થિતિ પ્રગટ થઈ જાય છે અને એ ચિંતનકણિકા રૂપે, 'પર સાથે મારે કોઈ સંબંધ નથી' એ સ્વીકૃત થઈ જાય છે. હું તો સદાય જ્ઞાનાનંદ સ્વભાવી જ્ઞાયક છું અને પર સાથે મારે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. પરમાર્થ જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ પર સાથે મારે નથી એવું આમાં સૂચિત થાય છે.

આ ચિંતનને આચાર્ય ભગવંતો પણ સમર્થન આપે છે. શ્રી સમયસારજી શાસ્ત્રના કળશ-૨૦૦ માં અમૃતચંદ્ર આચાર્યદેવ ફરમાવે છે કે "नास्ति सवोडपि सम्बन्ध परद्रव्यात्मतत्त्वायो !" પરદ્રવ્ય સાથે આત્માને કાંઈપણ સંબંધ નથી, ત્યાં કર્તા-કર્મ સંબંધથી શરૂ કરીને જ્ઞેય-જ્ઞાયક સંબંધ સુધીની નાસ્તિ સ્વહિતાર્થે સ્વીકારવા યોગ્ય છે.

આ જ વાતના સમર્થનરૂપે શ્રી પ્રવચનસારજી શાસ્ત્રની શ્રી જયસેન આચાર્ય મહારાજની ગાથા ૨૦૦ ની ટીકામાં આચાર્ય મહારાજ ફરમાવે છે કે 'तथा भूतस्य सतो मम न केवलं स्वस्वाम्यादय: परद्रव्यासंबन्धा न सन्ति, निश्चयेन ज्ञेय-ज्ञायक सबन्धो नास्ति!'

ત્રણ કષાયના અભાવપૂર્વક પ્રચુર સ્વસંવેદનમાં ઝૂલનારા દિગંબર આચાર્ય ભગવંતો જ્યારે આટલી સ્પષ્ટતાથી આત્માનો પર સાથે સંબંધ ન હોવાથી ચોખવટ કરે છે ત્યારે સર્વ આત્માર્થી જીવોએ નિજકલ્યાણની એકમાત્ર અભિલાષા રાખી વ્યક્તિગત માનાદિ કષાયોથી ભિન્ન પડી આચાર્ય ભગવંતોના સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાનમાંથી આવેલા આ મહામંત્રને સ્વીકારી મનુષ્યભવ સાર્થક કરવા યોગ્ય છે.

જ્ઞાનનો નિશ્ચયસ્વભાવ સ્વપ્રકાશ છે અને આચાર્ય ભગવંતોના આત્મઅનુભવપૂર્વકના કથનોમાં જ્યારે એમ આવતું હોય કે નિશ્ચયથી એટલે કે ખરેખર પરમાર્થે મારે એટલે કે જ્ઞાયકદેવને પર સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ નથી તો પછી સ્વ-પર પ્રકાશતાનું મારું સામર્થ્ય કેવી રીતે કાર્ય કરે છે તે ખૂબ ગહન ચિંતનપૂર્વક વિચારણીય છે.

જૈન ધર્મ એટલે સ્વાનુભૂતિયુક્ત આત્મધર્મ-તેના મર્મને પારખનાર પંડિત શ્રી રાજમલ્લજી પાંડે શ્રી સમયસાર કળશ ટીકામાં નીચેના વકતવ્યો દર્શાવે છે તે ગુઢપણે ચિંતવનનો વિષય બનાવવાથી પર સાથેના સન્મુખતાના લક્ષના સંબંધવિના જ્ઞાનની પર્યાય પોતાની સત્તા છોડયા વિના, પ્રમાણમાંથી બહાર ગયા વિના પોતે પોતાનો જાણવાના સદ્દ્ભૂત વ્યવહારમાં વર્તના અનંત પરનું પ્રકાશવું કેવી રીતે કરી શકે છે તે સમજણમાં આવવા યોગ્ય છે.

**થોડા સંદર્ભો કલશટીકામાંથીઃ-**

(૧) પરદ્રવ્યને જાણતું થકું જ્ઞેયની આકૃતિ-પ્રતિબિંબરૂપ પરિણમે છે જે જ્ઞાન.. (કલશ-૨૪૮)

(૨) જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે, તેને જાણતી થકી જ્ઞેયાકારે પરિણમે છે. (કલશ-૨૫૦)

(૩) જે છ દ્રવ્યોનો સમૂહ તેના પ્રતિબિંબરૂપ પરિણમ્યો છે જે જ્ઞાન પર્યાય (કલશ-૨૫૦)

(૪) જેટલી જ્ઞેય વસ્તુ છે, તે જ્ઞેયને જાણતાં થયું છે તેની આકૃતિરૂપ જ્ઞાન (કલશ-૨૫૧)

(૫) જ્ઞાનમાં પ્રતિબિંબત થયું છે સમસ્ત જ્ઞેયનું સ્વરૂપ (કલશ-૨૫૩)

(૬) જેટલો સમસ્ત વસ્તુનો છે આધારભૂત પ્રદેશ પુંજ તેને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન (કલશ-૨૫૪)

(૭) જ્ઞેય વસ્તુના પ્રેદેશોને જાણતાં થાય છે તેમની આકૃતિરૂપે જ્ઞાનની પરિણતિ તે રૂપ પરિણમતિ જે જ્ઞાનવસ્તુ (કલશ-૨૫૫)

(૮) જ્ઞેયની અનેક અવસ્થાને જાણે છે જ્ઞાન, તેને જાણતું થકું તે આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન (કલશ-૨૫૭)

(૯) સમસ્ત જ્ઞેયવસ્તુઓના જેટલા છે શક્તિરૂપ સ્વભાવ તેમને જાણે છે જ્ઞાન, જાણતું થકું તેમની આકૃતિરૂપે પરિણમે છે તેથી જ્ઞેય શક્તિની આકૃતિરૂપ છે જ્ઞાનની પર્યાય (કલશ-૨૫૮)

(૧૦) જેટલી છે જ્ઞેયવસ્તુ, તેમની અનંત છે શક્તિઓ, તેમને જાણે છે જ્ઞાન, જાણતું થકું જ્ઞેયની શક્તિની આકૃતિરૂપે પરિણમે છે. (કલશ-૨૫૯)

(૧૧) સમસ્ત જ્ઞેયોને જાણે છે જ્ઞાન, જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે જ્ઞાનનો પર્યાય પરિણમે છે-એવો જ્ઞાનનો સ્વભાવ છે-અશુદ્ધપણું નથી (કલશ-૨૬૧)

**સારઃ** 'પરિણમે અને જાણે, એક સમયમાં એકપણે બે ક્રિયા કરે તેને 'સમય' કહેવામાં આવે છે. એ 'સમય' તે આત્મા છે. અનંતગુણનું પરિણમન એક સમયે અને જ્ઞાનનું જાણવું એક સમયે. બીજા અનંતગુણો પરિણમે છે પણ જાણતા નથી.

આ જાણવું અને પરિણમવું જે થાય છે તેને અભેદ વિવક્ષામાં જાણવાના અર્થમાં જ સમજાવે છે. પરંતુ જ્ઞાનનું આ જે અચિંત્ય અદ્‌ભૂત સામર્થ્ય છે તેને ભેદ વિવક્ષાથી મીમાંસાનો વિષય બનાવીએ તો જ્ઞાનના સ્વચ્છતારૂપનો સ્વભાવ છે અને જાણવાનો પણ સ્વભાવ છે. વળી સમુચ્ચપણે અભેદ આત્માના અનંતગુણોમાં સ્વચ્છત્ત્વ શક્તિ પણ સમયે સમયે પરિણમે છે.

શ્રી સમયસારજીના કલશ-૨૧૫ માં આચાર્ય મહારાજ ફરમાવે છે કે જ્ઞાન જ્ઞેયને જાણે છે તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે જેનો અર્થ ભાવાર્થકારે એવો કર્યો કે 'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે.

વળી કલશ ૨૧૬ માં 'આત્માનો જ્ઞાન સ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેયો સ્વમેય ઝળકે છે'.

જ્ઞાનની સ્વ-પર પ્રકાશતા સિદ્ધ કરવી હોય તથા જ્ઞાનની પર્યાય પર લક્ષ કર્યા વિના, પરસન્મુખ થયા વિના અને પોતે પોતામાં જ તન્મય રહીને પોતાને જાણતાં સ્વ-પર બધું જ તેમાં ઝળકે છે તે જણાય છે-એ સમજવું હોય તો જ્ઞાનની સ્વચ્છતાના પરિણામના કારણે થતો સ્વ-પરનો પ્રતિભાસ જે ઉપર કળશ ૨૧૫-૨૧૬ ના સંદર્ભમાં સ્વીકારવા યોગ્ય છે. અને તેને એકત્ત્વપૂર્વક જાણવાના રૂપમાં સમજતા નિરંતર ચૈતન્ય આત્માના અમૂર્તિક આત્મપ્રદેશે વર્તતી જાણન પ્રક્રિયા સમજી શકાય છે.

કેવળી ભગવાનના કેવળજ્ઞાનની પર્યાય તો આદિ અનંતકાળ સ્વરૂપનિષ્ઠ રહીને સમયે સમયે પરિણમ્યા કરે સ્વ-પર સંબંધીના જાણપણાને જ નિરંતર જાણ્યા કરે તેમ છતાં તે પર્યાયને એક સમય માટે પણ જ્ઞેય સન્મુખ થવું પડે નહિ અને જ્ઞેયનિષ્ઠ બન્યા વિના જ અનંતકાળ સુધી પોતાના સ્વભાવિક જ્ઞાન સ્વચ્છત્વને કારણે સમસ્ત અનંતતા સમયે સમયે પ્રતિભાસ થતાં જણાયા જ કરે એવું સામર્થ્ય સ્વીકારવા યોગ્ય છે. આ કારણે જ સર્વજ્ઞતાને આત્મજ્ઞતારૂપે દર્શાવવામાં આવેલ છે.

આમ જ્ઞાનના સ્વચ્છત્ત્વ સ્વભાવના પરિણમનને કારણે પ્રગટતો સ્વ-પરનો પ્રતિભાસ અથવા જ્ઞેયાકારપણું-ઝલકન તથા જ્ઞાનના 'જ્ઞ' સ્વભાવરૂપે થતું જાણપણું યુગપદ્ એક જ સમયમાં એકત્ત્વપૂર્વક નિરંતર વર્ત્યા જ કરે છે તે કારણે જ્ઞાન સ્વમાં જ રહીને પોતાના સ્વ-પર પ્રકાશક પણાના નિશ્ચય સામર્થ્યને પ્રસિધ્ધ કર્યા જ કરે છે.

આવી યથાર્થ વસ્તુસ્થિતિનો નિર્ણય કરી નિર્ણયની યથાર્થતા પ્રગટતા અવશ્યમેવ આત્મઅનુભવની સ્થિતિ પ્રગટે છે અને અનાદિથી નહી થયેલું અપૂર્વ કાર્ય સંપન્ન થાય છે. આજ એકમાત્ર કલ્યાણનો માર્ગ છે.

# ૧૭ પુરુષાર્થ-યોગ્યતા-સહજતા-વીતરાગતા-સુખની પ્રાપ્તી

## (૧) પાંચ સમવાય : કાર્ય થવા માટે શરતો :-

કોઈપણ ક્રિયાની પાછળ અનેક કારણ હોય છે અને નીચે મુજબ પાંચ સમવાય મળે ત્યારે જ કોઈપણ કાર્ય નિપજે છે.

(૧) સ્વભાવ, (૨) ભવિતવ્યતા (નિયતિ), (૩) નિમિત્ત, (૪) કાળલબ્ધિ, (૫) પુરુષાર્થ.

(૧) સ્વભાવ : સ્વભાવનો અર્થ પોતપોતાના ગુણ-પોતપોતાની વિશેષતાઓ વસ્તુના સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે. જે સ્વભાવ બધી જ વસ્તુઓમાં જોવામાં આવે (સામાન્યરૂપથી હોય) તે સામાન્ય ભાવ જે સ્વભાવ અમુક દ્રવ્યોમાં જ જોવામાં આવે તે વિશેષ સ્વભાવ. દરેક વસ્તુને પોતાનો સામાન્ય તેમજ વિશેષ સ્વભાવ હોય છે. હવે જેવો વસ્તુનો સ્વભાવ હોય તે પ્રમાણે કાર્ય થાય. બધા જ દ્રવ્યોની ધ્રુવતા અને પરિણમન પોતપોતાના ગુણોમાં અથવા સ્વભાવમાં થાય છે. દરેક વસ્તુનો પોતપોતાનો સ્વભાવ છે. ધર્મ છે. દરેક વસ્તુમાં પોતપોતાના અનંત ગુણ-અનંત શક્તિઓ છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં રહે એ જ એની શોભા છે. સુંદરતા છે. ઉપાદાન એ વસ્તુનો સહજ સ્વભાવ છે. તે બે પ્રકારે ત્રિકાળ અને ક્ષણિક છે.

(૨) ભવિતવ્યતા : દરેક વસ્તુનો બનવાનો આધાર હોનહાર છે. જે નક્કી થયેલું છે. નિયત છે એ જ બને છે.. થવા યોગ્ય જ થાય છે. બનનાર છે તે ફરનાર નથી - ફરનાર છે તે બનનાર નથી.

(૩) નિમિત્ત : દરેક કાર્ય વખતે યોગ્ય નિમિત્તની હાજરી હોય છે અને કાર્ય થાય ત્યારે તેના ઉપર એવો આરોપ કરવામાં આવે છે. કાર્યની ઉત્પાદન સામગ્રી હંમેશા ઉપાદાન-નિમિત્તના રૂપમાં જ હોય છે, છતાં એ ધ્યાન રાખવું કે નિમિત્ત કાર્યમાં કાંઈ કરતું નથી. નિમિત્ત કારણ કાર્ય થતી વખતે માત્ર એ પદાર્થની હાજરીનું સુચક છે. નિમિત્તથી કાર્ય ન થાય અને નિમિત્તની હાજરી વગર પણ ન થાય.

(૪) કાળલબ્ધિ : દરેક વસ્તુ એના નિયત એટલે નક્કી કરેલા સમયે જ થાય છે. દરેક કાર્ય એના સ્વકાળે જ થાય છે. તે આગળ-પાછળ વહેલું-મોડું થઈ શકે એમ નથી. તે સમયની યોગ્યતા પ્રમાણે કાર્ય થાય છે.

(૫) પુરુષાર્થ : પુરુષાર્થ એટલે ઉદ્યમ. કાંઈક પરિણમન - દરેક કાર્ય થાય ત્યારે એવી જાતનું પરિણમન જોવા મળે છે. આમાં પણ બે પ્રકાર છે. (૧) સ્વભાવરૂપ પરિણમન, (૨) વિભાવરૂપ પરિણમન. એમને સવળો અથવા ઉંધો, સત્ય અથવા અસત્ય પુરુષાર્થ પણ કહેવામાં આવે છે.

આ રીતે કોઈપણ કાર્ય વખતે આ પ્રમાણે સંક્ષિપ્તમાં જેનું વર્ણન કહ્યું એમ પાંચ સમવાય એક સાથે જોવા મળે છે.

## (૨) ધર્મની ક્રિયા :

(૧) નિર્મળાનંદનો નાથ ભગવાન આત્મા શુધ્ધ ચૈતન્યનો દરિયો છે. તેને દષ્ટિમાં ન લેતા હું એક કર્તા છું અને અંદર પયાર્યમાં જે પુણ્ય-પાપના વિકારીભાવ થાય છે તે મારું એકનું (એક સ્વભાવી આત્મા) કર્તવ્ય છે એવી જે માન્યતા તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

(૨) આ બધું કરવું-કરવું એવો જે ભાવ તે રાગ છે અને રાગને પોતાનો માનવો એના સ્વામી થવું એ માન્યતા મિથ્યાત્વ છે.

(૩) વર્તમાન જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદનપૂર્વક આ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા તે હું એમ જે જણાયો તે જ્ઞાન-આત્મજ્ઞાન છે જે શ્રદ્ધાન થવું તે દર્શન - સમ્યકદર્શન છે તથા એ ધ્રુવજ્ઞાયકમાં એકાગ્રતા - રમણતા થઈ તે ક્રિયા એ સમ્યકચારિત્ર છે. આ જ્ઞાનક્રિયા તે મોક્ષનો માર્ગ છે અને તેની પુર્ણતા તે સંપૂર્ણ મોક્ષ છે. આત્માનું જ જ્ઞાન આત્માનું જ શ્રદ્ધાન અને આત્મામાં જ રમણતા-સ્થિરતા તે ધર્મની ક્રિયા છે. સહજ જાણનરૂપ ક્રિયા-જ્ઞાતા-દષ્ટા માત્ર અવસ્થા ધર્મની ક્રિયા છે.

(૪) સ્વનું ભવન તે સ્વભાવ છે. પોતાનું જે થવું - પરિણમવું તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું - પરિણમવું તે આત્મા છે. નિશ્ચયથી જ્ઞાનનું થવું એટલે જેવો જ્ઞાન સ્વભાવ છે તે રૂપે પરિણમવું તે આત્મા છે. સમ્યગદર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, સમ્યકચારિત્રપણે, અતિન્દ્રિય આનંદપણે પરિણમવું તે આત્મા છે. આત્મા નિર્મળજ્ઞાન-શ્રદ્ધાન-શાંતિપણે પરિણમે તે આત્મા છે.

(૫) પોતાના સ્વભાવની પુષ્ટિ કરવી તે આત્મા છે.

(૬) વસ્તુનો સ્વભાવ ધર્મ છે. વસ્તુનો સ્વભાવ શુધ્ધજ્ઞાન અને આનંદ છે અને તે એનો ત્રિકાળ ધર્મ છે. હવે એ ત્રિકાળીને લક્ષમાં લઈ નિર્મળ જ્ઞાન અને આનંદપણે પરિણમે તેનું નામ પ્રગટ ધર્મ છે. ત્રિકાળીનો અનાદાર કરીને દયા, દાન, વ્રત, તપ આદિ પુણ્યભાવના પ્રેમમાં રોકાઈ વિકારરૂપે પરિણમે તે સ્વભાવથી વિરુધ્ધ અધર્મ છે.

(૭) અંદરમાં આનંદનું ધામ ભગવાન આત્મા છે. એની એક સમયની જ્ઞાનની પર્યાયમાં આખો ધ્રુવ ભગવાન ભાસે, શ્રદ્ધાની પર્યાયમાં પુર્ણાનંદનો નાથ પ્રતીતમાં આવે એનું નામ ધર્મ છે.

(૮) આત્માનો ધર્મ આત્મામાં જ છે. આત્મ સ્વભાવમાં શોધે તો આત્મધર્મ પ્રગટે.

(૯) જેમાં ત્રિકાળ નિયમ લાગુ પડે એનેં સિધ્ધાંત કહેવાય. આવા સિધ્ધાંતનો આશ્રય લઈ જે કોઈ સિધ્ધ થયા છે તે ભેદજ્ઞાનથી સિધ્ધ થયા છે. ભેદજ્ઞાન થતાં કર્તા-કર્મની પ્રવૃત્તિથી નિવૃત થાય છે અને સહજ સ્વભાવરૂપ પરિણમન થાય છે ત્યારે પાંચ સમવાય એક જ સાથે હોય છે.

## (૩) પુરુષાર્થથી જ મોક્ષ પ્રાપ્તી :

(૧) મોક્ષની પર્યાય હિતરૂપ છે. સંસાર પર્યાય અહિતરૂપ છે. એવો નિર્ણય કરવામાં બધું આવી જાય છે.

(૨) એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા પ્રગટે છે તે મોક્ષનો ઉપાય છે ત્યાં ત્રણ કારણો (૧) કાળલબ્ધિ આવતાં, (૨) ભવિતવ્ય અનુસાર, (૩) મોહાદિકનો ઉપશમાદિક થતાં, (૪) પોતાના પુરુષાર્થથી ઉધમ કરતાં મોક્ષનો ઉપાય બને છે.

(૩) પૂર્વે કહેલાં ત્રણ કારણમાં ભવિતત્વ તો કોઈ વસ્તુ નથી. આત્મ સન્મુખ થઈ નિર્વિકારી દશા જે વખતે કરે તે કાળ છે, જે વખતે કાર્ય બન્યું તે જ કાળલબ્ધિ છે અને જે કાર્ય બને તે ભવિતવ્ય છે. સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર દશા થઈ તે ભવિતવ્ય છે તે પોતાની પર્યાયમાં લાગુ પડે છે.

(૪) વળી કર્મના ઉપશમાદિ થવું તે પુદ્ગલની શક્તિ છે. જીવ પુરુષાર્થ કરે ત્યારે કર્મ સ્વયં ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયરૂપે થાય છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી. જડના પર્યાય આવે અને જાય તેમાં આત્માનું કાર્ય બિલકુલ નથી.

(૫) સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તે આત્માનું કાર્ય છે ને તે આત્મા કરી શકે છે. 'હું શુધ્ધ ચિદાનંદ છું' એવી શ્રદ્ધા પોતે કરે છે તે આત્માનું કાર્ય છે. માટે પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપે છે. આત્માનું કાર્ય પુરુષાર્થથી જ થાય છે. માટે ઉપદેશ આપે છે. કર્મ જડ છે તેને ઉપદેશ દેતા નથી.

(૬) પુરુષાર્થ કરતાં બધા કારણો મળી રહે છે. ક્રમબધ્ધ પર્યાયના નિર્ણયમાં એકલો પુરુષાર્થ છે. જે સમયે જે થવાનું છે તે જ થવાનું છે તેવો નિર્ણય સ્વભાવ સન્મુખ થઈ સ્વભાવના નિર્ણયથી થાય છે ને તેમાં અનંત પુરુષાર્થ છે.

(૭) દેહની ક્રિયા ને પુણ્યમાં ધર્મ માન્યો છે તે ઊંધો પુરુષાર્થ છે તેને છોડીને સ્વતરફ વળવાનું કહે છે. પરના કાર્ય જીવના પુરુષાર્થથી થતા નથી પોતાના આત્માનું કાર્ય પોતાના પુરૂષાર્થથી થાય છે.

(૮) 'હું જ્ઞાયક છું' 'પુણ્ય-પાપ વિકાર છે, તે એક સમયની પર્યાય છે' 'શરીરાદિ જડ બાહ્યતત્વ છે તેની ક્રિયા આત્મા કોઈ દિવસ કરી શકતો નથી' એમ અંદર પુરુષાર્થ કરવો તે કાર્ય છે. જે આત્માનું કાર્ય છે તે કહેવામાં આવે છે. શુધ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતિ ને જ્ઞાન કરી શકે છે તે કહેવામાં આવે છે.

(૯) હવે જે કારણથી આત્માનું કાર્ય થાય તે કારણરૂપ પુરુષાર્થ કરે ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ.

(૧૦) જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થથી મોક્ષનો ઉપાય કરે છે તેને કાળલબ્ધિ વા ભવિતવ્ય પણ થઈ ચુક્યાં તથા કર્મના ઉપશમાદિ થયા છે. તો તે આવો ઉપાય કરે છે. માટે પુરુષાર્થ વડે મોક્ષનો ઉપાય કરે છે તેને સર્વ કારણો મળે છે. અને અવશ્ય મોક્ષની પ્રાપ્તી થાય છે.

## (૪) પુરુષાર્થ જ તે લાયકાતનું કારણ છે : યોગ્યતાનું કારણ છે :-

(૧) પંચમકાળ કઠણ છે એમ કહી અજ્ઞાની જીવો આત્મસ્વભાવ સમજાણનો પુરુષાર્થ જ માંડી વાળે છે. જ્ઞાનીઓ તેને કહે છે કે ભાઈ રે, શું કાળ કે કર્મો કાંઈ તારું કાંડુ પકડીને તને પુરુષાર્થ કરતાં રોકે છે? અર્થાત શું તારી સ્વપર્યાયને કાળ કે કર્મો રોકે છે? જરા વિચાર કર. એ તો પરદ્રવ્યો છે, તે તારી પર્યાયને રોકવા સમર્થ નથી.

(૨) માટે હે ભાઈ ! તું પરાધીન દષ્ટિ છોડીને તારા સ્વભાવના લક્ષે પુરુષાર્થ કર. પુરુષાર્થ વડે અવશ્ય મોક્ષમાર્ગની પ્રાપ્તી થાય છે. હા એ જરૂર છે કે અત્યારના જીવો પોતે જ ઓછા પુરુષાર્થની લાયકાતવાળા છે.

(૩) સિધ્ધાંત એ છે કે ઉપાદાનની સ્વપર્યાયની લાયકાત મુજબ, પરદ્રવ્યમાં આરોપ કરીને તેને નિમિત્ત કહેવાય છે, પરંતુ પરદ્રવ્યને અનુસરીને ઉપાદાનની પર્યાય થતી નથી.

(૪) પોતાના દરેક સમયની પર્યાયની લાયકાત જીવ પોતે પોતાના તે તે સમયના પુરુષાર્થથી કરે છે. એટલે લાયકાતમાં બીજું કોઈ કારણ નથી પણ તે વખતનો પુરુષાર્થ જ તે લાયકાતનું કારણ છે જેવો પુરુષાર્થ કરે તેવી લાયકાત તે સમયે થાય છે.

(૫) પર્યાય તો દ્રવ્યનો સ્વભાવ છે. દરેક દ્રવ્ય પોતાથી સ્વતંત્રપણે પરિણમે છે અને તે તે સમયની પોતાની લાયકાત અનુસાર પર્યાય થાય છે. જીવ પોતાના પુરુષાર્થથી જે સમયે જેવી લાયકાત કરે તે સમયે તેવી પર્યાય થાય છે.

(૬) બધા પરદ્રવ્યો પોતપોતાના કારણે આ જીવથી ભિન્નપણે સ્થિત છે તે કોઈ આ જીવના પુરુષાર્થને બળજબરીથી રોકતા નથી.

(૭) જીવ પોતે ઊંધા પુરુષાર્થ વડે, પોતાના ઉપયોગને તે તરફ લઈ જઈને વિકારી થાય છે. જો સવળા પુરુષાર્થથી તે તરફના ઉપયોગને ખસેડીને પોતાના સ્વભાવ તરફ પરિણમન કરે તો પરદ્રવ્યો તેને કાંઈ પકડીને ના પાડતા નથી.

(૮) માટે જીવોએ પ્રથમ તો પોતાના ચૈતન્યસ્વભાવને પરથી ભિન્ન જાણીને ચૈતન્યનો જે ઉપયોગ પર તરફ એકાગ્ર થઈ રહ્યો છે તે ઉપયોગને પોતાના આત્મા તરફ એકાગ્ર કરવાનો છે. એટલે માત્ર પોતાના ઉપયોગની દિશા બદલવાની છે. એ જ મુક્તિનો ઉપાય છે.

(૯) 'ઉપયોગ સ્વ તરફ એકાગ્ર કરવો' તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે.

(૧૦) 'પરદ્રવ્યને હું કરું હું કરું ' એ જ અજ્ઞાન છે. પોતાની વૈભાવિક શક્તિથી લાયકાતથી વિકારરૂપે પરિણમે એવી પર્યાયમાં તાકાત છે પરંતુ પરદ્રવ્યોને પરિણમાવી દે એવી તાકાત જીવમાં નથી. શુધ્ધ સ્વરૂપના અનુભવના સત્યપુરુષાર્થની આ કમાલ છે કે ફરીને અજ્ઞાનને ન આવવા દે.

## (૫) પુરુષાર્થની મુખ્યતા :

(૧) જ્ઞાન સ્વભાવ..જ્ઞાન સ્વભાવ..જ્ઞાન સ્વભાવ છે તે જ્ઞાન સિવાય શું કરે? જાણે-દેખે બસ ! તેમાંય પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે પરને કરે કે વેદે એ તો વાત જ નથી. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મતત્વ, કર્મના બંધને તો ન કરે, પણ મોક્ષને પણ ન કરે. મોક્ષ થાય છે તેને જ્ઞાન જાણે છે. દુઃખમાંથી મુક્તિ થાય છે. આનંદનો અનુભવ થાય છે એ જ તેનો પુરુષાર્થ છે.

(૨) 'ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ' 'હું જ એક છું મારે હિસાબે બીજી વસ્તુ જ નથી' એવી જ રીતે સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો જ હું છું એમ જોર આવવું તે સત્ય પુરુષાર્થ છે.

(૩) દરેક પર્યાય સત્ છે. સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહીં પણ રાગનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. જ્ઞાન પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે એમ સમજવું જ્ઞાન - શ્રદ્ધામાં સ્વીકારવું એ જ પુરુષાર્થ છે.

(૪) 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ, ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહી આત્માર્થ '. ભગવાને દીઠું હશે તો થશે એમ કાળલબ્ધિ અને ભવસ્થિતિનું નામ લઈ તું સ્વભાવ સન્મુખતાના પુરુષાર્થને છેદીશ મા. ભગવાન આત્માના યર્થાથ શ્રદ્ધાનનો પુરુષાર્થ જાગૃત કર. અખંડ ચૈતન્યપ્રભુની અખંડ દષ્ટિ સાધીને અખંડપણે અંતર-રમણતાનો પુરુષાર્થ એ જ સત્ય પુરુષાર્થ છે.

(૫) જીવ પોતાના સ્વભાવ સન્મુખતાનો પુરુષાર્થ કરે ત્યારે પાંચ સમવાય સાથે જ હોય છે તે હવે કહે છે :-

(૧) જ્ઞાન સ્વભાવની સન્મુખતામાં 'સ્વભાવ' તો આવી જ ગયો.

(૨) ભવિતવ્યતાનો ભાવ આવી ગયો. જે થવા યોગ્ય હતું તે થયું જાણેલા પદાર્થનું શ્રદ્ધાન કરવું તે જ્ઞાનનું કાર્ય થયું.

(૩) તે સમયે પોતાની જે નિર્મળ વીતરાગી પર્યાય પ્રગટી તે જ કાળલબ્ધિ.

(૪) કર્મનું નિમિત્ત હટી ગયું એટલે કર્મના ઉપશમાદિ આવી ગયા. જ્ઞાની પુરુષોનો ઉપદેશ બોધ એ પણ નિમિત્ત તરીકે આવી ગયું.

(૫) સ્વભાવ સન્મુખ પુરુષાર્થમાં - આત્મા જ્ઞાનસ્વરૂપ - જાણેલા પદાર્થનું શ્રદ્ધાન કરવું એ જ્ઞાનનું કાર્ય પોતાના - સ્વભાવને જાણવો - વર્તમાન જ્ઞાનની પર્યાય પોતાના સ્વરૂપને (સ્વજ્ઞેયને) જાણે એ જ પુરુષાર્થ છે. મોક્ષમાર્ગના ઉપદેશ બોધમાં પુરુષાર્થની જ મુખ્યતા છે. આવી વીતરાગમાર્ગની સમજાણ કરવી એ જ મહાપુરુષાર્થ છે.

## (૬) જ્ઞાનની યોગ્યતા પ્રમાણે પુરુષાર્થ :

હવે પુરુષાર્થના અપરાધની વાત કરે છે :-

'તે સર્વજ્ઞાની દર્શી પણ નિજ કર્મ રજ આચ્છાદને, સંસાર પ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને.' સમયસાર ગાથા ૧૬૦

**ગાથાર્થ** : તે આત્મા સ્વભાવથી સર્વને જાણનારો તથા દેખનારો છે. તો પણ પોતાના કર્મમળથી ખરડાયો વ્યાપ્ત થયો થકી. સંસારને વ્યાપ્ત થયેલો તે સર્વ પ્રકારે સર્વને જાણતો નથી.

**વિશેષાર્થ** : અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેવાયું-વ્યાપ્ત થયું, હોવાથી જ પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી.

આખાય વિશ્વને એટલે સમસ્ત પદાર્થોને જાણવા-દેખવાના સ્વભાવવાળું-જ્ઞાતાદષ્ટા સ્વભાવવાળું એવું પોતે અનુપમ તત્વ છે. પોતાના સ્વભાવ સામર્થ્યને ભુલીને ભગવાન આત્મા પોતાના અપરાધથી વ્રત, તપ, શીલ, દાન ઈત્યાદિના રાગમાં રોકાઈને અટકીને બંધ ભાવને પ્રાપ્ત થયો છે.

પુરુષાર્થની નબળાઈથી અસમર્થપણું કેમ છે ?

જ્ઞાની જ્ઞાનને એટલે શુધ્ધ ચૈતન્યઘનસ્વરૂપ ભગવાન આત્માને જ્યાં સુધી જઘન્ય ભાવે જ દેખે છે, જાણે છે અને આચરે છે અને સર્વોત્કૃષ્ટભાવે દેખવાને, જાણવાને અને આચરવાને સમર્થ નથી. ત્યાં સુધી તેને રાગ છે અને તેથી બંધ પણ છે.

જ્ઞાની જે સર્વોત્કૃષ્ટ ભાવે આત્માને દેખવા-જાણવા અને આચરવાના અશક્તપણે વર્તે છે તે અશક્તપણું કોઈ કર્મને લઈને છે એમ નથી પણ પોતાની પર્યાયનું વીર્ય એટલું જ કામ કરે છે એમ વાત છે.

અસમર્થપણું પોતાના પુરુષાર્થની નબળાઈથી છે, કર્મના ઉદયનું જોર કે બળજોરી છે માટે છે એમ નથી.

પોતાને પર્યાયમાં પુરુષાર્થની હીણતાના કારણે નિમિત્તના આશ્રયે રાગાદિ-પરિણમન થાય છે તે ભાવકર્મનું બળ છે. તો ત્યાં ઉપચારથી દ્રવ્યકર્મનું બળ છે એમ કહેવામાં આવે છે, બાકી દ્રવ્યકર્મ બળ કરીને જીવને રાગાદિ ભાવે પરિણમાવે છે એ વાત નથી.

**સાર** : જે સમયે જ્ઞાનગુણની જેટલી જાણવાની યોગ્યતા હોય તેટલું જ જાણી શકે તેનાથી વધારે પુરુષાર્થ ઉપડે જ નહિ એટલે પુરુષાર્થ કરું કરું એવો બોજો ઓછો થઈ જાય કારણ કે સંપૂર્ણ વ્યવસ્થા સહજ છે. મોક્ષભાવ પણ સહજ છે અને જ્ઞાનસ્વરૂપ પણ સહજ છે. સર્વ સહજતા સહજતા જ છે.

## (૭) પર્યાયની ક્રમબધ્ધતા અનુસાર પુરુષાર્થ :

(૧) 'જીવની જેવી ભવિતવ્યતા એટલે કે પર્યાયની ક્રમબધ્ધતા હોય છે તેવી જ તેની બુધ્ધિ હોય છે અને વ્યવસાય અર્થાત પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.

(શ્રી ભટ્ટઅકલંકદેવ - શ્રી અષ્ટસહસ્રી)

(૨) હવે અહિંયા એમ સિધ્ધ કરવું છે - હું પુરુષાર્થ કરું કરું...એમ બળજબરીથી એ થતું નથી. સંપૂર્ણ માર્ગ સહજ છે. ક્યાંય પણ બોજો, વજન, કર્તાબુધ્ધિ, ભાર ન આવવો જોઈએ, ક્યાંય આકુળતા થવી ન જોઈએ એવો વીતરાગનો માર્ગ પ્રભુ ! જાણવા જેવો સહજ છે.

(૩) 'જીવ ધાર્યા પ્રમાણે (બુધ્ધિ પ્રમાણે) જ પુરુષાર્થ કરે છે - કરી શકે છે. જ્ઞાનના પરિણમન પ્રમાણે થાય છે.

(૪) જીવ સિવાયના બીજા પાંચે દ્રવ્યોમાં જ્ઞાન ન હોવાથી, બુધ્ધિના અભાવમાં પાંચે દ્રવ્યોનું પરિણમન તે તે દ્રવ્યોના ધાર્યા પ્રમાણે કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. તે તે દ્રવ્યોની પર્યાયની ક્રમબધ્ધતા અનુસાર સહજરૂપે પરિણમન થયા કરે છે.

(૫) જીવમાં મુખ્ય ગુણ જ્ઞાન હોવાથી પોતાની બુધ્ધિ અનુસાર જ જીવ પુરુષાર્થ કરે છે. જીવનું સમય સમયનું જે કાંઈ પરિણમન થઈ રહ્યું છે તેના ઉપર ન તો નિમિત્તોનું કોઈ આધિપત્ય હોય છે કે ન તો પરદ્રવ્યોનો કોઈ પ્રભાવ વર્તતો હોય છે. જીવ પોતાની બુધ્ધિ અનુસાર જ પુરુષાર્થ કરતો હોવાથી નિમિત્તોના કારણપણાથી કે તેમના પ્રભાવથી નિરપેક્ષપણે પરિણમવામાં સર્વથા સ્વતંત્ર છે. માટે જીવ પોતાની બુધ્ધિ પ્રમાણે જ પુરુષાર્થ કરે છે, કરી શકે છે.

(૬) વળી જીવ ધારે કાંઈક (બુધ્ધિ હોય કાંઈક) ને પુરુષાર્થ કરે કાંઈક, એવું તો ત્રિકાળ અસંભવિત જ છે. માટે શ્રી ભટ્ટ અકલંકદેવ અષ્ટસહસ્રીમાં ઉપર પ્રમાણે શ્લોક આપ્યો છે.

(૭) તાત્પર્ય એ છે કે જીવનો પુરુષાર્થ જીવની બુધ્ધિ અનુસાર જ હોય છે અર્થાત્ જીવ બુધ્ધિ પ્રમાણે જ પુરુષાર્થ કરી શકે છે. અને જીવનું ધારવું (બુધ્ધિ) પર્યાયની ક્રમબધ્ધતા પ્રમાણે જ થતું

હોય છે. એટલે કે જીવ પુરુષાર્થ પણ પર્યાયની ક્રમબધ્ધતા પ્રમાણે જ કરે છે. એ પ્રમાણે બુધ્ધિ (ધારવું) અને પુરુષાર્થ પણ પર્યાયની ક્રમબધ્ધતાને ઉલ્લંઘનતા ન હોવાથી, જીવના ધાર્યા પ્રમાણે કરવામાં આવે તો બધો ય પુરુષાર્થ જીવની પર્યાયની ક્રમબધ્ધતા અનુસાર જ થતાં હોય છે. આ એક અટલ નિયમ છે. સંપૂર્ણ વ્યવસ્થતા નિશ્ચિત છે.

**(૮) સહજતા :**

(૧) ભાઈ ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય પર્યાયમાં કરવાનો છે. 'પુરુષાર્થ કરું...કરું...પણ એ પુરૂષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય પર લક્ષ જાય ત્યાં પુરૂષાર્થ પ્રગટે છે. પણ એને કરું... કરું.... કરીને કાંઈક નવું કાર્ય શું કરવું છે?

(૨) જ્યારે દ્રવ્ય પર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમજ છે તેમ શ્રધ્ધાનપૂર્વક જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતા દિશા જ પલટી જાય છે.

(૩) **પ્રશ્ન :** પરોક્ષ જ્ઞાન તો હીણું અને ઉણું છે ને?

**ઉત્તર :** પરોક્ષ જ્ઞાન મતિ-શ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે. ઉણપને જાણે છે.

(૪) **પ્રશ્ન :** કોણ જાણે છે? ઉણું જ્ઞાન ને ?

**ઉત્તર :** જ્ઞાન ઉણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે જે છે તેને તે જ જ્ઞાન તેમજ જાણે છે.

(૫) જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુધ્ધિ તુટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. ત્રિકાળીને સર્વજ્ઞ જાણનાર દેખનાર છે. એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું - એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.

(૬) અરે ભાઈ ! તું વિચાર કર કે તું કોણ છે? તું સહજ જ્ઞાનસ્વરૂપ જ છો. પોતે પરદ્રવ્યનો કર્તા નથી, રાગનો કર્તા નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તાસ્વરૂપ જ છો. જ્ઞાન સ્વરૂપ જ છો. પર્યાય પોતાના સ્વભાવતરફ વળે એ જ શુધ્ધોપયોગ છે - એ શુધ્ધનય છે અને ખરેખર એ જ જૈન દર્શન છે.

(૭) પર્યાય પોતાના ષટકારકથી સ્વતંત્ર પરિણમે છે. એમાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી.

(૮) અહાહા ! ભાઈ માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરવો એવો અપૂર્વમાર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે. દ્રવ્ય-ગુણપણ એના કર્તા નથી. એમ કહીને એકલી સર્વજ્ઞતા જ સિધ્ધ કરી છે. અકર્તાપણું એટલે સહજ જ્ઞાતાપણું.

(૯) ક્રમબધ્ધનો નિર્ણય થાય ત્યાં શુધ્ધ ચૈતન્ય જ્ઞાયક ધાતુ પર દ્રષ્ટિ જાય છે ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબધ્ધ પર્યાયને જાણે છે. સહજ..સહજ...

(૧૦) ક્રમબધ્ધપર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા-વીતરાગસ્વભાવ પર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં સહજ પ્રગટ થાય છે. સંપૂર્ણ માર્ગ સહજ જ છે, જે કાંઈપણ થાય છે તે સહજ છે અને એમ સહજ સમજાય છે.

## (૯) ક્રમબધ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય :

(૧) ક્રમબધ્ધ પર્યાયનો નિર્ણય થયો કે 'મારી અવસ્થા મારામાંથી જ ક્રમબધ્ધ પ્રગટે છે' એટલે તેને પોતાના દ્રવ્ય તરફ જોવાનું રહ્યું - અર્થાત વસ્તુ-દૃષ્ટિ થઈ. સર્વ પરદ્રવ્યોની અવસ્થા પણ તેનાથી જ ક્રમબધ્ધ થાય છે, એનો કર્તા હું નથી અને મારી અવસ્થાના કર્તા એ નથી... બસ ! આવી ક્રમબધ્ધની શ્રદ્ધા થતાં સર્વ પરદ્રવ્યો પ્રત્યે ઉદાસવૃત્તિ-વીતરાગભાવ આવી ગયો.

(૨) પર તરફ લક્ષ કરવાનું ન રહ્યું અને સ્વલક્ષે દ્રવ્યમાંથી જે પર્યાય પ્રગટે છે તે તો નિર્મળ જ છે એટલે અલ્પકાળમાં તેની મુક્તિ થઈ જવાની. દ્રવ્ય દૃષ્ટિવાળાને મુક્તિની પણ આકુળતા થતી નથી કેમ કે દ્રવ્ય તો સદાય મુકત સ્વરૂપ જ છે, તેમાં બંધન અને મુક્તિ એવા બે ભેદ જ નથી.

(૩) એક ગુણની પર્યાયમાં અનંતી નિર્મળ અવસ્થાની તાકાત છે એવા અનંતગુણથી વસ્તુ ભરેલી છે. તે વસ્તુ દૃષ્ટિ થઈ ત્યાં વસ્તુમાંથી મોક્ષદશા ક્રમબધ્ધ આવે છે. એટલે વસ્તુ દૃષ્ટિ (દ્રવ્ય દૃષ્ટિ) જ મોક્ષનું મૂળ કારણ છે.

(૪) ક્રમબધ્ધ પર્યાયના નિર્ણયમાં વસ્તુ દૃષ્ટિ જ આવે છે. 'વસ્તુ દૃષ્ટિ થઈ' એમ કહો કે 'ક્રમબધ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય થયો' એમ કહો તે બંનેનો એક જ ભાવ છે.

(૫) દ્રવ્યના લક્ષે મોક્ષ પર્યાય પ્રગટે છે. દ્રવ્યમાંથી મોક્ષ પર્યાય ક્રમબધ્ધ આવે છે. જેને દ્રવ્યની શ્રદ્ધા છે તેને 'મોક્ષ પર્યાય ક્યારે પ્રગટશે' એવો પ્રશ્ન જ ઉઠતો નથી, કેમ કે દ્રવ્યમાં સદાય મોક્ષ પર્યાય પડી છે, અને તેમાંથી ક્રમબધ્ધ મોક્ષ દશા પ્રગટવાની છે એવી શ્રદ્ધા ક્રમબધ્ધ પર્યાયના યથાર્થ નિર્ણયવાળાને હોય જ છે.

(૬) 'રૂચિ' દ્રવ્ય અને પર્યાયમાં ભેદ પાડતી નથી. જેને દ્રવ્યની યથાર્થ રૂચિ છે તે વર્તમાન દ્રવ્યમાં જ મોક્ષપર્યાયને ભાળે છે. સ્થિરતામાં કાળભેદ પડે છે. પણ રૂચિમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે કાળભેદ પડતો નથી. દ્રવ્યની પ્રતિતમાં દ્રવ્યની ત્રણેય કાળની પર્યાયનો સ્વીકાર આવી ગયો અને એમાં મોક્ષ પર્યાય પણ આવી જ ગઈ માટે દ્રવ્યની પ્રતિતવાળાને મોક્ષની શંકા હોય નહિ.

(૭) જેણે ક્રમબધ્ધનો નિર્ણય કર્યો તેમાં તેણે વર્તમાનમાં સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર કર્યો અને સર્વજ્ઞના સામર્થ્યની સાથે પોતાના સર્વજ્ઞ સ્વભાવનો પણ સ્વીકાર એમાં આવી ગયો. આવા સ્વીકારમાં અનંતુ વીર્ય વર્તમાનમાં કામ કરે છે.

(૮) જેણે યથાર્થપણે સર્વજ્ઞની શ્રદ્ધા કરી છે તેને વધારે ભવ હોઈ શકે નહિ. એ નિર્ણય થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે.

(૯) ક્રમબધ્ધની શ્રદ્ધામાં પરિપૂર્ણ દ્રવ્યનો સ્વીકાર કરવામાં વર્તમાન અનંતો પુરુષાર્થ છે અને તે પુરુષાર્થમાં મોક્ષદશાની પ્રતીત આવી જાય છે.

## (૧૦) ક્રમબધ્ધના યથાર્થ નિર્ણયમાં શેની શેની શ્રધ્ધા આવે છે ?

(૧) ભવ્ય જીવોનો મોક્ષ નક્કી છે, નિયત છે. પુર્ણ સુખની પ્રાપ્તી શક્ય છે. મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે. દુઃખમાંથી છુટકારો અને સુખની પ્રાપ્તીની શ્રદ્ધા થતાં કેટલીય ચિંતાઓ મટી જાય છે.

(૨) એ પ્રમાણે નક્કી છે એમ જાણ્યું કોણે ? એવી કોઈ 'સર્વજ્ઞ' નામની લોકમાં સત્તા છે અને એ જાણી શકે છે એવી શ્રધ્ધા થતાં એ નક્કી થાય છે દરેક જીવ એવી સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રગટ કરી શકે છે.

(૩) સર્વજ્ઞની શ્રદ્ધાથી 'સર્વજ્ઞતા' પણ સમજાય છે અને મારા જ્ઞાન સ્વભાવમાં એ સર્વજ્ઞતા-વીતરાગતા શક્તિરૂપે પડેલી છે એ શ્રદ્ધા થાય છે અને પોતાના સર્વજ્ઞ સ્વભાવનો મહિમા આવતા લક્ષ ત્યાં જાય તો એવા સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે પર્યાયમાં સર્વજ્ઞતા-વીતરાગતા પ્રગટે છે.

(૪) હવે આવી સર્વજ્ઞતા પોતાના સ્વભાવ સન્મુખ થઈને જ પ્રગટે છે તો દ્રવ્ય સ્વભાવ કે જેનું લક્ષ કરવાનું છે અને જે લક્ષ કરનાર છે તે પર્યાયસ્વભાવ બંને સમજાય છે. જ્ઞાયકનું સ્વરૂપ સમજાય છે. મોક્ષની સાચી રીત પણ સમજાય છે અને તેના જ્ઞાન-શ્રદ્ધા અને આચરણ પણ થાય છે.

(૫) જ્ઞાયક-મોક્ષ સ્વરૂપ - માત્ર જાણનાર સ્વભાવની પ્રતીતિ થતાં બધી કર્તાબુધ્ધિનો બોજો ઓછો થઈ જાય છે. જીવ-નિર્ભાર-નિર્ભય-નિઃશંક અને નિ:સંગ થઈ આત્માની અનુભૂતિ કરી લે છે. શ્રધ્ધા ગુણની પરિણતિ થાય છે.

(૬) આ કાર્ય થવામાં સાચા નિમિત્ત સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર હોય તે વાત સમજાઈ જાય છે - સાચા વીતરાગી દેવ - નિર્ગ્રંથ મુનિ (ભાવલીંગી) અને વીતરાગી શાસ્ત્રોનું સ્વરૂપ સમજી તેમની પર્યાય એના સ્વકાળે જ પોતાના ષટકારકથી થાય.

(૭) શુધ્ધભાવથી - શુધ્ધનયથી શુધ્ધ ઉપયોગથી મોક્ષ થાય છે એ સમજાય છે અને રાગથી (શુભ ભાવથી) મોક્ષ થાય એ ભ્રમણા અનાદિનું મિથ્યાત્વ અને એવી પ્રવૃત્તિઓ ઘટવા લાગે છે.

(૮) જે સમયે જે કાર્ય થવાનું હોય તે જ સમયે તે કાર્ય થાય એવી શ્રધ્ધાથી ઉતાવળથી કાર્ય કરવાની આકુળતા મટી જાય છે.

(૯) તે વખતની પર્યાયની યોગ્યતા પ્રમાણે જે પુરુષાર્થ સહજ ઉપડવાનો છે તેની પણ શ્રધ્ધા થાય છે અને વર્તમાન જ્ઞાનની પર્યાય નિજ જ્ઞાયક સ્વભાવ સન્મુખ થાય એ જ પ્રયોજન છે. એમ સમજાઈ જાય છે.

(૧૦) સ્વભાવ સન્મુખ થતાં - ત્યાં એક સમય માટે એકાગ્ર થતાં સુખ સ્વભાવમાંથી સુખ પ્રગટે છે. બહાર ક્યાંય સુખ નથી એ શ્રધ્ધા થઈ જાય છે.

**(૧૧) સારભૂત :**

(૧) નિયત એટલે જે સમયે દ્રવ્યની જે પર્યાય થવાની હોય તે તે કાળે જ થાય છે તે નિશ્ચય છે પર્યાય એના સ્વકાળે જ પોતાના ષટકારકથી થાય.

(૨) આત્મામાં એક પ્રભુત્વ શક્તિ છે. તે પ્રભુત્વ શક્તિનું રૂપ એક-એક પર્યાયમાં છે. તેથી સમ્યગ્દર્શનાદિ બધી પર્યાયો સ્વતંત્રપણે પોતે પોતાના અખંડ પ્રતાપથી શોભાયમાન છે. એને નિમિત્તની - પરદ્રવ્યની અપેક્ષા તો નથી પણ પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. પર્યાયની તત્ સમયની યોગ્યતા એ જ નિયામક કારણ છે.

(૩) જે સમયે જે પર્યાય થવાની હોય તે તે સમયની જન્મક્ષણ છે. ભાઈ ! આનો સ્વીકાર કરવામાં અનંતો પુરુષાર્થ છે, કેમ કે પ્રત્યેક પર્યાય પોતાની જન્મક્ષણે થાય છે એવો નિર્ણય દ્રવ્ય સ્વભાવના (જ્ઞાયક ભાવના) આશ્રયે થાય છે.

(૪) એક એક પર્યાય નિયત છે એમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે, કેમકે દ્રવ્યના આશ્રયે તે નિર્ણય થતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. તે સમયે વીતરાગતા થવાનો જ કાળ છે ને થાય છે, કોઈ વ્યવહારને લઈને કે પૂર્વની પર્યાયને લઈને થાય છે એમ નથી.

(૫) સર્વજ્ઞે દીઠું એમ જ ક્રમબધ્ધ એટલે જે કાળે જે પર્યાય થવાની હોય તે તે કાળે જ થાય, આઘી-પાછી નહિ-એવો નિર્ણય જેણે કર્યો તેણે એ પોતાના જ્ઞાયક સ્વભાવ તરફ જઈને કર્યો છે કેમ કે જ્ઞાયક સ્વભાવમાં સર્વજ્ઞતા છે.

(૬) જ્ઞાયક સ્વભાવની પ્રતિતિ પર્યાયના આશ્રયે ન થાય. જ્ઞાયક સ્વભાવની પ્રતિતિમાં સર્વજ્ઞની પ્રતિતિ આવે છે અને તેના જ્ઞાનમાં સર્વજ્ઞ સ્વભાવનું જ્ઞાન આવે છે.

(૭) અહો ! જેને આવા સર્વજ્ઞસ્વભાવની પ્રતિતિ થઈ, અનુભવ થયો તેને ક્રમબધ્ધનું યથાર્થ જ્ઞાન થયું છે.

(૮) સર્વજ્ઞ ભગવાન જગતમાં છે અને એણે જે જોયું તે જેમ છે તેમજ છે અને તે પ્રમાણે જ થાય, એમાં જે શંકા કરે તે મિથ્યાદષ્ટિ છે.

(૯) છે તો એમ જ, પણ એનો નિર્ણય કોને થાય ? આત્માના જ્ઞાન સ્વભાવનો (જ્ઞાયક સ્વભાવનો) જેને અંત દષ્ટિ વડે નિશ્ચય થાય છે તેને જ ક્રમબધ્ધનો સાચો નિર્ણય થાય છે.

(૧૦) જ્ઞાયક સ્વભાવના નિર્ણયમાં પાંચે સમવાય એક સાથે આવી જાય છે. સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર સર્વજ્ઞ સ્વભાવની સન્મુખ થઈને જ થાય છે અને એ જ પુરુષાર્થ છે. ક્રમબધ્ધના યથાર્થ નિર્ણયમાં નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું જ્ઞાન આવી જાય છે. વસ્તુ સ્વરૂપ જ આવું છે. બધા જ જીવો આવું યથાર્થ વસ્તુ સ્વરૂપ સમજીને બધાની પર્યાયમાં વીતરાગતા પ્રગટો એ જ વિનમ્ર ભાવના !

## (૧૨) સમ્યગ્દષ્ટિનું તત્વચિંતન :

(૧) જે જીવને, જે દેશમાં, જે કાળમાં, જે રીતે જન્મ કે મરણ અથવા સુખ કે દુઃખ વગેરે થવાનું ચોક્કસપણે નિયતપણે સર્વજ્ઞદેવે જોયું છે તે જીવને તે દેશમાં તે કાળમાં તે તે જ રીતે જન્મ-મરણ વગેરે અવશ્ય થાય છે. તેને કોણ રોકી શકે? બીજાની તો શી વાત, નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર પણ તેને અટકાવી શકતા નથી.

(૨) એ પ્રમાણે નિશ્ચયપૂર્વક જિનાગમ અનુસાર બધા દ્રવ્યોને તથા તેની સર્વ પર્યાયને જે જાણે છે તે જીવ સુદષ્ટિ જ છે અને તેમાં જે શંકા કરે છે તેને ફેરફાર કરવાની જેને કર્તાબુધ્ધિ છે તે કુદષ્ટિ છે. (તેને સર્વજ્ઞની શ્રધ્ધા નથી તેથી તે મિથ્યાદષ્ટિ છે.

(૩) તે સમ્યગ્દષ્ટિ બુધ્ધિપૂર્વક તો પરીક્ષા કરીને બધું જાણે છે તેમજ માને છે અને જે તત્વને પોતે ન જાણતો હોય તેનો જિનવચન વડે વિશ્વાસ કરે છે. જિનવર દેવે જે કહ્યું છે તે બધુંય હું સમ્યકપૂર્વક સ્વીકારું છું.

(૪) સમ્યગ્દષ્ટિ જીવ દુર્ગતિના હેતુરૂપ કર્મને બાંધતો નથી અને ઘણાં ભવોથી બંધાયેલ જે દુષ્કર્મો તેનો પણ તે નાશ કરે છે. મિથ્યાત્વનો નાશ કરે છે.

**(૫) સમ્યગ્દષ્ટિ જ્ઞાની જે ભોગ ભોગવે છે. તે નિર્જરાનું કારણ છે. જ્ઞાનીને અનીતિ, અન્યાય અને અભક્ષ્ય હોય જ નહિ. સાત વ્યસનોનો તેને ત્યાગ હોય. તેમનું ચિંતવન પણ જ્ઞાની કદાપી કરે નહિ. જ્ઞાનીને અતિચાર કે અનાચાર દોષ સંભવે છે. જેનાથી સંકલેશ પરિણામ ઉત્પન્ન થાય એવું કામ જ્ઞાની કરે નહી. સાત ભયથી જ્ઞાની મુક્ત હોય. આઠ જાતના મદ જ્ઞાનીને હોય નહિ.**

(૬) નિશ્ચયનયથી સમકિતના આઠ અંગ આ પ્રમાણે છે :-

(૧) નિઃશંકત્વ, (૨) નિઃકાક્ષિત્વ, (૩) નિર્વિચિકિત્સત્વ, (૪) અમુઢદષ્ટિ, (૫) ઉપગુહન, (૬) સ્થિતિકરણ, (૭) પ્રભાવના અને (૮) વાત્સલ્ય

**(૭) હજારો લાખો કારણો મળે તો પણ સમ્યકત્વી આત્માને કદીપણ અશ્રધ્ધા થાય નહિ. તેને તત્વ સંબંધી સંશય, વિપર્યય અને વિમોહ એ ભાવો હોય જ નહિ.**

જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે અનાદિ કાળનું મિથ્યાજ્ઞાન જે ભવહેતુરૂપ થતું હતું તે જાત્યાંતર થઈ સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી ભવનિવૃત્તિરૂપ બની જાય છે.

**સંપૂર્ણ મોક્ષમાર્ગ સહજ જ છે. અને એક એક પર્યાય નિયત છે એમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા જ છે. જે વીતરાગ સ્વભાવ છે તે જ પર્યાયમાં પ્રગટ થાય એ જ પ્રયોજન છે. આમાં સંપૂર્ણ જૈન શાસન આવી જાય છે.**

# ૧૮ દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ

## (૧) ભૂમિકા:

(૧) વિશ્વના દરેક પદાર્થની જેમ આત્મવસ્તુ-દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી અનેકાંતિક છે. તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે.

(૨) આમ સમજાવવા તથા સમજવા માટે નયોનો પ્રયોગ હોય છે, પરંતુ આત્મ અનુભવ નયાતિક્રાંત હોવાથી નયો દ્વારા જ વસ્તુને જાણવા અટકતા સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

(૩) નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે.

(અ) નયજ્ઞાન સાપેક્ષ છે. સાપેક્ષમાં પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતાં, મિથ્યાત્ત્વનું શલ્ય રહી જાય છે. જ્યારે નિરપેક્ષમાં આવતા દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે, વિકલ્પ છૂટી જાય છે અને બે નયોના જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે.

(બ) નય વિકલ્પરૂપ છે. વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. નયપક્ષ આકુળતારૂપ છે. નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુદ્ધ જ્ઞાન તો નથી, પરંતુ સ્વજ્ઞેય પણ નથી-પરજ્ઞેય છે.

(ક) નય અંશગ્રાહી છે. નય વડે જાણતાં નય અંશગ્રાહી હોવાથી, એક ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે. પ્રતિબંધ થતાં તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતાં આકુળતા થાય છે.

નિર્વિકલ્પ અતીંદ્રિય જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતાં તે જ્ઞાન સવિકલ્પ હોવાથી અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી યુગપદ અક્રમે બધા ધર્મો એક સયમમાં જાણવામાં આવે છે. કાંઈપણ જાણવાનું બાકી રહેતું નથી એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી, એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત, નયોથી જુદી છે.

(૪) બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રદ્ધાનું શ્રદ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રદ્ધા પ્રગટ થતી નથી. એટલે બે નયોના પક્ષ છોડી, ત્રિકાળ નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતા શ્રદ્ધા સમ્યક્ થાય છે કારણ કે શ્રદ્ધા એકાંતિક જ હોય છે અને શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યક્જ્ઞાન સ્વાભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને જેમ છે તેમ, પક્ષપાત રહિત, જાણે છે.

(૫) આ રીતે જ્ઞાની બે નયોના જ્ઞાતા છે. પણ અજ્ઞાની બે નયોના વિકલ્પનો કર્તા છે.

(૬) માટે અજ્ઞાનીએ પ્રાથમિક પ્રમાણ-નયથી અભ્યાસ કર્યા પછી દ્રવ્યસ્વભાવને સ્વભાવથી અને પર્યાય સ્વભાવને સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ.

(૭) નયોનો સહારો છોડી દેવો જોઈએ એટલે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ સ્વભાવનો અનુભવ થાય. નય સાપેક્ષથી અનુભવ ન થાય પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાક્ષેપ છે એવું જ્ઞાન જરૂર થાય. આ રીતે નયાતિક્રાંત થતા, નયોનો જ્ઞાતા થાય છે.

(૮) નયાતિક્રાંત થવા પહેલા નયોનો જ્ઞાતા થઈ શકતો નથી પણ નયવિકલ્પોની કર્તાબુદ્ધિ રહી જાય છે. તે કેમ છૂટે? તો કહે છે.

(૯) દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જો, નિશ્ચયનયથી નહીં, અને પર્યાયસ્વભાવને પર્યાય સ્વભાવથી જો, નિશ્ચયનયથી પણ નહીં. સ્વભાવથી જોતાં નયવિકલ્પ છૂટી જાય છે.

(૧૦) નિશ્ચયના પક્ષથી નિર્ણય થાય છે પણ અનુભવ થતો નથી. તેથી નિશ્ચયનો પક્ષ છોડી સ્વભાવથી જોતાં અનુભવ થાય છે.

(૧૧) તે સ્વાનુભૂતિની મહિમા એ રીતે છે કે સવિકલ્પ જ્ઞાન હોતાં, નિશ્ચયનય એ વિકલ્પોનો નિષેધ કરે છે. પરંતુ જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે.

(૧૨) આ જ ભાવ સમયસાર કળશ ૬૯-૭૦ માં દર્શાવ્યો છે.

**શ્લોકાર્થ:** જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા સાક્ષાત અમૃતને પીએ છે.

(૧૩) સમસ્ત નયપક્ષોને જે છોડે છે, તે તત્ત્વોનો જાણનાર સ્વરૂપને પામે છે. જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયોલો નથી એવો બીજો નયનો પક્ષ છે, આમ ચિત્સવરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે વસ્તુસ્વરૂપનો જાણનાર પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.)

(૧૪) જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે, શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે, તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુદ્ધ સ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે, એમ કહેવાય છે.

(૧૫) આ રીતે બધા નયાતીત થઈ સ્વભાવની પ્રાપ્તિ કરી પરમાનંદને અનુભવો.

## (૨) દ્રવ્ય સ્વભાવ:

(૧) એક દ્રવ્યસ્વભાવ અને એક પર્યાયસ્વભાવ બંને સ્વભાવથી જ જેવા છે તેવા છે. દ્રવ્યસ્વભાવ એના પોતાના સ્વભાવથી જ અનાદિ અનંત જેવો છે તેવો છે અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ અનંત જેવો છે તેવો છે.

(૨) શાસ્ત્રમાં અનેક પ્રકારના કથનો આવશે. જેમ કે આત્મા અશુદ્ધ નિશ્ચયનયથી રાગનો કર્તા છે અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ ! આ બધા વ્યવહારનયના કથનો છે એને ઓળંગી જા. આત્મા રાગનો કર્તા નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. આત્મા તો સ્વભાવથી જ અનાદિ અનંત અકારક, અવેદક છે.

(૩) બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ અકર્તા હોવા છતાં કર્તાબુદ્ધિ થઈ ગઈ છે એને વ્યવહારનય અને નિશ્ચયનયથી સમજાવે છે.જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્ત્વ રહેશે. પણ સ્વભાવથી જો તો કોઈ નયની અપેક્ષા જ નથી.

(૪) જેમ કે, અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી? અરે ! સ્વભાવથી ઉષ્ણ છે. પાણી શીતળ છે. કઈ નયથી? અરે ! સ્વભાવથી જ શીતલ છે. જો નિશ્ચયનયે શીતળ છે તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે.

(૫) નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઈશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો સ્વભાવ દૃષ્ટિમાં નહીં આવે. નિશ્ચયનયથી જો તો આવો તારો સ્વભાવ છે, એમ નય માત્ર સ્વભાવનો ઈશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી કેમ કે વસ્તુ નયાતીત છે. અકારક, અવદેક વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવ નયથી સિધ્ધ ન થાય. સ્વભાવ સ્વભાવથી જ સિદ્ધ થાય.

(૬) આત્મા પર્યાયમાત્રથી ભિન્ન છે માટે એને અનાદિ અનંત કર્તાપણું લાગુ પડતું જ નથી. આત્મા બંધનો કર્તા નથી અને મોક્ષનો પણ કર્તા નથી. કઈ નયથી?

અરે ! સ્વભાવથી જ એતો અકર્તા છે. કોઈ નય લાગુ પડતી નથી. આ દ્રવ્યસ્વભાવની વાત થઈ.

(૭) દ્રવ્યસ્વભાવ નયથી ખ્યાલમાં આવતો નથી. અનુભવમાં નથી આવતો. કેમ કે કોઈ નયથી અકર્તા છે એમ નથી, સ્વભાવથી જ અકર્તા છે.

## જ્ઞાનની પર્યાયનો સ્વભાવ:

(૧) આત્મા જ્ઞાતા છે. કઈ નયથી? અરે ! સ્વભાવથી જ જ્ઞાતા છે વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે એમ નથી. અનાદિ અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણામે છે. એ જ્ઞાન આત્માને જ પ્રસિદ્ધ કરે છે.

(૨) કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય અને કઈ નયથી ન જણાય? વ્યવહારયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય એમ નથી. જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ અનંત પ્રસિધ્ધ કરે છે. એને નયની અપેક્ષા જ નથી.

(૩) સ્વભાવમાં નય ન હોય અને સ્વભાવની સિધ્ધિ માટે, 'નય'માત્ર અંગુલી નિર્દેશ કરે છે. અનુમાન સુધી લઈ જાય છે, બસ.

(૪) તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો? હું તો સ્વભાવથી જ અકર્તા છું, પ્રભુ ! બસ, તો નયોના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થશે જશે. અનુભવની આ વિધિ છે.

(૫) જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે કે સ્વભાવથી જાણે છે? સ્વભાવથી જ જાણે છે પ્રભુ !

(૬) અનાદિ અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે. સ્વભાવથી જાણતો હોય, એમાં નયની અપેક્ષા ન હોય. નય તો માત્ર સ્વભાવનો અંગુલી નિર્દેશ કરે છે. પહેલા વ્યવહારનયનો પક્ષ હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે, તો વ્યવહારનો પક્ષ છૂટી જાય છે, ને નિશ્ચયના પક્ષમાં આવે છે. હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં અટકી જાય છે, અનુભવ કરી શક્તો નથી. હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી, અનુભવમાં ચાલ્યો જાય છે, પક્ષાતિક્રાંત થાય છે, એણે નિશ્ચયનો પક્ષ છોડ્યો ત્યારે અનુભવ થયો. નયથી આવો છું, એવો વિકલ્પ છૂટી જાય છે. અનુભવ માટે નય સાધન જ નથી. નય માત્ર અનુમાન સુધી લઈ જાય છે, એ અનુભવ ન કરાવી શકે.

(૭) આ વાત કોઈ અપૂર્વ છે. નયાતીત થવા માટેની આ વાત છે. સ્વભાવથી જ સ્વભાવ જણાય. નયથી સ્વભાવની પ્રસિદ્ધી ન થઈ. સ્વભાવથી જ સ્વભાવની પ્રસિધ્ધિ થાય છે.

(૮) નિશ્ચયનયે આત્મા અકારક-અવેદક નથી, સ્વભાવથી જ અકારક-અવેદક છે. નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે છે.

આમ સ્વભાવની સન્મુખ થતાં નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે, શાંત થઈ જાય છે અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે.

(૯) જ્ઞાન, સ્વભાવથી જ આત્માને જાણે છે. એને નય લાગુ પડતી નથી. એક દ્રવ્યસ્વભાવ અને એક પર્યાય સ્વભાવ, બંનેના સ્વભાવને લક્ષમાં લે તો એક અનુભવ થાય. નયાતીત થવાની આ વિધિ છે.

(૧૦) જાણનારો જણાય છે, જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે. આબાલ ગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. કઈ નયથી જણાયા કરે છે? અરે! સ્વભાવથી જ જણાયા કરે છે, જા.

(૧૧) જ્યારે સ્વભાવની સન્મુખ થઈને અનુભવ કરે છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પામે છે. જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે, ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.

(૧૨) સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે તો સ્વભાવ જ લક્ષમાં આવે છે અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે અને સ્વભાવ સ્વભાવપણે અભેદ અનુભવમાં આવે છે.

(૧૩) જાણવું અને જાણવારૂપે પરિણમવું સ્વભાવથી જ છે. અનાદિ અનંત કોઈ નય લાગુ ન પડે. જો નય લગાડીશ તો સ્વભાવથી દુર થઈ જઈશ અને જો સ્વભાવથી જોઈશ તો નય દુર થઈ જશે.

(૧૪) અતીંદ્રિય જ્ઞાન આત્માને નિશ્ચયથી જાણતું નથી પરંતુ સ્વભાવથી જાણે છે. એમાં નયનું શું કામ આવ્યું? જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે એમ ખ્યાલમાં આવ્યું એનું નામ 'જ્ઞાનની પર્યાયનો નિશ્ચય'-અનુભવમાં પ્રગટ થાય છે.

(૧૫) નયોના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે તો વિકલ્પ ઉઠતા જ નથી. સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે એમાં વિધિ-નિષેધના વિકલ્પ બંને એક સાથે જાય છે. સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે. સ્વભાવથી સ્વીકારે એનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

## (૩) પર્યાય સ્વભાવઃ

**(૧) સિદ્ધાંતઃ** વસ્તુ કદી પણ પોતાના સ્વભાવને છોડે નહી. વસ્તુના બે વિભાગ (૧) દ્રવ્ય સ્વભાવ, (૨) પર્યાય સ્વભાવ.

**દ્રવ્ય સ્વભાવઃ** નિષ્ક્રિય સ્વરૂપ પોતાના અનાદિ અનંત અકર્તા સ્વભાવને છોડે નહી અને કદી પણ કર્તા થાય નહી.

**પર્યાય સ્વભાવઃ** પર્યાય પણ એક વસ્તુ છે. સત્, અહેતુક છે. પર્યાય-સ્વભાવથી જ ક્રિયાવંત છે. અનાદિ અનંત તે પોતાના ક્રિયાના કારકને છોડે નહી. પર્યાયમાં ક્રિયા (સામાન્ય ઉત્પાદ, વ્યયરૂપ ક્રિયા)-સમયે સમયે થયા જ કરે છે એ એનો સ્વભાવ છે.

(૨) થતી ક્રિયાને હું કરું એ અજ્ઞાન. થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન. પર્યાયમાં કર્તા-ભોકતા ધર્મ સ્વભાવથી જ છે. પર્યાય કરે છે ને ભોગવે છે, એ એનો સ્વભાવ છે. કયા નયે પર્યાયને કરે છે ને ભોગવે છે. એમ નહી. બસ સ્વભાવથી જ એમાં કર્તા ભોકતાપણું છે. અજ્ઞાન દશામાં રાગને કરે છે અને દુઃખને ભોગવે છે સાધક દશામાં વીતરાગતા રાગને કરે છે ને આનંદ દુઃખને ભોગવે છે. સાધ્ય દશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને ભોગવે છે. આમ પર્યાય પોતાના કર્તાભોકતા ધર્મને કદી પણ છોડતી નથી.

(૩) પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી. પણ એમાં હું પણાનો નિષેધ છે.

(૪) હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારકને અવેદક છું. હું પણું અહીં આવ્યું તો દ્રવ્યસ્વભાવને જાણતાં જાણતાં, પર્યાયના કર્તા-ભોકતા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે.

(૫) આત્મા વ્યવહારથી કર્તા ભોકતા નથી. એ તો પર્યાય સ્વભાવ જ છે. કર્તા-ભોકતા ધર્મો પર્યાયમાં સ્વભાવથી જ છે. ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. વ્યવહારનયે પણ હું કર્તા-ભોકતા નથી. એ તો પર્યાયમાં સ્વભાવથી જ કર્તા ભોકતા ધર્મ છે.

(૬) આત્મા વ્યવહારનયે કર્તા-ભોકતા છે. એમ ન લે અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચય નયે છે. એમ પણ ન લે! પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ! કોઈ જ નયપક્ષ ઊભો નહીં થાય.

(૭) પર્યાય જણાય એ પણ સ્વાભાવિક છે. એવી જ કોઈ સ્વભાવિક સ્વચ્છતા છે. એના જાણપણાનો (જણાવાપણાનો) નિષેધ નથી. આત્માને જાણતાં જાણતાં પર્યાય એના ધર્મો સહિત જેમ છે એમ જણાય છે.

(૮) પ્રશ્નઃ આત્મા રાગને ક્યા નયે કરે છે?

ઉત્તરઃ અરે ! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની યોગ્યતા (સ્વભાવ) છે. પર્યાયનો વિભાવ સ્વભાવ છે, તો રાગ થયો. પર્યાય સ્વભાવથી જ થયો છે.

(૯) દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ-બંને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય. (૧) નિશ્ચયનયથી નિરપેક્ષ દ્રવ્યનો સ્વભાવ (૨) વ્યવહારનયથી નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ બંને નયોના વિકલ્પોને ઓળંગી ગયો તો સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો.

(૧૦) પર્યાય પર્યાયથી થાય એમ હું જાણું પણ પર્યાય મારાથી થાય એમ હું ન જાણું કેમ કે પર્યાય સ્વભાવથી જ પરિણમી રહી છે. કારણ કે પર્યાય સત્ છે. પર્યાયને વ્યવહારે જાણું પણ વ્યવહારે કરૂં નહી. સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે. નયથી સમજતા વિકલ્પ રહી જાય છે.

(૧૧) ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ, ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ. પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.

(૧૨) 'આત્મા સ્વભાવથી જ અકર્તા છે' અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે' અહીં વ્યવહાર નયે આત્મા કર્તા છે એનો નિષેધ થયો. બંને નય ઓળંગી ગયો. સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો બસ સ્વભાવમાં આવી ગયો. દ્રવ્યસ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.

(૧૩) પરિણામનો કર્તા પરિણામ છે એ સ્વભાવથી જ છે. પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી. જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે. સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે.

(૧૪) પર્યાયને એના સ્વભાવથી જોતાં એની કરવાની બુધ્ધિ છૂટી જાય છે ને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.

(૧૫) કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે? બસ સ્વયંથી થાય છે. આત્મા જ્ઞાતા થઈ જાય છે. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય તો જ્ઞાનનો કર્તા બને, જ્ઞાતા થઈ જાય છે.

**(૧૬) સારાંશ:**

(૧) નયથી વસ્તુની સિધ્ધિ કરી છે, તો વિકલપોનો કર્તા બને છે. (૨) નયોથી ભિન્ન સ્વભાવથી વસ્તુને સિદ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે, જે દ્રવ્યસ્વભાવને તો જાણે છે પણ પર્યાય સ્વભાવ પણ જેમ છે તેમ એમાં જાણાઈ જાય છે.

(૩) જ્ઞાન વિકલ્પ વિનાનું 'મધ્યસ્થ' થયું. વિકલ્પમાં પક્ષપાત હતો એટલે કે રાગ-દ્વેષ હતાં, ક્રમે ક્રમે જાણતો હતો. નયોથી છુટું પડેલું જ્ઞાન દ્રવ્ય-પર્યાય સ્વભાવને અક્રમે જાણે છે. બંને નયોનો જ્ઞાતા છે. કોઈ નયપક્ષ ગ્રહણ કરતો નથી.

(૪) દ્રવ્યથી પર્યાય ન થાય, પર્યાયના સ્વભાવથી જ પર્યાય થાય છે. ઉત્પાદ-વ્યય સમયે સમયે થયા જ કરે છે. આ બે સ્વભાવની વાત છેલ્લી છે. જેનો મર્મ પામતા પક્ષાતિક્રાંત થઈ અનુભવ થાય છે. સાક્ષાત્ જ્ઞાતા થાય છે.

(૫) સમયસાર ગાથા ૧૪૩ સૂચવે છે. પક્ષાતિક્રાંતનું (પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે?

'નયદ્વય કથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે,નય પક્ષથી પરિહીન તે.'

**ગાથાર્થ:-** નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો.) બંને નયોના કથનને કેવળ જાણે જ છે,પરંતુ નયપક્ષને જરાપણ ગ્રહણ કરતો નથી.

# ૧૯ આગમ-અધ્યાત્મનું સ્વરૂપ

## (૧) સ્વરૂપ:

"વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ છીએ, આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ છીએ, આગમ તથા અધ્યાત્મ સ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા-તે બંને ભાવ સંસાર અવસ્થા વિષે ત્રિકાલીવર્તી માનવા".

વસ્તુનો સ્વભાવ કહેતા અહીં ત્રિકાળી સ્વભાવ ન સમજવો, પણ પર્યાયનો ભાવ સમજવો, સંસારી જીવને પર્યાયમાં વિકારની પરંપરા અનાદિથી ચાલી આવે છે તથા તેના નિમિત્તરૂપ કર્મની પરંપરા પણ અનાદિથી ચાલી આવે છે, તેને અહીં 'આગમ પધ્ધતિ' કહે છે. આગમ પધ્ધતિ અશુધ્ધ છે એટલે તેમા આત્માનો અધિકાર ન કહ્યો. અધ્યાત્મ પધ્ધતિ શુધ્ધ પર્યાયરૂપ છે એટલે તેમા આત્માનો અધિકાર કહ્યો. આગમરૂપ અશુધ્ધભાવ અને અધ્યાત્મ સ્વરૂપ શુધ્ધભાવ એ બંને ભાવવાળા જીવો સંસાર અવસ્થામાં સદાય હોય જ છે એટલે સંસાર અવસ્થામાં એ બંને ભાવોને ત્રિકાલવર્તી કહ્યા. સંસારમાં સાધક અને બાધક જીવો સદાય વર્તે જ છે. સંસારમાં કોઈવાર એકલી અશુધ્ધ-પર્યાયવાળા જીવો જ રહી જાયને શુધ્ધ પર્યાયવાળા કોઈ જીવ ન હોય એમ કદી બનતું નથી, તેમજ બધા જીવો શુધ્ધ પર્યાયવાળા જાઈ જાયને અશુધ્ધ પર્યાયવાળા કોઈ જીવ ન રહે એમ પણ કદી બનતું નથી, એટલે અશુધ્ધ ભાવરૂપ આગમ પધ્ધતિ અને શુધ્ધભાવરૂપ અધ્યાત્મ પધ્ધતિ એ બંને ભાવો સંસારમાં ત્રણે કાળે વર્તે છે. આ વાત સંસારમાં રહેલા ભિન્ન-ભિન્ન જીવોની અપેક્ષાએ સમજવી એટલે કે કોઈ જીવો શુધ્ધ પર્યાયવાળા હોય, કોઈ જીવો અશુધ્ધ પર્યાયવાળા હોય, કોઈ મિશ્ર પર્યાયવાળા હોય એ રીતે બંને ભાવો ત્રિકાલીવર્તી માનવા. પણ એક જ જીવમાં એ ભાવો સદાય રહ્યા કરે, એમ ન સમજવું. નહિતર તો અશુધ્ધતા ટળીને શુધ્ધતા કદી થઈ જ ન શકે અથવા શુધ્ધ પર્યાય પણ અનાદિની ઠરે.

એક જીવ પોતાની પર્યાયમાંથી અશુધ્ધતા ટાળીને શુધ્ધતા પ્રગટ કરી શકે છે, પણ જગતમાં સર્વ જીવોના અશુધ્ધ ભાવનો સર્વથા અભાવ થઈને શુધ્ધતા થઈ જાય-એમ કદી બનવાનું નથી. જગતમાં તો બધા ભાવવાળા જીવો સદાય રહેવાના છે. જગતમાં સિધ્ધ પણ અનાદિથી છે ને સમ્યગ્દષ્ટિ પણ અનાદિથી છે. અજ્ઞાની પણ છે ને કેવળજ્ઞાની પણ છે. એમ બધા પ્રકારના જીવો જગતમાં સદાય રહેવાના છે, કોઈ જીવ આખા જગતમાંથી અજ્ઞાનનોને અશુધ્ધતાનો અભાવ કરવા માંગે તો તેમ કદી ન થઈ શકે, પણ પોતે પોતાના આત્મામાંથી અજ્ઞાન અને અશુધ્ધતા મટાડીને કેવળજ્ઞાન અને સિધ્ધપદ પ્રગટ કરી શકે.

જેટલા શુભાશુભ વ્યવહાર ભાવો છે તે બધાય આગમ પધ્ધતિમાં છે, આગમ પધ્ધતિ તે બંધ પધ્ધતિ છે અથવા કર્મ પધ્ધતિ છે તેમાં ધર્મ નથી. ધર્મ તો અધ્યાત્મ પધ્ધતિમાં છે અને તે જ મોક્ષમાર્ગરૂપ છે, તે જ શુધ્ધભાવરૂપ છે. આ શુધ્ધભાવરૂપ અધ્યાત્મ પધ્ધતિમાં આત્માનો અધિકાર કહ્યો, પણ આગમપધ્ધતિમાં આત્માનો અધિકાર ન કહ્યો, કેમકે તે આત્માના સ્વભાવરૂપ નથી પણ વિભાવરૂપ છે.

અહીં 'આગમપધ્ધતિ' કહી છે તેમાં 'આગમ' નો અર્થ સિધ્ધાંતરૂપ શાસ્ત્રો ન સમજવો, પણ આગમપધ્ધતિ એટલે અનાદિથી ચાલી આવેલ પરંપરા અથવા આગમ એટલે આગંતુક ભાવો સમજવા.

વિકારી ભાવો છે તે નવા આગંતુક ભાવે છે, સ્વભાવમાં તેઓ નથી, પણ કર્મના નિમિત્તે પર્યાયમાં નવા નવા ઉત્પન્ન થયેલા છે, ને અનાદિથી તેનો પ્રવાહ ચાલ્યો આવે છે.

વિકાર અને તેના નિમિત્તરૂપ કર્મ-એ બંનેનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે તેનું નામ આગમ પધ્ધતિ છે.

જીવમાં જે નથી અપૂર્વ અધ્યાત્મ દશા એટલે કે શુધ્ધ પર્યાય પ્રગટે છે તે અધ્યાત્મ પધ્ધતિ છે. આ બંને પ્રકારના ભાવો જગતમાં વર્તતા હોય છે તેથી એ બંનેનું હવે વિવેચન કરે છે.

## (૨) આગમરૂપ કર્મ પધ્ધતિ-તે સંસાર

### અધ્યાત્મરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ - મોક્ષ માર્ગ:

"આગમરૂપ કર્મ પધ્ધતિ છે, અધ્યાત્મ સ્વરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ છે."

(૧) કર્મ પધ્ધતિ પૌદ્‌ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્‌ગલના પરિણામ છે; ભાવરૂપ પુદ્‌ગલાકાર આત્માની અશુધ્ધ પરિણતિરૂપ પરિણામ છે, તે બંને પરિણામ આગમરૂપ સ્થાપયા.

(૨) હવે શુધ્ધ ચેતના પધ્ધતિ એટલે શુધ્ધ આત્મપરિણામ; તે પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ એમ બે પ્રકારે છે. દ્રવ્યરૂપ તે જીવત્ત્વ પરિણામ તથા ભાવરૂપ જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ અનંત ગુણ પરિણામ, એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા.

(આ આગમ તથા અધ્યાત્મ બંને પધ્ધતિમાં અનંતતા માનવી.)

સાર:

**(દ્રવ્ય સ્વરૂપ)**
**(વસ્તુ સ્વરૂપ)**

**(દ્રવ્ય-ગુણ-પર્યાય)**

- **આત્મા (જીવનું ક્ષેત્ર)** (ચૈતન્ય લક્ષણ)
  - **દ્રવ્ય સ્વભાવ**
    - (એક રૂપ ભાવ)
    - પરમ પારિણામિક ભાવ
    - વીતરાગ ભાવ
    - ત્રિકાળી ભાવ
    - ૧ અનંતજ્ઞાન
    - ૨ અનંતદર્શન
    - ૩ અનંતવીર્ય
    - ૪ અનંતસુખ
    - (શક્તિરૂપ ધર્મ)
  - **પર્યાય સ્વભાવ** (એક સમયનો ભાવ)
    - સ્વભાવરૂપ-પરિણમન → સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખનું પરિણમન, શુધ્ધભાવરૂપ-પરિણમન
    - વિભાવરૂપ-પરિણમન → વિકારી ભાવો, અશુધ્ધ ભાવો, કપાય ભાવો, કષાય ભાવો, મોહ, રાગ, દ્વેષ, દુઃખરૂપ પરિણમન
- **પુદગલ** **(અજીવનું ક્ષેત્ર)** ↔ (મુખ્યગુણ) ૧ રસ, ૨ રંગ, ૩ ગંધ, ૪ સ્પર્શ
  - કર્મ (મુખ્ય)
    - ૧ જ્ઞાનાવરણીય
    - ૨ દર્શનાવરણીય
    - ૩ મોહનીય
    - ૪ અંતરાય
    - ૫ નામ
    - ૬ ગોત્ર
    - ૭ આયુષ્ય
    - ૮ વેદનીય
  - શરીર
    - મન વચન કાયા → મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ
  - સંયોગો
    - સંબંધે જોડાયેલ વ્યક્તિઓ
    - પ્રાપ્ત થયેલ સામગ્રી
  - ૧ દેવ, ૨ ગુરૂ, ૩ શાસ્ત્ર (વીતરાગી)

**અધ્યાત્મ પદ્ધતિ** | **આગમ પદ્ધતિ**

**વિવેચનઃ**

જુઓ, હવે આ સૂક્ષ્મ વાત ! પણ છે તો જીવના પોતાના પરિણામની જ વાત જીવની પર્યાયમાં કેવા કેવા પ્રકારના ભાવો થાય છે તે સમજવાની આ વાત છે.

આત્માની પરિણતિમાં અશુધ્ધતા અનાદિથી છે, તે સ્વભાવગત ભાવ નથી. પણ આગંતુક વિકારી ભાવ છે. તે પરિણામ સ્વભાવ-આકારરૂપ નથી એટલે તેને પુદ્ગાલાકર કહ્યા છે, કેમકે પુદ્ગલોકર્મો તેમાં નિમિત્ત છે. પુદ્ગલકર્મની પરંપરા તે દ્રવ્યરૂપ કર્મ પધ્ધતિ છે. તે તેના નિમિત્તે થતા જીવના વિકારની પરંપરા તે ભાવરૂપ કર્મપધ્ધતિ છે. આમ દ્રવ્ય અને ભાવકર્મની પરંપરારૂપ આગમપધ્ધતિ છે. આ બંને ભાવોને જીવદ્રવ્યના કહ્યા છે.

**પ્રશ્નઃ** જે દ્રવ્યકર્મની પરંપરા છે તે તો પુદ્ગલની પર્યાય છે, છતાં અહીં તેને જીવનો ભાવ કેમ કહ્યો ?

**ઉત્તર :** એ પુદ્ગલની પર્યાય છે એ વાત સાચી, પરંતુ જીવના અશુધ્ધ ભાવની સાથે તેને સંબંધ છે, જીવના અશુધ્ધભાવની સાથે મેળવાળું તેનું પરિણમન છે તેથી અહીં કર્મપધ્ધતિને પણ જીવના ભાવ કહી દીધા છે. જીવ સાથે જેને સંબંધ નથી એવા બીજા અનંતા પરમાણુઓ જગતમાં છે, પણ તેની અહીં વાત નથી. અહીં તો જીવના પરિણામ સાથે જેને નિમિત્તને મિત્તિક સંબંધ છે. એવા પુદ્ગલોની વાત છે. લાકડું-ઘર-શરીર વગેરેનો સંબંધ તો જીવને ક્યારેક હોય ને ક્યારેક ન પણ હોય, પરંતુ સંસારમાં જીવને કર્મનો સંબંધ તો સદાય હોય જ છે, એ સંબંધ બતાવવા તેને પણ જીવનો ભાવ કહ્યો છે એમ સમજવું.

આત્મદ્રવ્યના અને તેના જ્ઞાનાદિ ગુણોના જે શુધ્ધ પરિણામ છે તે અધ્યાત્મ પધ્ધતિરૂપ છે, આ અધ્યાત્મ પધ્ધતિ તે શુધ્ધ ચેતનારૂપ છે એટલે તેમાં વિકાર કે કર્મોનો સંબંધ ન આવે. દ્રવ્યના શુધ્ધ પરિણામ તે દ્રવ્યરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ છે અને જ્ઞાન-શ્રધ્ધા-ચારિત્ર વગેરે ગુણોના શુધ્ધ પરિણામ તે ભાવરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ છે. આ રીતે બંને પરિણામ તે અધ્યાત્વરૂપ જાણવા.

આગમ પધ્ધતિમાં સંસાર માર્ગનું અને અધ્યાત્મ પધ્ધતિમાં મોક્ષમાર્ગનું વર્ણન છે. જેનાથી કર્મ બંધાય તે બધાય ભાવો આગમ પધ્ધતિમાં જાય છે, વ્યવહાર રત્નત્રયમાં જે શુભ રાગ છે તે પણ આગમ પધ્ધતિમાં જાય છે. શુધ્ધ ચેતનારૂપ જેટલા ભાવો છે તે અધ્યાત્મ પધ્ધતિમાં આવે છે.

આ રીતે બંને પધ્ધતિની ધારા એક બીજાથી જુદી છે.

આ બંને પધ્ધતિમાં અનંતતા માનવી, આત્માના વિકારી ભાવોમાં અનંત પ્રકારો છે ને તેમાં નિમિત્તરૂપ કર્મના પણ અનંત પ્રકારો છે.

આત્માના નિર્મળ પરિણામોમાં પણ અનંત ગુણના અનંત પ્રકારો છે, જ્ઞાનાદિ ગુણોના પરિણમનમાં પણ અનંત પ્રકાર છે.

આ રીતે અશુધ્ધતા કે શુધ્ધતા એ બંનેમાં અનંતતા સમજવી.

જેમ સમયસારમાં અજ્ઞાનીને પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત કહ્યો, તેમ અહીં અશુધ્ધ પરિણામને પુદ્‌ગલાકાર કહ્યા, તે આત્માના આશ્રયે સ્વભાવની જાતના નથી તેથી તેને આત્મ-આકાર ન કહ્યા. આત્માના આશ્રયે પ્રગટેલા, આત્માના શુધ્ધ પરિણામ છે તે આત્મ-આકાર છે. તેમાં પુદ્‌ગલનો સંબંધ નથી, આત્માના સ્વભાવ સાથે સંબંધવાળા જે ભાવ હોય તેજ આત્માને સુખનું કારણ હોય, પુદ્‌ગલ સાથે સંબંધવાળા જે ભાવ હોય તે આત્માને સુખનું કારણ કદાપિ ન હોય, તેથી તે ભાવો ઉપાદેય નથી, તે તો આગંતુક એટલે બહારથી આવેલા છે, તે કાંઈ અંદરમાંથી પ્રગટેલા નથી, કે અંદરમાં રહેવાના પણ નથી. તે ભાવોમાં ખરેખર આત્મા નથી, તેમાં મોક્ષમાર્ગ નથી.

જે કોઈ શુભાશુભ ભાવો છે તેમાં આત્માનો અધિકાર નથી પણ આસ્રવનો અધિકાર છે, બંધનો અધિકાર છે. એ વિકારી ભાવોનું સ્વામીપણું આસ્રવ અને બંધ તત્ત્વોનો છે, આત્માના સ્વભાવને તેનું સ્વામીપણું નથી, માટે તેમાં આત્માનો અધિકાર નથી. આત્માનો અધિકાર તો શુધ્ધ ચેતના પરિણામમાં જ છે.

આગમ પધ્ધતિ છે તે ઉદયભાવરૂપ છે, ને અધ્યાત્મ પધ્ધતિ ઉપશમ-ક્ષાયિક કે સમ્યક્ ક્ષયોપશમ ભાવરૂપ છે. પુણ્ય-પાપ-આસ્રવ બંધને અજીવકર્મ એ પાંચ તત્ત્વો આગમ પધ્ધતિમાં સમાય છે.

સંવર-નિર્જરા-મોક્ષ તથા શુધ્ધ જીવ-એ ચાર તત્ત્વો અધ્યાત્મ પધ્ધતિમાં આવે છે. આમ બંને પધ્ધતિ એક બીજાથી વિલક્ષણ છે. તેનું સ્વરૂપ ઓળખે તો ભેદજ્ઞાન થઈ જાયને મોક્ષમાર્ગ પ્રગટે, એટલે પોતામાં અધ્યાત્મની પરંપરા વિકસવા માંડેને આગમની (કર્મની તથા અશુદ્ધતાની) પરંપરા તુટવા માંડે આનું નામ ધર્મ છે.

આવી અધ્યાત્મ પધ્ધતિની (એટલે શુધ્ધ પરિણામની પરંપરાની) શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. ચોથાથી-ચૌદમા ગુણસ્થાન સુધી અધ્યાત્મ પધ્ધતિ છે, પરંતુ ત્યાં ભૂમિકાનુસાર જેટલી અશુધ્ધતાને કર્મનો સંબંધ છે તેટલી આગમ પધ્ધતિ છે. તે સર્વથા છૂટી જતાં સંસાર છૂટી જાય છે ને સિધ્ધ દશા પ્રગટે છે. ત્યાં પછી પુદ્‌ગલકર્મ સાથેનો જરાય સંબંધ રહેતો નથી, ને સંસારની અનાદિની પરંપરા પણ અત્યંતપણે છેદાઈ જાય છે.

અજ્ઞાની તો આગમ પધ્ધતિને, એટલે કે વિકારને તથા કર્મના સંબંધને જ જીવનું સ્વરૂપ માને છે, જીવના શુધ્ધ સ્વરૂપને તે જાણતો જ નથી, એટલે તેને અધ્યાત્મ પધ્ધતિ તો છે પણ આગમ પધ્ધતિનું જ્ઞાન તેને નથી શુભરાગરૂપ આગમ પધ્ધતિને જ તે તો અધ્યાત્મ પધ્ધતિરૂપ માની લ્યે છે-એ વાત આગળ વિસ્તારથી આવશે. આગમ તથા અધ્યાત્મ પધ્ધતિનું ખરૂ જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને જ હોય છે.

સંસારમાં આગમ અને અધ્યાત્મ પધ્ધતિ બંને ત્રિકાળ છે, પણ વ્યક્તિગત એક જીવને આગમ પધ્ધતિ અનાદિની છે, ને અધ્યાત્મ પધ્ધતિરૂપ સાધકદશા અસંખ્ય સમયની જ હોય છે.

કોઈપણ જીવ સાધક દશામાં લાંબામાં લાંબો કાળ રહે તો પણ તે અસંખ્ય સમય જ હોય, તેથી વધુ ન હોય, ને કોઈ જીવ સાધક દશામાં ઓછામાં ઓછો કાળ રહીને સિધ્ધ થાય તો પણ તેને સાધક દશાનો કાળ અસંખ્ય સમય તો હોય જ એ નિયમ છે.

સંસારમાં દરેક જીવને આ બધાય ભાવો હોય જ એવો નિયમ નથી, જેને જે લાગુ પડે તે સમજી લેવા.

આ રીતે આગમ પધ્ધતિ અને અધ્યાત્મ પધ્ધતિનું સ્વરૂપ ભિન્ન ભિન્ન જાણવું. અનાદિથી જીવની સ્વયં પોતાની ભૂલથી સંસાર અવસ્થા પણ છે અને એ ભૂલ સ્વયં ટાળીને મોક્ષ અવસ્થા પણ પ્રગટ થઈ શકે છે. આ મુદ્દાની રકમ છે.

## (૩) આગમ અને અધ્યાત્મ બંને પધ્ધતિમાં અનંતતા:

### (તે અનંતતાને જાણનાર કેવજ્ઞાનનું દિવ્ય સામર્થ્ય)

'અનંતતાનું સ્વરૂપ દષ્ટાંત વડે દર્શાવીએ છીએ: જેમ કે વડના વૃક્ષનું એક બીજ હાથમાં લઈને તેના ઉપર દીર્ઘદષ્ટિથી વિચાર કરીએ તો વડના તે બીજ વિષે એક વડનું વૃક્ષ છે, ભાવિકાળમાં જેવું વૃક્ષ થનાર છે તેવા વિસ્તાર સહિત તે બીજમાં વાસ્તવરૂપે વિદ્યમાન-છતું છે, અનેક શાખા-પ્રશાખા-પત્ર-પુષ્પ-ફળયુક્ત છે, તેના પ્રત્યેક ફળમાં એવા અનેક બીજ છે'.

એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારવી. વળી સૂક્ષ્મ દષ્ટિથી વિચારીએ (જોઈએ) તો તે વડના વૃક્ષમાં જે જે બીજ છે તે તે અંતગર્ભિત વડવૃક્ષ સંયુક્ત છે. એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ અને એકેક બીજ વિષે એકેકે વડવૃક્ષ તેનો વિચાર કરીએ તો ભાવિનયની પ્રધાનતાથી ન તો વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય.

એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું.

તે અનંતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરૂષ પણ અનંત જ દેખે, જાણે-કહે; અનંતનો બીજો અંત છે જ નહિ કે જ્ઞાનમાં ભાસે. માટે અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે.

એ પ્રમાણે આગમ અને અધ્યાત્મની અનંતતા જાણવી.

**વિવેચનઃ** અનંતતા સમજાવવા અહીં વૃક્ષ અને બીજનું દૃષ્ટાંત આપ્યું છે. વૃક્ષ અને બીજની પરંપરા અનાદિની છે, પહેલા વૃક્ષ કે પહેલા બીજ ? પરંપરાથી બંને અનાદિના છે, ને સૂક્ષ્મ વિચારથી જોતાં એકેક બીજમાં ભવિષ્યતા અનંતા વૃક્ષ થવાની તાકાત છે. એમ બંનેની પરંપરા વિચારતા તેનો ક્યાંય પાર ન આવે તેમ જીવમાં પણ વિકારની ને કર્મની પરંપરા અનાદિથી ચાલી રહી છે, ને શુધ્ધ પર્યાયનો પ્રવાહ પણ અનાદિથી ચાલી જ રહ્યો છે. પહેલા સિધ્ધ કે સંસારી ? તો બંને અનાદિના છે, પહેલા વિકાર કે કર્મ ? તે બંનેની પરંપરા અનાદિની છે. પહેલા દ્રવ્ય કે પર્યાય ? પહેલા સામાન્ય કે વિશેષ ? તો એ બંને અનાદિના છે, પહેલા પછી પણું તેમાં નથી. જો દ્રવ્યની પહેલી પર્યાય આ એમ કહો તો ત્યાં દ્રવ્યની જ આદિ થઈ જાય છે, દ્રવ્ય અનાદિ નથી રહેતું એ જ રીતે. 'દ્રવ્યની છેલ્લી પર્યાય આ'. એમ કહો તો ત્યાં દ્રવ્યનો જ અંત થઈ જાય છે. દ્રવ્ય અનંત નથી રહેતું. એકેક પર્યાય આદિ અંતવાળી ભલે હો, પણ પર્યાયના પ્રવાહને આદિ-અંત નથી, એટલે દ્રવ્યની પર્યાય આ પહેલી અને આ છેલ્લી. એવું આદિઅંતપણું નથી. દ્રવ્યમાં પર્યાયનો પ્રવાહ પહેલા ન હતો ને પછી શરૂ થયો અથવા તે પ્રવાહ કદી અટકી જશે એમ નથી.

જેમ દ્રવ્ય અનાદિ અનંત છે તેમ તેની સાથે તેની પર્યાયનો પ્રવાહ પણ અનાદિ અનંત વર્તી રહ્યો છે, કે કેવળજ્ઞાનમાં બધું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. જુઓ તો ખરા, આ જગતની વસ્તુસ્થિતિ ! અનાદિને અનાદિપણેને અનંતને અનંપણે જેમ છે તેમ કેવળી ભગવાન વિકલ્પ વગર જ જાણે છે.

**પ્રશ્નઃ** પહેલી પર્યાય કઈને છેલ્લી પર્યાય કઈ શું એ ભગવાન પણ ન જાણે ?

**ઉત્તર :** ભગવાન જેમ વસ્તુ હોય તેમ જાણે, કે તેનાથી વિપરીત જાણે ? જે 'અનાદિ' છે તેને 'આદિ' છે જ નહિ, પછી ભગવાન તેની 'આદિ' ક્યાંથી જાણે? અને જે 'અનંત' છે તેનો 'અંત' છે જ નહિ તો પછી ભગવાન તેનો અંત પણ ક્યાંથી જાણે ? જો ભગવાન તેના આદિ અને અંતને જાણે તો અનાદિ-અનંતપણું જ ક્યાં રહ્યું ? ભાઈ, આ તો સ્વભાવનો અચિંત્ય વિષય છે. અહો ! અનંતતા જે જ્ઞાનમાં સમાઈ ગઈ તે જ્ઞાનની દિવ્ય અનંતતા લક્ષમાં લેતા જ્ઞાન તેમાં જ (જ્ઞાન સ્વભાવના અનંત મોહ માયા) જ ડૂબી જાય છે, એટલે જ્ઞાન સ્થિર થઈ જાય છે. નિર્વિકલ્પ થઈ જાય છે.

**પ્રશ્ન:** જો અનંતનો છેડો ભગવાન પણ ન જાણે તો તેમનું જ્ઞાન સામર્થ્ય મર્યાદિત થઈ ગયું ? કેવળજ્ઞાનમાં અપરિમિત સામર્થ્ય સિધ્ધ ન થયું ?

**ઉત્તર:** ના, ભગવાન જો અનંતને અનંત તરીકે પણ ન જાણતા હોય તો તેમનું જ્ઞાન-સામર્થ્ય મર્યાદિ કહેવાય; પરંતુ ભગવાન તો કેવળજ્ઞાનના અમર્યાદિત સામર્થ્ય વડે અનંતને અનંત તરીકે પ્રત્યક્ષ જાણે છે. ભગવાન તેનો અંત ન જાણી શક્યા માટે તેને અનંત કરી દીધું-એમ નથી. ભગવાને અનંતને અનંતપણે જાણ્યું છે તેથી તેને અનંત કહ્યું. અનંતને પણ સર્વજ્ઞ ભગવાન જાણે છે, જો ન જાણે તો 'સર્વજ્ઞ' કેમ કહેવાય ?

**પ્રશ્ન:** જો ભગવાન અનંતને જાણે છે તો ભગવાનના જ્ઞાનમાં તેનો અંત આવી ગયો કે નહિ ?

**ઉત્તર:** ના, ભગવાને અનંતને અનંતપણે જાણ્યું છે, અનંતને અંતવાળા તરીકે નથી જાણ્યું. ભગવાન અનંતને નથી જાણતા એમ પણ નથી તે ભગવાનને જાણવાથી તેનો અંત આવી જાય છે. એમ પણ નથી, અંત અનંતપણે રહીને ભગવાનના જ્ઞાનમાં જણાય છે. જો અનંતને અંત તરીકે જાણે તો તે જ્ઞાન ખોટું અને જો 'અનંત' ને જાણી જ ન શકે તો તે જ્ઞાન અપૂર્ણ છે.

**પ્રશ્ન:** જે અનંત હોય તે જ્ઞાનમાં કઈ રીતે જણાય ?

**ઉત્તર** : ભાઈ, પદાર્થની અનંતતા કરતા જ્ઞાન સામર્થ્યની અનંતતા ઘણી મોટી છે, તેથી બેહદ જ્ઞાનસામર્થ્ય અનંતને પણ પહોંચી વળે છે. જ્ઞાનનું અચિંત્ય સામર્થ્ય લક્ષમાં આવે તો જ આ વાત બેસે તેવી છે. વિકારમાં અટકેલું જ્ઞાન મર્યાદિત છે, તે અનંતને પ્રત્યક્ષપણે નથી પહોંચી શકતું, પણ વિકાર વગરના જ્ઞાનમાં તો અચિંત્ય બેહદ તાકાત છે, તે અનાદિ-અનંત કાળને, અનંતાનંત આકાશના પ્રદેશોને સાક્ષાત જાણી લે છે. અરે, એનાથી તો અનંતગણું સામર્થ્ય એનામાં ખીલ્યું છે.

**પ્રશ્ન:** અહીં વૃક્ષ અને બીજના દૃષ્ટાંતે વિકાર અને કર્મ એ બંનેની પરંપરા પણ અનંત કહી, તો પછી વિકારનો નાશ થઈને મોક્ષ ક્યારે થાય ?

**ઉત્તર:** વૃક્ષ અને બીજની પરંપરા સામાન્યપણે અનંત છે, પણ તેથી કરીને કાંઈ સામાન્યપણે બધા બીજમાંથી વૃક્ષ ઉગે જ એવો નિયમ નથી, ઘણાંય બીજ ઉગ્યા પહેલા જ બળી જાય છે, ને તેને વૃક્ષ બનવાની પરંપરાનો અંત આવી જાય છે. એકવાર જે બીજ બળી ગયું તે ફરીને કદી ઉગતું નથી. તેમ જગતમાં સામાન્યપણે વિકાર અને કર્મની પરંપરા અનંત છે, તેનો જગતમાંથી કદી અભાવ થવાનો નથી, પણ તેથી કરીને કાંઈ બધાય જીવાને એવી વિકારી પરંપરા ચાલ્યા જ કરે

એવો નિયમ નથી, ઘણા ય જીવો પુરૂષાર્થ વડે વિકારની પરંપરા તોડીને સિધ્ધ પદને સાધે છે, તેમની વિકારી પરંપરાનો અંત આવી જાય છે. જેણે એકવાર વિકારના બીજને બાળી નાખ્યું તેને ફરીને કદી વિકાર થતો નથી આ રીતે વિકારની પરંપરા તુટી પણ શકે છે.

**પ્રશ્નઃ** વિકારની પરંપરા તો અનાદિની છે, તો પછી તેનો અંત કેમ આવે ?

**ઉત્તરઃ** પરંપરા અનાદિની હોય માટે તેનો અંત ન જ આવે એમ નથી. જેમ વૃક્ષ અને બીજની પરંપરા અનાદિની હોવા છતાં પણ કોઈ એક બીજ બળી જતા તેની પરંપરાનો અંત આવી જાય છે. તેમ વિકારની પરંપરા અનાદિની હોવા છતાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે ધર્મી જીવને તેનો અંત આવી જાય છે. જેમ મોક્ષમાર્ગ અનાદિથી ન હોવા છતા પણ તેની નવી શરૂઆત થઈ શકે છે. તેમ વિકાર અનાદિનો હોવા છતાં પણ તેનો અંત થઈ શકે છે.

**પ્રશ્નઃ** આગમ અને અધ્યાત્મ (એટલે કે વિકાર અને શુધ્ધતા) બંનેમાં અનંતતા કહી એ કઈ રીતે ?

**ઉત્તરઃ** વિકારમાં અનંત પ્રકારો છે તેના નિમિત્તરૂપ કર્મમાં અનંતાનંત પરમાણુઓ છે, એ રીતે આગમ પધ્ધતિમાં અનંતતા છે. જીવના અનંત ગુણોની અનંત નિર્મળ પર્યાયો છે. એકેક નિર્મળ પર્યાય અનંત ગંભીર ભાવોથીને અનંત સામર્થ્યથી ભરેલી છે, જ્ઞાનની એક નાની પર્યાયમાં પણ અનંત અવિભાગ પ્રતિચ્છેદરૂપ અશોનું સામર્થ્ય છે. આમ અધ્યાત્મ પધ્ધતિમાં પણ અનંતતા જાણવી.

એકેક આત્મામાં અનંતગુણો છે, એકેક ગુણમાં અનંત નિર્મળ પર્યાયો પ્રગટવાની તાકાત પડી છે, ને એકેક નિર્મળ પર્યાય અનંત સામર્થ્યસહિત છે. તારા એક આત્મામાં કેટલું અનંત સામર્થ્ય છે. એનું લક્ષ કર. તો સ્વસન્મુખવૃત્તિ થાયને અપૂર્વ અધ્યાત્મદશા પ્રગટે.

**સારભૂતઃ** એક તરફ વિકારની ધારા અનાદિની છે ને બીજી તરફ સ્વભાવ સામર્થ્યની ધારા પણ અનાદિની સાથેને સાથે જ ચાલી રહી છે; વિકારની ધારા વખતે સ્વભાવ સામર્થ્યની ધારા કાંઈ તૂટી નથી ગઈ, સ્વભાવ સામર્થ્યનો કાંઈ અભાવ નથી થયો, પરિણતિ જ્યાં સ્વભાવ સામર્થ્ય તરફ વળી જ્યાં જ વિકારની પરંપરાનો પ્રવાહ તૂટ્યોને અધ્યાત્મ-પરિણતિની પરંપરા શરૂ થઈ, જે પૂરી થઈને સાદિ-અનંતકાળ રહેશે.

માટે હે ભાઈ ! અંતર્મુખ થઈ તારા સ્વભાવ સામર્થ્યને વિચારમાં લે... લક્ષમાં લે... પ્રતીતમાં લે... અનુભવમાં લે.

લોકોને બહારનો વિશ્વાસ તો આવે છે કે એક બીજમાંથી આવડો મોટો દસ માઈલના ઘેરાવાવાળો વડ ફાલ્યો, પણ ચૈતન્ય શક્તિના એક બીજમાંથી અનંતા કેવળજ્ઞાનરૂપી વડલા ફાલવાની તાકાત છે તેનો વિશ્વાસ નથી આવતો.

જો ચૈતન્ય સામર્થ્યનો વિશ્વાસ કરે તો તેનો આશ્રયે રત્નત્રય ધર્મની અનેક શાખા-ઉપશાખા પ્રગટીને મોક્ષફળ સહિત મોટું વૃક્ષ ઉગે. ભવિષ્યમાં થનાર મોક્ષવૃક્ષની તાકાત અત્યારે જ તારા ચૈતન્ય બીજમાં વિદ્યમાન પડી છે.

સૂક્ષ્મદષ્ટિતી એને વિચારમાં લઈને અનુભવ કરતા તારૂ અપૂર્વ કલ્યાણ થશે.

એ પ્રમાણે આગમ-અધ્યાત્મની અનંતતા જાણવી. તેમાં વિશેષ એટલું કે અધ્યાત્મનું સ્વરૂપ અનંત છે અને આગમનું સ્વરૂપ અનંતાનંતરૂપ છે, કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત અને આગમ અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યાશ્રિત છે.

## (૪) આગમ-અધ્યાત્મ પધ્ધતિના જ્ઞાતા કોણ ?

"આત્માશ્રિત અધ્યાત્મ પધ્ધતિ તે મોક્ષ માર્ગ,
પુદ્‌ગલાશ્રિત આગમ પધ્ધતિ તે બંધ માર્ગ"

"આ બંનેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળ જ્ઞાન ગોચર છે તથા અંશમાત્ર મતિશ્રુતજ્ઞાન ગ્રાહ્ય છે. તેથી સર્વથા પ્રકારે આગમ-અધ્યાત્મના જ્ઞાતા તો કેવળજ્ઞાની છે, અંશમાત્ર જ્ઞાતા મતિશ્રુતજ્ઞાની છે અને દેશમાત્ર જ્ઞાતા અવધિજ્ઞાની-મનઃપર્યયજ્ઞાની છે.

આ ત્રણે (સંપૂર્ણ જ્ઞાતા, અંશ જ્ઞાતા, દેશ જ્ઞાતા) યથાવ્યવસ્થિત જ્ઞાનપ્રમાણ ન્યૂનાધિકરૂપ જાણવા"

**વિવેચનઃ** અધ્યાત્મ પધ્ધતિમાં એક શુધ્ધાત્માનો જ આશ્રય છે, છતાંય તેમાં પણ અનંત ગુણોના અનંત નિર્મળ પરિણામો છે, ને એકેક નિર્મળ પરિણામમાં અનંત સામર્થ્ય છે, એટલે અધ્યાત્મપધ્ધતિમાં પણ અનંતતા છે.

આગમ પધ્ધતિમાં વિકાર પરિણામના અનંત પ્રકારો, ને તેમાં નિમિત્તરૂપ કર્મના પણ અનંત પ્રકારો, તે કર્મના અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓ એ રીતે અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યોને આશ્રિત હોવાથી આગમ પધ્ધતિ અનંતાનંતરૂપ છે.

આ બંનેના અનંત પ્રકારોનું પુરૂ જ્ઞાન તો કેવળ જ્ઞાનીને છે. જીવોના શુધ્ધ-અશુધ્ધ પરિણામોના સૂક્ષ્મ પ્રકારો એટલા બધા અનંતા છે કે એનું સ્વરૂપ પુરેપુરૂં તો કેવળજ્ઞાની જ જાણી શકે અને કેવળી અનુસાર સામાન્યપણે એ બંને પધ્ધતિનું જ્ઞાન મતિશ્રુતજ્ઞાનીને પણ અંશે હોય છે.

અનંતા પ્રકારો છે તે બધાને કાંઈ છદ્મસ્થ પૂરા ન જાણી શકે, પણ કયા ભાવ સ્વભાવઆશ્રિત છે, કયા ભાવ પરાશ્રિત છે, ક્યા ભાવ મોક્ષમાર્ગનું કારણ છે, કયા ભાવ બંધનું કારણં છે, કયા ભાવથી ધર્મ છે, કયા ભાવથી ધર્મ નથી એમ પ્રયોજનભૂત જ્ઞાન સમ્યગ્દષ્ટિને મતિ-શ્રુત જ્ઞાન વડે પણ હોય છે. તે જ્ઞાન ભલે ઓછું છે, પણ છે તો કેવળજ્ઞાન અનુસાર જ.

“આ વચનિકા કેવળી વચન અનુસાર છે.”

અનંત પ્રકારના શુધ્ધ-અશુધ્ધ ભાવોમાંથી પોતાના હિત-અહિતનું પૃથ્થકરણ કરી લ્યે. એવી તાકાત મતિશ્રુતજ્ઞાનમાં છે અને અવધિજ્ઞાન તથા મનઃ પર્યયજ્ઞાન વડે પણ એ ભાવોનું એકદશે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

આ રીતે, આગમ-અધ્યાત્મ બંને પધ્ધતિના અનંત પ્રકારોને કેવળજ્ઞાની સંપૂર્ણપણે જાણે છે, મતિશ્રુતજ્ઞાની તેના અંશને જાણે છે ને અવધિ મનઃ પર્યયજ્ઞાની તેના એક ભાગને જાણે છે.

આ બધા જ્ઞાનો યથાવસ્થિત જાણનારા છે, તે યથાવસ્થિત જ્ઞાનોમાં પણ ન્યુનાધિકપણું જાણવું. કેવળજ્ઞાન તો બધાનું સરખું જ હોય, તેમાં કોઈને ન્યુનાધિકપણું ન હોય, પરંતુ મતિશ્રુતજ્ઞાનમાં કે અવધિ-મનઃપર્યયજ્ઞાનમાં હીનાધિકતાના અનેક પ્રકારો પડે છે.

આ જ્ઞાનો વડે પોતાની વધુ-ઓછી શક્તિના પ્રમાણમાં આગમ-અધ્યાત્મના પ્રકારોને સમ્યગ્દષ્ટિ જ્ઞાતા જાણે છે ને એ જ્ઞાનબળે તે શુધ્ધ અધ્યાત્મપધ્ધતિને સાધે છે.

શુધ્ધ ચેતનારૂપ અધ્યાત્મપધ્ધતિ મોક્ષમાર્ગરૂપ છે, તે અપૂર્વ છે, પૂર્વે કદી ન હોતો એવો એ ભાવ છે. જગતમાં તો એ ભાવવાળા જીવો અનાદિથી થતા આવ્યા છે પણ આ જીવને માટે તે ભાવ નવો છે એટલે અપૂર્વ છે.

આગમપધ્ધતિરૂપ શુભાશુભભાવ તો અનાદિથી જીવ કરતો આવ્યો છે, તેમાં કાંઈ નવીનતા કે અપૂર્વતા નથી, ને તે ધર્મનું કારણ પણ નથી, શુધ્ધ ચેતના પધ્ધતિ તે જ ધર્મનું કારણ છે અને તે આત્મસ્વભાવના આશ્રયે છે.

વિકાર તો અનંતાનંત પુદ્‌ગલના આશ્રયે છે ને ધર્મ આત્મસ્વભાવના આશ્રયે છે. આમ કહીને મોક્ષમાર્ગ અને બંધ માર્ગની બંનેની જાત સ્પષ્ટ જુદી બતાવી છે. મોક્ષમાર્ગ આત્માને આશ્રિત છે ને બંધ માર્ગ પુદ્‌ગલને આશ્રિત છે.

**પ્રશ્નઃ** બંધભાવો કરે છે તો આત્મા, છતાં તેને પુદ્‌ગલાશ્રિત કેમ કહ્યા ?

**ઉત્તરઃ** જીવ જો નિજસ્વભાવનો આશ્રય કરીને પરિણમે તો બંધ ભાવની ઉત્પત્તિ જ ન થાય. જ્યારે તે સ્વભાવથી બાહ્ય પરનો આશ્રય કરે છે ત્યારે જ બંધભાવની ઉત્પત્તિ થાય છે, ને તે બંધભાવમાં નિમિત્તરૂપ અનંત પરમાણુરૂપ કર્મ છે, તેથી તેને પુદ્‌ગલઆશ્રિત કરીને, આત્માના સ્વભાવથી તેની ભિન્નતા સમજાવી છે. પણ કાંઈ કર્મ તે બંધભાવને કરાવે છે એવો તેનો આશય નથી. કર્તા થઈને તે રૂપે પરિણમે છે. જીવ પોતે, પણ તે પરિણમન સ્વભાવની તરફનું નથી, પુદ્‌ગલની તરફનું છે, માટે તેને પુદ્‌ગલ આશ્રિત કહ્યું છે. એના આશ્રયે ધર્મ કે મોક્ષમાર્ગ નથી.

શુભને જે મોક્ષનું સાધન માને છે તેના મતમાં તો પુદ્‌ગલાશ્રિત છે, પુદ્‌ગલાશ્રિત જ મોક્ષમાર્ગ થઈ જાય છે કેમ કે શુભભાવ તો પુદ્‌ગલાશ્રિત છે, તે કાંઈ આત્મસ્વભાવને આશ્રિત નથી. મોક્ષમાર્ગ તો આત્મસ્વભાવને આશ્રિત છે. પુદ્‌ગલાશ્રિત જે ભાવ હોય તે મોક્ષમાર્ગનું કારણ કદાપિ થઈ શકે નહિ, ધર્મ અધ્યાત્મપધ્ધતિરૂપ છે, અધ્યાત્મપધ્ધતિ એટલે શુધ્ધપરિણામ, તે આત્માના સ્વભાવના આશ્રયે છે, પરનો આશ્રય તેમાં જરા પણ નથી.

વાહ ! કેટલી સ્પષ્ટ વાત છે ! મોક્ષમાર્ગ કેવો સ્પષ્ટને સ્વાધીન છે ! અરે ! આવા સ્પષ્ટ માર્ગને ભૂલીને જીવો બહારમાં ક્યાંકને ક્યાંક અટવાઈ રહ્યા છે. અહીં તે માર્ગ સંતોએ ખુલ્લો કરીને જગત સમક્ષ મૂક્યો છે અને તેથી જગતનું મહાન કલ્યાણ કર્યું છે.

અધ્યાત્મ પધ્ધતિમાં એટલે કે શુધ્ધ પર્યાયરૂપ મોક્ષમાર્ગમાં તો સ્વદ્રવ્યનો એકનો જ આશ્રય છે, ને બંધભાવરૂપ આગમપધ્ધતિમાં અનંતાનંત પરમાણુઓનો સ્કંધ નિમિત્ત છે. એક છૂટો પરમાણુ જીવને બંધનું નિમિત્ત થતો નથી. અનંતાનંત પુદ્‌ગલો ભેગાં થાય ત્યારે જ બંધમાં નિમિત્તરૂપ થઈ શકે છે, ઓછામાં ઓછી સ્થિતિ અનુભાગવાળું કર્મ હોય તેમાં પણ પુદ્‌ગલો અનંતાનંત જ હોય છે. આવા અનંતાનંત પુદ્‌ગલો અને તેના આશ્રયે થતો અનંત પ્રકારનો વિકાર, તેની પરંપરાને આગમરૂપ કર્મપધ્ધતિ કહે છે.

અભવ્યને કે મિથ્યાદષ્ટિને સદાય આવી આગમરૂપ કર્મપધ્ધતિ જ છે, અધ્યાત્મરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ તેને કદી પ્રગટતી નથીને આગમપધ્ધતિ તેને કદી છુટ્ટતી નથી, કેમ કે તે સ્વભાવનો આશ્રય કદી કરતો નથી અને કર્મનો આશ્રય કદી છોડતો નથી.

ધર્મીને સ્વભાવના આશ્રયે અધ્યાત્મપધ્ધતિ થતા આગમ પધ્ધતિ (વિકારની પરંપરા) છૂટવા માંડે છે. અજ્ઞાની તો આવા શુધ્ધ ભાવને ઓળખતો પણ નથી અને વિકારની પધ્ધતિ શું છે અને વિકારની રીત શું છે તેનું પણ સત્યજ્ઞાન નથી. તે તો પરથી વિકારની ઉત્પત્તિ માને છે અથવા શુભરાગરૂપ વિકારની પધ્ધતિને જ ધર્મની માની બેસે છે. આ રીતે તેને એકેય પધ્ધતિનું જ્ઞાન નથી.

**સારઃ** આ રીતે આગમ-અધ્યાત્મનું સ્વરૂપ ચાર મુદ્દામાં બતાવ્યું છે.

(૧) આગમ-અધ્યાત્મનું સ્વરૂપ

(૨) આગમરૂપ કર્મપધ્ધતિ-તે સંસાર, અધ્યાત્મરૂપ શુધ્ધ ચેતના પધ્ધતિ-તે મોક્ષમાર્ગ

(૩) આગમ અને અધ્યાત્મપધ્ધતિ બંને પધ્ધતિમાં અનંતતા

(૪) આગમ-અધ્યાત્મ પધ્ધતિના જ્ઞાતા કોણ ?

આ સ્વરૂપ સમજી બધા ભવ્ય જીવો મોક્ષપદને પ્રાપ્ત કરે એ જ વિનમ્ર ભાવના !

❋ ❋ ❋ ❋

# ૨૦ નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ

## (૧) નિશ્ચય-વ્યવહાર મોક્ષ માર્ગના સ્વરૂપમાં કેવો નિર્ણય કરવો જોઈએ?

(૧) નિશ્ચયે વીતરાગ ભાવ જ મોક્ષ માર્ગ છે, વીતરાગ ભાવ અને વ્રતાદિકમાં કથંચિત્ કાર્યકારણપણું છે માટે વ્રતાદિકને મોક્ષ માર્ગ કહે છે પણ તે માત્ર કહેવા માત્ર જ છે.

(૨) ધર્મ પરિણત જીવને વીતરાગ ભાવની સાથે જે શુભભાવરૂપ રત્નત્રય (વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર) હોય છે તેને વ્યવહારનય દ્વારા ઉપચારથી વ્યવહાર મોક્ષ માર્ગ કહ્યો છે. જો કે તે રાગભાવ હોવાથી બંધ માર્ગ જ કહ્યો છે એવો નિર્ણય કરવો જોઈએ.

(૩) વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર બાધક હોવા છતાં પણ તેનું નિમિત્તપણું બતાવવાને માટે તેને વ્યવહારનયથી સાધક કહ્યું છે. આ કથન ઉપરથી કેટલાક જીવો એમ માને છે કે નિશ્ચયમોક્ષમાર્ગથી વ્યવહાર મોક્ષમાર્ગ વિપરીત (વિરુધ્ધ) નથી પણ બંને હિતકારી છે. તેઓની આ માન્યતા જૂઠી છે. આ સંબંધમાં કહ્યું છે કેઃ મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે તો નિશ્ચય મોક્ષમાર્ગ છે, તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષ માર્ગનું નિમિત્ત છે, વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે, કારણકે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યહાર. માટે નિરૂપણની અપેક્ષા એ બે પ્રકારે મોક્ષમાર્ગ છે પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.

વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માનેછે તે પણ ભ્રમ છે કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે. બંને નયો સમકક્ષ નથી પણ પ્રતિપક્ષ છે.

(૪) પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે જ, અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે અને જિનવાણીમાં વ્યવહારનયનો ઉપદેશ શુધ્ધ નયનો હસ્તાવલંબન (સહાયક) જાણીને બહુ કર્યો છે; પરંતુ તેનું ફળ સંસાર જ છે.

શુધ્ધ નયનો પક્ષ તો આવ્યો જ નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે. શાસ્ત્રોમાં કોઈ કોઈ ઠેકાણે જ છે તેથી ઉપકારી શ્રીગુરુએ શુધ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે.

(૫) સમયસારની ગાથા ૧૧ આ પ્રમાણે કહે છેઃ-

'વ્યવહાર નય અભૂતાર્થ દર્શિત, શુધ્ધનય ભૂતાર્થ છે;

ભૂતાર્થને આશ્રિત જીવ, સુદષ્ટિ નિશ્ચય હોય છે'

**ગાથાર્થઃ** વ્યવહાર નય અભૂતાર્થ છે અને શુધ્ધ નય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.

**વિશેષાર્થઃ** જેઓ શુધ્ધ નયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દષ્ટિ છે પણ બીજા (જેઓ અશુધ્ધ નય નો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન, રાગાદિથી ભિન્ન આત્માના દેખનારાઓને વ્યવહાર નયઅનુસરવા યોગ્ય નથી.

**ભાવાર્થઃ** અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુધ્ધ નયને ભૂતાર્થ કહ્યો છે જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુધ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દષ્ટિમાં વ્યવહાર નયને અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ. અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. 'શુધ્ધનયન ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રધ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.' એમ આશય જાણવો.

**સારઃ** કર્મ, રાગ, ગુણ-ગુણીના ભેદ એ સઘળો વ્યવહાર છે. તે અસત્યાર્થ છ; જૂઠો છે કેમ કે કર્મ, રાગ કે ગુણ-ગુણીના (ગુણભેદ) ભેદ એ ત્રિકાળી વસ્તુમાં નથી. ધ્રુવ વસ્તુ જે અનાદિ-અનંત, અસંયોગી, શાશ્વત, ભૂતાર્થ-વસ્તુ જેમાં સંયોગ, રાગ, પર્યાય, કેગુણભેદ નથી-એવા અભેદની દષ્ટિ કરવી આશ્રય કરવો એ સમ્યગ્દર્શન છે.

વસ્તુ ધ્રુવ, અભેદ,સામાન્ય, જ્ઞાયકભાવરૂપ છે, તેનો આશ્રય કરી, અંતરમાં સ્વીકાર કરી સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ કરવો જોઈએ. આ સિવાય જેટલા બાહ્ય ક્રિયા કાંડ છે તે સઘળાં કર્મબંધનનું જ કારણ છે અને ચારગતિમાં રખડવાના માર્ગ છે.

વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિધમાન, અસત્ય, અપ્રયોજનભૂત અર્થને પ્રગટ કરે છે. જે વસ્તુસ્વરૂપમાં નથી એ અવિધમાન અર્થને વ્યવહારનય પ્રગટ કરેછે માટે તે અભૂતાર્થ છે. અભેદ વસ્તુમાં ભેદ નથી છતાં એવા વિદ્યમાન અર્થને વ્યવહારનય પ્રગટ કરે છે. રાગ અને

રાગને જાણનારું જ્ઞાન તે વસ્તુમાં નથી અને જ્ઞાન તે આત્મા-એવો ભેદ પણ અભેદ વસ્તુમાં નથી. આ રીતે વ્યવહારનય અને શુધ્ધનયનું સ્વરૂપ સમજવું.

## (૨) શાસ્ત્રોના અર્થ કરવાની પધ્ધતિ:

(૧) વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેમના ભાવોને વા કારણ કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે. માટે એવા જ શ્રધ્ધાનથી મિથ્યાત્વ છે, તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા શ્રધ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રધ્ધાન કરવું.

(૨) **પ્રશ્ન:** જો એમ જ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

**ઉત્તર:** જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને 'એમ નથી પણ નિમત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે અને આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

(૩) **પ્રશ્ન:** જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું.

**ઉત્તર:** એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં ઉત્તર આપ્યો છે કે:- જેમ કોઈ અનાર્ય-મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે:- એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

લોકો શુધ્ધનયને જાણતા નથી કારણ કે શુધ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે; તેઓ અશુધ્ધનયને તો જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે; તેથી તેઓ વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે. આ કારણે 'વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે'. અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે પણ અહીં તો વ્યહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.

(૪) **પ્રશ્ન:** (૧) 'વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ ન થાય' એ કેવી રીતે? તથા

(૨) વ્યવહાર નયને અંગીકાર ન કરવો એ કેવી રીતે?

**ઉત્તર:-** (૧) નિશ્ચયનયથી તો આત્મા પરદ્રવ્યથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન સ્વયં સિધ્ધ વસ્તુ છે. તેને જેઓ ન ઓળખે, તેમને એમ જ કહ્યા કરીએ તો તેઓ સમજે નહિ. તેથી તેમને સમજાવવા, વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા વડે નર-નારક-પૃથ્વીકાયાદિરૂપ જીવના ભેદ કર્યા, ત્યારે 'મનુષ્ય જીવ છે'. 'નારકી જીવ છે'. ઈત્યાદી પ્રકારથી તેમને જીવની ઓળખાણ થઈ; અથવા અભેદ વસ્તુમાં ભેદ ઉપજાવી જ્ઞાન-દર્શનાદિ ગુણ-પર્યાયરૂપ જીવના ભેદ કર્યા, ત્યારે 'જાણનારો જીવ છે', 'દેખનારો જીવ છે ઈત્યાદિ પ્રકારથી તેમને જીવની ઓળખાણ થઈ.

વળી નિશ્ચયથી તો વીતરાગમાર્ગ જ મોક્ષ માર્ગ છે; પણ તેને જેઓ ન ઓળખે, તેમને એમ જ કહ્યા કરીએ તો એ સમજે નહિ; તેથી તેમને સમજાવવા, વ્યવહારનયથી તત્ત્વાર્થ શ્રધ્ધાન-જ્ઞાનપૂર્વક પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની સાપેક્ષતા વડે વ્રત, શીલ-સંયમાદિરૂપ વીતરાગભાવોના વિશેષો દર્શાવ્યા, ત્યારે વીતરાગભાવની ઓળખાણ થઈ. આજ પ્રમાણે અન્યત્ર પણ વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ ન થવાનું સમજવું.

(૨) અહીં વ્યવહારથી નર-નારકાદિ પર્યાયને જીવ કહ્યો. તેથી કાંઈ તે પર્યાયને જ જીવ ન માની લેવો. પર્યાય તો જીવ-પુદગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવ દ્રવ્ય જુદું છે; તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિને પણ જીવ કહ્યાં તે કહેવા માત્ર જ છે. પરમાર્થે શરીરાદિ જીવ થતાં નથી, આવું જ શ્રધ્ધાન કરવું. બીજું, અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા તેથી કાંઈ તેમને ભેદરૂપ જ ન માની લેવા; ભેદ તો સમજાવવા માટે છે. નિશ્ચયથી આત્મા અભેદ જ છે; તેને જ જીવ વસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યાદિ ભેદ કહ્યા તો કહેવા માત્ર જ છે. પરમાર્થે તેઓ જુદા જુદા છે નહિ. આવું જ શ્રધ્ધાન કરવું

વળી પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની અપેક્ષાએ વ્રત-શીલ સંયમાદિને મોક્ષમાર્ગ કહ્યો તેથી કાંઈ તેમને જ મોક્ષમાર્ગ ન માની લેવા; કારણ કે પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ આત્માને હોય તો આત્મા પરદ્રવ્યનો હર્તા-કર્તા થઈ જાય, પણ વસ્તુસ્વરૂપના સ્વતંત્રતાના સિધ્ધાંત પ્રમાણે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધિન છે નહિ. આત્મા તો પોતાની પર્યાયમાં જે રાગાદિક છે-સ્વભાવનું આશ્રય લઈને તેમને છોડી વીતરાગી થાય છે માટે નિશ્ચયથી વીતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે. વીતરાગ ભાવોને અને વ્રતાદિકને કદાચિત્ કાર્યકારણપણું છે તેથી વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યા પણ તે કહેવા માત્ર જ છે. પરમાર્થે બાહ્ય ક્રિયા મોક્ષમાર્ગ નથી, આવું શ્રધ્ધાન કરવું. આ જ પ્રમાણે, અન્યત્ર પણ વ્યવહારનયને અંગીકાર ન કરવાનું સમજી લેવું.

(૫) **પ્રશ્ન:** વ્યવહારનય પરને ઉપદેશ કરવામાં જ કાર્યકારી છે કે પોતાનું પણ પ્રયોજન સાધે છે?

**ઉત્તર:** પોતે પણ જ્યાં સુધી નિશ્ચયનયની પ્રરૂપિત વસ્તુને ન ઓળખે ત્યાં સુધી વ્યવહાર માર્ગ વડે વસ્તુને નિશ્ચય કરે તેથી નીચલી દશામાં પોતાને પણ વ્યવહારનય કાર્યકારી છે. પરંતુ વ્યવહારને ઉપચાર માની તેના દ્વારા વસ્તુનું શ્રધ્ધાન બરાબર કરવામાં આવે તો કાર્યકારી થાય અને જો નિશ્ચયની જેમ વ્યવહારને પણ સત્યભૂત માની 'વસ્તુ આમ જ છે' એવું શ્રધ્ધાન કરવામાં આવે તો તે ઊલટો અકાર્યકારી થઈ જાય.

(૬) હવે, " એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે" એમ સમયસાર ગાથા-૧૨માં કહ્યું છે.

"દેખે પરમ જે ભાવ તેને શુધ્ધ નય જ્ઞાતવ્ય છે;

અપરમભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે."-૧૨.

**ગાથાર્થ:** જે શુધ્ધનય સુધી પહોંચી શ્રધ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન-ચારિત્રવાન થઈ ગયા તેમને તો શુધ્ધ (આત્મા)નો ઉપદેશ (આજ્ઞા) કરનાર શુધ્ધનય જાણવા યોગ્ય છે; વળી જે જીવો અપરમભાવે અર્થાત શ્રધ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ-સ્થિત છે. તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

**વિશેષાર્થ:** નિશ્ચયનય આશ્રય કરવાની અપેક્ષાએ આદરેલો પ્રયોજનવાન કહ્યો. હવે વ્યવહારનય પણ કોઈ કોઈને એટલે કે જે જઘન્યપૂર્વક મધ્યમદશામાં વર્તે છે તેને સાધક દશાના કાળમાં પ્રયોજનવાન છે. અર્થાત સાધક અવસ્થામાં શુધ્ધતાના અંશો પૂર્ણ નથી અને કાંઈક અશુધ્ધતા છે એને જાણેલો પ્રયોજનવાન છે. પર્યાયગત શુધ્ધતા-અશુધ્ધતા છે એ વ્યવહાર છે, એને જાણવું કે આટલું છે એનું નામ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે; આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. આદરેલો પ્રયોજનવાન તો એકમાત્ર ત્રિકાળી શુધ્ધ નિશ્ચયનયજ છે. ત્રિકાળી શુધ્ધ નિશ્ચયનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાના અંશરૂપ સ્વરૂપાચરણ થયું. પરંતુ સંપૂર્ણ નિર્વિકલ્પ વીતરાગ દશા પ્રગટ ન થઈ હોય ત્યાં લગી સાધક દશામાં સાધકને અણુવ્રત, મહાવ્રતાદિના વિકલ્પો છે તે વ્યવહાર છે. તે સાધક અવસ્થામાં જાણેલો પ્રયોજનવાન છે આ એનો સાર છે. 'વ્યવહારનય પણ પ્રયોજનવાન છે' તેની વ્યાખ્યામાં આ એક જ છે કે 'જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહીં.' કથન શૈલી ગમે તે આવે પણ અર્થ તો આ જ છે.

(૭) સાધકની પર્યાયમાં શુધ્ધતા સાથે મહાવ્રતના, અણુવ્રતના, ભક્તિ આદિના વિકલ્પો હોય છે. એ નથી એમ નહીં. ' નથી' એમ કહ્યું હતું એ તો ગૌણ કરીને કહ્યું હતું. સાધક દશામાં જીવને કાંઈક શુધ્ધતા અને કાંઈક અશુધ્ધતા પર્યાયમાં છે. વ્રત, ભક્તિનો આદિનો શુભરાગ છે. પણ એ શુભરાગ નિશ્ચયનું કારણ નથી, તેમ પર્યાયમાં રાગ નથી એમ પણ નહીં. તે શુભરાગ આદિ જાણવા યોગ્ય છે એટલું જ માટે તો કહે છે કે સર્વથા નિષેધ કરવા યોગ્ય નથી-જુઓ જેમ, પરદ્રવ્ય જીવમાં નથી એમ રાગ પર્યાયમાં સર્વથા નથી એમ તો નથી. કથંચિત્ નથી અને કથંચિત્ છે; ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં નથી એ અપેક્ષાએ 'નથી' અને એને વર્તમાન પર્યાયની અપેક્ષાએ 'છે' એમ કહે છે. એ 'છે' તે જાણેલો પ્રયોજવાન છે એમ કહ્યું છે. ઉપાદેય તો માત્ર શુધ્ધ નિશ્ચયનય જ છે.

(૮) વસ્તુ જે અખંડ એક જ્ઞાયકભાવ છે તે પરિપૂર્ણ છે, કૃતકૃત્ય છે. એને કરવાનું કાંઈ છે નહીં પણ એની દષ્ટિ કરનાર સાધકને જ્યાં સુધી પર્યાયમાં કૃતકૃત્ય પૂર્ણ દશા પ્રગટ ન થાય ત્યાં સુધી સ્થિરતા કરવાની છે અને અસ્થિરતા છોડવાની છે. આ એને કરવાનું છે માટે તેને વ્યવહાર જાણેલો પ્રયોજવાન છે-એમ કહેવા માંગે છે.

(૯) જ્ઞાયકની દષ્ટિપૂર્વક પર્યાયમાં પરિપૂર્ણ કૃતકૃત્ય થઈ ગયેલ પરમાત્માને સ્થિરતા વધારવાનું અને અસ્થિરતા મટાડવાનું એવું કાંઈ રહેતું નથી માટે તેમને વ્યવહાર હોતો નથી.

એ રીતે પોતપોતાના સમયમાં બંને નયો કાર્યકારી છે; કારણ કે તીર્થ અને તીર્થફળની એવી જ વ્યવસ્થિતિ છે. (જેનાથી તરાય તે જ તીર્થ છે; એવો વ્યવહાર ધર્મ છે. પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે અથવા પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે.)

(૧૦) બીજી જગ્યાએ પણ કહ્યું છે કેઃ-

હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય- એ બંનેને ન છોડો; કારણ કે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે; અને નિશ્ચય વિના તત્ત્વ (વસ્તુ)નો નાશ થઈ જશે.

વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે. પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુધ્ધતાને પામે છે, પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભભાવો આવ્યા વિના રહેતાં નથી. પણ એ શુભભાવો બંધનું કારણ છે મુક્તિનું કારણ નથી.

## (૩) તો હવે ખરેખર પ્રયોજનવાન શું છે ?

લોકમાં સોનાના સોળ વાલ પ્રસિધ્ધ છે. પંદર-વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે તેથી અશુધ્ધ કહેવાય છે અને તાપ દેતાં છેલ્લા તાપથી ઉતરે ત્યારે સોળ-વલું શુધ્ધ સુવર્ણ કહેવાય છે.

જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન-શ્રધ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ-વલા શુધ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદરવલા સુધીનું પણ પ્રયોજનવાન છે.

એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે, તે પુદ્ગલના સંયોગથી અશુધ્ધ અનેકરૂપ થઈ.રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન-શ્રધ્ધાન-આચરણરૂપ પ્રાપ્તિ -એ ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્ગલ સંયોગજનિત અનેક રૂપપણાને કહેનારો અશુધ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી; પણ જ્યાં સુધી શુધ્ધભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુધ્ધનયનું કથન છે તેટલું યથા પદવી પ્રયોજનવાળું છે. હવે બે સ્થિતિ માટે માર્ગદર્શન છે.

(અ) જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રધ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા.

(૧) જિનવચનોનું સાંભળવું,
(૨) 'જિનવચનોનું' ધારણ કરવું,
(૩) જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ
(૪) જિનબિંબના દર્શન-પૂજા-ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત થવું પ્રયોજનવાન છે.

(બ) અને જેમને શ્રધ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને...

(૧) પૂર્વકથિત કાર્ય
(૨) પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રતનું ગ્રહણ
(૩) મહાવ્રતનું ગ્રહણ
(૪) સમિતિ-ગુપ્તિ આદિ પ્રવૃત્તિમાં રહેવું
(૫) પંચ-પરમેષ્ઠિના ધ્યાનરૂપ પ્રવર્તન
(૬) એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે
(૭) શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાઓને પ્રવર્તાવવું-એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.

## (૪) નિશ્ચય-વ્યવહારના સ્વરૂપનો સાર:

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૧) યથાર્થ | અયથાર્થ |
| (૨) સ્વભાવિક ભાવ | નિમિત્તાધીન ભાવ |
| (૩) સત્યાર્થ | અસત્યાર્થ |
| (૪) ભૂતાર્થ | અભૂતાર્થ |
| (૫) ધ્રુવભાવ | ઉત્પન્નધ્વંસી ભાવ |
| (૬) ત્રિકાળ ટકે એવો ભાવ | ક્ષણ માત્ર ટકે એવો ભાવ |
| (૭) સ્વલક્ષી ભાવ | પરલક્ષી ભાવ |
| (૮) ખરેખરું સ્વરૂપ | કથનમાત્ર સ્વરૂપ |
| (૯) સ્વદ્રવ્યાશ્રિત | સંયોગાશ્રીત |
| (૧૦) પોતાના ભાવે પોતાનો કહેવો | બીજાના ભાવને બીજાનો કહેવો |
| (૧૧) નિરાકુળતા | આકુળતા |
| (૧૨) આશ્રય કરવા લાયક | આશ્રય કરવા લાયક નથી. |

(૧) જિનવાણી સ્યાદ્રૂપ છે. જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે.

જેમ કેઃ જે સત્રૂપ હોય તે અસત્રૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુધ્ધ હોય તે અશુધ્ધ ન હોય ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે. ત્યાં જિનવચન કથંચિત વિવક્ષાથી સત્-અસત્રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુધ્ધ-અશુધ્ધરૂપ જે રીતે વિંઘમાન વસ્તુ છે, તે રીતે કહીને વિરોધ મટાડી દે છે. જુઠી કલ્પના કરતું નથી.

(૨) તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં પ્રયોજનવશ શુધ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુધ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરીને તેને વ્યવહાર કહે છે.

(૩) જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબન તુલ્ય કહ્યો છે., તો પણ જે પુરુષો ચૈતન્ય ચમત્કાર માત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુધ્ધનયના વિષયભૂત)

પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રધ્ધા કરે છે તથા તદરૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત કરે છે, તેમને એ વ્યવહારનય કાંઈપણ પ્રયોજવાનું નથી.

(૪) આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે, તે આ શુધ્ધ આત્માને યથાર્થ પામે છે અને જેઓ આ નથી સમજતા તે વસ્તુની અસત્ય કલ્પના કરી આત્માને પામતાં નથી.

### (૫) નિશ્ચય-વ્યવહારની સંધિ:

(૧) વ્યવહાર વિના નિશ્ચયનો પ્રતિપાદન નથી થતો અને વ્યવહારના નિષેધ વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારનો પ્રયોગ નહિ કરીએ તો વસ્તુ સમજમાં નહિ આવે અને જો વ્યવહારનો નિષેધ નહિ કરીએ તો વસ્તુની પ્રાપ્તિ નહિ થાય.

(૨) જો જિનમતને પ્રવર્તના ઈચ્છો તો નિશ્ચય-વ્યવહારમાંથી એકને પણ ન છોડો, કારણ કે વ્યવહાર વગર તીર્થનો લોપ થઈ જશે અને નિશ્ચયવિના તત્ત્વનો લોપ થઈ જશે. તીર્થનો અર્થ છે ઉપદેશ અને તત્ત્વનો અર્થ છે શુધ્ધાત્માઓનો અનુભવ. ઉપદેશની પ્રક્રિયા પ્રતિપાદન દ્વારા સમ્પન્ન થાય છે પ્રતિપાદન કરવું વ્યવહારનું કામ છે, એટલે વ્યવહારને સર્વથા અસત્યાર્થ માનવાથી તીર્થનો લોપ થઈ જશે. શુધ્ધાત્માનો અનુભવ નિશ્ચયનયના વિષયભૂત અર્થમાં એકાગ્ર થવા પર થાય છે. એટલે નિશ્ચયનય છોડી દેવાથી તત્ત્વની પ્રાપ્તિ નહિ થાય, આત્માનો અનુભવ નહિ થાય.

(૩) બીજી રીતે વિચાર કરીએ તો મોક્ષમાર્ગની પર્યાયને તીર્થ કહેવામાં આવે છે તથા જે ત્રિકાળી ધ્રુવ નિજ શુધ્ધાત્મા વસ્તુના આશ્રયથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે તેને તત્ત્વ કહે છે. એટલે વ્યવહારને નહિ માનવાથી મોક્ષમાર્ગરૂપ તીર્થ અને નિશ્ચયને નહીં માનવાથી શુધ્ધાત્મ તત્ત્વનો લોપનો પ્રસંગ ઉપસ્થિત થશે.

(૪) એટલા માટે વસ્તુસ્વરૂપ જેમ છે તેમ યથાર્થ માનવું એ નિશ્ચય છે. જ્યાં સુધી પૂર્ણતા નથી થઈ ત્યાં સુધી નિશ્ચય-વ્યવહાર બંને સાધક અવસ્થામાં હોય છે. પૂર્ણતા થઈ ગઈ અર્થાત સ્વયંમાં પૂર્ણ સ્થિરતા થઈ ગઈ ત્યાં બધી પ્રયોજનની સિધ્ધિ થઈ ગઈ, એમાં તીર્થ અને તીર્થનું ફળ આવી ગયું.

(૫) જે લોકો સમસ્ત નયોના સમુહને શોભિત આ ભાગવત શાસ્ત્રોનો નિશ્ચય અને વ્યવહારના અવિરોધથી જાણે છે, તે શાશ્વત સુખને ભોગવવાળા હોય છે.

(૬) સમસ્ત જિન આગમ નયોની ભાષામાં નિબધ્ધ છે. આગમના ગહન અભ્યાસ માટે નયોનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે.

(૭) જૈન દર્શન અનેકાંતવાદી દર્શન છે. એ વાદ નયોની ભાષામાં જ વ્યકત થાય છે. 'નય'-'સ્યાદ્‌વાદરૂપ' સમ્યક્ શ્રુતજ્ઞાનનું અંશ છે. અનંત ધર્માત્મક પદાર્થના કોઈ એક ધર્મને અથવા પરસ્પર વિરોધ પ્રતિત થવાવાળા ધર્મ પુદ્‌ગલોમાંથી કોઈ એક ધર્મને નય પોતાનો વિષય બનાવે છે. વસ્તુસ્વરૂપના અધિગમ તથા પ્રતિપાદનમાં નયોનો પ્રયોગ જૈન દર્શનની મૌલિક વિશેષતા છે. વસ્તુસ્વરૂપના પ્રતિપાદનમાં 'નય' પ્રમાણિક છે.

**(૬) નીચેની બાબતો ધ્યાનમાં રાખી:-**

(૧) આત્માનું હિત વ્યવહારથી ન થાય-તેના વગર પણ ન થાય.

(૨) જેની જેટલી કિમંત, તેટલી ચૂકવવી પડે, વધુ પણ નહિ-ઓછી પણ નહિ

(૩) 'જે જે જ્યાં જ્યાં યોગ્ય છે ત્યાં સમજવું તેહ; તે તે પ્રમાણે આચરે, આત્માર્થી જન એહ.'

(૪) વ્યવહારરત્નત્રયથી-નિશ્ચયરત્નત્રય થતું નથી એ ક્યારેય પણ ભૂલવું નહિ. વિકલ્પથી-નિર્વિકલ્પ અનુભવ ન થાય.

(૫) વ્યવહાર કરતાં કરતાં કોઈ દિવસ નિશ્ચય ન થાય એ યથાર્થ છે. રાગ કરતાં કરતાં કોઈ દિવસ વીતરાગતા પ્રગટ ન થાય.

(૬) વ્યવહારથી ધર્મ કહ્યો છે (ઉપદેશની વ્યવસ્થા છે) નહિ તો બધા સ્વચ્છંદ થઈ જાય.

(૭) વ્યવહારનય અભૂતાર્થ છે-અપ્રયોજનભૂત છે-અસત્યાર્થ છે. નિશ્ચયનય ભૂતાર્થ છે-પ્રયોજનભૂત છે-સત્યાર્થ છે.

(૮) જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રધ્ધાનરૂપ નિશ્ચય સમ્યકૃત્વ થઈ શકતું નથી.

(૯) જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે-નિશ્ચયનો આશ્રય કરે છે તે નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.

(૧૦) નિશ્ચયનયનો વિષય એક-અખંડ-અભેદ-ધ્રુવ આત્મા છે, એના આશ્રયથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે એટલે જ તેને ભૂતાર્થ કહેવામાં આવે છે.

(૧૧) જિનવાણી સ્યાદ્‌રૂપ છે. કોઈને કોઈ અપેક્ષાથી કથન કહેવાવાળી છે એટલે જ્યાં જે અપેક્ષા હોય તે બરાબર સમજવું જોઈએ-વસ્તુની સિધ્ધિ કરવા માટે એ જરૂરી છે.

(૧૨) નયો વસ્તુના સ્વરૂપનું અનેકાન્તપણું બતાવી-સમ્યક્ એકાંત એવા ત્રિકાળી ધ્રુવ સામાન્ય દ્રવ્યનો આશ્રય કરાવે છે. તે આ નયોને જાણવાનું પ્રયોજન છે.

(૧૩) વ્યવહારનું કાર્ય અભેદ વસ્તુમાં ભેદ કરીને સમજાવવાનું છે તથા સાથે સાથે ભિન્ન ભિન્ન વસ્તુઓના સંયોગ અને નૈમિતિક સંયોગીભાવોનું જ્ઞાન કરાવવાનું છે.

(૧૪) નિશ્ચયનું કાર્ય પરથી ભિન્નત્વ-અને નિજમાં અભિન્નત્વ સ્થાપિત કરવાનું છે.

(૧૫) સાચું નિરૂપણ તે નિશ્ચય અને ઉપચાર નિરૂપણ તે વ્યવહાર.

## (૭) નિશ્ચય-વ્યવહાર (વિશેષ ચિંતવન)

(૧) આગમશાસ્ત્રોમાં કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય અને નિશ્ચયનયને ગૌણ કરીને તેમજ કોઈ વખત નિશ્ચયનયને મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરીને કથન કરવામાં આવે છે.

(૨) અધ્યાત્મશાસ્ત્રોમાં હંમેશા 'મુખ્ય તે નિશ્ચયનય' છે અને તેના આશ્રયે ધર્મ થાય એમ સમજાવવામાં આવે છે અને તેમાં નિશ્ચયનય સદા મુખ્ય જ રહે છે.

(૩) જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે-એમ સમજવું.

(૪) આમ સમજવાનું કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુધ્ધ પર્યાય પ્રગટ કરવા અથવા વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બંને નયો કદી આદરણીય નથી; પરંતુ તેના આશ્રયે રાગ-દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

(૫) છ એ દ્રવ્યો, તેના ગુણો અને પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ કરીને કથન કરવામાં આવે.

(૬) પોતેવિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે.

(૭) કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે-એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

(૮) **પ્રશ્ન:** શું સાધક જીવને નય હોતા જ નથી?

**ઉત્તર:** સાધક દશામાં જ નય હોય છે. કેમ કે કેવળીને તો પ્રમાણ હોવાથી તેમને નય હોતા નથી.

અજ્ઞાનીઓ વ્યવહારનયના આશ્રયે ધર્મ માને છે તેથી તેમનો વ્યવહારનય તો નિશ્ચય નય થઈ ગયો, એટલે અજ્ઞાનીને સાચા નય હોતા જ નથી.

(૯) સાધક જીવોને જ તેમના શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નિર્વિકલ્પદશા સિવાયના કાળમાં જ્યારે તેમને શ્રુતજ્ઞાનના ભેદરૂપ ઉપયોગ નયપણે હોય છે, ત્યારે સંસારના કામમાં હોય કે સ્વાધ્યાય, વ્રત, નિયમાદિ કાર્યોમાં હોય, ત્યારે જે વિકલ્પો ઊઠે છે તે બધા વ્યવહારનયનો વિષય છે; પરંતુ તે વખતે પણ તેમના જ્ઞાનમાં નિશ્ચયનય એક જ આદરણીય હોવાથી, વ્યવહારનય તે વખતે હોવા છતાં પણ તે આદરણીય નહીં હોવાથી તેમને શુધ્ધતા વધે છે. એ રીતે સવિકલ્પદશામાં નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય ઉપયોગરૂપ હોવા છતાં જ્ઞાનમાં તે જ વખતે તે હેયપણે છે. આ રીતે બંને નિશ્ચયનય અને વ્યવહારનય સાધકજીવોને એકી વખતે હોય છે.

(૧૦) નિશ્ચનયના આશ્રય વિના સાચો વ્યવહારનય હોય જ નહીં. જેને અભિપ્રાયમાં વ્યવહારનયનો આશ્રય હોય તેને તો નિશ્ચયનય રહ્યો જ નહીં, કેમ કે તેને તો જે વ્યવહારનય તે જ નિશ્ચયનય થઈ ગયો.

(૧૧) સાધક જીવો (સમ્યક્દષ્ટિ) નિર્વિકલ્પદશામાં નયથી પક્ષાતિક્રાંત કરી ગયા હોય છે, માટે અનુભવની દશા વખતે કોઈ નય હોતા નથી.

(૧૨) દરેક અનુયોગમાં કથનનો સાર એક જ છે અને તે એ છે કે: નિશ્ચય અને વ્યવહાર બંને જાણવા યોગ્ય છે પણ શુધ્ધતા માટે, આશ્રય કરવા યોગ્ય નિશ્ચયનય એક જ છે અને વ્યવહારનય કદી પણ આશ્રય કરવા યોગ્ય નથી. તે હંમેશા હેય જ છે એમ સમજવું.

(૧૩) વ્યવહારનયના જ્ઞાનનું ફળ તેનો આશ્રય છોડીને નિશ્ચયનયનો આશ્રય કરવો તે છે જો વ્યવહારનયને ઉપાદેવ માનવામાં આવે તો તે વ્યવહારનયના સાચા જ્ઞાનનું ફળ નથી પણ વ્યવહારનયના અજ્ઞાનનું એટલે કે મિથ્યાત્ત્વનું ફળ છે. નિશ્ચયનયનો આશ્રય કરવો-આનો અર્થ એ છે કે: નિશ્ચયનયના વિષયભૂત આત્માના 'ત્રિકાળી ચૈતન્યસ્વરૂપનો' આશ્રય કરવો અને વ્યવહારનયનો આશ્રય છોડવો. વ્યવહારનયના વિષયરૂપ વિકલ્પ, પરદ્રવ્યો કે સ્વદ્રવ્યની અધૂરી અવસ્થા તરફનો આશ્રય છોડવો.

## (૮) અધ્યાત્મનું રહસ્ય:

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયનયની મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ કરતા જાય છે તેથી સાધકદશામાં નિશ્ચયનયની મુખ્યતાના જોરે સાધકને શુધ્ધતાની વૃધ્ધિ થતી જાય છે અને અશુધ્ધતા ટળતી જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય-ગૌણપણુ હોતું નથી અને નય પણ હોતા નથી. જ્ઞાન પ્રમાણ થઈ જાય છે.

## (૯) વસ્તુ સ્વભાવ અને તેમાં કઈ રીતે ઢળવું:

વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય, નિત્યપણું-અનિત્યપણું જે વિરુધ્ધ ધર્મસ્વભાવ છે તે કદી ટળતો

નથી પણ જે બે વિરુધ્ધ ધર્મો છે તેમાં એકના લક્ષે વિકલ્પ તૂટે છે. અને બીજાના લક્ષે રાગ-દ્વેષ થાય છે. એટલે દ્રવ્યસ્વભાવની મુખ્યતા-સાધકદશાની પૂર્ણતા સુધી નિરંત રહ્યા કરે છે અને પૂર્ણ પ્રમાણ થતાં બે નયોનો વિરોધ ટળી જાય છે.

## (૧૦) જૈનશાસ્ત્રની કથનપધ્ધતિ સમજીને સાચી શ્રધ્ધા કરવાની રીત:

નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રધ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રધ્ધાન છોડવું.

શ્રી સમયસાર કળશ ૧૭૩ માં એ જ કહ્યું છે કે, 'જેથી બધા ય હિંસાદિ વા અહિંસાદિમાં અધ્યવસાય છે, તે બધાય છોડાવા એવું શ્રી જિનદેવે કહ્યું છે.' તેથી જે પરાશ્રિત વ્યવહાર તે સઘળો છોડાવ્યો છે.

તો સત્પુરુષ એક નિશ્ચયનયને જ ભલા પ્રકારે નિશ્ચયપણે અંગીકાર કરી શુધ્ધજ્ઞાન ધન રૂપ પોતાના મહિમામાં સ્થિત કેમ રહેતા નથી?

અહીં વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે, માટે નિશ્ચયને અંગીકાર કરી નિજ મહિમારૂપ પ્રવર્તવું-યુક્ત છે.

વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, માટે એવા શ્રધ્ધાનથી મિથ્યાત્વ છે. તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી, તેથી એવા જ શ્રધ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રધ્ધાન કરવું.

નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું તથા વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને ''એમ નથી, પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ જાણવું. એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન, સત્યાર્થ જાણી '' આ પ્રમાણે છે તથા આ પ્રમાણે પણ છે'' એ ભ્રમ છે, મિથ્યાત્વ છે.

## નિશ્ચય સાધન અને વ્યવહાર સાધન (સારભૂત)

નિશ્ચય અને વ્યવહાર ક્યાંય બહારમાં, જડની ક્રિયામાં કે રાગમાં નથી પરંતુ સાચા જ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહારમાં બંને સમાય છે.

જ્ઞાન કરવાથી જ ધર્મ થાય છે. ધર્મનો ઉપાય સાચું જ્ઞાન જ છે-

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૧) પોતાના શુધ્ધાત્માને જાણીને સ્વ તરફ ઢળતું જ્ઞાન તરીકે તે નિશ્ચય છે. સ્વને સ્વપણે જાણનારું જ્ઞાન તે નિશ્ચય છે | (૧) રાગ અને વિકાર વગેરેને બંધભાવ તરીકે જાણનારું તેમજ પરવસ્તુને જુદાપણે જાણનારું જ્ઞાન તે વ્યવહાર છે |
| (૨) જ્યાં સ્વભાવના જ્ઞાનરૂપ નિશ્ચય હોય. | (૨) ત્યાં પરના જ્ઞાનરૂપ વ્યવહાર હોય જ છે. |
| (૩) સ્વભાવને જાણનાર જ્ઞાન સાથે વિકલ્પ નથી માટે તે જ્ઞાનને નિશ્ચય સાધન કહેવાય છે. | (૩) પરને તેમજ પુણ્ય-પાપને જાણનાર જ્ઞાન સાથે વિકલ્પ છે તેથી તે જ્ઞાનને વ્યવહાર સાધન કહેવાય છે. |

પણ જ્ઞાન તો બંનેમાં સાચું જ છે જ્યાં રાગ-વિકલ્પને વ્યવહાર સાધન કહ્યું હોય ત્યાં એવો આશય સમજવો કે તે રાગ-વિકલ્પનું જ્ઞાન કરવું તે વ્યવહાર સાધન છે. રાગ-વિકલ્પ પોતે તો બંધ-સાધન છે.

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૪) મારા સ્વભાવમાં ઊણી દશા કે વિકાર નથી એમ પરિપૂર્ણ સ્વભાવને જે જ્ઞાન લક્ષમાં લ્યે, તે જ્ઞાન નિશ્ચય છે. | (૪) પરિપૂર્ણ સ્વભાવનું ભાન હોવા છતાં પર્યાયમાં અપૂર્ણતા વિકાર છે તેને લક્ષમાં લ્યે, તે જ્ઞાન વ્યવહાર છે. |

નિશ્ચય અને વ્યવહાર બંનેનું જ્ઞાન ભેગું કરવું તે પ્રમાણ છે. નિશ્ચય અને વ્યવહારનું જ્ઞાન ભેગું કરવું એનો અર્થ એવો છે કે નિશ્ચય સ્વભાવ છે તે જ મારું સ્વરૂપ છે અને અપૂર્ણતારૂપ વ્યવહાર છે ખરો પણ તે મારું સ્વરૂપ નથી -એમ જાણવું તે પ્રમાણ છે.

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૫) સ્વને જાણવું તે નિશ્ચય (નિર્વિકલ્પ દશા) | (૫) પરને તથા પરલક્ષે થતા ભાવોને જાણવું તે વ્યવહાર |

તેમાંથી નિશ્ચયજ્ઞાનમાં જણાયું તે 'હું અને વ્યવહાર જ્ઞાનમાં જે જણાયું તે હું નહીં' એમ સમજવું તે પ્રમાણ છે.

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૬) નિશ્ચય સ્વભાવ તે જ ઉપાદેય છે સ્વાનુભૂતિ તે જ સુખની સ્થિતિ છે | (૬) શુભ-વિકલ્પ વગેરે નિમિત્ત તરીકે વચ્ચે હોય ખરાં પરંતુ તે સાચું સાધન નથી બંધન છે, માટે હેય છે. |

આમ જાણનાર જ્ઞાને તે પ્રમાણ છે. પરંતુ નિશ્ચય અને વ્યવહાર બંનેના વિષયને સમાનપણે માને તે જ્ઞાન પ્રમાણ નથી, મિથ્યા છે.

| નિશ્ચય | વ્યવહાર |
|---|---|
| (૭) નિશ્ચયજ્ઞાન એકલા સ્વભાવને જ લક્ષમાં લેતું હોવાથી સ્વલક્ષે વિકલ્પ થતો નથી અને તેથી બંધન પણ થતું નથી માટે ઉપાદેય છે. | (૭) વ્યવહારજ્ઞાનનું લક્ષ પર છે અને તેથી રાગ થાય છે. પરલક્ષે વિકલ્પ આવ્યા વગર રહેતો નથી.વિકલ્પથી જ બંધન થાય છે. માટે વ્યવહાર હેય છે-છોડવા યોગ્ય છે. |
| (૮) નિશ્ચયજ્ઞાન શુધ્ધ ચૈતન્યનું જ ગ્રહણ કરીને સમસ્ત અશુધ્ધ ભાવોને છોડે તેથી જ મુક્તિનું નિશ્ચય સાધન છે | (૮) વ્યવહારનું લક્ષ પર ઉપર હોવા છતાં તે જ્ઞાન સાચું હોવાથી તેને વ્યવહાર સાધન કહેવાય છે. |
| (૯) સ્વભાવ તરફ એકાગ્ર થતું જ્ઞાન તે જ પરમાર્થે મોક્ષનું કારણ છે. | (૯) પર તરફ એકાગ્ર થતું જ્ઞાનબંધનું કારણ છે. |

**સાર:** જે જ્ઞાને જુદા સ્વરૂપને જાણવાનું કાર્ય કર્યું તે જ જ્ઞાન જુદા સ્વરૂપમાં સ્થિરતાનું કાર્ય કરે છે. આ રીતે નિશ્ચયસાધન અને વ્યવહાર સાધન બંને જ્ઞાનમાં જ સમાય છે પરંતુ નિશ્ચય સાધન આત્મામાં અને વ્યવહાર સાધન પરમાં એમ નથી.

**જ્ઞાનથી જ મોક્ષ થાય છે. જ્ઞાનનો પુરુષાર્થ કરવો તે જ જિજ્ઞાસુઓનું કર્તવ્ય છે.**

## ઉપસંહાર:

જેમ કોઇ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિ મૂલ્યવાન ચંદનને બાળી નાખે; તેમ અજ્ઞાની જીવ વિષયોના લોભથી આવા દુર્લભ મનુષ્યભવને નષ્ટ કરે છે.

જેમ નંદનવનમાં જઇને પણ કોઇ મૂર્ખ મનુષ્ય અમૃત છોડીને વિષ પીવે; તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મામૃતને છોડીને ભોગની અભિલાષારૂપ ઝેર પીવે છે.

આ મનુષ્યજન્મનું કર્તવ્ય ધર્મની પ્રાપ્તિ છે. તે વીતરાગ નિર્મળ ધર્મ મારી પોતાની મૂડી છે, મારા સ્વભાવનું એ સામર્થ્ય છે એ સામર્થ્યની શ્રદ્ધા, જ્ઞાન કરી પર્યાયમાં એ વીતરાગતા કેમ પ્રગટ થાય એની પ્રેરણા મળે એ જ ઉપદેશનો હેતુ છે.

જેનાથી અનાદિ મિથ્યાત્ત્વ રોગ મટે એવા નિમિત્તોનું મળવું તો ઉત્તરોત્તર મહાદુર્લભ જાણી આ નિકૃષ્ટકાળમાં જૈન ધર્મનું યથાર્થ શ્રદ્ધાનાદિ થવું તો મહા કઠણ છે જ, પરંતુ તત્ત્વનિર્ણય અને ભેદજ્ઞાનરૂપ ધર્મ તો બધા જ જીવો સર્વ અવસ્થામાં કરી શકે છે માટે પોતાના હિતના વાંછક જીવોને માર્ગદર્શન અને પ્રેરણા મળે એ ભાવનાથી આ સર્વજ્ઞ ભગવાન મહાવીરનો સંદેશ ૨૬૦૦ મા જન્મકલ્યાણક મહોત્સવના મંગલમય પ્રસંગપર સહજ ભાવનારૂપે રજુ કરવામાં આવેલ છે.

જાગો.... જાગો.... ચૈતન્યપ્રભુ ! જટ જાગો ! વારંવાર આવા હિતની શિખામણ દેનારા દુર્લભ છે. અવસર પામ્યા છો તો તેનો લાભ લઇ લ્યો !